

સાંખ્ય અને યોગ આ બે શાસ્ત્રો ભગવાનના કાનના કુંડલો છે, ભગવાનના અપ્રાકૃત અલંકારો છે. આ બંને શાસ્ત્રોનો અભ્યાસ માનવજીવનને પૂર્ણતા અર્પે છે.

શ્રીમદ્ ભાગવતજી તો ભક્તિ સંહિતા છે ભગવદ્ ભક્તિના સર્વાંગી વિકાસ માટે જે જે સિદ્ધાંત અને સાધના ઉપયોગી લાગ્યા છે, તે બધાનો શ્રીમદ્ ભાગવતજીએ સ્વીકાર કર્યો છે. માનવજીવનના કેટલાક મૂળભૂત પ્રશ્નો અને સમસ્યાઓના સમાધાન તથા આત્મ કલ્યાણ માટે ઉપયોગી એવા માર્ગદર્શનનો કપિલ ગીતાએ સુંદર પ્રકારે પ્રકાશ કર્યો છે.

આશા છે કે દરેક જીજ્ઞાસુનો આ કપિલ ગીતા ઉપયોગી નીવડશે.

કપિલ ગીતા

પ્રવક્તા · રાજેશ શાસ્ત્રી

આ-મુ-ખ

શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના ૨૫મા અધ્યાયથી ૩૨મા અધ્યાય સુધીના આઠ અધ્યાયોમાં ભગવદવતાર તરીકે માન ધરાવતા કપિલનો માતાજી દેવહૂતિ સાથે જે સંવાદ થયો તેને 'કપિલગીતા' તરીકે માનવામાં આવે છે. આ અધ્યાયોમાં ધ્યાન ખેંચે છે તે તત્ત્વજ્ઞાનની એક મહત્ત્વની શાખા તરીકે વિખ્યાત 'સેશ્વર સાંખ્યદર્શન' અને "ભક્તિયોગ" અધ્યાય ૨૫,૨૬,૨૭ એ ત્રણ અધ્યાયમાં વિસ્તારથી "સાંખ્યદર્શન" અને અધ્યાય ૨૯માં ભક્તિયોગ પ્રમાણમાં સંક્ષેપમાં આપેલ છે.

'સાંખ્ય' શબ્દ બે પ્રકારની "પારિભાષિકતા" જણાવે છે. આ શબ્દ ઉપનિષદોમાં તો શ્વેતાશ્વતર ઉપનિષદમાં પ્રથમવાર જોવામાં મળે છે. "નિત્યોમાં નિત્ય" ચેતનોમાં ચેતન જે એક (તત્ત્વ) ઈચ્છાઓ ધારણ કરે છે એનું કારણ તો એ છે કે સાંખ્ય અને યોગથી એ એક (તત્ત્વ)ના સ્વરૂપ વિશેનું જ્ઞાન મેળવવાથી સંસારના બધા ફાંસલાઓમાંથી સાધક મુક્ત થાય છે.(૬-૧૩) આનો આશય એ છે કે સાંખ્ય અને યોગની પ્રક્રિયા દ્વારા જગતના કારણ રૂપ પરમ તત્ત્વ 'પરબ્રહ્મ' 'પરમેશ્વર' વિષયક જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. આ પરમ તત્ત્વ એ પ્રાચીન ઉપનિષદોનો ચર્ચ્ય વિષય છે. સંક્ષેપમાં કહેવું હોય તો - યોગ દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ થવાથી ચિત્તની વિશુદ્ધિ થાય છે અને ચિંતન - મનન દ્વારા પરમ બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન સુલભ બને છે. અર્થાત્ 'સાંખ્ય'એ જ્ઞાનમાર્ગનું જ એક નામ છે. આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં 'સાંખ્ય' અને 'યોગ' જોડિયા શબ્દો જોવા મળે છે. ગીતા 'સાંખ્ય' અને 'યોગ'ને અનન્ય પ્રકારના કહે છે. 'સાંખ્ય' અને 'યોગ' જુદા છે. એવું બાલબુદ્ધિના લોકો કહે છે, પંડિતો એવું નથી કહેતા. સાધક બેમાંથી એકમાં પણ બરાબર રહેતો હોય તો બંનેનું ફળ મેળવે છે. (૫-૪) ગીતાએ આ દર્શનના સાધકોને પણ 'સાંખ્ય' કહ્યા છે. (૩-૩ અને ૫-૫) જ્યાં "સાંખ્યયોગીઓ" માટે પ્રયોજાયેલ છે. 'સાંખ્ય' શબ્દનો અર્થ ગીતા

આપણને સમજાવે જ છે. બીજા અધ્યાયમાં અર્જુનને 'જીવ'નો અને 'દેહ'નો સંબંધ કેવો છે એમ કહી આત્મતત્ત્વ શું છે એ સમજાવ્યું છે. એ 'સાંખ્ય'ની બુદ્ધિ છે. (૨-૩૯)૧૮મા અધ્યાયમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. બધા કર્મોની સિદ્ધિને માટે "સાંખ્ય સિદ્ધાંત (વસ્તુત : જ્ઞાનમાર્ગમાં) જે પાંચ કારણ કહ્યાં છે તે જાણી લેવાની અર્જુનને સલાહ આપવામાં આવી છે.

હકીકતમાં શ્વેતાશ્વતર ઉપનિષદ અને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો 'સાંખ્ય' શબ્દ કપિલ દર્શનના ઉદ્ગમ પૂર્વે 'સમ્યક્ખ્યાતિ'નો અર્થ આપતો હતો. આગળ જતાં વિભિન્ન તત્ત્વોની મીમાંસાને વેગ મળ્યો ત્યારે પ્રથમ તો સેશ્વર સાંખ્યવાદનો વિકાસ થયો. બેશક સાંખ્યદર્શનનાં બીજ તો વૈદિક સંહિતાઓમાં જોવા મળે છે. જ્યારે "પુરુષસૂક્ત"માં 'પુરુષ' પરમ તત્ત્વના સ્વરૂપમાં સ્રષ્ટા તરીકે જોવા મળે છે.

'પ્રકૃતિ'નાં દર્શન આપણને શ્વેતાશ્વતર ઉપનિષદ અને ગીતામાં થાય છે. 'માયા'ને પ્રકૃતિ જાણવી અને મહેશ્વરને માયામાયાનો અધિપતિ જાણવા (૪-૯) મૈત્રી ઉપનિષદ (૫-૧૦)માં પુરુષને ભોક્તા અને પ્રકૃતિને 'ભૌજ્ય' કહી છે. 'સાંખ્યદર્શન'ની 'પ્રકૃતિ'નાં દર્શન ગીતાના ૩-૫, ૩-૨૭, ૩-૨૯, ૪-૬, ૭-૪, ૧૩-૧૯, થી ૧૩-૨૩, ૧૩-૩૯, ૧૩-૩૪, ૧૪-૫ અને ૧૫-૭ એ સ્થળોમાં થાય છે. સાંખ્ય દર્શનમાં 'પુરુષ' અને 'પ્રકૃતિ'નાં સ્વરૂપ જેવું સ્વરૂપ અહીં જોવા મળે છે. હકીકતમાં ગીતામાંનો પુરુષ 'પરા પ્રકૃતિ' છે. અને એ જીવભૂત હોઈ 'અક્ષર બ્રહ્મ' જ છે. (૭-૫) પંચ મહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠને અપરા પ્રકૃતિ કહી છે. એમાં સાંખ્યની પ્રકૃતિ આપણને જોવા મળે.

કપિલદેવજીએ ભાગવતમાં (ત્રીજા સ્કંધમાં) માતાજીને બતાવેલ સાંખ્યદર્શન 'પુરુષ' 'પ્રકૃતિ' 'વિકૃતિ' વગેરેના ક્રમનું ૨૪ તત્ત્વોવાળું જોવા મળે છે. (૨૫-૧૦ થી ૧૪)માં શુદ્ધ સાંખ્યદર્શન છે. જેમાં 'પુમાન્'ને પોતાની યોનિરૂપ પ્રકૃતિમાં વિશ્વસર્જન કરતો બતાવવામાં આવેલો છે. (૨૬-૧૯ વગેરે)આ પરંપરાથી અલગ પડી નિરીશ્વર સાંખ્યવાદનો વિકાસ થયેલો જેમાં 'પુરુષ' સર્વથા નિષ્ક્રિય અને ત્રિગુણાત્મક પ્રકૃતિને સમગ્ર સૃષ્ટિની જનની કહેવામાં આવી છે.

કપિલગીતાના વ્યાખ્યાતા **શાસ્ત્રીજી યોગેશભાઈએ** આ વિષય પ્રસ્તુત કર્યો છે. તે આપણને સાંખ્ય સિદ્ધાંત સમજવામાં સહાયક થશે. એનો મને વિશ્વાસ છે.

'કપિલગીતા' સંક્ષેપમાં અપાયેલો 'ભક્તિયોગ' (અ-૨૯માં) છે. વૈદિક સાહિત્યમાં 'ભક્તિ' શબ્દનો પ્રથમ ઉપયોગ પણ "શ્વેતાશ્વતર" ઉપનિષદમાં (૬-૨૩) જોવા મળે છે. જ્યાં જેવી દેવ વિશે પરા ભક્તિ હોય તેવી ગુરુ વિશે પણ હોય તે ઉપનિષદના અર્થને સમજી શકે એવા સંદર્ભમાં પ્રયોજાયો છે. ગીતામાં તો અનેક સ્થળે પ્રયોજાયો છે. જ્યાં પ્રભુના કારણનો એ બોધક છે. કપિલદેવનો ભક્તિયોગ પણ આ પ્રકારનો છે. ત્યાં 'તામસ' 'રાજસ' 'સાત્ત્વિક' અને 'નિર્ગુણ' એવા ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે. (૨૯-૭ થી ૧૨) આમાં પુરુષોત્તમમાં અહૈતુકી (નિષ્કામ) અને 'અવિચ્છિન્ન ભક્તિ'ને ઉત્તમ કહી છે. (૨૯-૧૨) આત્યંતિક ભક્તિયોગ એ છે કે જેમાં 'સાલોક્ય' 'સાર્ષ્ટિ' 'સામીપ્ય' અને 'સારૂપ્ય' નામની મુક્તિ ભગવાન ખુદ આપવા આવે તોયે ભક્ત સ્વીકારતો નથી. અ-૨૯માં અધ્યાયનું સ્વારસ્ય શાસ્ત્રીજી યોગેશભાઈ દ્વારા આ પુસ્તકમાં આપણને જોવા મળે છે. એમણે લીધેલો શ્રમ દાદ માગી લે એવો છે.

મારી પાસે તો આ વ્યાખ્યાનોના વિદ્વાન **સંપાદક શ્રી હિંમતલાલ ઉ. દવે** આવ્યા અને એમણે મને 'આમુખ' લખવા પ્રેર્યો એ મારું સદ્ભાગ્ય છે. આ પ્રયાસનો જિજ્ઞાસુઓ લાભ લઈ કૃતાર્થ થાય એવી વિનંતિ.

અમદાવાદ-૩૮૦ ૦૦૬ **કેશવરામ કા. શાસ્ત્રી**

ગુજરાત પ્રદેશ પુષ્ટિ પ્રસાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની મણિનગર શાખા તરફથી પ. ભ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રી જેઓ પરિષદના ગુ. પ્રદેશના ઉપપ્રમુખ પદે છે. તેમણે બાલકૃષ્ણ લાલજી હવેલી મણિનગરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહના રસપાનનો વૈષ્ણવોને લાભ આપેલો. જે પ્રસંગે પૂ. જીજીએ અનેક રોકાણો હોવા છતાં હાજર રહી નંદ મહોત્સવનો અનેરો આનંદ આપશ્રીના વચનામૃત દ્વારા આપેલો. આ પ્રસંગે અનેક વૈષ્ણવોએ પરિષદના પુષ્ટિ પ્રસાર વિભાગને આર્થિક સહયોગ આપેલો, જેના કારણે મણિનગર શાખાએ રૂ. ૫૧ હજારની રકમ ગુજરાત પ્રદેશના પ્રમુખ ઈન્દ્રકાન્ત ભાઈને પૂ. ઈન્દિરા બેટીજીના વરદ્ હસ્તે અર્પણ કરેલી. આ રકમના વ્યાજમાંથી પુષ્ટિ સાહિત્યના પ્રચાર, પ્રસાર માટે સાહિત્ય છપાવી પુષ્ટિ પ્રસાર વિભાગે પ્રથમ પુસ્તક શ્રી યોગેશભાઈ શાસ્ત્રી લિખિત 'વેણુર્મધુર'નું પૂ. જીજીના હાથે વિમોચન કરાવેલું. 'વેણુર્મધુર'ના બે હજાર પુસ્તકો છપાવેલા જે માટે બોડેલીના ગાંધી પરિવારે સારી આર્થિક સહાય આપેલી જેથી આ પુસ્તકની પડતર કિંમત રૂ. ૧૮ હોવા છતાં ફક્ત ૧૦માં વૈષ્ણવોને પ્રાપ્ત થયું અને લગભગ તમામ પુસ્તકોનો વૈષ્ણવોએ લાભ લીધો.

ત્યાર બાદ બીજું પુસ્તક પણ યોગેશભાઈ લિખિત 'પુષ્ટિ રસબિંદુ' જેની ૨ આવૃત્તિ છપાઈ. ૧લી આવૃત્તિમાં ૮૦૦ પુસ્તકો તથા બીજી આવૃત્તિમાં ૧૫૦૦ પુસ્તકો છપાયા અને તે પણ પડતર કરતાં ઘણી ઓછી કિંમતે વૈષ્ણવોને ઉપલબ્ધ થઈ શક્યા.

ત્યાર બાદ મહાપ્રભુજી રચિત 'ષોડ્શ ગ્રંથો' (સંસ્કૃતમાં તથા તેનું સુંદર ગુજરાતી ભાષાન્તર) ૬૦ વર્ષ અગાઉ મૂલચંદભાઈ તેલીવાળાએ કરેલું જે પુસ્તક વાંચકને અપ્રાપ્ય હોવાથી પુષ્ટિ પ્રસાર વિભાગે તેની ૫૦૦ કોપી છપાવી જેની પડતર રૂ. ૧૩ હોવા છતાં રૂ. ૧૦માં જિજ્ઞાસુ વૈષ્ણવોને ઉપલબ્ધ થઈ.

ત્યારબાદ પ્ર.ભુ ગો.શ્રી વાગીશ બાવા (કાંકરોલીવાળા) લિખિત ખૂબ મનનીય વિદ્વત્તા ભર્યો ગ્રંન્થ 'શુદ્ધાદ્વૈત ચિંતન' પ્રકટ થયો. તો તેને અનેક ગોસ્વામી બાળકોના આશીર્વચન મળ્યા અને જેને પૂજ્ય ઈન્દિરા બેટીજીએ બિરદાવી. પ્રત્યેક સત્સંગ મંડળોમાં આ ગ્રન્થ પુષ્ટિમાર્ગમાં પ્રવચન તરીકે વંચાય તેવો આગ્રહ રાખ્યો. જેની પડતર રૂ. ૧૩/-ની સામે રૂ. ૧૦. માં વૈષ્ણવોને પ્રાપ્ત થયો અને ખૂબ મોટી સંખ્યામાં તેની માગ હતી.

ત્યારબાદ પુષ્ટિમાર્ગનું ઊંડું જ્ઞાન ધરાવતા વિદ્વાન ભાગવત્નું રસ પાન કરાવનાર યોગેશભાઈ શાસ્ત્રીનાં પ્રવચનોના સંકલન 'કપિલગીતાનું પ્રકાશન કરતાં આં-રા-વૈ-પરિષદ ખૂબજ આનંદની લાગણી અનુભવે છે. કારણ કપિલગીતાંમાં શ્રી કપિલ ભગવાને માતા દેવહૂતિને આત્માનો કલ્યાણનો માર્ગ, "ભક્તિ"નો ઉપદેશ ખૂબ જ સરસ વાણીમાં આપ્યો છે, જેને શ્રી શાસ્ત્રીએ સુંદર શૈલીમાં આ ભગવાનનો ઉપદેશ આ ગ્રન્થમાં આવરી લીધો છે. આ ગ્રન્થ પણ પુષ્ટિપ્રસારના ધ્યેય મુજબ પડતર કરતાં ઘણી ઓછી કિંમતે આપી શકાયો છે, જે માટે આં.પુ. પરિષદ ગુ. પ્રદેશ શ્રી યોગેશભાઈ શાસ્ત્રી આ ગ્રન્થ માટે ઉદાર દ્રવ્ય સહાય આપનાર દાતા ઓનો ખૂબજ આભાર માને છે.

પૂર્વકથન

ભગવાન વેદ વ્યાસે 'શ્રીમદ્ ભાગવત" મહાપુરાણ રચી સંસારમાં જ્ઞાન, ભક્તિ, કર્મ, ઉપાસના અને યોગનાં દિવ્ય દર્શન કરાવ્યાં છે. તેમાં ત્રીજા સ્કંધના ૨૫ થી ૩૦ અધ્યાયમાં 'સાંખ્ય શાસ્ત્રના' પ્રણેતા ભગવાન કપિલે પોતાની માતા દેવહૂતિને આત્મયોગનું જ્ઞાન આપી મોક્ષ અપાવ્યો હતો. તે પ્રસંગનું જ્ઞાન તેમાં રજૂ કર્યું છે. આ પાવનકારી અલૌકિક ઘટના તે 'સાંખ્ય દર્શન' તો ભારતીય સંસ્કૃતિનું ઝળહળતું સુવર્ણ મંડિત શિખર છે.

પ્રતાપી પિતા પ્રજાપતિ કર્દમઋષિનું તપોબળ તથા સેવામૂર્તિ માતા દેવહૂતિનાં પુણ્યનાં પ્રત્યક્ષ સ્વરૂપે, પુત્ર રૂપે અવતાર ધારણ કરીને ભગવાન કપિલે સમસ્ત વિશ્વને સંસ્કાર-ધનની મહત્તાનું જીવંત દ્રષ્ટાંત આપ્યું છે. આજે પણ સંસ્કારસંપન્ન સુપુત્રો પોતાનાં માતા પિતાએ આપેલા પવિત્ર સંસ્કારોની પુનિત સ્મૃતિને અર્ઘ્ય આપવા ભગવાન કપિલની વાણીનું અમૃતપાન કરાવવા પરિવાર સહ સૌને નિમંત્રી ભગવદ્ ભક્તિમાં સંયોજે છે. તેનું સ્મરણ ધર્મિષ્ટ અને ભક્તિભાવથી જેમનું સમગ્ર જીવન ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણશરણમાં સમર્પિત હતું તેવા અમદાવાદના વૈષ્ણવ પરિવારના **સ્વ. શ્રી ભોગીલાલ બાલાભાઈ** તથા તેમના પુત્રો શ્રી જગમોહનભાઈ તથા નિરંજનભાઈ અને સ્વ. **શ્રી મદનમોહન રમણલાલનાં** પુત્ર શ્રી ક્ષિતિશ ભાઈ તથા શુભાંગભાઈની મંગલકામના દ્વારા ધર્મ પ્રેમી જનતાના કલ્યાણ માટે આ ગ્રંથનો સદુપયોગ થશે.

વૈષ્ણવ પુષ્ટિમાર્ગનાં ભક્તિપૂર્ણ સદાચરણે 'માતૃદેવો ભવ.' 'પિતૃદેવોભવ'ની ભાવનાથી ભગવાન કપિલની 'કપિલગીતા' રૂપી અમૃત વાણીનો દુર્લભ લાભ અપાવવા બ્રહ્મનિષ્ઠ, વિદ્વદ્વર્ય અને શ્રીમદ્ વલ્લભાચાર્યની 'પ્રસ્થાન ચતુષ્ટયી'નાં જ્ઞાતા એવા કથાકાર શ્રી યોગેશભાઈ શાસ્ત્રીનું વરણ કરી સં. ૨૦૪૬થી (સન ૧૯૯૦)ના શ્રાવણ માસના પવિત્ર પર્વે શ્રી જગમોહનભાઈ ભોગીલાલભાઈના ઘેર આ જ્ઞાનસત્ર યોજવામાં આવ્યું હતું. અને સૌ ભગવદ્જનોને જ્ઞાન-ગંગાનું અમૃતપાન કરાવ્યું હતું; તેનું સ્મૃતિ-સ્મારક તે આપની સમક્ષ રજૂ થતો આ 'કપિલગીતા' ગ્રંથ છે.

આ સંસ્કાર જ્ઞાનસત્રના શિબિરમાં જે જે મહાનુભાવોએ ભગવદ્ ભક્તિનો રસાનુભવ કર્યો છે તે સૌનું કલ્યાણ થાય જ. પરંતુ જેમણે આ પુણ્યવંતો પ્રસંગ પ્રયોજી પ્રભાવક ભક્તિરસની હેલી વરસાવવા નિમિત્ત બન્યા છે; તેવા આ બંને પરિવાર પર પરમાત્માની કૃપા વરસો એવા અંતરના આશીર્વાદ આપતાં અત્યંત આનંદ થાય છે. 'કપિલ ગીતા' જેવા શાસ્ત્રીય ગ્રંથનું આમુખ લખીને સૌ વૈષ્ણવો પર ઉપકાર કરનાર પરમ વૈષ્ણવ પ્રકાંડ વિદ્વાન 'વિદ્યાવાચસ્પતિ' મ-મ શ્રી કેશવરામ કા-શાસ્ત્રીનો અંત : કરણ પૂર્વક આભાર !

ભગવાન કપિલની વાણીને ગિર્વાણ ગિરાના અક્ષર દેહમાં ગૂંથનાર ભગવાન વેદ વ્યાસના ચરણ કમળમાં કોટિશ : વંદના કરી કૃતાર્થતા અનુભવાય છે. આ વાણીને 'કપિલગીતા' ગ્રંથ રૂપે રજૂ કરી અનેક ધર્મપ્રેમી વ્યક્તિઓ માટે ધર્મનું દર્શન કરાવવા જે સ્તુત્ય પ્રયત્ન કરવામાં ને અંતરની ઊજળી ભાવના સાથે પોતાની ધન-સંપત્તિનો પરમાત્મા પ્રીત્યર્થે સદુપયોગ કર્યો છે તે માટે ધર્મપ્રેમી આ બંને પરિવારનું પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાન યોગક્ષેમ કરો. એવી અંતરની પ્રાર્થના સહ

શ્રાવણ પંચમી સં.૪-૮-૯૨ **હિંમતલાલ ઉમિયાશંકર દવે**

અમદાવાદ-૪ જય શ્રી કૃષ્ણ

દિવ્ય માંગલ્ય દર્શન

(ભગવાન કપિલનો ઉપદેશ 'શ્રીમદ્ ભાગવત'ના ત્રીજા સ્કંધના અધ્યાય ૨૩ થી ૨૫ અધ્યાયમાં છે. તેને અનુલક્ષી આ કથામાં પ્રજાપતિ કર્દમઋષિ, તેમનાં પતિવ્રતા પત્ની દેવહૂતિ અને પુત્ર રૂપે પ્રાદુર્ભૂત ભગવાન કપિલનો જીવનપરિચય **કપિલગીતામાં** પરિચય રૂપે રજૂ કરતાં આનંદ થાય છે,

(૧) કર્દમ ઋષિનું પ્રાગટ્ય

ભારતીય સંસ્કૃતિના સર્જન જૂના ઇતિહાસની આ કથા છે.બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ આદિદેવ છે. બ્રહ્માએ સૃષ્ટિની રચના કરી. પછી તેનો વિસ્તાર કરવા માટે પોતાના શરીરમાંથી દશ પ્રજાપતિઓ પ્રગટ કર્યા.

આ દશ પ્રજાપતિઓમાંના એક કર્દમઋષિ હતા. પિતા બ્રહ્માએ તેમને સૃષ્ટિનો વિસ્તાર કરવાની આજ્ઞા કરી. બ્રહ્માજીએ તેમને ચાર વેદના સાર ભણાવ્યા (૧) કર્મ (૨) ભક્તિ (૩) જ્ઞાન અને (૪) યોગ. આ ચારેય મળીને વેદ પ્રગટ થયા. આ વેદનો ઉપદેશ આપી બ્રહ્માજીએ કર્દમ ઋષિને આજ્ઞા કરી; "પ્રજાનું સર્જન કરો."

પિતા બ્રહ્માની આજ્ઞા શિર પર ચડાવીને કાર્યની સિદ્ધિ માટે કર્દમે જગત પર વિચરણ કર્યું. પ્રગાઢ જંગલો, પર્વતો, નદીઓ તથા ખીણો વગેરેને ઓળંગતા 'સરસ્વતી'ના તટ પર આવેલાં 'બિંદુ' સરોવરને જોયું. આ સ્થાન પણ જાણે તપસ્વીને ઝંખી ન રહ્યું હોય!

સરસ્વતી તટે બિંદુ સરોવર તે હાલનું સિદ્ધપુર

કર્દમ ઋષિએ તપ : સાધના કરવા સિધ્ધપુર ક્ષેત્રે આસન જમાવ્યું. ઋષિએ તન,મન અને વાણીપર સંયમ મૂકી ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. વાણીની સૂક્ષ્મતા પ્રાપ્ત કરી વેદ વાણી સિદ્ધ કરી. યોગ દ્વારા પરમ સિદ્ધિ સંપાદન કરી. ભક્તિ દ્વારા ઈશ્વરનો અનુરાગ કેળવ્યો અને જ્ઞાનના પ્રકાશથી અંતઃકરણમાં સત્યનું સ્થાપન કર્યું. આ રીતે તપશ્ચર્યા કરતાં અનેક વર્ષ વહી ગયાં પરંતુ પિતા બ્રહ્માની આજ્ઞા "પ્રજાનું સર્જન કરો". તે વિસર્યા ન હતા.

ભગવાન વિષ્ણુનું વરદાન

સત્ત્વશીલ, વીર, પરાક્રમી અને આત્મદર્શી પ્રજા ઉત્પન્ન કરવા તપશ્ચર્યા એ જ સાધન છે. ઋષિની ઉન્નત ભાવનાએ ભક્તિનું સ્વરૂપ લીધું. કર્મ દ્વારા શરીરની બાહ્ય શુદ્ધિ કરી યોગની સ્થિરતા કેળવી, આંતર-શુદ્ધિ તથા સત્ત્વની શુદ્ધિથી શુદ્ધ, નિર્મળ સ્ફટિક સમાન અંતઃકરણ કર્યું. જેમ માન સરોવરના સ્વચ્છ જળ પર સૂર્યનું પ્રતિબિંબ પડે તેમ તે મુનિના હૃદયમાં સાક્ષાત્ નારાયણ વિષ્ણુ ભગવાન પ્રગટ થયા.

ભગવાન વિષ્ણુની કૃપા સભર મુખમુદ્રાનાં દર્શન થતાં જ ઋષિ કર્દમ અત્યંત હર્ષ પામ્યા. આજે તેમનો મનોરથ સિદ્ધ થયો હતો. જીવનમાં એક સિદ્ધિ મળી. હતી. ભગવાનને પ્રણામ કરી વિનમ્ર ભાવે પ્રાર્થના કરી, "હે પ્રભુ, આપનાં ચરણનું શરણ લઈ એક કામના પૂરી કરવા ચાહું છું. બ્રહ્માજીએ પ્રજાનો વિસ્તાર કરવા અમને ઉત્પન્ન કર્યા છે. તે આપ જાણો છે. તેથી મારા ગૃહસ્થ ધર્મની સર્વ કામનાઓ સિદ્ધ કરે તેવી સમાન શીલથી શોભતી ગૃહિણી મને પ્રાપ્ત થાય. તે જ ભાવનાથી આપનું શરણ સ્વીકાર્યું છે.

ઋષિની નિષ્કપટ વાણી સાંભળીને ગરુડ પર બિરાજેલ ભગવાન વિષ્ણુ અમૃતભરી વાણીથી બોલ્યા, "હે મુનિવર, મારી આરાધના માટે તમે પવિત્ર તપશ્ચર્યા કરી છે. તેથી હું અત્યંત પ્રસન્ન છું. તમારી મનકામના પૂર્ણ થશે. તમે વર્ષો સુધી સાથે રહી. પરમ પવિત્ર ગૃહસ્થ જીવન દીપાવશો અને '**હું સાક્ષાત્ તમારે ત્યાં પુત્ર સ્વરૂપે અવતાર ધારણ કરીશ.**' આવું દિવ્ય વરદાન આપી ભગવાન અંતર્ધાન થયા. કર્દમ ઋષિની તપશ્ચર્યાની સફળતા જોઇ બિંદુ સરોવર દિવ્ય બન્યું. અનેક મુનિઓ આ પાવન તપોવનમાં તપ કરવા આવ્યા.

(૨) પતિવ્રતા દેવહૂતિ

બિંદુ સરોવરના કર્દમઋષિના આશ્રમે એક રથ આવી પહોંચ્યો. તે રથમાંથી ભગવાન મનુ અને મહારાણી શતરૂપા નીચે ઊતર્યાં. તેમની પાછળ તેમની પુત્રી રાજકન્યા દેવહૂતિ પણ તેમાંથી ઊતરી. મુનિશ્રેષ્ઠ કર્દમે મનુ મહારાજનો, શતરૂપા અને દેવહૂતિનો સત્કાર કર્યો અને કહ્યું, "આપ અહીં પધાર્યાં તેથી હું ખૂબ જ પ્રસન્ન થયો છું. મારે યોગ્ય જે સેવા હોય તે કહો, હું જરૂર કરીશ". ઋષિની વાણી સાંભળી રાજાનું હ્રદય આશા સભર બન્યું. તેમણે ઋષિવરને વિનમ્ર વાણીથી જણાવ્યું, "હે ઋષિવર, આપનાં દર્શન તો સંસારી જનોને દુર્લભ છે. ભગવાનની કૃપાથી આજે આપનાં દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ. મારી એક વિનતિ છે, તે આપશ્રી કૃપા કરીને સાંભળો; "મારે પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્ર છે. અને આ દેવહૂતિ નામે એક પુત્રી છે. તેનામાં શીલ, સંસ્કાર, સદ્ગુણ અને સૌમ્ય સ્વભાવ છે. તેને યોગ્ય પતિની શોધમાં છીએ. તેણે નારદમુનિ પાસેથી આપના ઉત્તમ ગુણો સાંભળી આપને વરવાનો નિશ્ચય કર્યો છે.

અને તેથી જ અમે બંને તેને લઈને આપની પાસે આવ્યા છીએ. તો આપ તેનો સ્વીકાર કરો."

રાજા મનુનું પ્રિય વચન સાંભળી કર્દમઋષિ બોલ્યા, " આપની સુશીલ, વિવેકી અને પ્રમાદ રહિત રાજકન્યા સાથે હું જરૂર વિવાહ કરીશ. તેમનામાં સર્વ સદ્ગુણો છે તે હું જોઉં છું. આપ નિર્ભય રહો." રાજાએ શતરૂપા અને દેવહૂતિની સામે જોયું. બંનેના મનની સંમતી જોઇ. અને મનુ મહારાજે કર્દમઋષિ સાથે દેવહૂતિનો વિવાહ કર્યો. રાજા અને રાણીએ પુત્રીને ખૂબ વસ્ત્ર અને અલંકાર આપ્યાં. અને પછી ઋષિ કર્દમની આજ્ઞા લઈ પોતાના રાજ્ય તરફ ગયાં.

કર્દમ ઋષિ અને દેવહૂતિનું દાંપત્યજીવન

કર્દમઋષિ સાથે રાજકન્યા દેવહૂતિ તપોવનમાં રહેવા લાગ્યાં. આશ્રમીજીવન શરૂ કર્યું. ઋષિમાં નિત્યકર્મમાં પૂરો સાથ સહકાર આપતાં. તેમનાં. હ્રદયમાં તો એક જ પ્રબળ ઇચ્છા હતી કે પોતાના બ્રહ્મવર્ચસ્ પતિની સેવા કરવી. તેમની સેવા એ જ દેવહૂતિની ઉપાસના હતી. બંને ગૃહસ્થ હતાં. આશ્રમી જીવનથી તેનામાં નવી ચેતના અને નવી પ્રેરણા પ્રાપ્ત થયાં હતાં. આ રીતના ગૃહસ્થજીવનને વર્ષો વીતી ગયાં. દેવહૂતિની કાયા પરમ વ્રતને પાળતાં કૃશ બની ગઇ અને હ્રદય વિશેષ ઉદાર બન્યું. એક દિવસ ઋષિની નજર અચાનક તેણીના શરીર પર પડી. અને તેમના હ્રદયમાં કરુણા પ્રગટી. દેવહૂતિને પાસે બોલાવી. પ્રસન્ન વાણીથી કહેવા લાગ્યા; "હે પ્રિયે, મેં ભગવાનની કૃપાથી તપ, સમાધિ, યોગ અને વ્રતના પાલનમાં જીવન સમર્પણ કર્યું છે અને તમે દેહની પરવા વિના મારી વર્ષો સુધી સેવા કરી છે.

માટે હું તમારા પર પ્રસન્ન છું. તમે કદી પણ ઇન્દ્રિયોનાં સુખની ઇચ્છા કરી નથી".

કર્દમઋષિ પાસે આઠ સિદ્ધિ અને નવનિધિ તૈયાર હતાં. સંકલ્પ થતાં જ એક દિવ્ય વિમાન ત્યાં પ્રગટ થયું. તે મણિ, હીરા, મોતીથી યુક્ત હતું. અંદર અનેક ખંડ હતા. તેમાં આહાર-વિહારને લાયક સર્વે સમૃદ્ધિ ભરેલી હતી. આ સુંદર વિમાનને જોઇ દેવહૂતિ પ્રસન્ન થયાં. ઋષિની આજ્ઞાથી બિંદુ સરોવરમાં સ્નાન કર્યું અને વિમાનમાંથી પ્રગટ થયેલ એકસોને દશ કન્યાઓએ તેમના શરીરને ચંદનનો સુગંધી લેપ કર્યો. અલંકાર અને દિવ્ય વસ્ત્રો ધારણ કર્યા. ઋષિની સિદ્ધિઓ આજે પ્રગટ થઈ હતી. ઋષિ પણ કંદર્પ સમાન યુવાન અને મનોહર બની આ વિમાનમાં બિરાજમાન હતા.

ત્રણે લોકમાં પરિભ્રમણ

કર્દમ પ્રજાપતિ (ઋષિ) એ દેવહૂતિની સાથે વિમાનમાં ત્રણ લોકમાં રહેલાં તીર્થસ્થાનો, નંદનવનનાં સ્વર્ગીય સ્થાનો, પર્વતો, નદીઓમાં દેશાટન કરી વિહાર કરતાં કરતાં દંપતીની ઇચ્છા પ્રમાણે વિમાન સરસ્વતીને કિનારે બિંદુ સરોવર પર આવી પહોંચ્યું. આશ્રમના ભવનમાં ઋષિ કર્દમ અને દેવહૂતિએ સંસારનાં સુખ ભોગવતાં ભોગવતાં નવ કન્યાઓને જન્મ આપ્યો હતો. ઋષિને સંતોષ થયો કે બ્રહ્માજીને આપેલ વચન પૂર્ણ થયું. સંતાનોને જોઇ પ્રસન્નતા મેળવી. અને વનમાં એકલા રહીને શેષ જીવન વિતાવવાની ઇચ્છા પ્રગટ કરી. તે સાંભળતાં જ દેવહૂતિને ખૂબ લજ્જા આવી અને દુઃખ પણ થયું.

આત્મસુખ - મોક્ષપદ ન મેળવ્યું

દેવહૂતિને મનમાં દુઃખ એટલા માટે થયું કે, " હે યોગીવર, મેં આપને પ્રાપ્ત કરીને માત્ર ઇન્દ્રિય સુખો મેળવ્યાં, માયાના દ્રઢ બંધનમાં ફસાઈને મેં ક્ષણિક સુખોને ભોગવ્યાં. આપ જેવા આત્મદર્શી પતિને મેળવીને હું ધારત તો મોક્ષપદ મેળવી શકત પરંતુ તે વિચાર મને ન આવ્યો. હવે મારી મતિ આ સંસારનાં સુખોથી ઉપરામ પામી છે. તો આપ મને મોક્ષપદનો ઉપદેશ આપો." દેવહૂતિની કરુણાભરી વાણી સાંભળીને ઋષિ કહેવા લાગ્યા," હે પ્રિયે, તમે કાંઇ શોક ન કરશો. કારણ કે તમારા ઉદરમાં સાક્ષાત્ ભગવાનનો નિવાસ છે. તમે વ્રત, તપ દ્વારા ભગવાનને ભજો. તમારા ઉદરથી પ્રગટ થનાર ભગવાન તમારી મોક્ષપદની ઇચ્છા પૂર્ણ કરશે. તમારા હૃદયના સંશયો દૂર કરીને તે તમને બ્રહ્મદર્શન, બ્રહ્મજ્ઞાન, બ્રહ્મસાક્ષાત્કારનો ઉપદેશ આપશે. અને ભગવાન સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપે પ્રગટ થશે." કર્દમ ઋષિનાં વચન સાંભળી દેવહૂતિનું હૃદય પ્રસન્ન થયું.

(૩) ભગવાન કપિલનું પ્રાગટ્ય

કર્દમ ઋષિના પ્રતાપે દેવહૂતિથી ભગવાન કપિલ પ્રગટ થયા. "તે કપિલ ભગવાન અશરણના શરણ છે. મહાન પુરુષ છે. કાલક્રમી કવિ છે. આ લોકને વરવા લાયક લોકપાલ છે. જે સ્વતંત્ર શક્તિ રૂપ બની પોતાની વિભૂતિથી આ સંસારને અનુસરે છે." લોકમાં તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવા શુકલરૂપ ધારણ કરનાર સાક્ષાત્ ભગવાન વિષ્ણુ કર્મદઋષિને ત્યાં પ્રગટ થયાં તે વખતે બ્રહ્મા બધા દેવો સાથે તે આશ્રમમાં આવ્યા અને કહેવા લાગ્યા, "તમે મારી આજ્ઞાનો સ્વીકાર કરી સ્વચ્છ ગૃહસ્થ જીવન પસાર કર્યું છે. તેથી તમારી ઉપાસના, ભક્તિ, સેવાથી સાક્ષાત્

વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા છે તે માનવ દેહે તમારે ત્યાં પ્રગટ થયા છે. તે સિદ્ધ ગણોમાં શ્રેષ્ઠ **'સાંખ્યાચાર્ય'** તરીકે પ્રતિષ્ઠા મેળવશે. તમારે ત્યાં જે નવ કન્યાઓ પ્રગટ થઈ છે તે યોગ્ય મુનિવરોને આપો. તેથી તમારા યશની સિદ્ધિ થશે." ઐશ્વર્ય, વૈરાગ્ય, યશ, જ્ઞાન, વીર્ય અને લક્ષ્મી એ સદ્‌ગુણોથી યુક્ત તેને ભગવાન કહેવાય છે. ભગવાન કપિલનાં દર્શન કરી બ્રહ્માજી સાથે સર્વ દેવ કર્દમ ઋષિની પ્રશંસા કરીને સૌ દેવો સાથે બ્રહ્મલોકમાં ગયા. બ્રહ્માજીની આજ્ઞા પ્રમાણે પોતાની નવ કન્યાઓનો મુનિવરો સાથે વિવાહ કર્યો (૧) કલાનેમરીચિ મુનિને (૨) અનસૂયા અત્રિમુનિને (૩) શ્રદ્ધા અંગિરા મુનિને (૪) હવિર્ભૂ-પુલસ્ત્યને (૫) ગતિ-પુલહને, (૬) ક્રિયા-ક્રતુમુનિને (૭) ખ્યાતિ - ભૃગુને, (૮) અરુન્ધતી-વસિષ્ઠને અને (૯) શાન્તિ અચર્વામુનિને આપવામાં આવી. આદિ પ્રજાપતિની આ નવ કન્યાઓ ઋષિ મુનિઓને પ્રાપ્ત થતાં ને સ્વીકાર કરતાં સૌ મુનિ ઋષિઓ પ્રસન્ન થયા.

કર્દમ ઋષિની વૈરાગ્ય ભાવના

કપિલમુનિ તો પિતા કર્દમઋષિના આનંદને વધારનાર હતા. આ આશ્રમમાં તે સિદ્ધ મુનિની જેમ શોભતા હતા. યોગીજનો જેનાં દર્શન પોતાના હૃદયની અંદર કરવા અત્યંત ઉત્સુક હોય છે. તે ભગવાન આજે મારે ત્યાં પુત્ર સ્વરૂપે પધાર્યા છે. તે મારા પરમ ભાગ્ય છે. તો હે પ્રભુ ! આપની અનુમતિ લઈને હું પરિવ્રાજક સંન્યાસી બનવાની ઈચ્છા કરું છું અને સદા તમારું ધ્યાન મારા હૃદયમાં રહે તેવી ઉપાસના કરીશ."

ભગવાન કપિલ કહે, હે પિતાજી ! મારો આ અવતાર શુદ્ધ આત્મમત્ત્વ સાંખ્યતત્ત્વના ઉપદેશ માટે છે. આ સાંખ્યતત્ત્વનો આત્મમાર્ગ ઘણા સમયથી નાશ પામ્યો છે. તેથી તેનું પુનઃસર્જન કરીશ. આપના સર્વ કર્મો મને સમર્પણ કરી તમે મૃત્યુ વિજયી બનો અને મોક્ષ રૂપી અમૃત પામો. તમે અભય પદ પામો હવે તમે સુખેથી પરિવ્રાજક બનો".

ભગવાનની આજ્ઞા લઈ. દેવહૂતિને આશ્વાસન આપી કર્દમઋષિ મહાવન તરફ વિચર્યા. ભગવાન કપિલે પોતાની માતા દેવહૂતિનું કલ્યાણ કરવાની ઈચ્છાથી ત્યાં બિંદુસરોવર પર વાસ કર્યો હતો. દેવહૂતિ પોતાના પુત્ર કપિલ સાથે સુખથી નિવાસ કરતાં હતાં.

માતા દેવહૂતિની કપિલ ભગવાનને પ્રાર્થના

વૃક્ષ નીચે આસન જમાવી બેઠેલા સિદ્ધપુરુષ જેવા પોતાના પુત્રની પાસે જઈ માતા દેવહૂતિ દંડવત્ પ્રણામ કરી કહેવા લાગ્યાં, "હે ભગવાન, આ ઈન્દ્રિયોનાં સંતોષ માટે ઘણા પ્રયત્ન કર્યા. તેથી તો હું સંસાર રૂપી અંધારા કૂવામાં ફસાઈ ગઈ. પરંતુ તેથી સંતોષ થયો નહિ. અનેક જન્મોના અંતે આપના જેવા પુત્રની પ્રાપ્તિ થઈ છે. તે મને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. અહંતા અને મમતાના પાશથી જકડાઈ છું. આ સંસારના મોહથી દૂર થવા તમારા શરણે આવી છું. તમને મારા નમસ્કાર" ! માતાનાં ભક્તિભાવ ભર્યા નમ્ર વિનયથી શોભતાં વચનો સાંભળી ભગવાન કપિલ હૃદયથી ખૂબ પ્રસન્ન થયા. તેમણે પૂછેલા પ્રશ્નો આત્મમાર્ગે લઈ જનાર છે તેથી પ્રસન્ન ચિત્તે ભગવાન કપિલે પોતાની માતા દેવહૂતિને જણાવ્યું કે, "હે માતા, આત્મયોગ મનુષ્યના પરમ કલ્યાણને માટે છે. ત્યાં સંસારનાં સર્વ સુખો અને દુઃખોનો અંત આવે છે. તે આત્મયોગનો ઉપદેશ મેં પહેલાં સર્વ ઋષિઓને કહ્યો હતો તે હું તમને જણાવીશ."

આ રીતે ભગવાન કપિલે માતા દેવહૂતિને સાંખ્યશાસ્ત્ર સાંખ્યયોગ, આત્મયોગનો ઉપદેશ આપેલો તે આ 'કપિલગીતા' છે.

ભગવાન કપિલનું સાંખ્યશાસ્ત્ર

ભારતીય ષડ્ દર્શનો પૈકી સાંખ્ય એ પાંચમું દર્શન છે. જેના કર્તા છે ભગવાન કપિલ.

સાંખ્યદર્શન

સાંખ્યની વ્યુત્પત્તિ સંખ્યાવાચક શબ્દ સાથે સંબંધ રાખે છે. પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વોના સંદર્ભમાં સાંખ્યશબ્દનું પ્રયોજન છે. પ્રકૃતિ દ્વારા સૃષ્ટિની પ્રક્રિયામાં જે જે ઘટનાઓ બને છે. અને જીવનમાં જે વૈષમ્ય જોવામાં આવે છે તેનાં કારણ-કાર્ય ભાવને જે જ્ઞાન પ્રગટ કરે છે તે સાંખ્ય છે. **પ્રકૃતિ** જ જગતનું ઉપાદાન છે. અને તેમાં રહેલું સત્ત્વ, રજ અને તમ એવી ત્રિગુણાત્મક માયાનાં કારણથી વિકૃતિ જન્મે છે. અને ત્રિગુણાત્મક પ્રકૃતિ સાથે કર્મ કરનાર જીવને કેવી રીતે ઓતપ્રોત થવું પડે છે તેની બુદ્ધિગમ્ય વ્યાખ્યા સાંખ્યમાં બતાવી છે. પ્રકૃતિ અને તેનાં ચોવીસ તત્ત્વોની સંખ્યાનું નિરૂપણ કરે છે તથા પરમ જ્ઞાનનો ઉપદેશ કરે છે તે સાંખ્યશાસ્ત્ર છે.

સ્થૂળ જગત અને તેના અનેક પ્રકારના ત્રિગુણાત્મક વ્યવહારે તેમજ મનુષ્યની આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક પ્રવૃત્તિઓ, આ ત્રણેનું બુદ્ધિપૂર્વક વિવેચન તથા સમન્વય જેમાં થયો છે તે **સાંખ્યદર્શન** છે. તેથી તેના અધિક મહિમા વડે તે લોકોપકારી સિદ્ધ થયું છે. આમાં જ સાંખ્યની સવિશેષતા રહેલી છે. પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા, ન્યાય, વૈશૈષિક, સાંખ્ય અને યોગ આ ષડ્દર્શન છે.

સાંખ્યશાસ્ત્રનું સ્વરૂપ

સાંખ્યશાસ્ત્રનાં સૂત્રોને સાંખ્ય ષડ્ધ્યાયીમાં ગ્રથિત કરવામાં આવ્યા છે. (૧) વિષયાધ્યાય (૨) પ્રધાન કાર્યાધ્યાય (૩) વૈરાગ્યાધ્યાય ૮૪ (૪) આખ્યાયિકાધ્યાય (૫૪) પરપક્ષ નિર્જયા ધ્યાય (૬) તંત્રાર્થ સંક્ષેપાધ્યાય છે. તેમાં કુલ ૫૨૮ સૂત્ર છે.

સાંખ્યનાં સૂત્રોને પ્રતિપાદિત કરવા તેનાં ત્રણ પ્રમાણો આધારભૂત છે. (૧) પ્રત્યક્ષ પ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) શબ્દપ્રમાણ, જે નથી તેને નજર સમક્ષ હાજર કરવું તે (૧) **પ્રત્યક્ષ પ્રમાણ** છે. તેમાં રોઝ જોવાની ઇચ્છા તે **'પ્રમાતા'**, પ્રત્યક્ષ જોવું તે **પ્રમાણ**, નેત્ર તે **'પ્રમા'**, રોઝ તે **'પ્રમેય'** આ થઈ પ્રત્યક્ષ પ્રમાણની વ્યાખ્યા.

(૨) અનુમાન પ્રમાણ : 'રોઝ ગાય જેવું હોય છે'. આમ પૂછનાર અને સાંભળનાર **પ્રમાતા**, ગાય તે **પ્રમાણ**, ગાયના રૂપ પરથી આબેહૂબ રોઝને જોવા જેવી વૃત્તિ થવી તે **પ્રમા**. ગાયના રૂપ ઉપરથી મુકાબલાથી નક્કી કરે તે **પ્રમેય** કહેવાય. આ પદ્ધતિને અનુમાન પ્રમાણ કહે છે.

(૩) શબ્દપ્રમાણ : કોઈ સંબંધી આવીને કહી જાય કે 'તમારી મા ગુજરી ગઈ'. તો તે **શબ્દ પ્રમાણ**, પુત્ર તે **પ્રમાતા**. ગુજરી ગઈ તે **પ્રમાણ**, તેથી થતી ભાંજગાડ તે વિચારો તે **પ્રમા** અને માતા તે **પ્રમેય**.

સાંખ્ય આ ત્રણ પ્રમાણોથી જ આત્માનું જ્ઞાન અને જગતની પરિસ્થિતિ સમજાવે છે. જેમણે જગત અને આત્મા અથવા સગુણ અને નિર્ગુણના ભેદ અનુભવ્યા છે. તેવા તત્ત્વદર્શી દ્વારા સાંખ્યદર્શન પામી શકાય છે.

પ્રકૃતિનાં પચ્ચીસ તત્ત્વો

સત્ત્વ, રજ અને તમની સામ્ય અવસ્થા તે (મૂળ) પ્રકૃતિ છે. પ્રકૃતિથી મહત્, મહત્થી અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રા, પાંચ જ્ઞાનેન્દ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય. તન્માત્રાથી પાંચ સ્થૂળ ભૂત અને એનાથી અતિરિક્ત પુરુષ આ રીતે આ ચોવીસ તત્ત્વોનો સમુદાય છે. જે કોઇ તત્ત્વ સાથે મિશ્રિત થતાં નથી માટે તેને **તન્માત્રા** કહે છે.

ચોવીસ તત્ત્વો સાંખ્યશાસ્ત્ર પ્રેરિત.

પાંચ તન્માત્રા	બાહ્ય ઇન્દ્રિય જ્ઞાનેન્દ્રિય	બાહ્ય ઇન્દ્રિય કર્મેન્દ્રિય	પંચભૂત	પાંચ ભાવતત્ત્વો
શબ્દ	કાન	પાયુ	અગ્નિ	મન
રૂપ	આંખ	ઉપસ્થ	વાયુ	બુદ્ધિ
રસ	જીભ	વાક્	જળ	અહંકાર
ગંધ	નાક	પગ	પૃથ્વી	ચિત્ત
સ્પર્શ	ત્વચા	હાથ	આકાશ	

(ક) (૧) પાંચ ભૂત (૨) પાંચ જ્ઞાનેન્દ્રિય (૩) પાંચ કર્મેન્દ્રિય (૪) મન આ સોળ કાર્યરૂપ છે. તે કોઇનું કારણ નથી તેથી તે વિકારવાળી (વિકૃત) પ્રકૃતિ ગણી છે.

(ખ) પાંચ તન્માત્રા, મહત્ તત્ત્વ અને અહંકાર આ સાતને કાર્ય કારણ ઉભય છે. મહત્ તત્ત્વ એ પ્રકૃતિનું કાર્ય છે અને અહંકારનું કારણ છે.

સાંખ્યશાસ્ત્રનું આંતરદર્શન

"ઈશ્વર જ આપણને સર્વ કર્મ કરાવે છે. અને અન્ય કર્મ જ્યારે તે કરાવશે ત્યારે કરીશું તેમના હુકમ સિવાય અન્ય કાંઈ થવાનું નથી". આવા નિરાશાજનક શબ્દોને કાપવા માટે અને પુરુષાર્થનું અધિકપણું સમજાવવાના હેતુ માટે આ સાંખ્યશાસ્ત્ર છે. ઈશ્વર તો ત્રણે કાળમાં કલેશ, કર્મ, વિપાક અને આશયોના બંધરહિતપણાથી નિત્યયુક્ત છે. સાંખ્યમાં જગત તે પ્રકૃતિ (આરંભની કૃતિ)નું પરિણામ છે. પચ્ચીસ તત્ત્વો છે.[(૧) પંચભૂત (૨) પંચવિષય (૩) દશ ઇન્દ્રિય એમ વીશ તત્ત્વો સાથે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત આ સર્વનું એકાત્મક રૂપ તેને તત્ત્વાત્મક માનવામાં આવે છે. આ જગતનું કારણ જે તત્ત્વાત્મક રૂપને સત્ત્વ, રજને તમથી થયેલ ગુણાકારવાળી આરંભથી ઉત્તરોત્તર કૃતિ તે 'પ્રકૃતિ' છે. (આમાં તત્ત્વોમાં રહેલ જે જીવ તેનું સ્વરૂપ, અસંગ, ચેતન, પરમ મહત્ તત્ત્વવાળું જે શિવરૂપ તે છે. આવો નિર્મુક્ત હોવા છતાં જેમાં વિવેકની ખામી તે જ બંધનનો હેતુ છે.) તે હેતુથી આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રિતાપ છે. અને તે તાપથી થતું જે દુ:ખ તે જ બંધનનું સ્વરૂપ છે. તેથી આ મોક્ષને માટે મહર્ષિ કપિલ ભગવાન ત્રિવિધ તાપોનો વિરામ કરવો એમ જણાવે છે. અને તે નામરૂપવાળા ચૌદે બ્રહ્માંડમાં રહેલો મોહનો જ્યારે ક્ષય થાય ત્યારે જ તેના ત્રિવિધ તાપ વિરામ પામે છે. ત્યારે જ જીવની જીવનમુક્તિ અથવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. (સાધન પુરુષ પ્રકૃતિનો વિવેક જ છે.)

વિવેક એ જ મોક્ષનું સાધન છે.

ચૈતન્ય શું છે ? જડ શું છે ? આ બાબતનો યથેચ્છ વિચાર કરી સંસરણ થતું અટકાવવુંને મૂળ સ્વરૂપમાં સ્થિત કરવું એવો જે વિવેક એટલે અન્યોન્ય ધર્મને અલગ કરીને સત્યનો નિશ્ચય કરવો એટલે પુરુષ પ્રકૃતિ જે અન્યોન્યાશ્રિત છે તેનો ભેદ પાડે તે સત્ય છે. જે બ્રહ્મછે તેનો નિશ્ચય કરવો તે **'વિવેક'** એ જ મોક્ષનું સાધન છે. અન્ય સાધનો કેવળ ઝાંઝવાનાં જળથી તૃષા છિપાવવા સમાન છે. એવો સાંખ્યનો સિદ્ધાંત છે. તેને સમજીએ. ('પુર્' + 'ઉષ' શરીર તેને પકવ કરવું સંસરણ પ્રકૃતિના સંગથી કરનાર તે પુરુષ અને પ્રકૃતિ છે.

વિવેક તો સંયમથી જ ધારણ થાય.

વિવેકને કોણ ધારણ કરી શકે ? જે સંયમવાળો વિરક્ત હોય તે જ, ત્રયમેકત્રસંયમઃ' જેમાં ધારણા, ધ્યાન અને સમાધિ એકી સાથે સિદ્ધ થાય તેવા પુરુષાર્થને સંયમ કહે છે. અહીં પાતંજલ યોગના પ્રણેતા મહર્ષિ પંતજલિનું સ્મરણ થાય છે. યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર એ પાંચ તો યોગના બહિરંગ સાધન સાથે ધારણા, ધ્યાન અને સમાધિના અંતરંગ મળી અષ્ટાંગ યોગ થાય છે. યોગ દ્વારા જન્મમરણ રૂપ સંસારનો છેદ કરનાર આત્મતત્ત્વનો નિર્વિકલ્પ સમાધિ દ્વારા સાક્ષાત્કાર કરે છે.

સાંખ્યમાં જ્ઞાનકાંડ

જ્ઞાન એટલે અનુભવવું. પુરુષ અને પ્રકૃતિનાં સ્વરૂપોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી તે જ્ઞાનમાં જે સ્થિતિ મેળવવી તે પ્રધાન વિષય બંને છે. પુરુષ અને પ્રકૃતિનાં સંબંધનું સ્વરૂપ સમજાયા બાદ અથવા તેવી સ્થિતિ પ્રાપ્ત થયા બાદ સાંખ્યની વાણી વિરમી જાય છે. તેથી ભગવાન કપિલ કહે છે, "જે સર્વમાં વિંટાયેલું સ્વરૂપ છે, તે જ આત્મા અનેક પ્રકારનો ભોક્તા છે. જેમ વર્તુળ પોતાના મધ્યના સ્થાનને વિંટાઈ રહે છે. તેમ આ આત્મા નામરૂપવાળા સર્વ જગતને વિંટાઈને રહે છે.

શ્રીમદ્ ભાગવતમાં સાંખ્યદર્શન

સાંખ્યશાસ્ત્ર વિશે મહાભારતના શાંતિપર્વમાં, ગીતાનાબીજા અધ્યાયમાં, અને શ્રીમદ્ ભાગવતના ત્રીજા સ્કંધના ૨૩,૨૪,૨૫ અધ્યાયમાં સાંખ્યના ભક્તિયોગ અને અત્મમાર્ગનો ઉપદેશ ભગવાન કપિલ દ્વારા તેમના માતા દેવહૂતિનો આપ્યો છે. તેમાં જણાવે છે કે સર્વ ભૂતોનાં હૃદયમાં નિવાસ કરનાર પરમાત્મા સૌ કોઈના આત્મારૂપ છે. ભક્તિયોગ અને જ્ઞાનયોગ એ બંને એક જ માર્ગનાં બે સાધન છે.

ભગવાન કપિલનો ભક્તિયોગ

(૧) માતા દેવહૂતિને ભગવાન કપિલ ભક્તિયોગનો ઉપદેશ આપતાં કહે છે, "હે માતા, આત્માને બંધનમાં નાખનાર આપણું ચિત્ત છે અને એ ચિત્ત જ મોક્ષ આપનાર છે, જ્યારે ચિત્તમાં આસક્તિનો પ્રવેશ થાય છે ત્યારે આત્માને બંધન થાય છે. જ્યારે ચિત્તમાં ભગવાનની રતિ જાગે છે ત્યારે આત્મા મુક્ત થાય છે. ચિત્તમાં કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે મળો પેદા થાય છે. પરંતુ તે દૂર થાય છે ત્યારે આત્મા શુદ્ધ સ્વરૂપ બને છે. આ મળને દૂર કરવા માટે ભક્તિયોગ ઉત્તમ છે. યોગીઓ પણ ભક્તિયોગ સાધે છે. ભજન, સંકીર્તન, જપ, ઉપાસના, સગુણ પૂજા, વગેરેથી ભગવાનમાં દ્રઢ ભક્તિ થાય છે. (૨) પ્રકૃતિ અને

પુરુષના વિવેક જ્ઞાનથી આત્મદર્શન થાય છે. (૩) આત્મજ્ઞાન અને યોગજ્ઞાનથી ભગવાનમાં ભક્તિભાવ જાગે છે. (૪) કાલ અને પ્રકૃતિને વશ થયેલ મનુષ્ય આ સંસારનાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે. (૫) નરકનાં દુઃખ અને સ્વર્ગનાં સુખ પોતાના કર્મ અનુસાર માણસ ભોગવે છે".

"હે માતા ! તમે આલોકનાં ને પરલોકનાં કાર્યો પરથી મોહ છોડીને ભગવાન વિષ્ણુને ભજો. વૈરાગ્યથી આત્માનું જ્ઞાન પ્રગટ થાય છે. બ્રહ્મદર્શનના જ્ઞાનથી પરમ તત્ત્વ પ્રાપ્ત થશે. તે તત્ત્વ પુરુષ અને પ્રકૃતિથી પર છે. આ છે જ્ઞાન અને યોગ એ જ ભક્તિયોગ છે. આ જ્ઞાન વિવેકહીનને અપાતું નથી. જેનામાં વિનય ભાવ હોય, બ્રહ્મજિજ્ઞાસા હોય, અને સર્વ પ્રાણીમાં પરમાત્મા ભાવ રાખનાર ભક્તજનને આપવામાં આવે છે. જેને બહારના સુખો પર વૈરાગ્ય જાગ્યો છે, જેનું ચિત્ત શાંત છે, અને જે મળ રહિત છે તેને જ આ સાંખ્યજ્ઞાન, આ ભક્તિયોગ, આ આત્મમાર્ગનું જ્ઞાન આપવામાં આવે છે.

છેલ્લે માતા દેવહૂતિના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે. અને કાર્યની સિદ્ધિ પૂર્ણ થતાં ભગવાન કપિલના અંતઃકરણમાં પરમાનંદ પ્રાપ્ત થયો.

- સંપાદક

શ્રી ગણેશાય નમઃ
શ્રી કૃષ્ણાય નમઃ

પ્રકરણ ૧લું

કપિલગીતાની પૂર્વ ભૂમિકા

'શ્રીમદ્ ભાગવત'તો શ્રી કૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપ

શ્રીમદ્ ભાગવત તો ભગવાનનો વાઙ્મય અવતાર છે. ભાગવત પુરાણ તો બ્રહ્મ સંમત છે. સ્વાનુભૂત અખિલ શ્રુતિનો સાર છે, એનો નિષ્કર્ષ છે અને નિગમોમાં તો પુરાણો કલ્પતરુ છે ભગવાન શ્રીકૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેથી નિગમો તો અત્યંત ભાગ્યશાળી બન્યાં છે કારણ કે માધુર્યપૂર્ણ

સૌભાગ્યશાળી શ્રીમદ્ ભાગવતનું નામ તો મહાપુરાણથી પ્રશસ્તિ પામ્યું છે. આવા શ્રીમદ્ ભાગવત ગ્રંથ પુરાણમાં બાર સ્કંધ છે.

ભગવાન શ્રી વેદ વ્યાસની અત્યુત્તમ કૃતિ શ્રીમદ્ ભાગવત પુરાણ છે. તેના તૃતીય સ્કંધમાં ભગવાન કપિલની કપિલગીતાનો પ્રસંગ છે. તેથી તેની પૂર્વ ભૂમિકા સમજવી આવશ્યક છે.

શુકદેવજી મહારાજે પરીક્ષિત રાજાના સંશયો દૂર કરવા તથા તે મૃત્યુથી નિર્ભય બને એ માટે તેમના હૃદયમાં ભક્તિની સ્થાપના કરવા જુદા જુદા પ્રકારના ઉપદેશો આપ્યા છે.

- ત્રણ ભાષા વિભાગ -

શ્રી મહાપ્રભુજીએ ભાગવતજીની ભાષાના ત્રણ વિભાગ પાડ્યા. પ્રથમ સમાધિ ભાષા, બીજી પરમત ભાષા અને ત્રીજી લૌકિક ભાષા. ભાષાનો મૂળ વિષય ભક્તિનો હોવા છતાં ક્યારેક જ્ઞાન ઉપર ભાર મૂકે છે, તો ક્યારેક યોગ ઉપર ભાર મૂકે છે તથા ક્યારેક તો કર્મમાર્ગ પર પણ ભાર મૂકે છે.

પહેલી જ વખત ભાગવત વાંચો તો આપણને એમાં વિરોધાભાસ લાગે. જેમ ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણના વિચારોમાં વિરોધાભાસ લાગ્યો. તેમાં પણ શ્રીકૃષ્ણ ક્યારેક જ્ઞાનને મહત્તા આપે છે, ક્યારેક કર્મને મહત્તા આપે છે તો ક્યારેક આ બેમાંથી વધારે ઉત્તમ કયું ? તેનો સ્વયં વિચાર કરવા કહે છે. પરંતુ તે તો પોતે કહેતા જ નથી.

શાસ્ત્રો ઘણી વખત આપણને સાવ સીધી એક વાત કરતાં જણાતાં નથી. તેનું એક જ કારણ છે, આ જગતમાં જુદા જુદા પ્રકારના અધિકારી લોકો છે. કોઈ કર્મના, કોઈ જ્ઞાનના, કોઈ સકામ ભક્તિના, કોઈ નિષ્કામ ભક્તિના, કોઈ સાકાર કે કોઈ નિરાકારના છે. જ્ઞાન માર્ગીમાં કોઈને દ્વૈતનું તો કોઈને અદ્વૈતનું જ્ઞાન પ્રિય હોય છે.

વિભાગો અને પેટા વિભાગો જોવા જઈએ તો જીવોમાં હજારો પ્રકારના ભેદ છે. અને એ કારણે એ તમામ અધિકારીઓને ધ્યાનમાં રાખીને શુકદેવજી જેવા મહાનુભાવે પરીક્ષિત રાજા પાસે જુદા જુદા સિદ્ધાંતોનું પણ વર્ણન કર્યું છે. શ્રીમદ્ ભાગવતનું મુખ્ય ધ્યેય શ્રીકૃષ્ણની પરમ ભક્તિની પ્રાપ્તિનું છે. પરંતુ શ્રીકૃષ્ણ સિવાય ઘણા બધા વિષયો ભાગવતમાં લેવામાં આવ્યા છે. અને તેની સાથે કેટલીક લૌકિક વાતો પણ ભાગવતમાં આવે છે. ઉદાહરણાર્થે દક્ષ પ્રજાપતિ અને મહાદેવ વચ્ચે થયેલો પ્રસંગ પણ છે તેમ જ અપર માતા તરફથી ધ્રુવની મુક્તિનો પ્રસંગ પણ છે. એ સિવાય ઘણી લૌકિક વાતો પણ ભાગવતમાં છે. આ રીતે આ ત્રણે ભાષા મળીને શ્રીમદ્ ભાગવત અદ્ભુત માધુર્યથી સભર છે.

અત્યારે આપણી પાસે શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધનો વિષય છે. શ્રી મહાપ્રભુજીએ તૃતીય સ્કંધના બે ભાગ પાડ્યા છે. એ બે ભાગમાં પહેલો ભાગ બંધ છે. અને બીજો ભાગ મોક્ષ છે. તૃતીય સ્કંધમાં મૂળ વિષય છે સર્જનનો. પરીક્ષિત રાજાના મનમાં આ પ્રશ્ન હતો. જ તેવો વિદુરજીના મનમાં પણ આ પ્રશ્ન હતો. અને તે એ કે, "ભગવાને આ જગતનું સર્જન શા માટે કર્યું ?"

ઘણી વખત આપણાં મનમાં પણ આવો જ પ્રશ્ન જાગે છે. "ભગવાને આ દુનિયા બનાવી ન હોય તો સારું થાત !" ખાસ કરીને આપણને દુઃખ પડે ત્યારે તો તે અવશ્ય થાય છે. પણ આપણને જ્યારે સુખ મળે છે ત્યારે આવો પ્રશ્ન થતો નથી.

બંધ અને મુક્તિ

ભગવાનના વિષયમાં જીવોની બે જાતની સ્થિતિ છે. એક બંધની અને બીજી મુક્તિની. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં કપિલ ગીતાનો આ વિષય પ્રગટ કરેલો છે.

અલૌકિક અવતારો.

કપિલગીતાનો આ વિષય આપણને ઘણો રસપ્રદ બને છે તેનાં બે કારણ છે. એક તો એ છે કે સાત દિવસની ભાગવત સપ્તાહમાં આ વિષય પરત્વે વધુ લંબાણપૂર્વક સ્પષ્ટીકરણ થઈ શકતું નથી. માત્ર તેનો સાર જ કહેવામાં આવે છે. બીજી વાત એ છે કે આમાં કહેલો ઉપદેશ કોઈ ઋષિએ કહેલો ઉપદેશ નથી પરંતુ ભગવાનના જે ચોવીશ અંશાવતારો છે તે માંહેનો એક અવતાર કપિલનો પણ માનવામાં આવે છે. આ તેમનો ઉપદેશ છે.

ભારતીય સંસ્કૃતિનાં ષડ્દર્શન

ભારતીય સંસ્કૃતિએ જે દર્શન આપ્યાં છે, જે તત્ત્વજ્ઞાન આપ્યું છે જેને ષડ્દર્શન કહેવામાં આવે છે. એ માંહેનું એક દર્શન તે **'સાંખ્યદર્શન'** છે. આ સાંખ્ય દર્શનના પ્રણેતા પણ ભગવાન કપિલને માનવામાં આવે છે અને એ સાંખ્યશાસ્ત્રનો થોડો સંકેત પણ આ ભાગવતજીના ત્રીજા

સ્કંધમાં **'કપિલ ગીતા'** રૂપે ઉપદેશ આપેલ છે. ગીતામાં પણ સાંખ્યનો ઉપદેશ છે પણ એમાં થોડો તફાવત છે. એ વિષય પરત્વે આગળ જોઈશું.

તે પહેલાં આપણે કપિલગીતા ની ભાગવતમાંથી મહત્ત્વની વાત લેવામાં આવી છે. જેનું પ્રમાણ તો છે જ. ભાગવતજીના વિષયમાં અને શુકદેવજીની વાતમાં આ પ્રસંગ શુકદેવજીએ કહ્યો નથી પણ ભગવાન કપિલે કહેલ છે. ભાગવતમાં વ્યાસજીએ કૃષ્ણાવતારનો પ્રસંગ પણ કહ્યો છે. ભાગવતના અગિયારમા સ્કંધમાં તો મોટે ભાગે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને આપેલો ઉપદેશ છે. મહાભારતમાં પણ આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતાના રૂપમાં જ શ્રી કૃષ્ણનો જ ઉપદેશ મળ્યો છે. પણ ભગવાનના તો કેટલાક જ્ઞાનાવતાર થયા છે.

ક્રિયાપ્રધાન અને જ્ઞાનપ્રધાન અવતાર

આપણા આચાર્યોએ ભગવાનના અવતારોના પણ બે ભાગ પાડ્યા છે. જેમાં એકમાં 'સત્ તત્ત્વ'નું પ્રાધાન્ય છે અને બીજામાં 'ચિત્ત'તત્ત્વનું પ્રાધાન્ય છે. જેમાં સત્ તત્ત્વોનું પ્રાધાન્ય છે. એ અવતારોને **'ક્રિયા અવતાર'** કહે છે. અને 'ચિત્ શક્તિ'નું પ્રાધાન્ય છે. તે અવતારોને **'જ્ઞાન અવતાર'** કહે છે બીજા શબ્દોમાં કહીએ તો ભગવાન આ જગતમાં ઘણીવાર કોઈ કામ કરવા માટે જ આવે છે. કોઈ વખત તો તે અસુરને મારવા માટે તો કોઈ વખત તે ભક્તોની રક્ષા કરવા માટે આવે છે. બીજો કોઈ માનવી ન કરી શકે તેવા અલૌકિક કામ કરવા માટે તે આવે છે. ભગવાનનો આ અવતાર ક્રિયાપ્રધાન અવતાર છે. કેટલીકવાર ભગવાન આ જગતમાં જ્ઞાનનો પ્રકાશ પાથરવા માટે

પણ આવે છે. એમના આ પ્રકારમાં ક્રિયાનું પ્રાધાન્ય હોતું નથી. એ અવતારમાં ભગવાન મોટે ભાગે જ્ઞાનનો ઉપદેશ કરે છે. અને તે વખતે એ જ્ઞાનનાં કોઇ નવાં સત્યને સમજવાની સૂઝ આપે છે.

ભગવાન પરશુરામે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ભાગ્યે જ આપ્યો છે. તેમણે તો મોટે ભાગે ક્ષત્રિયોનો સંહાર કરવાનું કામ કર્યું છે. નૃસિંહ ભગવાને જ્ઞાનનો ઉપદેશ પણ ભાગ્યે જ આપ્યો છે. પરંતુ નૃસિંહ ભગવાને હિરણ્યકશિપુને મારવા જે લીલાઓ કરી છે તે આ 'ક્રિયા અવતાર' છે. કેટલાક અવતારો તમે આવા પણ જોશો કે જે અવતારોમાં ભગવાને અસુરોનો સંહાર કર્યો નથી. કે એવાં કાર્યો પણ કર્યાં નથી. જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા વ્યાસ અવતાર થયો છે. જેમાં ભગવાન વ્યાસજીએ **જ્ઞાન** આપ્યું છે. તેવી રીતે બુદ્ધ અવતાર અને ઋષભ અવતાર પણ જ્ઞાન આપવા માટેના છે. ભગવાન કપિલનો પણ જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટેનો અવતાર છે. આ અવતા:રો આપણને પરમાત્માને પામવા માટે, સમજવા માટે એક નવી દિશા બતાવનારા છે.

ભગવાન કપિલનું સાંખ્યશાસ્ત્ર

ભગવાન કપિલે અવતાર કાળ દરમિયાન વિશ્વને અને આપણને સૌને જે જ્ઞાન આપ્યું તેને **'સાંખ્યશાસ્ત્ર'**નામથી જાણીએ છીએ. એ કપિલગીતાનો ઉપદેશ આપણે સમજીએ તેમજ કપિલ ભગવાનના પ્રાગટ્યની વાત પણ જાણીએ. તેમણે એમની માતા દેવહૂતિને કેવીરીતે અને કયો ઉપદેશ આપ્યો ? એ સઘળી કથા કે જે શ્રીમદ્ ભાગવતની મૂળ ભૂમિકામાં છે તે પણ સમજી લઈએ.

શ્રી બ્રહ્માજીએ પોતાના પુત્ર કર્દમઋષિને આજ્ઞા કરી, "તમે પ્રજાનું સર્જન કરો. પ્રજાનું સર્જન કરશો તો તમે પરમાત્માની પ્રત્યક્ષ સેવા કરી જ ગણાશે." પિતા બ્રહ્માજીના આદેશને, કર્દમઋષિએ માથે ચડાવ્યો. જ્ઞાની કર્દમઋષિએ વિચાર કર્યો કે પ્રજાનું સર્જન કરો એટલે તમે કર્મમાર્ગે આગળ વધો. આ પ્રસંગે એક ખુલાસો એ પણ કરી લઈએ કે, ભાગવતના આ ત્રીજા સ્કંધમાંથી મહાપ્રભુજીએ બે ભેદ પાડ્યા છે. એ ભેદોમાં પણ માનવજીવનનું એક નાનકડું પ્રતિનિધિત્વ છે. એટલે કે, માનવજીવન પણ બે તબક્કામાં વહેંચાયેલું છે. એ તબક્કાને આપણે બે નામ આપીએ છીએ.

પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ

એક છે પ્રવૃત્તિમાર્ગ અને બીજો છે નિવૃત્તિમાર્ગ. તેમણે પરમાત્માને પામવા માટેના આ બે માર્ગ બતાવ્યા છે. પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગનું લક્ષ્ય છે મોક્ષ પ્રાપ્તિ, કારણ કે જે શાસ્ત્ર આપણને મોક્ષપર્યંત લઈ જતું હોય તેને શાસ્ત્ર કહેવાય બીજા કોઈને માટે શાસ્ત્ર શબ્દ વપરાય નહિ. ગીતાજીને આપણે શાસ્ત્ર કહીએ છીએ. આજે તો શાસ્ત્ર શબ્દ ખૂબ જ વ્યાપક થઈ ગયો છે. પૈસા કેવીરીતે કમાવવા ? કેવી રીતે પૈસા વધારવા ? એને આપણે 'અર્થશાસ્ત્ર' કહીએ છીએ તેવાં બીજા પણ છે. જે એક ચિત્રકલાનું શાસ્ત્ર, સંગીતનું શાસ્ત્ર વગેરે પરંતુ શાસ્ત્રની મૂળ ભાવના માનવીને પરમાત્મા તરફ લઈ જવા, તેને સહાયરૂપ થવા, સીધી કે આડકતરી રીતે જે સહાય રૂપ થયા તે પ્રકારોને આપણે શાસ્ત્રોનું નામ આપ્યું, પછી તે વેદ કે શ્રુતિ હોય, સ્મૃતિ હોય પુરાણ હોય કે અન્ય ગ્રંથ હોય.

પરમાત્માને પામવા ત્રણ માર્ગ

શ્રીમદ્ ભાગવતના આ ત્રીજા સ્કંધમાં આપણી પાસે આ શાસ્ત્રે પરમાત્મા સુધી લઈ જવાના ત્રણ માર્ગ બતાવ્યા. જે આપણને નિશ્ચિત સ્થળે પહોંચાડે તે માર્ગ કહેવાય. જેમ કે બોમ્બે પહોંચવા માટેનો 'બોમ્બે હાઈવે' તેવી રીતે પરમાત્મા સુધી પહોંચવા માટેના વિચારેલા મુખ્ય ત્રણ માર્ગ છે. એક 'જ્ઞાનમાર્ગ' બીજો 'કર્મમાર્ગ' અને ત્રીજો 'ભક્તિમાર્ગ' મઝાની વાત તો એ છે કે કપિલગીતામાં આ ત્રણેય માર્ગ ઓછા કે વધતા પ્રમાણમાં સમાયેલા છે. આ ત્રણે માર્ગનો વિચાર કરતાં જણાશે કે આમાં ભક્તિનો સૂર મુખ્ય છે અને આમાં કેટલાક શ્લોકો એવા છે. જેથી તમને એવું જ લાગશે કે ચોખ્ખો અને સરળ માર્ગ તો ભક્તિમાર્ગ છે. કપિલ ભગવાને માતા દેવહૂતિને ભક્તિ કરવાની જ આજ્ઞા કરી છે. ક્યાંક ક્યાંક કપિલ ભગવાને ભક્તિમાર્ગને અને કર્મમાર્ગને સાથે જોડી દીધા છે.

એવી જ રીતે જ્યારે યોગની વાત આવશે ત્યારે થોડી કર્મની વાત પણ તેમાં આવશે. વળી કપિલ ભગવાન વૈરાગ્યની વાતો ખૂબ સુંદર **બોલ્યા** છે. એવી રીતે સાંખ્યશાસ્ત્રમાં કપિલ ભગવાન જ્ઞાન પરત્વે પણ ખૂબ જ **બોલ્યા** છે. ભગવદ્ ગીતામાં આ સાંખ્યશાસ્ત્રના વિષયમાં થોડું છે. પણ તેમાં જ્ઞાનનો સમાવેશ ઘણો જ છે. એટલે કે ગાગરમાં સાગર છે. એવું કહીએ તો ખોટું નથી. તેથી કપિલ ગીતા સમજતા પહેલાં કપિલ ભગવાન વિશે જાણીએ.

કર્દમ અને દેવહૂતિના પુત્ર કપિલ

કપિલ ભગવાનના પિતાનું નામ તે કર્દમઋષિ. જે બ્રહ્માના પુત્ર હતા. અને માતાનું નામ દેવહૂતિ હતું. કર્દમે પિતા

બ્રહ્માજીની આજ્ઞાથી પ્રવૃત્તિમાર્ગ સ્વીકાર્યો. બ્રહ્માજીના કેટલાક એવા પણ પુત્રો હતા કે તેમણે પિતા બ્રહ્માજીને કહ્યું, "અમે પ્રવૃત્તિમાર્ગમાં પડવાના નથી. અમને તો પહેલેથી જ સમજાઈ ગયું છે કે આ સંસારમાં કાંઈ સાર નથી." તેવા સનકાદિક જેવા પુત્રોએ નિવૃત્તિ માર્ગ અપનાવ્યો તો બીજા કેટલાક પુત્રોએ સીધો પ્રવૃત્તિમાર્ગ સ્વીકાર્યો; જેમકે સ્વયંભૂ મનુ, અને કેટલાક એવા પુત્રો છે કે તેમણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય માર્ગ સ્વીકાર્યો છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિનો અર્થ

વૈષ્ણવ પરંપરાના દૃષ્ટિબિંદુથી કદાચ કોઈ એવો પ્રશ્ન મૂકે કે પ્રવૃત્તિ માર્ગ ઉત્તમ છે કે. નિવૃત્તિમાર્ગ ઉત્તમ છે ? કેટલાક લોકો પ્રવૃત્તિનો સ્થૂળ અર્થ એવો કરે છે કે પ્રવૃત્તિ એટલે નોકરી ધંધો. અને નિવૃત્તિનો અર્થ કરે છે સાધુ થઈ જવું. પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગનો આવો સ્થૂળ અર્થ કરવો ન જોઈએ.

પ્રવૃત્તિમાર્ગનો ખરો અર્થ એ છે કે શાસ્ત્રોની આજ્ઞા અનુસાર કર્મ કરો અને તેનાં દ્રષ્ટાંત રૂપે યજ્ઞ કરવો, વાવ, તળાવ, બંધાવવાં, ધર્મશાળા બાંધવી તથા સારી સારી જગાએ દાન કરવું તે પ્રવૃત્તિમાર્ગ જ છે. તેથી પ્રવૃત્તિમાર્ગનો અર્થ એ છે કે વેદ અને શાસ્ત્રોમાં બતાવેલ સંમત ધર્મ અને કર્મો એટલે કે માન્ય કર્મો તે પ્રવૃત્તિમાર્ગ છે.

મોટે ભાગે આવાં કર્મો કરવા પાછળ એમને કાંઈને કાંઈ ફળની આશા હોય છે. તમે મેળવવા માટે કાંઈ કરો તો તમારું એ કર્મ પ્રવૃત્તિમાર્ગી કર્મ છે. પછી ભલે તેમાં ભગવાનની આરાધના હોય ! આ વસ્તુ ખૂબ ધ્યાનમાં રાખવી આવશ્યક છે.

ભક્તિમાર્ગ પણ પ્રવૃત્તિમાર્ગ બને છે.

તમે ભજન કરતા હો, અથવા ભગવાનને સવા લાખ તુલસી ચડાવતા હો કે ભગવાનનાં એક કરોડ મંત્ર જપતાં હો પણ એ બધું કરતી વખતે જ્યારે તમારા મનની અભિલાષા ભગવાન પાસે કાંઈ માંગવાની હોય છે. જેમકે તમારે પુત્ર મેળવવાનો હોય, આરોગ્ય મેળવવું હોય, પૈસો મેળવવો હોય અથવા જે કાંઈ પણ મેળવવું હોય તો તે પ્રવૃત્તિનો માર્ગ થઈ જાય છે, ભક્તિમાર્ગ હોવા છતાં પણ તે પ્રવૃત્તિમાર્ગ બન્યો. આપણાં શાસ્ત્રોએ પ્રવૃત્તિમાર્ગ પર ભાર મૂકીને નિવૃત્તિમાર્ગ અપનાવ્યો છે. એમણે તો એવું પણ કહ્યું છે," માનવી આ જગતમાં જન્મ લે છે તો તેના માથાં પર જગતનું ઋણ ચડે છે. આ ચર્ચા એટલા માટે છે કે આ ત્રીજો સ્કંધ આ વિષય પરત્વે ખૂબ સૂક્ષ્મતાથી પરિપૂર્ણ છે. તેમાં બંધ સૃષ્ટિ અને મુક્તિ સૃષ્ટિની વિસ્તૃત ચર્ચા આવે છે. વળી આ સ્કંધમાં ભગવાનના પણ બે અવતારો આવે છે. પૂર્વાર્ધમાં વરાહ અવતાર અને ઉત્તરાર્ધમાં કપિલ અવતાર આવે છે. બંનેને બરાબર સમજીએ તો જ કપિલ અવતાર બરાબર સમજાશે. આ બંને અવતાર ત્રાજવાનાં બે પલ્લાં સમાન છે. જ્યારે ત્રાજવાનાં પલ્લામાં જોખીએછીએ ત્યારે બંને પલ્લાં પર નજર રાખીએ છીએ. બંને પલ્લા ઊંચાં-નીચાં તો નથી ને ! એક પલ્લા તરફ નજર રાખીને નિર્ણય કરી શકાય નહિ એટલે કે તૃતીય સ્કંધમાં માનવજીવનનું પરમ રહસ્ય છે, દર્શન છે. અને આ દર્શનમાં આ બંને પાસાંને ભગવાનના અવતાર દ્વારા પ્રગટ કરવામાં આવ્યાં છે. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં વરાહનો અર્થ **યજ્ઞ** કર્યો છે.

પ્રકરણ રજું

નિવૃત્તિમાર્ગ અને પ્રવૃત્તિમાર્ગ

યજ્ઞનો વાસ્તવિક અર્થ

યજ્ઞનો રહસ્યમય અર્થ સમજવા માટે ગીતાનો આધાર લઈએ. માનવી પરમાત્માને પ્રસન્ન કરવાને માટે અથવા પરમાત્માના ઉપકારનો બદલો વાળવા માટે જે કાંઇ કરે તો તે કાર્ય યજ્ઞકર્મ છે. યજ્ઞનો અર્થ છે સમર્પણ. યજ્ઞનો અર્થ એ છે કે પરમાત્માને આપણે કાંઈક અર્પણ કરીએ. એમનું આપણે બહુ લીધું છે. એમનાથી આપણને શરીર મળ્યું છે. ભલે આપણે બિમાર પડીએ પણ ત્યારે આપણને આપણું શરીર અપ્રિય લાગે છતાં માણસને આખરે શરીર તો પ્રિય હોય છે. આ શરીર

પરમાત્માએ આપ્યું. જીવનમાં સેંકડો સુખ પણ એમણે આપ્યાં તો આપણે એમનાં ઋણી છીએ.

પ્રકૃતિ પ્રત્યે વૈજ્ઞાનિકોની દૃષ્ટિ

આજે તો વૈજ્ઞાનિકો તેને પ્રકૃતિ કહે છે. તમે પરમાત્માને માનો કે ન માનો પણ તમે એના ઋણી છો. જ કારણ કે પ્રકૃતિ આપણને શુદ્ધ હવા ન આપે, શુદ્ધ જળ ન આપે તો આપણું જીવન નભે જ નહિ. વિજ્ઞાન પણ એમ કહે છે કે પ્રકૃતિનાં ઋણી છીએ. આપણે પણ પરમાત્માનાં ઋણી છીએ. પરંતુ જો સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ તો માનવી જગતનો ઋણી છે. આ થઈ પ્રકૃતિની વાત. આપણને સુખી કરવા માટે ઈશ્વરનું કેટલું બધું વ્યવસ્થિત આયોજન છે ?

ઈશ્વરનું ભવ્ય આયોજન કર્મ

ઈશ્વરે આપણને દેહ આપ્યો, તેમણે ઈન્દ્રિયો આપી, તેમણે આયુષ્ય આપ્યું, બુદ્ધિ આપી, તેમણે આપણામાં ઉત્સાહ મૂક્યો, આપણને હૃદય આપ્યું, આપણને સમજણ આપી. લાગણી અને મન આપ્યાં. એમણે આપણને કેટલું બધું આપ્યું ? આપણને સંસાર આપ્યો, સંસારમાંથી નીકળવાના રસ્તા આપ્યા. બંધન પણ આપ્યું અને બંધનમાંથી છૂટવાના દરવાજા પણ બનાવ્યા. એટલે આપણે સર્વ પ્રકારે એમનાં ઋણી છીએ. એટલા માટે આપણે કોઇ પણ રીતે સુખી થવા માટે કર્મ પરાયણ થવું જોઇએ. કર્મ કર્યા વગર સુખ ન મળે. ખેતી કરીએ તો જ અન્ન મળે, કૂવો ખોદી એ તો પાણી મળે, દરેક બાબતમાં નિયમ છે. એવી રીતે માનવીએ પોતાનાં જીવનમાં કર્મ કરવું જોઇએ. પૃથ્વીનો ભાર વરાહ ઉપર મૂકવામાં આવ્યો હતો. આપણી સામે

કોઇ **ચેલેંજ** આવે કે કોઇ પડકાર ફેંકવામાં આવે ત્યારે આપણે શું કરવું જોઇએ ? એનો જવાબ વરાહ ભગવાન આપે છે. આ પૃથ્વી હિરણ્યાક્ષ લઈ ગયો. એટલે બધાને માટે ભય ઉત્પન્ન થયો. અને વરાહ ભગવાન પ્રગટ થયા. તેમણે હિરણ્યાક્ષને મારી પૃથ્વી પાછી લાવ્યા પરંતુ આ પૃથ્વી ઉપર પોતાનો અધિકાર રાખ્યા વગર એમણે જગતને અર્પણ કરી દીધી. અને કહ્યું કે, "આ પૃથ્વીનો કોઇ માલિક નથી. જેને રહેવું હોય તે આ પૃથ્વી ઉપર રહી શકો છો." યજ્ઞનો અર્થ જ આ છે. જગતને આ વાત શીખવવા માટે જ ભગવાને આ વાત યજ્ઞમાં મૂકી. અને એ ઉદ્દેશથી જ યજ્ઞો થાય.

કર્મ અને જ્ઞાન પરાયણ માનવી.

યજ્ઞમાં આહૂતિ આપતી વખતે બ્રાહ્મણો બોલે છે કે 'ન ?મ' 'ઇન્દ્રાય સ્વાહા' ઈદં 'ઇન્દ્રાય ન મમ' 'અગ્નયે સ્વાહા' 'ઈદં 'અગ્નયે ન મમ' એમાં ' ન મમ' 'આ હું જે અર્પણ કરું છું. તે મારું કરતો નથી. પણ મારું જે નથી તે અર્પણ કરું છું"

ગીતા તરફનાં એક પલ્લામાં પ્રવૃત્તિ છે. એટલે કે મારું કશું જ નથી. એમ સમજીને ભગવાનને અર્પણ કરી દઈએ. અને અર્પણ કરતી વખતે નમ્રતાથી બોલીએ કે "હું એ નું છે તે જ ભગવાનને અર્પણ કરી રહ્યો છું, તો તે યજ્ઞ બને. પણ એ પ્રવૃત્તિમાં માનવી ક્યારેક મર્યાદા અનુભવે છે. એટલે કે આપણે યજ્ઞ કરીએ તો આપણે આપણી જવાબદારીમાંથી કેટલે અંશે મુક્ત થયા ? તે સમજવું જોઇએ પણ આપણા જીવનનું તેનાથી ઉત્થાન નહિ થાય. આપણા જીવનમાં ક્રિયા મહત્ત્વની છે પરંતુ જો એકલી ક્રિયા જ મહત્ત્વની હોય તો માનવીમાં અને યંત્રમાં શું

તફાવત ? કારણ કે યંત્ર પણ ક્રિયા તો કરે જ છે. આપણે કોઈ કારખાનામાં જઈએ તો તેના સંચા ચાલે છે. આપણે એંજિન ચાલુ કરીએ તો તે ચાલે છે. ક્રિયા તો આ જડ વસ્તુમાં છે જ. માનવી જો જીવનભર ક્રિયા જ કરતો રહે એ પણ પૂરતું નથી એટલે શાસ્ત્રોએ માનવીને કેવળ કર્મ પરાયણ નહિ બનતાં જીવનના ઉત્તરાર્ધમાં જ્ઞાન પરાયણ થવાની આજ્ઞા કરી છે.

માનવસેવાનાં કાર્યો કરો. જ્ઞાન સાથે

પ્રવૃત્તિ ગમે તેટલી ઉમદા હોય તો પણ તેણે ક્યારેક નિવૃત્તિ સ્વીકારીને આત્મખોજ કરવા માટે તથા આત્માનું ચિંતન કરવા માટે તથા પરમાત્માના ચિંતન માટે સમય કાઢવો જોઇએ. એવું આપણાં શાસ્ત્રો કહે છે. અને આ વાત અત્યંત મહત્ત્વની છે. જો આ વાત ન કહી હોત તો માનવીનું આખું જીવન ભૌતિકતામાં ખોવાઈ ગયું હોત. કપિલ ગીતામાં ભગવાન તો કહે છે કે, "આપણે યજ્ઞ-યાગાદિ પ્રવૃત્તિ કરતા હો કે માનવ સેવાનાં કાર્યો કરતા હો, તમે ઊંચામાં ઊંચી કોટિમાં હો, તમે ગાયોની સેવા કરતા હો, લોકોને જ્ઞાન આપતા હો, લોકો માટે શાળાઓ બાંધતા હો, અન્ન આપતા હો, કે લોકોને જ્ઞાન આપતા હો, લોકોને વસ્ત્રોનું દાન આપતાં હો. તો એ બધું સારું જ છે, આવાં કાર્યો બધાંએ કરવાં જોઇએ. પણ શું આખી જિંદગી કેવળ સેવાનું જ કાર્ય કરતાં રહેશો ?

જો આપણું જ્ઞાન તરફનું પાસું અંધકારમય રહેશે તો આપણા જીવનમાં પૂર્ણતા નહિ આવે. સત્કાર્યો કરતાં કરતાં માનવીએ સદ્વિચારનું પણ ધ્યાન રાખવું જોઇએ. માનવજીવનનું કાર્ય કેવળ કર્મ કરવા માટે જ નથી. માનવને તો પરમાત્માએ

અપાર બુદ્ધિ આપી છે. અને તે એટલા માટે આપી છે કે, આપણું કર્તવ્ય શું છે ? તેનો પૂરેપૂરો ખ્યાલ આવે. આપણે વિચાર કરીએ કે આપણો ધર્મ શું છે ? આ જગત કોણ ચલાવી રહ્યું છે ? એ બધું જાણવું ખૂબ મહત્ત્વનું છે. આને માટે પ્રત્યેક માનવીએ સમય કાઢવો જોઇએ. આ જાણવું તેનું નામ જ્ઞાન છે.

જ્ઞાનની મહત્તા સમજો.

શાસ્ત્રોએ એટલા માટે જ કહ્યું છે કે માનવીનું સમગ્ર જીવન ભૌતિકતામાં ખોવાઈ ન જાય. 'હું બહુ દાન આપું છું.' પણ કર્ણ જેવો દાનવીર આ જગતમાં કોઇ થયો નથી. જ્યાં દાન આપવાની વાત આવે છે ત્યારે ત્યાં તેનું નામ લેવાય છે કે લખાય છે. કર્ણનું પણ આવું જ હતું. કર્ણના જીવનનું આધ્યાત્મિક પાસું જોઇએ તો શૂન્ય છે. તે મહાન દાનેશ્વરી હતો પણ તે આત્મવિનયી ન હતો. તે સંત ન હતો. જો તે સંત, વિરક્ત કે ઉચ્ચ કોટિનો હોત તો મહાભારતમાં તેનું સ્થાન આગવું હોત ! દાન મહત્ત્વનું છે. તેમજ યજ્ઞ પણ મહત્ત્વનો છે. ભગવાન માટે કે સંસાર માટે જો આપણે ન કરીએ તો આપણે જીવી ન શકીએ. માત્ર કર્મ કરતાં જ રહેવું એ જ જીવનનું પરમ ધ્યેય નથી.

નિવૃત્તિમાર્ગનો સાચો રાહ ક્યો ?

કોઇ માનવી એમ કહેતો હોય કે હું નાનામાંથી મોટો થયો. પણ એ તો વૃક્ષોનેય આવડે છે. વૃક્ષો પણ નાનામાંથી મોટાં થાય છે. કોઈ માનવી એમ કહેતો હોય કે મેં મકાન બનાવ્યું છે. તો શૌનક મુનિ કહે છે કે "ખેતરમાં કે ખુલ્લી જમીન ઉપર સૂઈ રહેલાં પક્ષીઓ પણ પોતાનાં ઘર બનાવે છે.

જ" કોઈ માનવી એમ કહે છે કે, 'મેં સંસાર ચલાવ્યો મારા ઘેર દીકરા છે. દીકરીઓ છે, પૌત્રો છે. ભાણેજો છે, મારો પરિવાર મોટો છે. શૌનક મુનિ કહે છે, "પોતાના પરિવારને વધારવાનું પશુ પક્ષીઓને પણ આવડે છે." આનો અર્થ એ છે કે, કેવળ ધનની પ્રાપ્તિ કરવી, કેવળ પરિવાર, પરાયણ થઈને રહેવું એ માનવજીવનનું લક્ષ ન હોઈ શકે ! કારણ કે એ લક્ષ તો પશુઓમાં પણ છે. જે કક્ષાએ પશુઓ પહોંચે છે એનાં કરતાં આપણે એક ડગલું પણ આગળ ન પહોંચીએ તો "હું માનવ છું' એ કહેવાનો આપણને અધિકાર છે ખરો ! ચેતના તો પશુઓમાં છે પણ આપણામાં તેના કરતાં વધારે ચેતના વિકાસ પામીન હોય તો ?' હું માનવી છું' એવું કહેવાનો આપણને શો અધિકાર છે ? કારણે કે માનવી એ તો પશુ કરતા તો વિશેષ છે જ, એટલે આપણી સામે એક બીજું પાસું મૂકવામાં આવ્યું અને એ છે નિવૃત્તિ માર્ગ.

નિવૃત્તિમાર્ગ એટલે નિષ્કર્મ માર્ગ

ગીતાજી તો નિવૃત્તિમાર્ગને નિષ્કર્મ માને છે. તે સમજવા જેવું છે. ગીતાજીમાં ભગવાને 'અકર્મ' અને 'નિષ્કર્મ' એવા બે શબ્દો મૂક્યા છે. અકર્મ એટલે કર્મનો સદંતર ત્યાગ. જેમકે કરોડો રૂપિયા કમાનારો શ્રીમંત માનવી પોતે કેવળ લંગોટી પહેરીને હિમાલયમાં ચાલ્યો જાય. એ કોઈને મળે નહિ, કોઈના સંગમાં આવે નહિ, અને બિલકુલ વિરક્ત જીવન ગાળે તો તેને અકર્મ કહી શકાય. પરંતુ ગીતાજીએ એનાં કરતાં વધારે સારો શબ્દ આપ્યો છે. અને તે 'નિષ્કર્મ' જે કર્મનો પણ ત્યાગ કરે.

કોઈ એમ કહે કે "તમે આટલા મંત્રોનો જાપ કરો તો તમને કરોડો રૂપિયા મળશે" અને તમને મળી ગયા. પછી શું ? હવે મારે તેની જરૂર નથી. કે પરવા નથી. પરંતુ તમે એવું કર્મ બતાવો કે જેથી મને ઈશ્વર મળે. મને તમે એ પ્રયાસ બતાવો કે જે પ્રયાસથી મને પરમાત્માની પ્રાપ્તિ થાય. બસ એ જ **નિવૃત્તિ** માર્ગ છે. કપિલ ગીતા દ્વારા એ નિવૃત્તિ માર્ગનો ઉપદેશ ભાગવતમાં દર્શાવ્યો છે. કૃષ્ણની ભગવદ્‌ગીતા અને ભાગવતની આ કપિલ ગીતા વચ્ચે એક જબરદસ્ત અંતર છે. એ અંતર એ છે કે શ્રી કૃષ્ણની ભગવદ્ ગીતામાં ભગવાને અર્જુનને પ્રવૃત્તિ તરફ વાળ્યો છે કે 'તારે ક્યાંય જવાનું નથી. કડવામાં કડવું લાગે તો પણ તારે તારું કર્તવ્ય, તારું ધ્યેય સમજીને કરવાનું છે."

ગીતામાં કર્મયોગનું મહત્ત્વ

ભગવાન અર્જુનને કહે છે, "કડવો રસ પીવા કોણ તૈયાર થશે ?" તારે આવો રસ પીવાનો છે. ગુરુ દ્રોણ અને ભિષ્મ પિતામહને મારવાના છે અને એ તારા માટે કડવો રસ પીવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે અને એ જ તારો ધર્મ બને છે. તો તારે કડવો રસ પીવો પડશે." **કર્તવ્ય કોઈને છોડતું નથી.**

આપણાં કર્તવ્યમાં કદાચ ગુણ ન દેખાતા હોય, કદાચ કર્તવ્યમાં દોષ દેખાતો હોય છતાં જે આપણું કર્તવ્ય છે, તે આપણે કરવું જોઈએ. એને માટે ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે, " તારે અહીંથી જવાનું નથી." માણસ ભાગતો ફરશે તો તે કેમ ચાલશે ? એ બીજી કોઈ જગાએ ચાલ્યો જશે તો ત્યાં પણ તેનું કર્તવ્ય આવી ને ઊભું રહેશે. ત્યાંથી પણ તે જો ભાગશે અને ત્રીજી જગાએ જશે તો ત્યાં કર્તવ્યનો પડકાર તો આવશે જ. એ

જ્યાં જશે તો ત્યાં કર્તવ્ય તો આવશે જ. જંગલમાં જશે તો ત્યાં જંગલમાં પણ તેનું કર્તવ્ય આવીને ઊભું રહેશે. માનવી કર્તવ્યથી ભાગી જશે તો તે કેમ ચાલશે ? અને એટલા માટે સુકર્મ કરો.

કપિલગીતાની મુખ્ય ભૂમિકા

કપિલગીતામાં ગીતા કરતાં તદ્દન **ઊંધી** જ વાત કરી છે. કપિલગીતાનો માર્ગ તો સમગ્ર રીતે **'નિવૃત્તિ'** ભરેલો છે. તેથી તેમાં ભગવદ્ ગીતા કરતાં જુદું જ પાસું છે. ગીતાજીમાં ભગવાને સમન્વયની ઘણી જ વાતો કરી છે. કપિલગીતાને મોક્ષ આપનારી ગીતા કહી છે. કપિલગીતામાં ભગવાન એ જ કહે છે. " છોડી દે." આ સંસારમાં શું સારુ છે ?આ નકામું છે અને ક્યારેક એવું પણ કહે છે કે, કર્મ કરવાથી શું લાભ છે ? તું આ બધું છોડીને ચાલ્યો જા." સંજોગો પ્રમાણે તે પ્રકારે તેવું કહેવાયું છે.

એટલે કે કપિલગીતાની મૂળ અને મુખ્ય ભૂમિકા આ છે. અને ભગવાનનો જે વરાહ અવતાર છે, તે પ્રવૃત્તિમાર્ગીય અવતાર છે.

જીવનનો પૂર્વાર્ધ તે કર્મમાર્ગ

વરાહ ભગવાને કર્મ બતાવ્યું છે. આપણે તો સંસાર ચલાવવો છે. આટલાથી જ કેમ અટકી જવાય ? આનાથી આગળ વધો, આગળ વધો, અને આ પ્રવૃત્તિમાર્ગ તો એમ કહે છે કે "બને તેટલો વિસ્તાર કરો." આપણો નાનો ધંધો છે તો મોટો કરો. આ ગામમાં છે તો બીજા ગામમાં તેની શાખા કરો. તેમ તેમ વિસ્તાર કરો. પ્રવૃત્તિ હંમેશા એમ કહે છે કે, "વિસ્તાર કરો." એટલા માટે વરાહ ભગવાન પ્રગટ થયા ને હિરણ્યાક્ષને મારીને આખી પૃથ્વી લાવીને આપણી સામે મૂકી. "આ પૃથ્વીમાં

તમારે જે યોગ્ય કરવાનું હોય તે કરો." મકાનો બાંધો, મંદિરો બનાવો, અને ખૂબ સુખથી રહો." પણ કપિલ ભગવાન કહે છે, "એ તો જીવનની પૂર્વાર્ધની કથા છે." માનવીના જીવનમાં પણ આ બે જુદા જુદા ઉદ્દેશો મહત્ત્વના બન્યા છે.

એક માણસ જ્યારે **ઉછરી** રહ્યો છે તે નાનો છે અને તેની સામે બહુ લાંબો ભવિષ્યકાળ પડ્યો છે. ત્યારે તેને ભગવદ્ ગીતાનો ઉપદેશ આપવો જોઈએ કે, "તું કર્મ કર." માનવી જ્યારે જીવનમાં કાંઈક કરી શકે તેમ છે. સમાજમાં યોગદાન આપી શકે તેમ છે ત્યારે તેને એમ જ કહેવું જોઈએ કે " તારે તારું કર્તવ્ય છોડીને ક્યાંય જવાનું નથી." પરંતુ પચાસ વર્ષ થયા હોય અને હવે આપણને લાગે કે આપણે પહાડ ચડી ગયા છીએ, શિખરે પહોંચી ગયા છીએ. અને હવે જીવનનું ઉતરાણ આવે તો એના માટે આ ઉત્તરાર્ધ છે. તેને માટે હવે આ નિવૃત્તિ માર્ગ છે.

જીવનનો ઉત્તરાર્ધ એટલે નિવૃત્તિમાર્ગ

આપણને ખબર છે કે "જ્યારે ગાડીને ઉપર ચડાવતા હોઈએ ત્યારે સાવચેતીથી ચઢાવવી પડે છે. પણ ઉતરતી વખતે તો બરાબર બ્રેક મારીને ચલાવવી જોઈએ. એ બરાબરનું ધ્યાન રાખવું પડે છે. જેટલું પ્રવૃત્તિમાર્ગમાં ધ્યાન રાખવાની જરૂર છે. તેટલું જ નિવૃત્તિમાર્ગમાં પણ સાવધાની રાખીને ઉતરવું જરુરી છે. પ્રવૃત્તિમાર્ગમાં માનવી અસાવધ રહે તો તેવી પ્રવૃત્તિમાં લાલચ આવ્યા વગર ન રહે. પછી તે મંદિરમાં આરતી ઉતારતો હોય ? તેને પણ એમ થાય કે "હું આટલા વર્ષોથી આરતી ઉતારું છું તો ભગવાન મને આટલું તો આપશે જને !" પછી તો એ ભગવાનની ભક્તિને પણ દૂષિત કર્યા વગર નહિ રહે.

પ્રવૃત્તિમાર્ગમાં માનવી સાવધ ન રહે તો લોભ આવે છે.

વિસ્તારવાદી માનસદશા

પ્રવૃત્તિનો અર્થ છે વિસ્તાર કરો. તે માટે એક રાજાની વાત જાણવા જેવી છે. એક વિસ્તારવાદી માણસને રાજાએ કહ્યું, "તું જેટલું દોડશે તેટલી જમીન તને મળી જશે." પેલો માણસ એટલું બધું દોડ્યો કે તે સાંજે પાછો આવતાં પહેલાં તો તેને હાર્ટ ફેઈલ થઈ ગયું! આપણી પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ કે પ્રવૃત્તિ કરનારો ખતમ થઈ જાય અને પ્રવૃત્તિ બાકી રહી જાય. એટલે કે પ્રવૃત્તિમાર્ગમાં **લોભથી** સાવધાન રહેવાનું છે.

તેવી રીતે નિવૃત્તિમાર્ગમાં સાવધાન રહેવાનું છે. **પ્રમાદથી** પ્રવૃત્તિમાર્ગના શત્રુ છે રજોગુણ અને નિવૃત્તિમાર્ગમાં શત્રુ છે. તમો ગુણ.

આપણે પાયાની વાત કરીએ કે કપિલગીતાને સમજતાં પહેલાં કપિલ ભગવાન જે દિશામાં લઈ જાય છે તેને સમજી લઈએ. ગૃહસ્થીએ લોભથી સાવધાન રહેવાનું છે. આટલું ધન મળ્યું તો વિચારશો કે હજુ વધારે કેમ ન મળ્યું ? તેથી તેની મર્યાદા તો હોવી જોઈએ.

સાધુનો ધર્મ છે પ્રમાદ રહિત થવામાં

ગૃહસ્થોએ લોભથી સાવધાન રહેવાનું છે. અને સાધુએ પ્રમાદથી સાવધાન રહેવાનું છે. પછી કોઈ સાધુ એવું કહે,"હમ સાધુ હૈ, અબ હમેં ક્યા કરના હૈ ?" યા "ખા પીકર સો રહના હૈ" તો આ દુનિયા પર તેમનો બોજ વધે છે. બીજું કાંઈ વધતું નથી.

સાધુ જો સાધુ તરીકેનું કર્તવ્ય ન કરે તો તે ખાવાનો તો

ખરોને! સો ગ્રામ કે બસો ગ્રામ અનાજ આ દુનિયામાંથી ઓછું થશે કે નહિ! આ દુનિયામાં એ શ્વાસ લેશે તો હવા પણ લેશે કે નહિ ? તો તેટલી હવા ઓછી થશે. પાણી પીશે તો જળ વપરાશે કે નહિ ? આ જગતની દરેક વસ્તુ આપણે વાપરીએ છીએ, કપડાં વાપરીએ છીએ, જગ્યા રોકીએ છીએ. સાધુ કહે છે કે "હું હવે ત્યાગી થઈ ગયો છું. મારે હવે કાંઈ કરવાની જરૂર નથી." શું સાધુએ કાંઈ કામ કરવાનું નથી ? ભોજનમાં માલપૂવા, દૂધપાક મળી જાય તો જમે. આપણા દેશના સાધુઓ કાંઈક આવી દિશામાં તો જઈ રહ્યા નથી ને ? તો તે બધાંને પણ મોટા ભાગે સાવધાન કરવાની આવશ્યકતા છે.

સાધુ ને સંન્યાસીનો ધર્મ સંસ્કાર આપે

શ્રીમદ્ જગદ્ ગુરુ શંકરાચાર્યે સંન્યાસ લીધો અને સંન્યાસ લીધા પછી તેમણે ઘણું બધું પરિભ્રમણ કર્યું છે. સાધુ પરિભ્રમણ કરતાં રહે અને લાખો લોકોને મળી ઉપદેશ આપતા રહે તો લાખો લોકોને ધર્મનું માર્ગદર્શન મળે તથા પોતાનું ચિંતન પણ પ્રાપ્ત કરી શકે. સમાજ અન્ન આપે છે. એટલે તેમનું અન્ન ખાય છે. જેનાથી પોતાનું જીવન બન્યું છે. તેથી સમાજના ઋણી બને છે. આપણે ગૃહસ્થીઓએ પણ લોભથી સાવધાન રહેવાનું છે. એક એવી સીમા નક્કી થવી જોઈએ કે આટલી પ્રવૃત્તિથી વધારે પ્રવૃત્તિ નહિ હોય!

પ્ર
ક
ર
ણ
૩જું

ભગવાન કપિલનું પ્રાગટ્ય

(કર્દમઋષિ અને દેવહૂતિનું જીવન)

આદર્શો ઉત્તમ હોવા જોઈએ

એક સમજણની વાત છે. જે વસ્તુ તમને ઉમદા ફળ આપી શકે તેવી હોય એની પાસેથી તુચ્છ વસ્તુ માંગીએ તો તે મૂર્ખતા છે. માનો કે, એક ભૂખ્યો માણસ છે, તે કોઈ કલ્પવૃક્ષ પાસે જઈને ઊભો રહે છે ત્યારે તેને કોઈ એક વ્યક્તિએ જઈને કહ્યું, "આ કલ્પવૃક્ષ છે, તું એની પાસે જે માંગીશ તે તને આપશે." તે ઊભો રહ્યો અને કહ્યું," હું ચાર દિવસથી ભૂખ્યો છું. મને ચાર

મુઠ્ઠી ચણા-મમરા આપો." તો આપણને તે માણસ માટે તિરસ્કાર છૂટે અને એની મૂર્ખતા માટે તથા તેની અલ્પતા પર જરુર તિરસ્કાર થાય.

જે કલ્પવૃક્ષ મીઠાઈ કે પકવાન આપી શકે તેમ છે તેની પાસે તેણે જઈને ચણા-મમરા માંગ્યા. તેવું જ આપણે ઘણીવાર કરીએ છીએ. ભગવાનનાં ચરણ-કમળ તો કલ્પવૃક્ષથી પણ મહાન છે. એની પાસેથી તો આપણે મોક્ષ પણ માગીએ તો મળે. અને તેની પાસેથી મોક્ષથી પણ ઉપરનું સુખ માગીએ તો મળી શકે તેમ છે. પરંતુ આપણે તો ભગવાનનાં ચરણની ભક્તિ કરીને કેવી અલ્પ વસ્તુઓ માંગીએ છીએ! કેવી કેવી સ્થૂળ વસ્તુઓ માગીએ છીએ ! આપણે ટ્રેઈન પકડવાની હોય અને મોડા થઈ ગયા હોઈએ ત્યારે ભગવાનને કહીએ કે "ગાડી મોડી હોય તો સારું !" પરંતુ આનાં કરતાં તો મોડું કેમ થઈ ગયું ? તેનો વિચાર કરતા નથી. જીવનમાં કેવી કેવી નાની નાની બાબતોમાં આપણે ભગવાનનો ઉપયોગ કરીએ છીએ !

ભગવાનને યાદ કરવા સારા પણ કોઈ શરત કે ઈચ્છા રાખીએ તે બરાબર નથી." હે ભગવાન ! મારા દીકરાને સારા માર્ક આવે તો સારું! હે ભગવાન મારો રિપોર્ટ સારો આવે તો સારું ! સારો એક્સ રે આવે તો સારું. આમ થાય તો સારું." વગેરે શરતો કરવી તે બરાબર નથી.

પરમાત્મા પાસે દિવ્ય વસ્તુ માગો.

પરમાત્મા તો ઉત્તમ વસ્તુ આપી શકે તેમ છે. એની પાસે હીન વસ્તુઓ માગીએ તે કેવું હલકું ગણાય! હીન વ્યક્તિ પાસે હીન વસ્તુ માગીએ તો સમજ્યા કે આ વ્યક્તિ આપણને કાંઈ

વિશેષ આપી શકે તેમ નથી. એક માનવી પાસે તમે ઘર, પૈસો કે એવી કૉંઈ વસ્તુઓ માંગો તે અલગ છે પણ ઈશ્વરની પાસે તમે એવું માગો કે જે ઈશ્વર જ આપી શકે. કમળ-ચરણની સેવા કરનારો માનવી તુચ્છ કામનાની માગણી કરે તો તે મૂર્ખ છે.

મહાપ્રભુજી એક દાખલો આપે છે. એક માતાએ તેના દશ વર્ષના બાળકને ગળામાં દસ તોલાનો સોનાનો હાર પહેરાવ્યો છે. એ બાળક બહાર ફરવા નીકળ્યો છે. રસ્તામાં તેને એક મૂર્ખ માણસ મળે છે. એણે પેલા બાળકને કહ્યું, "મારી પાસે બે પેંડા છે જો મને તારો આ હાર કાઢી આપે તો હું તને આ બે પેંડા આપું." બાળક હાર કાઢીને આપી દેશે. કારણકે તે બાળકને દસ તોલાના સોનાના હારની કિંમત કરતાં પેલા બે પેંડા તેને વધારે સારા લાગે છે. તેવી રીતે હું કે તમે પેલા બાળક જેવું નહિ કરીએ. કારણકે આપણે તો પેલા બે પેંડાની અને દસ તોલાના સોનાના હારની કિંમત સમજીએ છીએ. શ્રી મહાપ્રભુજી કહે છે, "આપણે બધા જ પેલા બાળક જેવી ભૂલ કરીએ છીએ. આપણે બધા જ સોનાના હાર કરતાં બે પેંડા જ માગી લઈએ છીએ. ભગવાનની સકામ ભક્તિ એટલા માટે કરીએ છીએ કે જેથી મારો પ્રવૃત્તિમાર્ગ સફળ થાય."

કર્દમઋષિની ભવ્ય ભાવના

તથા સ ચાહં પરિવોઢુ કામઃ સમાનશીલાં ગૃહમેધિધેનુમ્ ।
ઉપેયિવાન્ મૂલમશેષમૂલં દુરાશયઃ કામદુધાંઘ્રિપસ્ય ॥

કર્દમઋષિ કહે છે, "પ્રભુ, મને એવી પત્ની આપો કે જે ગૃહસ્થ ધર્મમાં ગાય સમાન હોય" એટલે કે જેમ ગાય વિના યજ્ઞ ન કરી શકાય તેમ પત્ની વગર ગૃહસ્થી ધર્મ ન થાય. ભગવાન

પ્રસન્ન થયા અને ભગવાને કહ્યું, "તમારે ત્યાં સ્વયંભુ મનુ તેમની કન્યા લઈને આવશે. તે કન્યા તમારે માટે યોગ્ય છે. તમે એની સાથે લગ્ન કરજો. એમાં કાઈ શંકા રાખવાની જરુર નથી."

કર્દમઋષિને ત્યાં કપિલ ભગવાનનો અવતાર

ભગવાને એક સરસ વાત કરી છે. "હે કર્દમ! તમારા જેવો પુરુષ પિતા હોય અને દેવહૂતિ જેવી સ્ત્રી માતા હોય તો મને પણ જન્મ લેવાનું મન થાય. મારે પણ પ્રગટ થવું છે. મારે પણ એક નવું દર્શન ઉત્પન્ન કરવું છે. મારે પણ સમાજને એક નવી દૃષ્ટિ આપવી છે. અને એટલા માટે મેં પણ અવતાર લેવાનો નિર્ણય લીધો છે. તો કાંઈક એવું કરીએ કે, તમારા દ્વારા મારો અવતાર થાય."

ભગવાને પત્નીનું વરદાન આપ્યું પણ ઋષિએ તે પુત્ર તરીકે જન્મ લેવાનું માગ્યું ન હતું. જો તેમણે માગ્યું હોત તો આપ્યું હોત ! પરંતુ અહીં તો ભગવાને કૃપા કરીને કહ્યું, "હું પુત્ર થઈને આવીશ. અને તમારે ત્યાં મારો અંશાવતાર થશે." તે વરદાન ભગવાને સ્વેચ્છાથી આપ્યું.

ભોગ અને યોગ

પ્રભુનો એવો સ્વભાવ છે કે તમે એની પાસે જે માગશો તેનાથી તે તમને અધિક આપશો. ભગવાનનું એક સરસ નામ છે. "ચિંતિતાધિક દાયક" તમે કલ્પના પણ નહિ કરી હોય તેનાથી પણ તમને અધિક આપશે. પરંતુ તેમની પાસે ન માગો તે વધારે સારું છે કે કર્દમઋષિની વાત તો બરાબર હતી. તેમણે તો બરાબર માગ્યું હતું. કે, મને ઉત્તમ પત્ની આપો." ભોગ અને યોગ તો એક બીજાના સામસામા પક્ષ છે.

જીવનમાં ભોગ ભોગવવાની આજ્ઞા થાય તો એવી રીતે ભોગવવા જોઇએ કે જેથી મારા યોગમાં અવરોધ ન આવે. એટલા માટે કર્દમઋષિને ભગવાનના વરદાનથી યોગ્ય પત્ની મળી છે. પુત્રીઓ પણ મળી અને સ્વયં ભગવાન પણ પુત્ર રૂપે મળ્યા છે. કર્દમઋષિને વરદાન આપી ભગવાન અંતર્ધાન થયા.

કર્દમઋષિનું અલૌકિક ગૃહસ્થજીવન

આ દિવ્ય ઘટના આપણા ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર નામનું શહેર છે ત્યાં બની. એ સિદ્ધપુર શહેરમાં આજે પણ બિંદુ સરોવર છે. તે વાતની વૈષ્ણવોને તો ખબર હોય જ.

કર્દમઋષિનાં કારણે ભગવાનનાં નેત્રમાંથી પ્રેમનાં આંસુ પ્રગટ્યાં. ભગવાનનાં નેત્રમાંથી પ્રેરણાનાં જે જળ પ્રગટ્યાં તેનાથી જે સરોવર બન્યું તેને **'બિંદુ સરોવર'** કહે છે. આ જગ્યાએ કર્દમઋષિ બિરાજમાન થયા. ભગવાને કહ્યું હતું તે પ્રમાણે સ્વયંભુ મનુ પ્રગટ્યા છે. સ્વયંભુ મનુએ પોતાની કન્યા દેવહૂતિને આ ઋષિ કર્દમઋષિને આર્પણ કરી. અને આ કથા ઘડાઈ છે. કર્દમઋષિએ અહીં જે મનોહર આશ્રમ કર્યો તેનું સુંદર વર્ણન છે.

કર્દમઋષિએ એ કન્યા (દેવહૂતિ)નો સ્વીકાર કર્યો. પછી સ્વયંભુ મનુ વિદાય થયા. કર્દમઋષિ અને દેવહૂતિ ગૃહસ્થ બન્યા. પરંતુ લગ્ન થયા પછી ઋષિએ કે ઋષિ પત્નીએ સંસાર ભોગવ્યો નથી.

પિતૃજ્યાં પ્રસ્થિતે સાધ્વી પતિમિંગિત કોવિદા !
નિત્યં પર્યચરત્ પ્રીત્યા ભવાનીવ ભવં પ્રભુમ્ ॥

કર્દમ એટલે જ સંયમ

કર્દમઋષિનું ગૃહસ્થ જીવન એવું અલૌકિક ચાલ્યું કે કદીએ આવું ક્યાંય બન્યું નથી. સંસારમાં પ્રવેશ કર્યા પછી કર્દમઋષિ વર્ષોના વર્ષ સુધી ખૂબ જ સંયમી રીતે જીવ્યા છે. આપણાં શાસ્ત્રમાં તેમને 'કર્દમ એટલે સંયમ' કહેલ છે અને "દેવહૂતિ એટલે "સેવા" શક્તિ ઉપર સંયમની જરૂર છે.

આપણે એક નદી ઉપર બંધ બાંધ્યો પરંતુ એ બંધની દીવાલ જો મજબૂત ન હોય તો તે પાણીના વેગથી દીવાલ તૂટી જાય તો હજારો લોકો મરી જાય, તેવી રીતે શક્તિ છે ત્યાં સંયમની જરૂર છે. તલવારને હંમેશાં મ્યાનની જરૂર છે. કર્દમઋષિ ભોગ ભોગવવા માટે સમર્થ હોવા છતાં તેમણે કોઇ ભોગ ભોગવ્યા નહિ અને સંયમપૂર્વક ત્યાગી જીવન ગાળ્યું છે. પત્ની (દેવહૂતિ) પણ ઉચ્ચ કોટીનાં છે. નામનો વિચાર કરી તો 'કર્દમ એટલે દમન' કરવું એટલે કે મનની બધી ઈચ્છાઓ પૂર્ણ ન કરવી. મન તો માંકડું છે. કર્દમ એટલે જ ઇન્દ્રિયોનું દમન. ઈચ્છાઓનું દમન કારણ કે બધી ઈચ્છાઓ પૂર્ણ કરવી યોગ્ય હોતું નથી. અને કર્દમનો મતલબ સંયમ છે.

આપણા જીવન વ્યવહારમાં પણ આવો જ સંયમ જોઇએ. ઘણીવાર આપણને બોલવાનું મન થાય પણ આપણે એ વાતને માટે આપણી જીભને કાબૂમાં રાખવી પડે છે. હું આવું બોલીશ તો ઝઘડો થશે. કુસંપ થશે. લોકો દુ:ખી થશે. એટલે આપણી જીભ ઉપર આપણે કાબૂ રાખીએ છીએ.

દેવહૂતિ એટલે સેવા - સંયમ

સંયમ તો પ્રત્યેક વ્યવહારમાં રાખવો જોઇએ. ખાવામાં સંયમની જરૂર છે. જીવનમાં જ્યાં જ્યાં સંયમ છે ત્યાં ત્યાં કર્દમ છે. ભોગ ભોગવવાની તક હોય, અનુકૂળતા હોય છતાં પણ માનવી પવિત્રતાથી જીવે તો તે સંયમી છે. અને એટલા માટે આ કથામાં શ્રેષ્ઠ જ્ઞાન અને વિજ્ઞાન છે. અપાર વૈભવ હોવા છતાં સાધુતાથી જીવન જીવનાર એવા અનેક રાજાઓનાં ઉદાહરણો આપણને શાસ્ત્રોમાંથી મળે છે. પુષ્કળ વૈભવ હોય પણ સંયમથી જીવન જીવતા હશે તો તેમનામાં સાધુતા જ ગણાય.

અહીં પ્રાસંગિક ઉદાહરણ છે કે, શેઠ શ્રી પુરુષોત્તમદાસ કરોડપતિ હતા. તેમની પાસે કાશીના મહારાજ ધનની મદદ લેવા આવ્યા. શેઠ ત્યારે ગાયશાળામાં ગોબર (છાણ) ભેગું કરતા હતા. નોકર દોડ્યા અને શેઠને કહેવા લાગ્યા "કાશીના મહારાજા આપને મળવા માટે પધાર્યા છે. તો આપ જલદી હાથ-પગ ધોઇને સારા કપડાં પહેરી લો. અને ગાદી ઉપર બેસો. શેઠ તરીકેની તમારી પ્રતિષ્ઠા જળવાય". શેઠ તો સાચા વૈષ્ણવ હતા શેઠ કહે, "રાજા આવ્યા છે તો શું થયું ? હું જે છું તે જ છું."

આવી જ સ્થિતિમાં શેઠ તો રાજા પાસે આવ્યા. ને રાજાને મુલાકાત આપી. બસ આનું નામ જ સંયમ. કર્દમ એટલે સંયમ અને દેવહૂતિ એટલે સેવા. આ કથામાં આ સિવાય દેવોનાં પણ સરસ વર્ણન છે. દેવોને જે આહુત કરે, દેવોને જે પધરાવી શકે તેને દેવહૂતિ. કહેવાય.

જીવ અને બુદ્ધિનું તાદાત્મ્ય

જીવ છે તે કર્દમ છે. અને દેવહૂતિ તે બુદ્ધિ છે. કર્દમ એટલે જીવ. જીવને ત્યાગ તથા સંયમના માર્ગે ચાલવાની જરૂર છે. સંસાર ભોગવવા મળ્યો હોય છતાં તે શક્ય હોય ત્યાં સુધી ત્યાગી બનીને જીવે છે. આ બધું જ જીવનમાં ઊતરે તો તે મઝાનું છે. તમારા ઘરમાં મીઠાઈનો અન્નકૂટ હોય છતાં તમે સંયમ રાખીને બેઠાં હો કે મારે નથી ખાવું તો તમે ખાવ જ નહિ.

તમે નિયમ કર્યો કે મારે આટલો વર્ષ સંયમથી જીવવું છે. તો તમે તે રીતે જીવી શકો છો. સુંદર પત્ની મળ્યાં પછી કર્દમઋષિએ બાર બાર વર્ષ સુધી બિલકુલ વિરક્ત જીવન ગાળ્યું હતું. તેમણે પત્ની તરફ દૃષ્ટિ સુદ્ધા કરી નથી. અરે પત્ની પણ એવી સેવા પરાયણ કે ક્યારેય કાંઈ લાંબી વાતચીત કરવી પડે તેવો અવસર પણ આવ્યો નથી. ભાગવતનાં આ જે બાબત મૂકી છે તેમાં દેવહૂતિ જેવી સેવા કરનાર કોઇ **વ્યક્તિ**નથી અને થશે પણ નહિ.

દેવહૂતિનું દાંપત્યજીવન

શુકદેવજીએ કહ્યું, "જેવી રીતે પાર્વતીએ શિવજીની સેવા કરી છે. એવી રીતે કર્દમઋષિની સેવા તેમની પત્ની દેવહૂતિએ કરી છે. સેવા કરનારે સેવા કરતાં રહેવું પણ ફળ માગવું નહિ. આટલાં વર્ષ થયાં પણ દેવહૂતિએ કોઇ દિવસ એવું કહ્યું નથી કે "હું તમારી સાથે પરણી છું તેથી તમે મને ગૃહસ્થી જીવનમાં રાખો."

એક દિવસ કર્દમઋષિની દૃષ્ટિ તેમની પત્ની ઉપર પડી. તેમણે પત્નીને ધ્યાનથી જોઇ. તો તેનું શરીર સુકાઈ ગયેલું જોયું.

છતાં તે અજબ રીતે સેવા કરી રહેલ હતાં, સેવા તો ગાયોની હોય કે માનવીની હોય ! અથવા તો ગૃહસેવા હોય !

કર્દમઋષિને થયેલી સ્મૃતિ

કર્દમઋષિએ તેમનાં પત્ની દેવહૂતિનું શુષ્ક શરીર જોયું અને ઋષિને ખ્યાલ આવ્યો કે " મેં આની સાથે લગ્ન કર્યાં છે વળી મારા પિતાની આજ્ઞા હતી કે "મારે તો પ્રવૃત્તિ ચલાવવાની છે." તો ખરેખર હું મારા પિતાને અન્યાય કરી રહ્યો છું. ભગવાને એમ પણ કહ્યું હતું કે, "તમારે ત્યાં નવ કન્યાઓ અવતાર લેશે તો હું ભગવાનને પણ અન્યાય કરી રહ્યો છું, એથી કર્દમઋષિએ સંયમનો ત્યાગ કર્યો. અને નક્કી કર્યું કે, હવે મારે આ કર્તવ્ય પણ બજાવવું જોઇએ.

પત્નીને આજ્ઞા કરી અને તેણે બિંદુ સરોવરમાં સ્નાન કર્યું તેથી દેહૂતિ અપ્સરા જેવાં સુંદર થઈ ગયાં. પછી દેવહૂતિને લઈને કર્દમઋષિ દિવ્ય વિમાનમાં બેઠા અને દાસ-દાસીઓ પણ સાથે હતી. દેવોને પણ ઈર્ષ્યા આવે તેવા ભોગ ભોગવ્યાં આમાં એક વાત સરસ મળે છે.

યોગ અને ભોગની સમીક્ષા

જીવનમાં જો પહેલેથી જ યોગની ભૂમિકા હોય અને પછી ભોગ આવે તો તે ભોગથી માનવીનું પતન થતું નથી ઋષિએ પોતાની સાધના છોડી અને પોતાનું તપ છોડ્યું અને પોતાની પત્ની સાથે વિહાર કરવા નીકળ્યા. તેમણે સુંદર લોકોમાં વિચરણ કર્યું છે. દેવો જે ભોગ ભોગવે છે તેનાં કરતાં ઉત્તમ કોટિનાં ભોગ, સુંદર વસ્ત્ર, સુંદર આભૂષણો, સુંદર પ્રકારના ખાદ્ય પદાર્થો, તમામ પ્રકારના ઉત્તમ ભોગ ભોગવ્યા છતાં પણ ઋષિ તો યોગી રહ્યા જ છે.

એક મઝાની વાત છે. શાસ્ત્રો પણ આખરે માણસને એ જ શીખવે છે. જેમ એક દોરડા પર ચાલનારો નટ છે. તેને કોઇ આધાર નથી છતાં પણ હાથમાં વાંસ રાખીને દોરડા પર ચાલે છે. અને પડતો નથી એવી રીતે યોગી પણ એમના સંયમના દોરડા પર એવી રીતે ચાલે કે ન પડે તે રાગ તરફ કે ન પડે તે દ્વેષ તરફ, એમના હાથમાં તો રાગ અને દ્વેષ ઉપર બેલેન્સ કરવા માટેનો જે વાંસ છે. તેનું નામ છે વિવેક. જેના હાથમાં વિવેક રૂપી વાંસ હોય તે ક્યારેય પણ પડે નહિ.

કર્દમઋષિમાં આ બધા ગુણો હતા. તેમણે ભોગ ભોગવ્યા. અને ઋષિને ત્યાં નવ કન્યાઓનો જન્મ થયો. એટલે ઋષિએ વિચાર્યું કે પ્રજાનું તો સર્જન થઈ ગયું છે. તેથી હવે હું સંન્યાસ લઈ લઉં ત્યારે ઋષિનાં ચરણમાં જઈને (દેવહૂતિએ) પત્નીએ "વિનંતી કરી કે,"આપ જાવ પણ મને કોઇ એવા દીકરાનો આધાર આપતા જાઓ કે એ દીકરો મારી મુક્તિનું સાધન બને."

મોક્ષ પ્રાપ્તિ કરાવે તેવો પુત્ર માગ્યો.

આ જગતમાં કેવી પરિસ્થિતિ બને છે ! કર્દમઋષિ ભગવાન પાસે સંસ્કારી પત્ની માગે છે. અને પત્ની (દેવહૂતિ) ભગવાનને પુત્ર રૂપે માગે છે. કન્યાઓ તો પરણાવી એટલે સાસરે ગઈ. હવે મારા કોઇ આધાર હોવો જોઇએ. મારા આત્મકલ્યાણ માટેનું પણ એક સાધન હોવું જોઇએ. "તો મને એક પુત્ર મળે તે મારી સંભાળ લે. તો એટલા માટે નહિ કે મને તે ખવડાવે-પીવડાવે પણ તમે ચાલ્યા જાવ અને મારો અંતકાળ આવે ત્યારે મારી પાસે હોય. અને મને મોક્ષ-ધર્મનો ઉપદેશ મળે". ઋષિએ આ વાત ઉચિત લાગી. અને ઋષિને યાદ આવ્યું

કે " ભગવાને પણ મને વરદાન આપ્યું છે ત્યારે કહ્યું હતું કે" હું તમારે ત્યાં પુત્ર રૂપે આવીશ." ઋષિએ નિશ્ચય કર્યો અને ભગવાન કપિલનું આગમન થયું.

ભગવાન કપિલનું પ્રાગટ્ય

ભગવાન પ્રગટ થયા ત્યારે આકાશમાં વાદળાં ગરજવાં લાગ્યાં. જાણે વાજિંત્રો વાગતા હોય ! દુંદુભિ વાગતી હતી. અને ગાંધર્વો ગીત ગાવા લાગ્યાં. અપ્સરાઓ આનંદમાં આવી જઈને નૃત્ય કરવા લાગી. દેવો દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ચારે તરફ આનંદ છવાઈ ગયો છે. સર્વનાં મન પ્રસન્ન થઈ ગયાં.

સરસ્વતી નદી પાસે કર્દમઋષિના આશ્રમમાં મરીચિ વગેરે ઋષિઓએ ભગવાન કપિલને વંદન કર્યાં. કપિલ ભગવાનની સ્તુતિ કરી ભગવાને પણ ઋષિઓને જવું હતું ત્યાં જવા દીધા. એટલે કે હવે કર્દમઋષિએ સંન્યાસ સ્વીકાર્યો. સ્ત્રીઓને સંન્યાસ લેવાની પ્રથા ન હતી. એટલે દેવહૂતિ આશ્રમમાં (ઘરમાં) રહે છે અને એમ કરતાં કરતાં દેવહૂતિ વૃદ્ધ થયાં પોતાનો અંતકાળ પાસે જ છે એનો દેવહૂતિને ખ્યાલ આવ્યો. એ ખ્યાલ આવતાંની સાથે જ એક દિવસ માતા દેવહૂતિ પોતાના પુત્ર કપિલ સન્મુખ આવીને બેઠાં. કર્દમઋષિ વનમાં હતા ત્યાં તેમનો મોક્ષ થઈ ગયો. હવે માતા દેવહૂતિ પુત્ર કપિલ ભગવાનને વિનંતી કરે છે" હે પુત્ર, હવે મને પણ મોક્ષ પ્રાપ્ત થાય તેવો ઉપદેશ આપો."

ગુરુ પાસે માત્ર શિષ્યનો સંબંધ જોઈએ

અહીં પણ એક બે વાત સમજવા જેવી છે. જેની પાસે જ્ઞાન મેળવવા જઈએ તેની પાસે આપણે એક જ સંબંધ રહે છે અને તે ગુરુ અને શિષ્યનો. આ વાત આપણે ગીતાજીના પહેલા

અધ્યાયમાં પણ જોઈ છે. અર્જુને શ્રી કૃષ્ણને એમ કહ્યું નથી કે "હું તમારો ભાઈ છું માટે તમે મને ઉપદેશ આપો." અર્જુન તો શ્રીકૃષ્ણનો બનેવી પણ છે. (સુભદ્રાજી સાથે લગ્ન પણ થયાં છે.) પણ એમણે એમ ન કહ્યું "હું તમારો બનેવી છું. માટે તમે મને ઉપદેશ આપો". અર્જુને શ્રી કૃષ્ણને કહ્યું, "હું તમારો શિષ્ય છું." અત્યારે નથી સારથિનો સંબંધ, નથી અન્ય સંબંધ, નથી જીવ અને ઈશ્વર વચ્ચેનો સંબંધ, અત્યારે તો તમારી અને મારી વચ્ચે ગુરુ અને શિષ્યનો સંબંધ રચાયો છે. "હે જગદ્ગુરુ ભગવાન શ્રી કૃષ્ણ, હું એક મુંઝાયેલો તમારો શિષ્ય છું, એક અટવાયેલો શિષ્ય છું, હું તમને પ્રાર્થના કરું છું કે "તમે મને માર્ગ બતાવો."

ગુરુ-શિષ્યના અન્ય દ્રષ્ટાંતો

શુકદેવજી જ્યારે વ્યાસજી પાસે ભાગવત ભણવા ગયા ત્યારે ત્યાં પણ પિતા અને પુત્રનો સંબંધ નથી. ત્યાં પણ ગુરુ અને શિષ્યનો સંબંધ છે.

રામાયણમાં પણ એવું છે કે પાર્વતી સાંભળવાં બેઠાં હોય અને મહાદેવજી ઉપદેશ કરતા હોય ત્યારે પણ ત્યાં ગુરુ અને શિષ્યનો સંબંધ છે. એવી રીતે અહીં પણ માતા અને પુત્રનો સંબંધ નથી પરંતુ શિષ્ય અને ગુરુનો સંબંધ છે. લૌકિક રીતે જોવા જાવ તો દેવહૂતિ માતા છે અને ભગવાન કપિલ તેના પુત્ર છે. ભાગવતમાં બે ત્રણ જગ્યા એવી છે કે પુત્ર દ્વારા માતા ઉપદેશ સાંભળે છે. ભાગવત માહાત્મ્યમાં ગોકર્ણની કથા છે. જેમાં ગોકર્ણે તેના પિતાને આત્મ વિદ્દ્ બ્રાહ્મણનો ઉપદેશ આપ્યો. અને તેનું કલ્યાણ થયું. વળી બીજો એવો પ્રસંગ છે કે બાપ અનાડી હતો. એટલે તેણે પુત્રનો ઉપદેશ સાંભળ્યો ન હતો પ્રહ્લાદે તેના

પિતા હિરણ્યકશિપુને ઉપદેશ આપ્યો છે પણ તેનો ઉપદેશ પિતાએ ન માન્યો.

અહીં તો ભગવાન સ્વયં પોતાની માતાને ઉપદેશ આપે છે. પણ સંબંધ માતા અને પુત્રનો રાખ્યો નથી. તે જ્ઞાન મેળવવા માટે જાય છે એથી એ પ્રાર્થના કરે છે, "હું તમારે શરણે આવી છું. હે પ્રભુ, તમે કોણ છો ?" શિષ્યનું સંસાર રૂપી બાવળના કાંટાનું વૃક્ષ છે. જે હૃદયમાં ઊગેલ છે. ગુરુ તો કુહાડી સમાન છે જે શિષ્યના અજ્ઞાનના કાંટાળા બાવળને કાપી નાખે છે.

કપિલ ગીતાના ઉપદેશક ભગવાન કપિલ

માતા દેવહૂતિ કહે છે, "હે ભગવાન ! પ્રકૃતિ અને જીવનનાં કારણે હું તમારા શરણે આવી છું."

તં ત્વા ગતાહં શરણં શરણ્યં સ્વભૃત્ય સંસાર તરો : કુઠારમ્ ।
જિજ્ઞાસયાહં પ્રકૃતેઃ પૂરુષસ્ય નમામિ સદ્ધર્મભૃતાં વરિષ્ઠમ્ ॥

"સ્વધર્મને જાણનાર આ જગતમાં જે મહાન છે. તેમાં આપ તો સર્વોત્તમ છો. આપ તો ભગવાન છો. આપ તો અંશાવતારી છો, આપ તો સ્વધર્મ ભાવનામાં પણ મહાન છો. માટે હું તમારા શરણે આવી છું; કૃપા કરીને આપ મને ઉપદેશ આપો". દેવહૂતિ હવે માતા નથી. પણ શિષ્યા છે. કપિલ હવે પુત્ર નથી પણ ગુરુ છે.

દેવહૂતિ પ્રશ્ન પૂછી રહી છે. અને કપિલ તેમને ઉપદેશ આપી રહેલ છે. આ પ્રસંગનું નામ છે **"કપિલ ગીતા"**

આ બધા ઉપદેશની પૂર્વ ભૂમિકા રૂપે સમજવા આ વસ્તુ રજૂ કરી છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા સમજવી હોય તો અર્જુન અને શ્રીકૃષ્ણ તથા કુરુક્ષેત્રના અંગો સમજીએ તો તે બરાબર સમજી શકીએ તેવી રીતે અહીં પણ આપણે કપિલ ભગવાનને સમજ્યા.

પ્રકરણ ૪થું

કપિલ ગીતામાં પ્રબોધેલ યોગમાર્ગ

સંસાર-વૃક્ષનું છેદન

માતા દેવહૂતિ ભગવાન કપિલને વિનંતી કરે છે, "આપ જ્ઞાન દ્વારા મારા સંસાર-વૃક્ષને કાપી નાખો." જ્યારે પોતાના સેવકને સંસાર-વૃક્ષ પીડા આપતું હોય ત્યારે એનો નાશ કરવો જોઈએ. સમર્થ સ્વામીને માટે તો એ ઉચિત જ છે. માટે આપ કૃપા કરીને મારા સંસાર-વૃક્ષનો નાશ કરો."

ગીતાજીના પંદરમા અધ્યાયમાં પણ આવી જ ભાષાનો ભગવાને ઉપયોગ કર્યો છે.

ઊર્ધ્વમૂલમધઃ શાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।
છંદાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સવેદવિત્ ॥

સંસારનાં બંધનો તો વડવાઈઓની જેમ નવાં નવાં લાગ્યાં જ કરે છે. એમાંથી મુક્ત થવું સરળ નથી. તેને તો મૂળમાંથી જ કાપી નાખે તો જ તેમાંથી મુક્ત થઈ શકાય. આ બંધન મનુષ્યે પ્રયત્નથી જ કાપવા પડે છે. આપણે ઇચ્છીએ કે, આ દોરડું તૂટી જાય તો સારું, પરંતુ તે દોરડું કાંઇ આપ મેળે થોડું જ તૂટી જાય છે ! આપણને તો એમ પણ થાય કે આ લોખંડની બેડી આપ મેળે તૂટી જાય તો સારું પરંતુ તે કાંઈ જાતે થોડી જ તૂટી જાય છે ! તેને તો ખોલવી પડે છે અને તોડવી પડે છે. એવી રીતે આ જીવને આ સંસાર ચિરકાળથી વળગેલો છે. તેને સંસારનાં બંધનો લાગેલાં છે. સ્વયં મનુષ્યે જ અતૂટ પ્રયત્નો કરવા પડે છે કે જેથી તેને બંધનોમાંથી મુક્ત થવાય છે.

અસંગ શબ્દનો વ્યાપક અર્થ

માતા દેવહૂતિએ જે પ્રશ્ન કર્યો તે એ છે કે, "આપ તો સંસાર-વૃક્ષને કાપવા કુહાડી સમાન છો." ગીતામાં તેને અસંગ નામનું શસ્ત્ર કહ્યું છે. અસંગ એટલે અલિપ્તતા, અનાસક્તિ, અસંગ વૈરાગ્ય. શ્રીકૃષ્ણ ભગવાને વૈરાગ્ય નામે શસ્ત્ર બનાવ્યું. તો દેવહૂતિએ ગુરુનું શસ્ત્ર બનાવ્યું, તે રીતે "આપ મારા પુત્ર નથી. આપ મારા ગુરુ છો.

ભગવાન કપિલે માતાના શિષ્ય ભાવે બોલાયેલા શબ્દોનો આદર કર્યો અને માતાને ઉપદેશ આપવાની શરૂઆત કરી.

કપિલ શબ્દનો અર્થ

કપિલ ભગવાનનો ઉપદેશ શરૂ કરતાં પહેલાં આપણે કપિલ શબ્દનો અર્થ સમજીએ. ઉપદેશની તે ભૂમિકાનો જે આરંભ થયો છે તે સમજવાની જરૂર છે. **'કપિલ'** શબ્દ પણ ત્રણ અક્ષરનો બનેલો છે. એના ઉપરથી શાસ્ત્રકારોએ સરસ વ્યાખ્યા કરી છે.

कं सुखं पिबति इति कपि. कपिं लाति इति कपिलः

સુખનું જે પાન કરે છે. તેને કપિ કહે છે. આ વાત થોડી બંધ બેસતી આવે છે. ઘણા લોકોએ આપણા મનને માંકડા જેવું કહ્યું છે. કપિ એટલે વાનર. માનવીના મનને વારંવાર વાનરનું રૂપક આપવામાં આવે છે. કારણ કે વાનર ચંચળ છે. તે એક વૃક્ષ ઉપરથી બીજા વૃક્ષ પર, એક શાખા પરથી બીજી શાખા ઉપર કૂદકા મારે છે. એમ માનવીનું મન પણ ચંચળ છે. કપિ શબ્દોનો અર્થ થયો મન.

મન તો ઇન્દ્રિયોનું સુખ ભોગવે છે.

મન જે સુખોનું પાન કરે છે અર્થાત્ સુખોને ભોગવે છે. તમે વિચાર કરો કે, કોઇ સારું દશ્ય તમે જુઓ તો તેનાથી આંખોને સુખ મળતું નથી કારણ કે આંખ તો જડ છે. સુખ તો મનને મળે છે. મન સુખી થાય છે નહિ કે આંખ સુખી થાય છે.

કોઈ વખત ખરાબ વસ્તુ જોવાથી આંખને પીડા થતી નથી. આંખને તો પીડા ત્યારે થાય કે કોઇ ભૌતિક ક્રિયા થઈ હોય. કોઇએ આંખમાં ધૂળ નાખી હોય, મરચાંની ભૂકી નાખી હોય, તો આંખને પીડા થાય પરંતુ અણગમતું દશ્ય જોવાથી આંખને દુઃખ થતું નથી દુઃખ તો મનને જ થાય છે. "મન એવ મનુષ્યાણાં

કારણં સુખદુ:ખયોઃ".

અણગમતા શબ્દો સાંભળવાથી કાનને પીડા થતી નથી. તેમજ મનગમતા શબ્દો સાંભળવાથી આપણા કાન હરખાતા નથી. હરખ અને દુઃખની અસર તો મનને થાય છે. સુખ અને દુઃખનું માધ્યમ તો ઇન્દ્રિયો છે. એ તો સુખ અને દુઃખ અંદર પહોંચાડે છે. ઇન્દ્રિયો તો એક સાધન છે તો દુઃખ મનને થાય છે. ટેલિફોનને દુઃખ થતું નથી સુખ અને દુઃખ તો મનને જ થાય છે. એટલે કપિલ શબ્દનો અર્થ છે મન. મનને વશ કરે તે કપિલ કહેવાય.

એક સમજુ માણસને વશ કરવો તે સહેલી વાત છે. પણ વાનરને વશ કરવો તે સહેલી વાત નથી વાનરમાં તો ચંચળવૃત્તિ છે. અને તે તેની પ્રકૃતિ છે. તમે કલાકોના કલાક પલાંઠી વાળીને ધ્યાનમાં બેસવાની થોડી તાલીમ લો તો ઇન્દ્રિયો જીતવી બહુ અઘરી નથી પરંતુ મનને જીતવું જ બહુ અઘરું છે. ઇન્દ્રિયો તો કહ્યાગરી છે. જો તેને સરખી રીતે આજ્ઞા આપવામાં આવે તો તે સારી કે ખોટી આજ્ઞાનું પાલન પણ તે જરૂરથી કરશે.

"કપિલ ભગવાન ઉવાચ."

કપિલ ભગવાન આપણને મનને વશ કરવાનું કામ તથા મનને મુક્ત કરવાનું કામ તથા મનને ભગવાન સમીપ લઈ જવાનું જ્ઞાન આપી રહ્યા છે, એટલે જ તેમનું નામ કપિલ છે. તે સર્વથા યોગ્ય છે. કપિલ તો સ્વયં ભગવાનનો અવતાર હોવાથી શુકદેવજીએ 'કપિલ ઉવાચ' એમ ન કહ્યું પરંતુ 'કપિલ ભગવાન ઉવાચ' કહ્યું.

એક વાત સમજી લો કે આ તો ભગવાનની વાણી છે. તે જે બોલ્યા છે તે પ્રમાણ છે. કદાચ આમાંથી આપણને કોઇ વાત ન સમજાય, કદાચ આમાંની કોઇ વાત આપણા મન કરતાં જુદી જ લાગે તો તે અસત્ય છે. તેવું માનવાની જરૂર નથી. આ પ્રમાણ બદ્ધ છે. તે બતાવવા માટે પણ કેટલીક વાત 'ભગવાન ઉવાચ' રહે છે. કોઇ પણ વાણી જો ભગવાનની વાણી હોય તો તે ભગવાન સમાન બની જાય. એ વખતમાં એવું માનવામાં આવતું હતું કે "સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી." તે યોગ્ય હતું કે અયોગ્ય હતુ તે વિષય આપણો નથી. પરંતુ સ્ત્રીઓને મોટે ભાગે વેદનું જ્ઞાન મળતું ન હતું. પરંતુ એ જ વેદનું જ્ઞાન ભગવાન કપિલે કૃપા કરીને પોતાની માતાને આપ્યું છે. એટલે આ જ્ઞાન પણ વેદ સમાન છે.

યોગનો મહિમા શું છે ?

મનુષ્યને પોતાના કલ્યાણ માટે યોગ પણ મહત્ત્વનો છે. કપિલ ભગવાને શરૂઆત યોગથી કરી પણ એક વાત સમજવા જેવી એ છે કે, કેટલાક લોકો યોગને, વૈરાગ્યને અને ભક્તિને ટુકડા પાડી પાડીને જેવી રીતે અલગ મૂકે છે. એવું અહીં ભાગવતજીમાં થયું નથી. ભાગવતજીમાં કહ્યું છે કે, ભગવાનને પ્રાપ્ત કરવા માટે આપણે તે સાધનમાં જાવ એટલે કે એક સાધનમાંથી બીજા સાધનમાં જાવ. તેમાં સંમિશ્રણ હોય છે એટલે કે તમે યોગી હો તો તમે ભક્તિને સામેલ કરી શકો છો. એકલી ભક્તિમાં હોય તે યોગી હોઇ ન શકે તેવું નથી. યોગી હોઇ પણ શકે. એટલા માટે ગીતાજીમાં કહ્યું છે,

યોગિનામપિ સર્વેષાં મદ્‌ગતેનાન્તરાત્મના ।
શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે મુક્તતમો મનઃ ॥

ભગવાને કહ્યું કે, જ્ઞાનીઓમાં પણ મારો ભક્ત બહુ પ્રિય હોય છે. યોગીઓમાં પણ મને મારો ભક્ત બહુ પ્રિય હોય છે. એમ કહીને ભગવાને યોગને અને ભક્તિને એમ બધાંને સાવ અલગ નામ આપ્યાં છે.

યોગ અને ભક્તિ

યોગ એટલે પૂર્વ દિશા અને ભક્તિ એટલે પશ્ચિમ દિશા એવું માનવાની જરૂર નથી. એક સાધનની સાથ બીજા સાધનનો જો વિરોધાભાસ ન હોય તો તે બંને બરાબર છે. આ કપિલ ગીતામાં તે જોવામાં આવશે. ક્યારેક યોગની સાથે ભક્તિનું મિશ્રણ છે તો ક્યારેક ભક્તિ સાથે વૈરાગ્યનું મિશ્રણ છે. ભાવોમાં તો મિશ્રણ હોય જ. એક ઉદાહરણ થી સમજીએ. એક સ્ત્રી રસોઈ કરે છે. તો તે રસોઈ કરવી એક **'કર્મ'** છે પરંતુ તે વિચારે છે કે મારા હાથે સારામાં સારી રસોઈ બને તે માટે તે એકાગ્રતાથી રસોઈ બનાવે તો તે **'કર્મયોગ'** છે. તે રસોઈ પોતાનાં સગા વ્હાલાંને જમાડવા માટે નહિ પણ ઠાકોરજીને ધરાવવા માટે કરવી તે પણ એક 'ભક્તિ' છે ભગવાનને શું ભાવે છે ? શું નથી ભાવતું **'જ્ઞાન યોગ'** બને છે, એટલા માટે તેનાં જે સાધનો છે. તે ક્યારેક વિરોધ દિશામાં જતાં દેખાય છે. તો તે વિરોધાભાસ સાધનોમાં છે. પરંતુ ક્રિયામાં તો સમરસતા હોય છે. તેથી ભક્તિ,જ્ઞાન, કર્મ અને યોગ વચ્ચે એકબીજામાં વિરોધ હોતો નથી પરંતુ આ બધું ભેગું થઈને એક એવો સુંદર **'ભાવ'** ધારણ કરે છે. અને એ ભાવનું નામ છે **'રુચિ'** કપિલગીતામાં ઘણી બધી જુદી જુદી વાતો આવશે. તેથી જ કપિલ ભગવાને આનો ખુલાસો, એટલા માટે જ કર્યો છે.

મારા ભક્તો તો સેવા જ માગે છે.

આ કપિલગીતામાં જ્ઞાનની વાતો આવશે. ભક્તિની વાતો આવશે. યોગની વાતો આવશે અને ભક્તોનાં લક્ષણોની ચર્ચા પણ આવશે. આ સંસાર અસાર છે, આટલું બધું દુઃખ પડેલું છે. એથી વૈરાગ્યની વાતો પણ આવશે. તો ગુંચાવાની જરૂર નથી. આપણને પ્રશ્ન થશે કે "કપિલ ભગવાન આટઆટલી જુદી જુદી રીતે વાતો શા માટે કરે છે ?" આપણે જે દિશામાં જવાનું છે, તે દિશામાં જ આપણું કલ્યાણ છે, ત્યાં જ મોક્ષ છે. મોક્ષ તરફ જવા માટે આપણને જે જે સાધનો ઉપયોગી લાગ્યાં છે તે તે સાધનો આપણી સામે તેમણે મૂક્યાં છે એટલું જ નહિ પણ ભગવાન કપિલે એવડી મોટી છલાંગ મારી છે કે તેમણે મોક્ષને પણ હેઠો મૂકી દીધો છે. તે કહે છે કે એવા ભક્તો છે કે જેને હું મોક્ષ આપું છું તો તે મોક્ષનો પણ સ્વીકાર કરતા નથી. કેવળ મારી સેવાની જ કામના કરે છે.

કપિલ ગીતાનાં વિષયનું નિમિત્ત

ભગવાન કપિલે આ જ્ઞાન વિશાળ રૂપમાં પોતાની માતાને આર્ષદૃષ્ટિથી આપ્યું છે. તેને લક્ષમાં રાખીને શ્રી જગમોહનભાઈ તથા શ્રીમતી માલવિકા બહેને નિશ્ચયાત્મક દૃષ્ટિએ વિચાર કરીને 'કપિલગીતા'ના વિષયને નક્કી કર્યો. આ વિષય એવો છે કે અન્ય સૌ કોઈને વ્યવસ્થિત અને પ્રમાણબદ્ધ જાણવાનું મળે છે. તેથી બધાંને રસ પડે તેવો છે. અને જો માત્ર શ્રીમદ્ ભાગવત કથા જ લઈએ તો આ કપિલગીતાના વિષય પરત્વે થોડું જ જાણવા માટે અને કથા સાંભળવાની મળે. આ વિષય ખૂબ સુંદર છે. તેથી કપિલગીતાનો વિષય વિચારાત્મક દૃષ્ટિથી ઉચિત છે.

શ્રી ભગવાનુવાચ.

યોગ આધ્યાત્મિકઃ પુંસાં મતો નિઃશ્રેયસાય મે ।
અત્યન્તોપરતિર્યત્ર દુઃખસ્ય ચ સુખસ્ય ચ ॥

યોગના ત્રણ પ્રકાર

આધ્યાત્મિક જ્ઞાન તો માનવીનું ખરું કલ્યાણ કરે છે. અત્યારે આપણે ફેશનમાં યોગને તો 'યોગા' શબ્દ વડે બોલીએ છીએ. આજે પણ જે લોકો યોગા બોલે છે. પણ યોગાને સમજાવવા યોગ જ બોલવું પડે. ભગવાને યોગ શબ્દ આગળ એક વિશેષણ લગાડ્યું છે. તે છે 'આધ્યાત્મિક યોગ' આ આધ્યાત્મિક યોગ માટે શુકદેવજીએ ત્રણ સ્પષ્ટતા કરી છે. (૧) આધિભૌતિક યોગ. (૨) આધિદૈવિકયોગ (૩) આધ્યાત્મિક યોગ. આ વિભાગીકરણ ઘણું જ સુંદર છે યોગ એટલે શું ? તેનું જ્ઞાન ભગવાન પતંજલિએ પાતંજલમાં યોગની વ્યાખ્યા કરી છે.

"योगश्चित्तवृत्ति निरोध."

તમારી વૃત્તિઓનો ચિત્તમાં નિરોધ કરો. પરંતુ વૃત્તિઓ કદાપિ કેન્દ્રગામી હોતી નથી. એક ઉદાહરણ લઈએ. લાઈટ માટે બલ્બ લગાડીએ તો એ બલ્બમાંથી જે કિરણો જાય છે તે ઉત્તર દિશા તરફ જાય છે અને દક્ષિણ દિશા તરફ પણ ફેલાય છે. ઓરડાની એવી કોઈ દિશા બાકી રહેતી નથી કે જ્યાં પ્રકાશનું કિરણ ન જતું હોય ! એવી રીતે આપણું મન પણ કિરણોની જેમ વૃત્તિઓને ઉત્પન્ન કરે છે. મનમાંથી ઉત્પન્ન થનાર એ વૃત્તિઓને કોઈ નિશ્ચિત દિશા હોતી નથી. જેવી રીતે સૂર્યમાંથી કિરણો નીકળે અને બધી દિશાઓમાં ફેલાય છે. એમ માનવીઓના મનની વૃત્તિઓ પણ તમામ દિશામાં ફેલાય છે.

માનવીનું મન અને વૃત્તિઓ

આપણી વૃત્તિઓ આપણી ઈન્દ્રિયો તરફ જાય છે, આપણા શરીર તરફ ફેલાય છે. સ્પર્શ, રસ, રૂપ, ગંધ અને શબ્દ એના વિષયો તરફ પણ જાય છે. એ બહિર્મુખ બનીને બહારથી કોઈની નિંદા પણ કરે, કોઈની સ્તુતિ પણ કરે, કોઈનો તિરસ્કાર પણ કરે કે કોઈને જ્ઞાન પણ આપે. એવી ઘટનાઓમાં પણ એ પ્રવૃત્તિઓ જાય છે. કોઈ લાભ થાય, કાંઈ નુકસાન પણ થાય, કેવળ પ્રત્યક્ષ પદાર્થમાં જ આપણી વૃત્તિઓ જાય છે તેવું નથી. પણ ધીરે ધીરે આપણા મનની વૃત્તિ પરોક્ષ તરફ પણ જાય છે. અહીંથી અમેરિકા પણ પહોંચી જાય છે. આપણે અહીં બેઠા હોઈએ અને મનની વૃત્તિ દેશ-પરદેશમાં તો શું ? લોક પરલોકમાં પણ પહોંચી જાય છે.

આપણા મનની વૃત્તિઓ ભૂતકાળથી માંડીને ભવિષ્ય તરફ જાય છે આમ વૃત્તિઓનો વિસ્તાર ઘણો મોટો છે પતંજલિ ભગવાન કહે છે, "માનવીઓની વૃત્તિઓ વિખરાયેલી છે." ઉદાહરણ આપતાં જણાવે છે કે, ઘણીવાર આપણે એવું કરતાં હોઈએ છીએ કે કોઈ જગ્યાએ વધારે પ્રકાશ જોઈતો હોય તો તે માટે બલ્બની પાછળ ફોક્સ મૂકીએ છીએ. અને બલ્બની પાછળ રિફ્લેકટર પણ મૂકીએ છીએ. તેથી કરીને બીજી બાજુમાં જતાં કિરણો અટકે છે. પ્રકાશના આ નિયમાનુસાર તેનું એવું પરાવર્તન થાય છે કે જેનાં તરફ તે ધરો તેનાં ઉપર ખૂબ જ પ્રકાશ પડે છે. તેવી રીતે ચારે બાજુ વિખરાયેલી આપણા મનની વૃત્તિઓને એકત્ર કરીને

પરમાત્માની અંદર તેને પ્રસ્થાપિત કરવી જોઇએ. આનું નામ જ યોગ છે.

એકાગ્ર મનની મહાન શક્તિ

નાનાં બાળકો ઘણીવાર મેગ્નીફાર્યીંગ કાચ લઈને રમતાં હોય છે જેમાંથી રંગરંગનાં કિરણો ઉત્પન્ન થાય છે. એ કાચને તમે એમને એમ રાખો તો ખાસ કંઇ ગરમી પડતી નથી. પરંતુ તેને એક કેન્દ્રબિંદુ પર જ રાખો તો એ કેન્દ્ર બિંદુ ઉપર એટલી બધી ગરમી પેદા થાય છે કે ત્યાં જો કપાસ જેવી વસ્તુ રાખી હોય તો તે સળગવા લાગે છે.

કપિલ ભગવાન પણ આવી જ વાત કરે છે. તમારા મનની વૃત્તિઓ વિખરાયેલી છે. તેથી તેનામાં શક્તિ નથી પરંતુ જો મનની તે વૃત્તિઓને એક જગ્યાએ એકત્રિત કરો. તો તેનામાં તમે કલ્પના નહિ કરી હોય તેટલી મહાન શક્તિ છે. વિખરાયેલી વૃત્તિઓ તો નિર્બળ છે. માનવીનું મન નિર્બળ નથી. માનવીનાં મનમાં પ્રચંડ શક્તિ છે. આગળ જતાં તો એમ પણ કહે છે કે આ આખો સંસાર તમારા મનથી જ બન્યો છે. આવી પ્રચંડ શક્તિ માનવીના મનમાં ભરેલી છે. છતાં આપણને એ શક્તિનો કાંઇ જ અનુભવ થતો નથી. કારણ કે તમે એને કેન્દ્રમાં વાળતા જ નથી. વિખરાયેલી એ વૃત્તિઓનો ચિત્તવૃત્તિમાં- શક્તિમાં નિરોધ થવો જોઇએ.

આપણા શાસ્ત્રકારો કહે છે, "તમારા મનમાં અમોઘ શક્તિ છે. પરંતુ વિખરાયેલું તમારું મન રહેશે તો તે સાધારણ ચિત્ત છે, ચિત્તની વૃત્તિ છે. જે તમારા જીવનનો સ્થૂળ વ્યવહાર છે. જો તમે એ શક્તિઓને એક જ દિશામાં

કેન્દ્રીભૂત કરી શકો તો તે પણ 'યોગ' છે. જે લોકો એકાગ્ર થઈ શકે છે તે લોકો આશ્ચર્ય ચકિત કામ કરી બતાવે છે.

એકાગ્રવૃત્તિ મહાન કાર્ય કરે

તમે અને હું કે કોઇ સામાન્ય વ્યક્તિ દોરડા ઉપર (સ્થિર) ચાલી શકતા નથી. પરંતુ નટ લોકો ચાલી શકે છે. તમે અને હું આંખે પાટા બાંધીને મોટર સાયકલ ચલાવી શકતા નથી. પણ સર્કસવાળો ખેલાડી ચલાવી શકે છે. કારણ કે એઓએ પોતાના મનની વૃત્તિને એકાગ્ર કરી છે. આ તૌ લૌકિક દ્રષ્ટાંતો અને વાતો થઈ પરંતુ ભગવાને જે આધ્યાત્મિક યોગની વાત કરી છે. તે સમજવા જેવી છે.

આધ્યાત્મિક યોગના પ્રકારો

આધ્યાત્મિક યોગની ત્રણ વ્યાખ્યા સમજીએ (૧) આપણને ભગવાનની પ્રાપ્તિ કરાવે તેને **'આધિદૈવિક'** યોગ કહેવાય. એટલે કે જેને ભક્તિ કરવાનો યોગ હોય અને અંતિમ લક્ષ્ય પરમાત્માને મેળવવાનો હોય તે **આધિદૈવિક યોગ"** છે. આ વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ કરી છે. તેની તમને પૂરેપૂરી પ્રતીતિકરાવે તે **આધ્યાત્મિક** યોગ. યોગનો સાધારણ ક્રિયામાં પણ ઉપોયગ થાય છે. પાણી પર ચાલી શકાય, જેના વડે અણિમા યોગ પ્રાપ્તિ થાય છે. આ યોગને આપણે ત્યાં **"આધિભૌતિક યોગ"** કહે છે આ ત્રણે ભેદો સમજ્યા પછી હવે આપણને બરાબર સમજાશે કે કપિલ ભગવાને આપણને આ યોગની ચર્ચા કરી છે.

પ્ર
ક
ર
ણ
પમું

ભગવાન કપિલનો માતા દેવહૂતિને ઉપદેશ

ભગવાનના સાકાર સ્વરૂપનું દર્શન

ભગવાને અહીં ઈશ્વર પ્રાપ્તિના યોગની વાત કરી નથી. **નહિતર** તેમણે દૈવિક યોગનો શબ્દ વાપર્યો હોત. આપણે ભાગવતમાં સાંભળ્યું છે કે, ધ્રુવજી, તપ કરવા નીકળ્યા ત્યારે રસ્તામાં તેમને સૌથી પહેલા નારદજી મળ્યા. અને તેમણે કહ્યું, "તને ખબર છે કે, ભગવાન કેવા છે ?" અને તેમણે ધ્રુવજી સામે ભગવાનના સ્વરૂપનું વર્ણન કર્યું. તેમનો શ્યામ વર્ણ છે. પીતાંબર પહેર્યું છે. ચાર ભુજાઓ છે. શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરે છે."

છ માસની **તપસ્યા** કર્યા પછી ધ્રુવજીને ભગવાન મળ્યા ત્યારે નારદજીના કથન મુજબનું જ રૂપ ધારણ કર્યું હતું. કે જે વર્ણન મુજબ હૃદયમાં ભગવાનના સ્વરૂપનું ધ્યાન કર્યું હતું. આપણા હૃદયમાં પણ ભગવાનના જે સ્વરૂપનું ધ્યાન કરીએ તો ફળરૂપે ભગવાનનું એ સ્વરૂપ આપણને સાકાર બ્રહ્મનું દર્શન પ્રાપ્ત થાય. સાકાર સ્વરૂપ પણ આપણને ભક્તિમાર્ગીય રીતે થાય છે.

ભાવત્સાક્ષાત્કારે ય ઉપયુજ્યતે સ આધિદૈવિક :।

ભગવાન આપણી સામે કયું સ્વરૂપ ધારણ કરીને આવે તે મહત્ત્વનું છે પરંતુ ભગવાન તો ભક્તવત્સલ બનીને મળે છે. ભક્તિમાર્ગનો આ આખો યોગ 'આધિ દૈવિક યોગ' છે.

આત્મ સાક્ષાત્કારે આધ્યાત્મિક

ભગવાન કપિલ માતાજીને ઉદ્દેશીને કહે છે "તમને હું આધ્યાત્મિક યોગની વાત કરું છું અને એ યોગનું શું ફળ આવશે એ પણ હું તમને કહી દઉં.'

આ આધ્યાત્મિક યોગનું ફળ એ છે કે માનવી સુખ અને દુઃખ એ બંનેથી અતિશય ઉપર ચાલ્યો જાય છે.

'દુઃખસ્યચ સુખસ્યચ'

આધ્યાત્મિકયોગ મોક્ષગામી છે.

ભગવાન કપિલ આપણને આધ્યાત્મિક યોગ દ્વારા એવી ભૂમિકા ઉપર લઈ જાય છે કે, એ ભૂમિકામાં 'અત્યંતો યતિ' એટલે કે તમે તમારા **લેવલથી** એકદમ ઉપર ચાલ્યા જાવ છો. ઉદાહરણ જોઈએ. તમે જ્યારે જમીન ઉપર બેઠા હો ત્યારે આજુબાજુનો વિસ્તાર થોડો દેખાય છે, પછી તમે કોઈ પર્વત

ઉપર ચઢવાની શરૂઆત કરો છો અને અડધે જ અટકો છો ત્યારે તમે દૂર સુધી જોઇ શકો છો. પરંતુ જ્યારે તમે પર્વતના શિખર ઉપર પહોંચી જાવ અને પછી તળેટીમાં રહેલો માનવી જે કાંઇ જોઇ શકતો નથી. તે તમે ખૂબ વિસ્તારથીને આરામથી જોઇ શકો છો. આ રીતે આ આધ્યાત્મિક યોગ પણ માનવીને ખૂબ ઊંચાઈ ઉપર લઈ જાય છે અને આ ઊંચાઈ પર નથી સુખ કે નથી દુ:ખ અને આનું જ નામ છે **'મોક્ષ'**

આપણે લોકો ઘણીવાર એવું માની લઈએ છીએ કે, "મોક્ષ એવી એક નગરી છે કે જ્યાં આપણે જઇએ એટલે આપણને મોક્ષ મળી જાય. અથવા મોક્ષ નામનો એક સમય આવે છે કે એ સમય આવ્યો એટલે માનવી મોક્ષમાં પહોંચી ગયો." એવું નથી મોક્ષની કોઇ નગરી નથી કે મોક્ષની કોઇ વેળા નથી. એને સંબંધ છે અવસ્થા સાથે. તમે આધ્યાત્મિક રીતે ક્યાં છો ? તેના ઉપર તે આધારિત છે એક જ ઘટનાને માનવી જુદી જુદી રીતે જુએ છે.

ઘટના એક પણ દૃષ્ટિ વિભિન્ન હોય.

એક જ ઘટનાને બધાં માનવી જુદી જુદી રીતે જુએ છે. એ જોવા માટે જુદા જુદા માનવીનાં જુદાં જુદાં બિંદુ હોય છે. કુરુક્ષેત્રનું યુદ્ધ જુઓ તો દ્રૌપદીને જુદી જુદી દૃષ્ટિએ જુએ છે. ધૃતરાષ્ટ્ર એને જુદી દૃષ્ટિએ જુએ છે. ભિષ્મ એમની જુદી દૃષ્ટિથી જુએ છે. દુર્યોધન વળી એની જુદી દૃષ્ટિથી જુએ છે. અર્જુન પણ એને જુદી દૃષ્ટિથી જુએ છે. અને ભગવાન શ્રીકૃષ્ણ એને જુદી દૃષ્ટિથી જુએ છે પરંતુ ઘટના તો એક જ છે.

તમારી પાસે અર્જુનની દૃષ્ટિ હશે તો આ યુદ્ધ તમને જુદું દેખાશે અને તમારી પાસે શ્રીકૃષ્ણની દૃષ્ટિ હશે તો આ યુદ્ધનો

અનુભવ તમારો જુદો જ હશે. અથવા વ્યાખ્યા જુદી હશે. સ્વજનનું મૃત્યુ થવું એ શોકની ઘટના છે. એ વાત અર્જુન સમજે છે. શું એ વાતનો અનુભવ શ્રીકૃષ્ણને નથી થતો ? શું તેની તેમને ખબર ન હતી ? પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ ઉપદેશ આપી રહ્યા છે કે "કોઇનાં મરણ પાછળ શોક ન કરવો તે કથન કેવળ વાણીનો ઉપદેશ નથી." યાદવ કુળનો નાશ થયો છે ત્યારે પણ તેમની આંખોમાંથી આંસુ આવ્યાં નથી. અર્થાત્ તે એક એવી ઊંચાઈ પર છે કે જ્યાં સુખ પણ નથી કે દુ:ખ પણ નથી. તો આ શાસ્ત્ર આપણને આ ઊંચાઈ પર લઈ જવા માગે છે. અને એને જ આધ્યાત્મિક યોગ' કહે છે.

સંસારથી પર કેવી રીતે જવાય ?

માતા દેવહૂતિએ સૌથી મહત્તવની બાબત પૂછી કે "પ્રભુ, તમે એમ કહો છો કે, 'સુખ અને દુ:ખ એમ બંનથી પર થઈ શકાય છે, પણ આ સંસાર તો અનેક દુ:ખોનું મૂળ છે. આ આટલાં બધાં દુ:ખો આવતાં હોય, આ સંસારમાં જીવોને આટલી વ્યાધિઓ અને કલેશો મળ્યાં જ કરે છે તો પછી તે જ્યાં જાય ત્યાં તેને દુ:ખ તો પડવાનું છે. પછી તમે કહો છો કે "સુખ અને દુ:ખથી પર થઈ જાય."તો એ કેવી રીતે બને ? આ એક સમજવા જેવી બાબત છે.

એક માણસ એમ કહે કે, "હું આ બધું છોડીને સાધુ થઈ હરદ્વાર ઋષિકેશ, બદ્રિનાથ કે અમરનાથ જેવાં તીર્થસ્થાનોમાં જઇને રહું. તો થોડો વિચાર કરવા જેવો છે કે ત્યાં શું એને દુ:ખ નહિ આવે ? એને માથું દુ:ખશે તો ? એને તાવ આવશે તો ? વિચાર કરો કે તેની પત્ની એને ગાળ આપશે તો એને દુ:ખ થશે

એટલે સંસાર પરત્વેની માતા દેવહૂતિની આ દલીલ સમજવા જેવી છે.

માતા દેવહૂતિની આ દલીલનું સમાધાન

માનવી જ્યાં જશે ત્યાં સંસાર તો એનો પીછો કરશે જ એ તો આપણ ને સૌને અનુભવ છે. આપણે અહીં બેઠા છીએ તો શું આપણે સંસારમાં નથી ? માતા સંસાર વિંટળાયેલો તો છે જ.

અહીં આ સત્યને રજૂ કરતું એક દ્રષ્ટાંત જોઇએ. એક વૈષ્ણવ સદ્‌ગૃહસ્થને મળવા માટે વૈષ્ણવો આવ્યા. બહાર બેઠેલી તેમની પુત્રવધૂને પેલા વૈષ્ણવે કહ્યું, "બેટા, તારા સસરા ક્યાં છે ?" તે વખતે શેઠ તો ઠાકોરજીનો શૃંગાર કરતા હતા. પરંતુ પુત્રવધૂએ કહ્યું, "એ તો ચમારવાડે ગયા છે. " એટલામાં અંદરથી સસરા બહાર આવ્યા. ત્યારે પેલા વૈષ્ણવે પૂછ્યું, "તમે તો બહાર ગયા હતાને ?" ત્યારે શેઠે કહ્યું કે "હું તો ઠાકોરજીની સેવા કરતો હતો. તમને એવુ કોણે કહ્યું કે "હું ચમાર વાડે ગયો છું ?" પુત્રવધૂની કહેલી વાત તો સાચી હતી. કારણ કે પૂજા કરતી વખતે શેઠના વિચાર ત્યાં ચમારવાડે જવાના ચાલતા હતા. તેથી પુત્રવધૂએ પોતાની દિવ્ય શક્તિથી અન્યના લૌકિક વિચારો જાણી શકી. એ વિચાર તો હતો કે 'મારા જોડા ખરાબ થઈ ગયા છે. તેનું માપ અત્યારે આપી આવું જેથી આઠ-દસ દિવસમાં તે તૈયાર થઈ જાય.'

આથી જોઇ શકો છો કે સંસાર આપણો પીછો છોડતો નથી. એ તો જાગૃત અવસ્થામાં, સ્વપ્નાવસ્થામાં કે સુષુપ્તિ અવસ્થામાં આપણી આસપાસ આ સંસાર વિંટળાયેલો છે. પછી તો ઘરમાં

હોઇએ, મંદિરમાં હોઇએ કે તીર્થમાં હોઇએ માતાની દલીલોતો બરાબર છે. 'જ્યાં જઇએ ત્યાં સંસાર તો આવે જ છે સંસાર આવશે એટલે સુખ આવશે ને દુઃખ પણ આવશે. કોઇએ આપણને સગવડ કરી આપી તો સુખ થયું. અગવડ કરી આપી તો દુઃખ થયું. બધે જ સુખ અને દુઃખ આવે જ છે. જ્યાં જઈશું છે;

ભગવાને આ વિષય ઉઠાવ્યો છે. ત્યારે આપણે સંસાર વિશે થોડો વિચાર કરીએ. સંસાર એ શું છે ?

શ્રીમદ્ વલ્લભાચાર્યની સંસાર - વ્યાખ્યા.

સંસાર વિશે શાસ્ત્રકારોએ બહુ વિચાર કર્યો છે. સંસાર શું ભૌતિક છે ? શું માનસિક છે ? શું તે કાલ્પનિક છે ? વેદાંતમાં એવો ભાર મૂકવામાં આવ્યો છે કે "આ સંસાર બધો માયા રૂપ છે. જગત મિથ્યા છે" એવો પણ વિચાર મૂકવામાં આવ્યો છે કે, "જગત મિથ્યા નથી પણ સત્ય છે". અહીં સંસાર શબ્દ જે મૂક્યો છે, તે ખૂબ મહત્ત્વનો છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ જગત અને સંસાર એ બેની વ્યાખ્યા જુદી કરી છે. આજના આ આધિભૌતિક યુગમાં આ જે બધુ દેખાય છે તે જગત સત્ય છે. એ મિથ્યા નથી. કારણ કે એ બધું અનુભવાઈ ગયેલું છે. પરંતુ એ બધી વસ્તુઓ પાછળનો આપણો જે ખ્યાલ છે અને એ બધી વસ્તુઓ સાથે આપણી જે અહંતા મમતા છે એનું નામ છે 'સંસાર' શ્રીમદ્ વલ્લભાચાર્યજી કહે છે, "જગત તો સત્ય છે પણ જગત સાથેનો આપણો વ્યવહાર, અનુભવ અને જગત સાથેનો અભિગમ બિલકુલ મિથ્યા છે." આ જમીન છે તે સત્ય છે. પણ હું કહું કે, " આ મારી

જમીન છે" તે મિથ્યા છે આ પેન છે તે સત્ય છે પેન મિથ્યા નથી કેમ કે તેનાથી લખી શકાય છે. એટલે કે વસ્તુઓ મિથ્યા નથી પણ વસ્તુ જોડે મારા જે અનુભવો થયા તે મિથ્યા છે મારી વસ્તુ છે. તે ખોવાઈ જાય તો મને દુઃખ થાય. એ તૂટી જાય તો પણ મને દુઃખ થાય. આ છે સંસાર.

આ સંસાર શાનો બન્યો છે?

આ સંસાર શેનાથી બન્યો છે? એ પૂછો તો જવાબ જુદો જ મળશે આ બહુ સ્પષ્ટતા વાળી વસ્તુ છે. તમે મહાપ્રભુજીને પૂછો કે જગત શાનાથી બન્યું છે? તો કહેશે કે, "પંચતત્ત્વમાંથી" આ પંચતત્ત્વો એટલે આકાશ, પૃથ્વી, વાયુ, જળ અને અગ્નિ. તો તરત જ વાત આવશે પ્રકૃતિની આ પ્રશ્ન બહુ મોટો છે. પ્રકૃતિને કોણ પેદા કરી? તો કહેવું પડશે કે બ્રહ્મે અર્થાત્ જગતનું મૂળ કારણ છે. બ્રહ્મ

પ્રકૃતિ બ્રહ્મે અને મમતા માનવીએ

એક વાત વિચારો કે, "આ વસ્તુ મારી છે." આવી મમતા જો જાગે છે. તો ભગવાને પેદા કરી નથી. એ તો મારાથી પેદા થયેલ છે. આ જમીન ભગવાને બનાવી પણ આ જમીન મારી છે. તે વ્યવહાર ભગવાને બનાવ્યો નથી. તેથી એટલા જ માટે જમીન તો માટીની બનેલી છે. પણ એ મારી જમીન છે, એ હું જ્યારે કહું છું તો તે વખતે એ માટીની બનેલી નથી પણ મનની બનેલી છે.

કેટલાક પદાર્થો પંચતત્ત્વથી બનેલા છે. અને કેટલાક પદાર્થો કેવળ મનથી બનેલા છે. જે વસ્તુ મનથી બની તે સંસાર. તમારું મન એનું સર્જન કરે છે. તમારું મન જ તેમાં વિલસે છે,

તમારું મન તેમાં વિહાર કરે છે. અને એક દિવસે એનો નાશ થશે એ પણ આ મનથી જ થશે.

ચેત : ખલ્વસ્ય બંધાય મુક્તયે આત્મનો મતમ્ ।
ગુણેષુ સક્તં બંધાય રતં વા પુંસિ મુક્તયે ॥

માતાએ એ વિચાર મૂક્યો કે "સંસાર તો રહેવાનો જ અને સંસાર હશે તો સુખ દુઃખ રહેવાના તો એનો અર્થ એ થયો કે માનવીએ કોઇ દિવસ મરણ ન પામવું. અથવા અનાદિ કાળ સુધી જીવ્યા કરવું. જ્યાં સુધી પ્રલય ન થાય ત્યાં સુધી શું તેને સુખ અને દુઃખ જ રહેવાનું?"

રજ્જુ સર્પ ન્યાય

માની લો કે આ સંસાર થવાનું કારણ છે ભગવાનની ઈચ્છા. અથવા માની લો કે, આ સંસારનું કારણ છે અજ્ઞાન. અહીં મહાપ્રભુજી એ બંને વિકલ્પ લીધા છે. જ્ઞાનમાર્ગ એમ કહે છે કે, "સંસારનું મૂળ કારણ છે અજ્ઞાન એટલે તમને આ બધું દેખાય છે તે પેલો રજ્જુ-સર્પ ન્યાય છે. તેનું જ્યાં સુધી તમને જ્ઞાન થતું નથી કે આ તો દોરડું છે, ત્યાં સુધી તે સર્પ છે.અને તમારા મનમાં એ ભ્રમ પેઠો છે. કે આ સર્પ છે ત્યાં સુધી તમને ડર રહે છે. એની પાસે જશો નહિ, અડકશો નહિ, વગેરે સર્પનો આ ભય તમને - તમારા મનમાં કોણ પેદા કરે છે? સર્પ તો પેદા નથી કરતો ને? કારણ કે તે સર્પ જ નથી. એ તો અજ્ઞાનથી આપણે માની લીધું છે કે આ સર્પ છે. તેવી રીતે જ્ઞાનમાર્ગ એમ કહે છે કે સંસારનું મૂળ કારણ છે અજ્ઞાન. આપણે આ બધું અજ્ઞાનથી જ માની બેસીએ છીએ. "હું કોઈનો પુત્ર છું", કોઈનો પિતા છું, કોઈનો ભાઈ છું હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું બાળક છું, હું વૃદ્ધ છું," હું રાજા છું, હું ભિખારી છું," આ બધું અજ્ઞાન છે તે અજ્ઞાનથી અનુભવા યેલો છે.

શ્રી મહાપ્રભુજીનું મંતવ્ય

શ્રી મહાપ્રભુજીએ આ બંને વિકલ્પને માનીને કહ્યું, "આ બંને વાત બરાબર છે. તો પણ યોગ ત્યાં ઉપયોગી છે. સંસાર તો અજ્ઞાન સભર હોય છતાં પણ ત્યાંથી નીકળવા માટે યોગ જરૂરી છે. અને સંસાર ચલાવવાની ભગવાનની ઇચ્છા છે અને થયો હોય તો પણ તેનાં સુખ દુ:ખમાંથી પર થવા માટે યોગ જરૂરી છે. એટલે ભગવાને અહીં નવી વાત કરી નથી. કારણ કે સંસાર શાથી થયો ? તો મહાપ્રભુજીએ કહ્યું, "આપણને રોગ શાથી થયો ? તે વાત છોડી દો. પણ દવા તો કામની છે ને ? શા કારણે રોગ થયો ? તે વાત છોડો પણ દવાની જરૂર છે જ"

તમારે જો સંસારથી પર થવું હોય તો પહેલાં તમે સમજી લો. સંસાર બનાવ્યો કોણે ? સંસાર બન્યો છે. મનથી. મન તો અજ્ઞાનથી ભરેલું છે. ભગવાને અહીં ચિત્ત શબ્દ મૂક્યો છે.

ચિત્ત શું છે ? સંસારની લીલા શું છે ?

જીવને બાંધનાર પણ ચિત્ત છે આ જીવને મુક્ત કરનાર પણ એ ચિત્ત છે. બહુ સરસ વાત કરી છે કે "જે વસ્તુ તમને બાંધે છે. એ જ વસ્તુ તમને છોડાવે છે. બીજા શબ્દોમાં કહું તો તાળું મારવા માટે જે ચાવી છે તે ચાવી તાળું ખોલવા માટે પણ એ જ છે. આ ચાવીનું નામ છે ચિત્ત.

ભગવાન કપિલે માતા દેવહૂતિ ને કહ્યું, "હે માતા, આ સંસાર તો ચિત્તથી બનેલો છે. આ સંસાર ચિત્તમય છે અને આ ચિત્ત તો મનોમયકોશ હોવાનાં કારણે તમારા મન ઉપર તેનો આધાર છે. તમે આ સંસારની અંદર છો કે. સંસારથી બહાર છો. આ વાત થોડી સમજવી પડશે. આપણે જ્યારે નાટક જોવા

જઇએ છીએ તો આપણને ખબર છે કે આ બધી વાસ્તવિકતા નથી. માત્ર તે નાટક છે. એમાં પાત્રો પોતપોતાના વેશ ભજવે છે. તેમાં કોઇ રાજા નથી. કોઇ રાણી નથી છતાં તેમાં કરુણરસ, હાસ્યરસ વગેરે રસોનો અહીં અનુભવ થશે. ભગવાને પણ આપણી સામે આ સંસાર રૂપી લીલા મૂકી છે. એટલે જ ભક્તિમાર્ગમાં ભગવાન જે કાંઈ કરે છે તેને માટે **'લીલા'** શબ્દ જ વપરાયો છે અને આ લીલાનો આખો સિદ્ધાંત જ અહીં સમજવા જેવો છે. ભગવાને આપણી સામે એક મોટું નાટક જ કર્યું છે. જેમ પ્રેક્ષકો નાટક જુએ છે અને એ નાટકની અંદર જે કૃત્રિમ વ્યવહારો થઇ રહ્યા છે અને તેમાં તેઓ ઓતપ્રોત થઇ જાય છે. એથી તે હસે છે, રડે છે અને ગમગીન પણ થાય છે. એવી રીતે આપણે જાણીએ છીએ કે આ સંસારમાં સાર નથી. છતાં પણ ઘર બાઈ રહીએ છીએ અને દુ:ખી પણ થઈએ છીએ.

ભગવાનની લીલા આપણી સામે છે.

ભગવાન પણ એ જ કહે છે, " આ સંસારની લીલા તમારી સામે છે." તેના પર આપણે જો પ્રભાવિત થઇએ તો આપણે એક દિવસ સુખી થઇશું. અને એક દિવસ એવો પણ આવશે કે આપણે દુ:ખી પણ થઇશું, પરંતુ આપણે જો આપણી વિવેક બુદ્ધિને જો જાગૃત રાખી શક્યા તો આપણી સામે આ જે ચાલી રહ્યું છે તે કેવળ નાટક જ છે. તે વાસ્તવિક નથી. તેથી આપણને સુખ કે દુ:ખની અસર થશે નહિ. ઘણીવાર આપણને અનુભવ થયો હશે કે તમે ઘેરથી ઉદાસ થઈને નીકળ્યા હો અને નાટક જોવા ગયા હો ત્યારે ઉપર બે-ચાર પાત્રો સુંદર ભૂમિકા ભજવીને કુશળતાપૂર્વક આપણી ઉદાસીનતા ભૂલાવી દે છે. આપણે દુ:ખી હોવા છતાં પણ તેને ભૂલી જઈએ છીએ. અને આનંદ કરીએ છીએ. જે પ્રવૃત્તિ આપણને વળગી છે તેમાંથી આપણે બહાર આવીએ છીએ. પણ આ બધું કૃત્રિમ રીતે ચાલે છે.

પરમાત્મા મહાન કલાકાર છે.

પરમાત્મા જેવો કોઈ કલાકાર આ દુનિયામાં છે ? એમણે આ સંસારરૂપી આ નાટક મૂક્યું છે. અને એનામાં આપણા ચિત્તને આકર્ષવાની પ્રબળ શક્તિ છે. તેથી ચિત્ત પણ સુખનો અનુભવ કરવા લાગે છે. અને દુઃખનો પણ અનુભવ કરવા લાગે છે. આ એક ખૂબ જ અગત્યની વાત છે.

ઘણાં માણસો પૂછે છે કે; "દુઃખમાંથી બહાર આવવું હોય તો શું કરવું?" તો કપિલગીતામાં એમ કહ્યું છે," દુઃખમાંથી આપણે બહાર આવીશું તો તમે સુખમાંથી પણ બહાર આવશો. જો સુખ માગશો તો દુઃખ આવવાનું જ છે." તમે કહો કે" ના અમારે દુઃખ આવવાનું જ છે." તમે કહો કે" ના અમારે દુઃખ નથી જોઈતું" તો ભગવાન કપિલ કહે છે," હું તમને એવી કક્ષાએ લઈ જાઉં છું કે જ્યાં દુઃખ નહિ હોય, અને સુખનો છાંટોયે નહિ હોય. પણ સાથે એટલું યાદ રાખો કે સુખનો છાંટો માંગશો તો દુઃખનો છાંટો પણ મળવાનો છે. સુખનો ચટકો પણ નહિ હોય અને દુઃખનો ચટકો પણ નહિ હોય. ત્યાં સ્થિતિ એવી બનશે કે તમે એ બંનેથી પર થઈ ગયા છો. આવી સ્થિતિ જ્યારે થાય છે. આનું નામ જ **'મોક્ષ'**.

સુખ અને દુઃખનું કારણ કર્મયોગ

સુખ અને દુઃખમાં લઈ જનાર ઘટના તે 'કર્મયોગ' છે. પરંતુ આ આધ્યાત્મિક યોગ આપણને એ કક્ષાએ લઈ જાય છે, કે જ્યાં તમે સુખ અને દુઃખથી પર થઈ ગયા હશો.

કપિલ ભગવાન તો કહે છે, "મન બંધન અને મુક્તિ આપે છે." મન એ શત્રુ નથી. તમને બાંધે છે એ કબૂલ છે. પરંતુ સંસારમાં એ જ મન તમને મુક્તિ અપાવે છે. અને એટલા જ માટે આપણે ત્યાં મનને મારવા ઉપર ભાર મૂકવામાં આવ્યો નથી.

પ્રકરણ છઠ્ઠું

અહંતા અને મમતા

ભક્તિમાર્ગમાં તો મનને મારવાને બદલે કે મનનું દમન કરવાને બદલે કે મનને જુદી જુદી રીતે સતાવવાને બદલે એ મનને ભગવાનમાં સમર્પણ કરવાની પ્રકિયા બતાવી છે. માટે તમારું મન પ્રભુની ભક્તિમાં સમર્પણ કરી દો.

મનને મુક્તિનું સાધન માનો

મનને આપણે શત્રુ માનીને ચાલીએ છીએ તેથી આપણે નુકસાન કર્યું છે કોઈ માણસ બે હાથમાંથી ડાબા હાથને અશુભ માને અને તે હાથને સવારથી બાંધી રાખે તો સાધનનો દુરુપયોગ છે. પણ કોઈ સાધન ખરાબ નથી.

ગોપિકાઓએ ભગવાનની જે ભક્તિ કરી તે ભક્તિ શેનાથી કરી ? **'મનથી'**. અહીં મનને મન કહો, હૃદય કહો, બુદ્ધિ કહો કે ચિત્ત કહો. વેદાંતીઓ કહે છે" આ મન જ બધાં દુઃખો ઊભાં કરે છે." આ વાત પણ ખોટી નથી. તેમની દલીલો પ્રમાણે સાચી જ છે. મનથી અજ્ઞાન ઊભું થયું અને અજ્ઞાનથી લોભ થયો પણ એ વાત ન ભૂલશો કે મોહનો આધાર મન છે. તો ભગવાનની ભક્તિનો આધાર પણ માનવીનું મન છે.

મનના કટોરામાં અમૃત ભર્યું છે.

માનવીના મનમાં સંસારની જે વાસનાઓ ભરેલી છે તે માનવીના મનમાં ભગવાનની ભક્તિ પણ તેનાથી જ કરી શકાય છે. એક કટોરો છે તેમાં તમે હળાહળ ઝેર ભરી શકો છો અને અમૃત પણ ભરી શકો છો. એ તમારી મરજીની વાત છે. મન નામના કટોરામાં તમે હળાહળ ઝેર ભરશો તો તે ઝેરી લાગશે. પીશો તો મોં કડવું થઇ જશે અને કદાચ મૃત્યુ પણ થશે. પણ મનના એ કટોરામાં તમે અમૃત ભર્યું હશે તો તે કટોરો પણ અમૃતમય બની જશે. અને જે પીશે તેનાં મોં અમૃત જેવાં થઈ જશે.

એવી રીતે આ મનથી અને આ જ ચિત્તથી પ્રભુની ભક્તિ થઈ શકે છે. તમે એ પણ જાણો છો ધ્રુવજીએ જે મન વડે છ માસ સુધી ચિંતન કર્યું છે. એ જ મન વડે સાધુઓ કે માણસો ચિંતન કરી શકે છે. પત્ની, પુત્ર, પૈસો ઘર વગેરેનું ચિંતન પણ મન કરે છે. તે મન ભગવાનનાં ચરણનું પણ ચિંતન કરી શકે છે. તો પછી મન ખરાબ ક્યાંથી થયું ? તો પ્રશ્ન એ થાય છે કે શું કરવું ?

મનની વિસ્તૃત મીમાંસા

તમારું મન જ્યારે વિષયો તરફ દોરાય છે. ત્યારે તે તમને બાંધી દે છે. અને એ મન જ્યારે પરમાત્મા તરફ દોરાય છે ત્યારે તે મન મુક્તિનું સાધન બને છે. આમાં કેવળ પ્રવાહ બદલવાની વાત છે. પ્રવાહને રોકવાની વાત નથી. પ્રવાહને રોકો તો એવું થશે કે જેમ ઝીણી ઝીણી કીડીઓ ઉભરાવા લાગે તેવું મન થાય તમારે અહીં તમારા મનના પ્રવાહને રોકવાની જરૂર નથી. એ પ્રવાહની દિશામાં નીક શોધી કાઢો. તેથી તમે પ્રવાહને એવી દિશામાં વહેતો કરી શકો છો. કે જે તમને ત્યાં ઉપયોગી થાય પણ જો ખાલી જમીનમાં જાય તો તે સાવ નકામું છે, પરંતુ એ પાણીને ફળદ્રૂપ જમીન તરફ વાળવામાં આવે તો તે સુંદરપાક આપવામાં સહાયભૂત થશે. એટલે કે આ બંને બાબતોનો વિચાર કરશો તો જણાશે કે આમાં પાણીનો ક્યાં દોષ છે ? ભૂલ તો આપણું મન જ કરે છે. મન તો વિષયો તરફ દોડે છે. અને આપણે એમ માનીએ છીએ કે, આ તો મનનો આનંદ છે. પણ તે ભૌતિક આનંદ છે. ભૌતિક સ્પર્શમાં, ભૌતિક શબ્દમાં, ભૌતિક ગંધમાં કે ભૌતિક વિષયોનો આનંદ છે.

કપિલ ભગવાન માતાને મુક્તિનો સહેલામાં સહેલો ઉપાય બતાવ્યો છે. "માતા ! તમારું આ મન એટલા જ માટે છે કે મનને વશ કરો. એ મનને એવી જગા તરફ વળવા ન દો કે જે નુકસાન કારક બને. પણ મનને એ તરફ વાળો કે જે પરમાત્માની નજીક લઈ જાય." કપિલ ભગવાનનો આ અર્થ સમજવા જેવો છે. કપિ એટલે મન. મનને જે વશ કરે તે કપિલના ઉપદેશના પહેલા વહેલા અધિકારી.

મનના બે લાભ લેવાના છે. કપિલ ભગવાનનું આ પહેલું પગથિયું શું છે ? તો તે કહે છે" મનને સંસાર તરફથી રોકી લો." બીજું પગથિયું એ છે કે" મનને તરત જ ભગવાન તરફ વાળો. મનને ભગવાન તરફ વાળો તો મન નિર્વિકાર બને. અને બીજો લાભ એ છે કે મન ક્ષમતાની નજીક જાય. મન જ્યારે વિષયો તરફ જાય ત્યારે ન હતી નિર્ભયતા કે ન હતી સમતા. ભૌતિકતામાં આપણું મન નિર્વિકતા અને સર્વિકતાને પામે છે."

મનની ચંચળતા

મન એટલું બધું ચંચળ છે કે પીંછું હોય ને ફૂંક મારો તો ઊડી જાય. વૃત્તિઓની નાની ફૂંક લાગતાં જ મન ઊડવા લાગે છે. એનામાં સમત્ત્વ નથી. કપિલ ભગવાન કહે છે, "માતા ! મન જ્યારે વિષયો તરફ જાય છે. ત્યારે એનામાં ઘટનાઓ બને છે. એક અહંકારની ઘટના અને બીજી મમતાની ઘટના."

અહંમમાભિમાનોત્થૈઃ કામલોભાદિર્મલૈઃ ।
વીતં યદા મનઃ શુદ્ધમદુઃખ મસુખં સમમ્ ॥

કપિલ ભગવાન આગળ જતાં એમ પણ કહે છે, "કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, લોભ જેવા વિષાણુઓ જ્યારે મનને ડોલાયમાન કરી રહ્યા છે ત્યારે મન સમ રહેતું નથી. અને તેથી દુઃખી થવા લાગે છે. મનની સાથે કામ, ક્રોધ, વગેરે જોડે નથી આવ્યા તો એ સઘળાનો જન્મ આપનાર કોણ ? તો કપિલ ભગવાન કહે છે, "હું" અને 'મારું' આ આખું ચક્ર બતાવે છે કે" અહંતા અને મમતા જે છે તે તેમાંથી ઉત્પન્ન થયા કામ, ક્રોધ, જેવા વિકારોએ આપણા મનને વિકારવાળું, અસમ બનાવ્યું.

એટલે કે વિષમ બનાવ્યું. સમ એટલે બેલેન્સવાળું અને વિષમ એટલે બેલેન્સ વગરનું.

અહંતા અને મમતાનું પ્રાબલ્ય.

એક માણસ આવીને આપણને અનુકૂળ રહે છે. તો આપણને એના ઉપર પ્રેમ જાગે છે. એ જ માણસ આવતી કાલે પ્રતિકૂળ બની જાય અને આપણી આજ્ઞાનું પાલન ન કરે તો તે આંખના કણા જેવો લાગે છે.

એટલે કપિલ ભગવાન એમ કહે છે, "અહંતા અને મમતા એક બાજુ છે. અને બીજી બાજુ છે; કામ, ક્રોધ, અને લોભ એ બધાં જ મમતામાંથી પેદાં થયાં છે આ વિકારો આપણને વિષમ બનાવે છે. અને વિષય બનશે તો મન ક્યારેય સુખ અને દુઃખથી પર જઈ શકશે નહિ. એટલે બિચારું મન ઘડીક આમાં તો ઘડીક તેમાં, આને માટે આપણા શાસ્ત્રકારોએ એક સરસ રૂપક આપ્યું છે.

સંસાર રૂપી વૃક્ષનું રૂપક

આ સંસાર એક વૃક્ષ છે. તેની ડાળી ઉપર બે પક્ષી બેઠાં છે. એકનું નામ છે 'જીવ' બીજાનું નામ છે 'બ્રહ્મ'. આ બંને પક્ષીઓ પરસ્પર મિત્રો હોવા છતાં બંને વચ્ચે મોટો તફાવત છે. પહેલું પક્ષી છે તે વિકાર પામેલું છે એટલે વિષમ છે અને બીજું પક્ષી છે તે વિકાર પામેલું નથી. એટલે કે સમ છે. એને કોઈ હરખ કે શોક નથી. પહેલું પક્ષી તો (જીવ) છે. તે તો પેલી ડાળી ઉપર લાગેલાં બે ફળને ચાખે છે ઘડીકમાં જમણા ફળને ચાખે છે તો ઘડીકમાં ડાબાં ફળને ચાખે છે. કોણ જાણે આ સંસાર - વૃક્ષની એક ડાળી જ એવી કે જ્યાં આવું બન્યાં જ કરે છે.

સુખ અને દુઃખ રૂપી બે ફળ.

સંસાર રૂપી ડાળીમાં બે ફળ છે. એક ફળ બહુ મીઠું છે. તે ચાખો એટલે મોં તો મીઠાશથી ભરાઈ જાય અને બીજું ફળ એકદમ કડવું છે. આ મીઠાં ફળનું નામ છે સુખ. કડવાં ફળનું નામ છે દુઃખ. હવે જે જીવ નામનું પક્ષી છે. એ અજ્ઞાની હોવાનાં કારણે એ ઘડીકમાં આ ફળ ચાખે છે અને ઘડીકમાં પેલું ફળ ચાખે છે. એટલે એ 'અસુખમ્' અને 'અદુઃખમ્'ની અવસ્થાએ પહોંચે છે એટલે કે એ સુખ અને દુઃખનો અનુભવ કરે છે એટલે તે 'અસુખમ્' અને 'અદુઃખમ્'ના અનુભવથી એ પર પહોંચી શકતો નથી. માટે એ ફળ ચાખવાનાં બંધ કરો. જે પક્ષી સ્થિર છે તે મમતા કે આસક્તિ રૂપી કોઇ ફળ ખાતું નથી. તે પરમાત્માભિમુખ બન્યું છે. આપણે ત્યાં એવા રાજાઓ થઈ ગયા છે કે, તેઓ વૈભવમાં રહેવા છતાં સાધુ સંતોના જેવું જીવન ગાળ્યું હતું. જ્યાં સુધી ભૌતિક ભોગોની મર્યાદા હોય ત્યાં સુધી નુકસાનકારક નથી પરંતુ એ ભોગનો જ્યારે અતિરેક બની જાય ત્યારે એ ભોગ માનસિક બની જાય તેથી તે હાનિકારક બની જાય છે. અને એટલા જ માટે આ જીવ-નામનું પક્ષી સુખ અને દુઃખને મનથી ભોગવે છે. આપણે આપણી જાતને સુખી બનાવવી હોય તો જે લોકો દુઃખી છે તે તરફ નજર કરવી જોઇએ અને આપણે આપણી જાતને દુઃખી કરવી હોય તો આપણા કરતાં વધારે સુખી લોકો તરફ જો તમે વિષમ દૃષ્ટિથી જોશો તો તમે વધુ દુઃખી થશો. તમને ભગવાને જે આપ્યું છે તે ખાવ. મનને વિષયો તરફથી હટાવો.

અહંતાની પ્રક્રિયાઓ

ભગવાન કહે છે કે આંખ જોવાનું કામ કરે છે ત્યારે તમારું મન એનો સંદેશો ગ્રહણ કરે છે. એ બધી શારીરિક પ્રક્રિયાઓ ચાલે છે. એ બધી સંસારની વ્યવહારું પ્રક્રિયાઓ ચાલે છે. એમાં કાંઈ નુકસાન નથી. પણ એની જોડે તમે 'અહં' અને 'મમતા'ને જોડો છો ત્યારે તમે દુઃખી થાવ છો. આ વાત વધુ સ્પષ્ટતાથી સમજીએ.

એક ઘણું સરસ ચિત્ર લટકાવ્યું છે. અને હું એમ કહું કે "આ ચિત્ર સાવ નકામું છે. કોઇ મૂર્ખાએ દોર્યું છે." તો જેણે દોર્યું હશે તે દુઃખી થશે કે નહિ ? થાય જ અને ચિત્ર દોરનારની આંખ તરત જ ગુસ્સામાં લાલ ચોળ થઈ જશે. અહંતા માનવીને કેવી રીતે દુઃખી કરે છે તે સમજો. હવે એનાથી ઊલટું પાસું જુઓ એ ચિત્રનાં જો હું વખાણ કરું તો ? "વાહ, આ તો કોઇ મહાન કલાકારનું ચિત્ર છે." મોટા મોટા બે ચાર કલાકારોનાં નામ આપું અને કહું કે "તેમનાં ચિત્ર કરતાં પણ આ ચિત્ર સુંદર છે. આ તો અદ્ભુત છે. આ તો મહાન કલાકારે દોરેલું લાગે છે. તો તે સાંભળી પેલો ચિત્રકાર રાજી થશે. કારણ કે એમ માને છે કે "આ કામ મેં કર્યું છે. તમારી કોઇ પણ કૃતિની સાથે તમે જ્યારે 'અહં' જોડો અથવા એ વૃત્તિની સાથે તમે 'મમત્વ' જોડો એટલે એ કૃતિ તમને કાં તો સુખ તરફ લઈ જશે અથવા તો તે દુઃખ તરફ લઈ જશે.

ઉપાધિનું મૂળ કારણ છે. અહંતા અને મમતા

કપિલ ભગવાન કહે છે, "ઉપાધિનું મૂળ કારણ છે, 'અહંતા' અને મમતા' જો સુખી થવું હોય તો દુઃખ ભોગવવા

તૈયાર રહેવું. દુ:ખ આવશે તો શું તમે એને શું રોકી શકશો? જો દુ:ખી ન થવું હોય તો દુ:ખ અને સુખ એ બંનેથી પર થવાની કળા શીખો." દરેક માણસ એવું ઇચ્છે છે કે "મને સુખ મળે" જગતમાં બધા માનવી ઇચ્છે છે, "હું દુ:ખથી પર થઇ જાઉં" પણ આપણે ભૂલ ક્યાં કરીએ છીએ તે સમજતા નથી. અને તેથી જ આપણે એમ માનીએ છીએ કે સુખ મળે અને દુ:ખ ચાલ્યું જાય એટલે આપણે સુખી થઈએ.

ભગવાન શ્રીકૃષ્ણની સુખની વ્યાખ્યા

શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંધમાં ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ઉપદેશ આપ્યો ત્યારે ઉદ્ધવજી પૂછે છે, "સુખ કોનું નામ ?" સુખની વ્યાખ્યા કઇ ?" ત્યારે ભગવાને બહુ જ સુંદર રીતે સુખની વ્યાખ્યા કરી છે. 'સુખ અને દુ:ખથી પર થવું." સુખની પ્રાપ્તિ અને દુ:ખથી પર થવું." સુખની પ્રાપ્તિ અને દુ:ખની નિવૃત્તિ એ આપણે બનાવેલી વ્યાખ્યાઓ છે. પરંતુ ભગવાને બનાવેલી વ્યાખ્યાને હજુ આપણે સ્વીકારી શક્યા નથી. આપણે તો આપણે બનાવેલી વ્યાખ્યાને પકડી રાખી છે.

અદુ:ખં અસુખં સમમ્

અહીં ભગવાને સમત્વની જ વાતો કરી છે અને એ વસ્તુ ઉપર ભાર મૂક્યો છે. એક તો સમત્વ ઉપર અને બીજું નિર્વિકાર ઉપર. એનું કારણ છે, મન સમ હોય પણ જો તમે નિર્વિકાર રાખી શકશો નહિ તો એ વિષમ થઈ જશે. અહીં ભરત મુનિનો એક પ્રસંગ યાદ આવે છે.

ભરતમુનિના વૈરાગ્યમાં વિઘ્ન

ભરતમુનિએ સુંદર પત્ની, પરિવાર અને કુટુંબ એમ બધાંને છોડીને એ વનમાં ગયા. વનનું વાતાવરણ તો દુષિત ન હતું. ત્યાં એક હરણનાં બચ્ચાંને બચાવવાના પ્રસંગમાં ભરતમુનિનાં મનમાં વિકાર થતાં વાર લાગી નહિ અને હરણનું બચ્ચું બચ્યું એ બચ્ચાં સાથે એટલો બધો સ્નેહ થયો કે એ હરણનાં બચ્ચાં ખાતર એમણે પોતાનું મૃત્યુ બગાડ્યું. પરિણામે તેમને મોક્ષ મળવો જોઇતો હતો એને બદલે એમને બીજો અવતાર લેવો પડ્યો. હરણનાં બચ્ચાંમાં થયેલો સ્નેહ એ પણ વાસના છે. આગળ જતાં એ વ્યાખ્યાની અનુપૂર્તિમાં બીજું દ્રષ્ટાંત પણ છે. ઘણીવાર આપણે પણ એવું કરતાં હોઇએ છીએ કે ઉપવાસ કરવાનો હોય ત્યારે આપણે એક બે વસ્તુ ખાઈ લઈએ છીએ. કેટલીક વાર તો એવું બને છે કે એક નાનકડી વિકારવાળી વૃત્તિ માણસને મોક્ષમાર્ગમાં બાધક બનાવે છે. એવું ન બને માટે ભગવાન કપિલ કહે છે, "અહંતા અને મમતાથી બચો તો તમે આત્માના સ્વરૂપને જાણી શકશો." હવે એ સ્વરૂપને જાણવા માટે સરળમાં સરળ છતાં અમોઘમાં અમોઘ 'સંગ' નામનું સાધન છે. તે વિશે સમજીએ તમે કેવાં વાતાવરણમાં જીવો છો. તેના ઉપર તે નિર્ભર છે. એ એક વૈજ્ઞાનિક વાત છે. અને એ વાત વિસ્તારથી સમજવાની છે.

પ્ર
ક
ર
ણ
૭મું

સત્સંગનો મહિમા

આસક્તિને ભક્તિમય બનાવો.

ભગવાન કપિલ માતા દેવહૂતિને ચિત્તનો મહિમા સમજાવી રહ્યા છે. મન તો મનુષ્યને બંધનમાં નાખે છે અને મુક્તિ પણ અપાવે છે. આપણે મોક્ષ પામવો છે, એનો નિર્ણયતો આપણું મન કેવું છે ? તેના ઉપર આધાર રાખે છે. મન સગુણ છે, સંસારના વિષયોમાં તીવ્ર આકર્ષણમાં રંગાયેલું છે, ખેંચાયેલું છે. તો એ જ મન બેડી બની રહે છે. મુક્તિ પામવાને માટે એ મનનો વિનાશ કરવાની જરૂર નથી. મુક્તિ પામવાનો માટે

તમારા મનને ભગવાનમાં આસક્તિ હોવી જરૂરી છે. જે આસક્તિ સંસારમાં છે. તે આસક્તિને ભક્તિમય બનાવવાની જરૂર છે.

ભક્તિમાર્ગમાં રસ ભર્યો છે.

આપણા પ્રાચીન ઇતિહાસમાં અનેક સંતો અને મહાત્માઓનાં ચરિત્રો જોયાં છે કે સ્ત્રીઓમાં આસક્તિ ધરાવનારા માનવીઓ, રાજ્યમાં આસક્તિ ધરાવનારા માનવીઓ, સંપત્તિમાં આસક્તિ ધરાવનારા મનુષ્યો જ્યારે ભક્ત બને છે ત્યારે તેમની આસક્તિની દિશા જગતના બાહ્ય કારણોમાં હતી ત્યાંથી આખી દિશા ફંટાઈને તેનો પ્રવાહ ભક્તિનું કારણ બની ગયો. એટલે આપણું મન ભગવાનના અનુરાગનું સાધન બની જાય છે. ભક્તિમાર્ગમાં તમને રુક્ષતા જોવા નહિ મળે. ભક્તિમાર્ગના બધા સિદ્ધાંતો રસથી ભરેલા છે. આનંદથી ભરેલા છે. ઉત્સાહથી ભરેલા છે. કોઈ જ્ઞાની હશે તો સમાધિમાં બેસશે. પરંતુ મીરાં સમાધિમાં બેસતાં નથી. મીરાં તો પગમાં ઘૂઘરું બાંધીને નાચે છે. કારણ કે ભક્તિતો મનુષ્યના જીવનમાં ઉલ્લાસ લાવે છે. ભક્તિનો માર્ગ અઘરો પણ નથી માત્ર આટલું જ કરવાનું છે કે જે ચિત્ત અથવા હૃદય સંસાર તરફ પ્રેમભાવથી હતું એને આપણે વાળી લઈએ. યોગીઓ પણ ચિત્તને વાળવાનું કામ તો કરે છે. યોગીઓ તેને બહિર્મુખમાંથી અંતર્મુખ બનાવે છે. એટલે કે મનને તમે સંસાર પ્રત્યેની આસક્તિમાંથી ઈશ્વર તરફ દોરો.

પ્રવાહી મનની ત્રણ સ્થિતિ

જીવ પ્રવાહી છે. પ્રવાહી એટલે સંસારી. તેને માટે પણ શબ્દ છે એની ઇન્દ્રિયો અને એનું મન 'બહિર્મુખ' છે. યોગી છે

તેની ઈન્દ્રિયો અને મન 'અંતર્મુખ' છે. ભક્ત છે તેની ઈન્દ્રિયો અને મન 'સન્મુખ' છે આ ત્રણ શબ્દો યાદ રાખવા જેવા છે. (૧) બહિર્મુખ (૨) અંતર્મુખ (૩) સન્મુખ આ **'સન્મુખ'** શબ્દ પણ વૈષ્ણવોનો છે. તે મઝાનો છે.

બહિર્મુખમન : બહિર્મુખ એટલે બારી પાસે બેઠેલા વ્યક્તિઓ. જેનું મુખ બહારની તરફ છે. તેને રસ્તામાં શું થઈ રહ્યું છે તે જોવા મળે પણ ઘરમાં શું થઈ રહ્યું છે તે જોવા મળે નહિ. જગતમાં મોટા ભાગના મનુષ્યોની ઈન્દ્રિયો અંતઃકરણ તરફ બહિર્મુખ છે. આપણી અંદર શું થઈ રહ્યું છે એની એને ખબર પડતી નથી. ઈન્દ્રિયો અને અંતઃકરણ જ્યારે બહિર્મુખ હોય છે ત્યારે આ પરિણામ આવે છે.

અંતમુર્ખમન : અંતર્મુખ મન માટે ભગવાને ગીતાજીમાં સરસ ઉદાહરણ આપ્યું છે.

યદા સંહરતે ચાયં કૂર્મોંગાનીવ સર્વશઃ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્ય સ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥

કાચબો જેમ પોતાના અંગોને સંકોચી લે છે ત્યારે આપણે જોઇએ છીએ કે કાચબાના ચાર પગ અને એનું માથું કેવું સંકેલાઈ જાય છે ! એની પીઠ તો ઢાલ જેવી છે. તેના બાહ્ય અંગો અંદર ખેંચી લે છે. ભગવાને પણ એ ઉદાહરણ આપીને સમજાવ્યું છે. તમને પણ જ્યારે એમ લાગે કે તમારી ઈન્દ્રિયો અને તમારું મન અંતઃકરણ બહાર જઈ રહ્યું છે અને કાળનો ભય છે, તો તમે એને અંતર્મુખ બનાવો છો. યોગીઓ પોતાની ઈન્દ્રિયો અને પોતાના મનને અને અંતઃકરણ ને અંતર્મુખ બનાવે છે. એટલે એને શાંતિ મળે છે. યોગીઓને જે મળે છે તે શાંતિ મળે છે જ્યારે

ભક્તોને મળે છે તે પરમ આનંદ મળે છે. યોગીઓ પોતાની મનોવૃત્તિઓને પોતાની અંદર જ્યારે અંતર્મુખ કરે છે. ત્યારે તે નિરાકારમાં સ્થિર કરે છે. ને પરમ શાંતિ અનુભવે છે. પવન ન આવતો હોય તો દીવાની જ્યોત ડોલતી નથી. એવી રીતે માનવીનું મન અંતર્મુખ થાય તો તે પણ ડોલતું નથી.

સન્મુખ મનની સ્થિતિ : ભક્ત પોતાની ઈન્દ્રિયોની અને પોતાના અંતઃકરણને નથી બહિર્મુખ રાખતો કે નથી અંતર્મુખ રાખતો પણ ભગવાનની સન્મુખ રાખે છે. આપણે આંખથી પ્રભુના કોઇ પણ રૂપનાં દર્શન કરીએ તો આપણી આંખ સન્મુખ થઈ કહેવાય. આપણા કાન કથા વખતે સાવધાન છે. ત્યારે તે પણ ભગવાનની સન્મુખ છે. અને આવું અંતર્મુખ મન જ્યારે પ્રભુના અતિ સુંદર સેવા સાકાર સ્વરૂપનું ધ્યાન કરતું હોય તો મન પણ સંમુખ છે. આવું અંતર્મુખ મન મુક્તિનું કારણ બને છે જ્યારે પોતાનું મન સન્મુખ થઇ રહ્યું છે ત્યારે તો તે મુક્ત બને છે

શરીરનું મહત્ત્વ સમજો.

તમારું મન તો બંધન અને મુક્તિનું કારણ છે. પણ શરીર પ્રત્યે બેદરકારી રાખો એવું આપણને શાસ્ત્રો કહેતા નથી. આપણાં શાસ્ત્રો શરીર ઉપર ભાર મૂકે છે. અને તેનાં કરતાં મન ઉપર વિશેષ ભાર મૂકે છે. આત્મા ઉપર નહિ. કારણ કે આત્માને તો બંધન પણ નથી અને મોક્ષ પણ નથી. એ તો સદાય મુક્ત છે. એ તો અજન્મા છે. અવિકારી છે એટલે આત્માની પરવા ન કરો. એ તો તમે પોતે જ છો તેથી તેને મેળવવાનો કોઇ પ્રશ્ન જ નથી. શરીરની પરવા રાખો. શરીર નીરોગી રાખો.

માનવી પણ કપિલ બની શકે છે.

શરીર પ્રત્યે બેદરકાર ન થવા. આત્મા પ્રત્યે પણ દુર્લક્ષ ન સેવો. સૌથી પહેલી વાત તો તમારા મનને સાચવો. આ વાત મહત્ત્વની એટલા માટે છે કે એના પરથી આખું કપિલ નામ પડ્યું છે. કપિલ એટલે મનને કાબૂમાં રાખો. આપણે આપણા મનને કાબૂમાં રાખી શકીએ તો આપણે પણ કપિલ છીએ. આપણે પણ યોગી છીએ. આપણે કોઇ વસ્તુ સ્વીકારીએ છીએ પણ આવેશથી અને કોઇ વસ્તુ છોડીએ છીએ એ પણ આવેશથી. તે આવેશ બતાવે છે કે આપણામાં કપિલપણું નથી

આવેશનાં પરિણામ.

મોટા ભાગે માનવીઓ આવા આવેશથી સાધ્વી, સાધુ અને સંન્યાસી થાય છે. આ બધા માટેની વાત નથી. તુલસીદાસના જીવનમાં પત્નીએ મેણું માર્યું; પરિણામે તેમને આંચકો લાગ્યો. અને અકાળે સંન્યાસ લીધો. પરિણામ તો સારું છે પણ ઘટનાનું મૂળ તો આવેશ છે. નરસિંહ મહેતાને ભાભીએ મેણું માર્યું તેથી ઘર છોડી ચાલ્યા ગયા. ભક્તિ કરી અને મહાદેવજી મળ્યા, શ્રીકૃષ્ણ મળ્યા એ વાત પછી છે. ક્યારેક એ પ્રકારનો આવેશ ઉપયોગી થઈ પડે છે

આપણે ઘર છોડીને ચાલ્યા ગયા તો શું પરિણામ આવશે ? એટલે કપિલ ભગવાને એક વાત બહુ સરસ કરી છે "તમારા ત્યાગમાં અને ભોગમાં આવેશ ન હોવો જોઇએ."

વાનપ્રસ્થ આશ્રમ પાળો

આપણા જીવનમાંથી લુપ્ત થઈ ગઇ છે તે વાત યાદ કરીએ

આપણા શાસ્ત્રકારોએ તથા આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્યે તથા શ્રી વલ્લભાચાર્યે એક વાત પર ભાર મૂક્યો છે. કે જે દિવસે તમને એમ લાગે કે આ ઘરમાં મારી જરૂર નથી. આ ઘર મારા વગર ચાલી શકે એમ છે. પત્નીને મારી જરૂર નથી. સંતાનોને પણ મારી જરૂર નથી તે દિવસે ઘર છોડી દો. પણ આ વાત આપણા જીવનમાંથી લુપ્ત થઈ ગઈ છે. એ આપણું દુર્ભાગ્ય છે. બાકી થોડા વર્ષો પહેલાં આપણા દેશની સંસ્કૃતિમાં વાનપ્રસ્થ આશ્રમ હતો. દશરથ રાજા કહે છે, "મારો દીકરો રામ મોટો થયો છે. મારે ગાદી ઉપર બેસવાની શી જરૂર છે ?"આ હતી વાનપ્રસ્થ આશ્રમની પદ્ધતિ.

માયાના બંધનમાં ન રહો.

શ્રી મહાપ્રભુજી કહે છે, "માનવીને તક મળે અથવા અનુકૂળતા મળે ત્યારે ઘર છોડવું. ઘરથી ભાગી જવું નહિ. પણ ઘરનો ત્યાગ કરવો. સાથે એક બીજો વિકલ્પ પણ આપે છે કે, ઘરમાં બાળકો નાનાં હોય, આર્થિક પરિસ્થિતિના સંજોગો ખરાબ હોય, તો બીજો રસ્તો એ છે કે ઘરની માયાથી છૂટવું. ઘરની બહાર રહીને માયામાંથી છૂટો કે ઘરમાં રહીને માયામાંથી છૂટો.

આજની પરિસ્થિતિ અને વાનપ્રસ્થ

વાનપ્રસ્થનો અર્થ એવો નથી કે, આપણે કોઇ પર્વતની ગુફામાં જઈને રહેવું. વાનપ્રસ્થનો અર્થ એ છે કે કુટુંબની જંજાળમાંથી મુક્ત રહેવું. યાદ રાખજો કે કુટુંબની આસક્તિ એટલી બધી મીઠી હોય છે કે, નવ્વાણું વર્ષે પણ આસક્તિ નહિ છોડે. ઘરના પરિવાર પ્રત્યેનો પ્રેમ એટલો બધો આકર્ષક છે. કે એને છોડી શકાતો નથી. આજની પરિસ્થિતિમાં વાનપ્રસ્થ જીવન જીવવું બહુ અઘરું છે. પણ વિચારો કે મારો મારા બાકીના વર્ષો

કલ્યાણ માટે વાપરવા જોઇએ. અહીં આવેશ અને સંકલ્પ વચ્ચેનો ભેદ સમજો. આવેશથી શરૂ કરેલ ઉત્સાહ મોળો પડવાથી અપૂર્ણ રહેશે પણ ગીતામાં કહેલ છે કે સંકલ્પપૂર્વક કરેલું કાર્ય અવરોધો વચ્ચે પણ પૂર્ણ કરશે.

સંગનો વિશાળ અર્થ

જ્ઞાની મનુષ્યો સંગને આત્માનું કદી ના છૂટે એવું બંધન માને છે. પરંતુ સંગ જો સંત સાથેનો હોય તો એ મોક્ષનું ખુલ્લું દ્વાર બની રહે છે. ભગવાન કપિલ કહે છે, "સંગ એટલે તમારી આસપાસનું વાતાવરણ", સંગ એટલે કંપની, માનવીની આજુબાજુનું વાતાવરણ, માનવીના વ્યક્તિત્વના ઘડતરમાં, માનવીના જીવન ઘડતરમાં અને માનવીની આધ્યાત્મિક દિશામાં સંગ બહુ મોટો ભાગ ભજવે છે. તમે સારા છો પણ તમારી આસપાસ લોકોનું વાતાવરણ સારું નહિ હોય તો તમારામાં પણ જે સારાપણું છે. તે વિકાસ નહિ પામે રુંધાઈ જશે. તમારામાં લાખ દોષ હશે પણ જો તમે સારા વાતાવરણમાં રહેતા હશો તો તે દોષો વધશે નહિ. પરંતુ આપણી અંદર જે સારું છે એને એ વાતાવરણનું સિંચન થાય છે, દુસંગથી બે નુકસાન થાય છે. એક આપણી અંદર થોડા ઘણા સારા સંસ્કાર છે તે જરાય વિકાસ પામતા નથી અને બિલકુલ સુષુપ્ત દશામાં રહે છે. તે ખરાબ વસ્તુ છે. એટલે વિચાર કરો કે આજુબાજુનું વાતાવરણ માનવીને કેટલી હદે પ્રભાવિત કરે છે.

કુસંગ એક પાશ છે.

ભગવાન કહે છે, "દુઃસંગ એક એવું દોરડું છે, એક એવો પાશ છે. કે જેને કોઇ કાપી નથી શકતું. તે આત્મા ઉપર લાગેલો

પાશ છે." કપિલ ભગવાનની આ વાત કેવી સુંદર અને સરળ છે ! તે કહે છે, "માતા, તમે સજ્જનોના સંગમાં રહેશો તો એ સજ્જનોનો સંગ તમારા મોક્ષનું દ્વાર છે.

સત્સંગનો મહિમા

સત્સંગના દ્વાર કદાપિ બંધ થતા નથી. જીવનમાં એવા જ લોકોનું પતન થયું છે કે જેને સત્સંગ મળ્યો નથી. અને કદાચિત મળ્યો હોય તો સફળ થયો નહિ હોય. ભક્તિસૂત્રમાં એક સરસ સૂત્ર છે. તેમાં કહેવાયું છે કે "સત્સંગ તો અલભ્ય, અમોઘ અને અગમ્ય છે." આ ત્રણે શબ્દો પર વિચારીએ દુઃસંગ તો વગર માગ્યે મળે છે પણ સત્સંગતો શોધવો પડે છે. દુઃસંગ ફેલાયેલો છે. સત્સંગ ક્યાંક છે. દુઃસંગ વ્યાપક છે તેને શોધવા જવું પડે ખરું ? અત્યારે વિચારો કે એવું ક્યું સ્થાન છે કે જ્યાં ખરાબી નથી ! કોઇ સંસ્થામાં જાવ, સરકારી વિભાગોમાં જાવ, ઘરના પરિવારમાં જુઓ, દુઃસંગ ક્યાં નથી ? એ તો વ્યાપક છે.

સત્સંગને શોધવો પડે છે. સત્સંગ માટે લોકોને મનાવવા પડે છે. ભગવાનના માટે આકર્ષણ સહજ છે પણ આત્માના કલ્યાણને માટે માનવીને ભાર દઈ દઈને આગ્રહ કરીને સમજાવવા પડે છે.

પ્રસંગ મજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ ।
સ એવ સાધુષુ કૃતો મોક્ષ દ્વારમપાવૃતમ્ ॥

સત્સંગ અમોઘ છે, તે દુર્લભ છે તે મહા મુશ્કેલીથી મળે છે. પારસમણિ મળે પણ જો એ નો ઉપયોગ ન કરીએ તો ? અમૃતનો કટોરો હાથમાં હોય પણ એને પાણી સમજી ઢોળી નાખીએ તો ! આપણા જીવનને ઉન્નત કરી શકીએ એવા મહાન

પુરુષની અત્યંત નિકટતા હોવા છતાં પણ આપણે આપણા જીવનને ઉન્નત નથી કરી શકતા.

તમે જુઓ તો ધૃતરાષ્ટ્ર પાસે બે મહાનુભાવો તો હતા. એક ભિષ્મ અને બીજા વિદુરજી. બંને મહાત્મા હતા. તેમનો સંગ કરનારો માનવી ક્યારેય ડૂબે નહિ. એનો સંગ કરનાર માનવી તરી જાય પણ ધૃતરાષ્ટ્રનું સમગ્ર જીવન દુઃસંગમાં ગયું કારણ કે તેની બીજી બાજુ શકુનિ, દુર્યોધન, દુઃશાસન, જેવા દુષ્ટાત્માઓ હતા. તેથી જાણી શકીએ છીએ કે દુઃસંગનો પ્રભાવ જેટલો તીવ્ર છે તેટલો સત્સંગનો પ્રભાવ તીવ્ર નથી. કપડાં પર જેટલો સરળતાથી કપડાંને ડાઘ લાગી જાય છે. પછી તેટલી સરળતાથી નીકળતો નથી. એનો અર્થ એ થયો કે, મનુષ્યે પોતાના જીવનમાં સત્સંગને સંભાળીને રાખવો.

સારા વાતાવરણનો સત્સંગ રાખો

સત્સંગનો અર્થ એટલે સારું વાતાવરણ. સત્સંગનો વ્યાપક અર્થ લઈએ તો સાધુ, સંત અને મહાત્માઆનો સમાગમ. સારું વાતાવરણ હોય ત્યાં જવું. મંદિર, તીર્થસ્થાન, સદ્‌ગ્રંથ એ બધા સત્સંગના પ્રતીકો છે. સારું વાતાવરણ મોક્ષનું દ્વાર છે. સારું વાતાવરણ શોધો અથવા તમારી આસપાસ સારું વાતાવરણ નિર્માણ કરો. બસ આ સ્વર્ગનો માર્ગ છે. એ જ મોક્ષનો માર્ગ છે. આ વાતાવરણમાં રહેલો માનવી ક્યારેય નિરાશ થતો નથી.

સત્સંગ દુર્લભ છે

સદ્‌ગ્રંથનું વાચન કરવાથી આપણા ઉપર સારો પ્રભાવ પડે છે પણ તે એટલી ઊંચાઈ સુધી નથી લઈ જતો પરંતુ જ્યારે કોઇ દિવ્ય જીવન જીવતાસાથે બેસવાનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય તો કપિલ

ભગવાન કહે છે "માતા ! આવા સત્સંગથી કોઇ વાત ઉત્તમ નથી" સત્સંગ શબ્દને જો સમજીએ તો અર્થ એ છે કે, "સારા માણસોનો સંગ કરવો એટલે કે એમાં ગુરુ પણ આવે. એમાં જ્ઞાનીઓ પણ આવે. સાધુ, ત્યાગી, સંન્યાસી, પરમહંસ પુરુષો પણ આવે, આપણી સમાન હોય તેવા વૈષ્ણવ પણ આવે.

એક વૈષ્ણવ ગુરુ પાસે જાય અને સત્સંગ કરે એવું નથી. પરંતુ એક વૈષ્ણવ બીજા વૈષ્ણવની પાસે બેસીને ભગવદ્ વાર્તા કરે, ભગવદ્‌ગીતાનું વર્ણન કરે તો એ પણ સત્સંગ છે. પણ યાદ રાખો કે એક વૈષ્ણવ બીજા વૈષ્ણવ પાસે બેસીને સંસારની વાતો કરે તો તે 'સંગ' છે. તે સત્સંગ નથી. એટલા માટે સત્સંગની મોટી વ્યાખ્યા કરી છે. ગુરુ શિષ્ય વચ્ચે સારું વાતાવરણ બનતું હોય તો તે સત્સંગ છે. ત્યાગી અને ગૃહસ્થી વચ્ચે જો સારું વાતાવરણ હોય તો તે સત્સંગ છે. એક સંન્યાસી બેઠા છે અને એક ગૃહસ્થી બેઠેલ છે અને બંને વચ્ચે જો વાતો બ્રહ્મની થઈ રહી હોય તો તે સત્સંગ છે. વાતાવરણ એવું કરો કે જેના સંગમાં બેસવાથી તમારો આધ્યાત્મિક વિકાસ વૃદ્ધિ થતો હોય. જો આધ્યાત્મિક વિકાસ ન લાવી શકે તો તેનો ત્યાગ કરો. એટલા માટે ઉત્તમ વ્યક્તિઓનો સંગ કરવો જોઇએ.

તિતિક્ષવ : કારૂણિકાઃ સુહૃદઃ સવેદેહિનામ્ ।
અજાતશત્રવઃ શાન્તા સાધવઃ સાધુભૂષણાઃ ॥

સજ્જનનું લક્ષણ તિતિક્ષા.

કપિલ ભગવાને કોઇ સંપ્રદાયની વાતા કરી નથી. કે કોઇ કોમ કે ધર્મની વાત નથી કરી. કપિલ ભગવાને તો માનવીને સજ્જનતાની વાતો કરી છે સજ્જન માનવી કેવા હોય ? તેનાં

કેટલાંક લક્ષણો આપ્યાં છે. તેમાં પહેલો ગુણ **'તિતિક્ષા'**નો બતાવ્યો છે. સાધુનો પહેલો ગુણ છે. સહનશીલતા. કેવા રંગનાં કપડાં પહેર્યાં છે તે વાત મહત્ત્વની નથી કે તે હિંદુ સાધુ છે, ક્રિશ્ચિયન સાધુ છે, જૈન સાધુ છે. બૌદ્ધ સાધુ છે. એ મહત્ત્વનું નથી. પરંતુ મહત્ત્વની વાત તો એ છે કે, તે સાધુ છે. સાધુની વ્યાખ્યા કપિલ ભગવાને આપી છે તે એ કે, "જે સહન કરી શકે તે સાધુ." આ વ્યાખ્યા જગતના તમામ સાધુઓને લાગુ પડે એવી વાત છે.

ઋષિ અને તપસ્વી

આપણે ત્યાં એવું માને છે કે,

ક્રોધમાં આવીને બીજાને શાપ આપે એને ઋષિ કહે છે. એને સાધુ નથી કહેતા. ક્રોધમાં આવીને શાપ કોણ આપી દે ? 'દુર્વાસા' ! ખૂબીની વાત એ છે કે તમે વલ્કલ ન પહેર્યાં હોય, તમે ઝૂંપડીમાં રહેવા ન ગયા હો, તમે તમારા ઘરમાં પરિવારની સાથે રહીને તમારા આખા કુટુંબની વચ્ચે રહીને જો તમે સહન શીલતા રાખો અને ગમે તેવાં દુઃખોને તમે ઓગાળી લેતા હો તો તમે સાધુ છો તમે તપસ્વી છો.

સાધુ એટલે સાધુતા સહનશીલતા

સાધુતાની કેવી અદ્‌ભુતતા છે ! કેવી મહત્તા છે ! તમે ઝૂંપડીમાં રહેવા જાવ, પરિવાર છોડીને તીર્થસ્થાનમાં જાવ, 'નૈમિષારણ્ય' કે વ્રજમાં જાવ અથવા હિમાલયની ગુફામાં જાવ પણ જો સાધુતા ન આવી તો તે શું કામનું ? જેનામાં સાધુતા આવી તે સાધુ. જેનામાં વૈષ્ણવતા આવી તે વૈષ્ણવ. આ છે સાધુતાનાં લક્ષણો. ભગવાન કપિલ તો સાધુતાનું પહેલું લક્ષણ

બતાવે છે સહનશીલતા. તેને લોખંડની ખીલીઓ મારી જડી દે તો પણ એની સહનશીલતા ખૂટે નહિ. ઈશુને વધસ્તંભ ઉપર જડી દીધાં હતાં. છતાં વધસ્તંભ ઉપર જડાયેલો પેલો સાધુ એમ જ બોલે છે, "પ્રભુ, આ દુનિયાને માફ કરી દે. તે જાણતાં નથી કે તે શું કરી રહ્યાં છે. ?" વિશેષતાતો એમાં છે કે મૃત્યુ સમયે પણ તેમના મોંમાંથી કેવા ઉત્તમ ઉદ્‌ગાર નીકળે છે. ગૌતમબુદ્ધ, મહાવીર સ્વામી, અને શંકરાચાર્યજીને તમે સાધુ કહી શકો. ગૃહસ્થ હોય પણ તેનામાં ઉત્તમ ગુણો તિતિક્ષા હોય તો એને પણ સાધુ કહી શકો. એક સાધુ નાહીને આવે છે તો તેના પર થૂંકે છે. ફરીથી નહાવા જાય છે. આ ક્રમ સો વખત ચાલ્યો પણ તે સાધુ ક્રોધ નથી કરતાં. તો તેનામાં સાધુતા છે. તુકારામની પત્ની એવી ગુસ્સા વાળી હતી કે દુનિયામાં કોઇ સાધુને આવી પત્ની મળી નથી. શેરડીનો ભારો લઈને તુકારામ આવતા હતા. તે રસ્તામાં બધાંને એક એક સાંઠો આપવા લાગ્યા. છેલ્લો એક સાઠો લઈને ઘેર ગયા. તે પત્નીના હાથમાં મૂક્યો પરંતુ આ ક્રોધી પત્નીએ પતિને બરડામાં એ સાંઠો એવો માર્યો કે શેરડીના સાંઠાના બે ટુકડા થઈ ગયા; છતાં તુકારામ બોલ્યા કે પત્ની એવી દયાળું કે તે બે ટુકડામાં એક ટુકડો પતિને આપ્યો અને બોલ્યાં કે, "હું એકલી કેમ ખાઉં ?" આ બધી હકીકત બની છતાં ભક્ત તુકારામ તો સહનશીલ બનીને આ સહન કર્યું. લોકો આ જોઈ સ્તબ્ધ બન્યા.

પ્રત્યેક લોકમાં સહનશીલતાનો ગુણ આવવો જોઇએ. જેને જીવનનમાં કલ્યાણ કરવું છે તે દરેક વ્યક્તિનાં જીવનમાં આ લક્ષણો હોવાં જરૂરી છે. સમજણપૂર્વક, વિવેકપૂર્વક, જીવનમાં ઉતરવાં જોઇએ. એટલે તિતિક્ષાનો મહાન ગુણ માનવમાત્રના ઉત્થાન માટે અત્યંત મહત્ત્વનો છે.

જીવનમાં કારુણિકા મહાન છે.

શ્રીમદ્ ભાગવતમાં કથા છે કે, વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને પ્રહ્લાદને કહ્યું, "બોલ તારે શું વરદાન જોઇએ ?" પ્રહ્લાદજીએ વરદાન તો ન માગ્યું પણ એટલું કહ્યું, "મારા પિતાની દુર્ગતિ ન થાય એટલું મને વરદાન આપો." આ છે કરુણા !

આવો જ પ્રસંગ ધ્રુવજીનો છે. કહે છે કે ધ્રુવજીને જ્યારે ઉપર સ્વર્ગમાં લઈ જવામાં આવ્યા ત્યારે ધ્રુવજીએ કહેલું "ઊભા રહો. મને મેણું મારીને પિતાની ગોદમાં બેસવા દીધો ન હતો તે મારી અપર માતાને જો મુક્તિ ન મળતી હોય તો પહેલાં એને વિમાનમાં બેસાડો પછી હું બેસું". આ છે કરુણા !

યુધિષ્ઠિરને સદેહે સ્વર્ગમાં લઈ જવામાં આવ્યા ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, મારી સાથે જે કૂતરો આવેલ છે. તેને પણ સાથે લઈ લો તો જ હું આવું." આ છે જીવનની કારુણિકા ! અહીં વાત છે સાધુતાની, સાધુનો અર્થ એવો નથી કે જેવાની સાથે તેવા થવું સાધુનો અર્થ છે કરુણા !

આપણા બધાનાં ઘરમાં એક સાધુ હોય છે. અને એ છે 'મા', ઘરમાં તમારે સાધુના દર્શન કરવા હોય તો ઉપર જે લક્ષણો બતાવ્યાં તે બધાં માતાને લાગુ પડશે. મા બધાનું સહન કરી લેશે તેથી તે સાધુ છે. કારુણિકા છે. તેનામાં છલોછલ કરુણા ભરી છે. પુત્ર ગમે તેટલો ખરાબ હોય પણ માતાના હૃદયમાં એવી ભાવના ન થાય કે તે ખરાબ છે. ગરીબ ઘરમાં ઝૂંપડીમાં રહેતી એ માતાના હૃદયમાં પોતાનાં બાળક માટે કેવી પ્રબળ ભાવના છે ! એવી ભાવના આપણા હૃદયમાં સમસ્ત વિશ્વ માટે પેદા થવી જોઇએ.

જીવનમાં તિતિક્ષાની આવશ્યકતા

સાધુ તો સર્વનો મિત્ર છે એને કોઇની સાથે શત્રુતા હોતી નથી. પરંતુ મિત્ર તો સર્વનો છે. સાધુ તો વિશ્વામિત્ર છે. વિશ્વામિત્રને કોઇનું દુઃખ પોતાનું દુઃખ લાગે.

વિશ્વામિત્રનો અર્થ છે, 'કોઇની સાથે વેર નહિ.' તમે એની સાથે ગમે તેટલું અહિત કરો છતાં તે વેર ન કરે. કારણ કે સર્વનો મિત્ર છે. આ વાતને વધારે સ્પષ્ટ કરવા કપિલ ભગવાન બીજું નામ આપે છે. 'અજાતશત્રુ' જે શત્રુતા ન રાખે તે અજાતશત્રુ, બહુ સુંદર શબ્દ છે. અજાતશત્રુ હૃદયમાં ક્યારેય પણ કોઇના માટે શત્રુભાવ રાખતો નથી. મહાભારતમાં દ્રૌપદીની કથા છે.

દ્રૌપદીના પાંચ બાળકોને અશ્વત્થામાં એ મારી નાખ્યાં. અર્જુને અશ્વત્થામાને બાંધી દઈને દ્રૌપદીની સામે ઊભો રાખ્યો "દ્રૌપદીને કહે છે કે "બોલ આને શી સજા કરવી છે ?" દ્રૌપદીએ તેની સામે જોઇ લીધું અને અર્જુનને વિનંતી કરી. " આને છોડી દો. મારી નાખશો તો એની માતાની શી દશા થશે ?" આ છે સાધુતા ! આ છે અજાતશત્રુતા ! જેને વિશ્વમાં કોઇની સાથે વેર નથી. તેથી સાધુ તો **'શાન્તમ્'** હોય છે. આ બધાં લક્ષણોને તો ઘરમાં દીવાલ ઉપર કોતરાવી રાખવા જોઇએ.

પ્ર
ક
ર
ણ
૮મું

સાકાર અને નિરાકાર સ્વરૂપ

સાધુતા એટલે 'શાન્તમ્'

લેબોરેટરીમાં જેમ ટેસ્ટ થતો હોય છે તેમ આપણા જીવનમાં પણ ટેસ્ટ કરવો જોઇએ. 'મારામાં તિતિક્ષા કેટલી છે ? મારામાં બીજા પ્રત્યે ઉદારતા કેટલી છે ? તેનો વિચાર કરવો જોઇએ. સાધુને કોઇ પણ બાબત વિચલિત ન કરી શકે. ગમે તેટલું અનર્થ કેમ ન આવે ? પણ એ તો સ્થિરતા ગુમાવે નહિ.

મિથિલા નગરીમાં આગ લાગી. જનકરાજા બેઠા છે. તે જરા પણ વિચલિત નથી. સૌ કોઇ એમને પૂછે છે, "તમારી

નગરીમાં આગ લાગી છે. બધાં દોડ્યાં છે." તો જનકરાજા બોલ્યા, " મિથિલાને આગ લાગી છે એમાં મારે શું ?" બીજાં બધાં અશાંત બની જાય એ પરિસ્થિતિમાં પણ સાધુ શાંત બની જાય છે. જો તે શાંત ન રહે તો તે સાધુ શાના ? તેમનામાં એટલી સાધુતા કાચી ગણાય. એથી સાધુની સ્પષ્ટ વ્યાખ્યા બતાવી 'જેનામાં સાધુતા છે તે સંત' બીજી કોઇ વ્યાખ્યા નથી. કપડાં જુદાં પહેરે, વાળ લાંબા રાખે. રુદ્રાક્ષની માળા પહેરે કે તુલસીની માળા પહેરે એમાં કોઇ ફરક પડતો નથી. એનો પહેરવેશ ન જોશો. એનો દેહ ન જોશો. એમના ગુણ જો જો. અને આ પરીક્ષણ કરવું અઘરું છે.

સાધુતા એટલે જ ભક્તિ

કપિલ ભગવાન સાધુનું બીજું લક્ષણ બતાવે છે. અને એ છે **'ભક્તિ'** સાધુ પ્રત્યે લોકોની સ્વાર્થીલી ભક્તિ હોય છે. પુત્ર જોઇતો હોય, કે રાજ્ય વગેરે. પણ એ ભક્તિ તો કરે છે. જ પરંતુ સાધુની ભક્તિમાં બે લક્ષણો બતાવ્યાં છે. એક લક્ષણ બતાવ્યું છે **દ્રઢ ભાવ** અને બીજો શબ્દ વાપર્યો છે, **'અનન્ય ભાવ'** હવે આ અનન્યભાવ અને દ્રઢ ભાવને જરા ટૂંકમાં સમજીએ. માનવીના જીવનનું કેન્દ્ર અથવા માનવીના જીવનનો પાયો છે તેનું નામ છે 'ઈશ્વર તત્ત્વ' એ પાયા ઉપર જ ભક્તિની ઈમારત બને છે. એટલે એમ કહ્યું છે કે,"

"मयी अनन्य भावेन भक्तिम्" ।

એટલે કે દ્રઢ ભક્તિનો અર્થ છે કે તમે ભગવાનની ભક્તિ તો કરતા હો અને તમને સમય ન મળતો હોય તો તમારે એવી અશ્રદ્ધા ન રાખવી જોઇએ કે આપણને ભગવાનનાં દર્શન ન

થયાં ! ઘણીવાર લોકો એમ કહેતા હોય છે કે, "અમે વર્ષોનાં વર્ષ સુધી યોગસાધના કરી, મંત્રોના જાપ કર્યાં પરંતુ હજુ સુધી ઈશ્વરનાં દર્શન થયાં નથી." ક્યાંક માણસના મનમાં નાસ્તિકતાના વિચાર આવી જાય છે કે આ જગતમાં ઈશ્વર જેવું તત્ત્વ છે જ નહિ. તો એ વસ્તુ સમજજો કે ભક્તિનું પરિણામ આપણને પ્રત્યક્ષ ન દેખાતું હોય તો પણ ભક્તિની દ્રઢતા રહેવી જોઈએ.

ઈશ્વરમાં અચળ શ્રદ્ધા તેનું નામ ભક્તિ

સાંસરિકતામાં ઘણીવાર એવું બને છે કે, કોઈ ધંધો ચાલુ કર્યો. એકાદ બે વર્ષ થયાં એમાં લાભ ન થયો. એટલે આપણું મન વિચલિત થઈ ગયું. અને બીજી લાઈન લીધી. એ પણ આપણને માફક ન આવી, આપણે છોડી દઈએ તો આપણો ધંધો ખોરવાઈ જાય. તેવી રીતે તમે ભક્તિ કરતાં જો વિચલિત થઈ જાવ તો તમારી કાર્યસિદ્ધિ નિષ્ફળ જશે. ભક્તિ કરવી અઘરી લાગે તો તે છોડી દેવી તે સાધુતાનું લક્ષણ નથી. ભક્તિમાં દ્રઢતા રાખવી જોઈએ.

ઈશ્વર પ્રાપ્તિ માટે કર્મનો ત્યાગ તે ભક્તિ

ઈશ્વર પ્રાપ્તિ માટે કર્મનો ત્યાગ કરે એટલે નિષ્ક્રીય થઈ જવું એવું નથી પણ કર્મોનો ત્યાગ કરવો. તમે જે કર્મો કરો તે બ્રહ્માર્પણ ભાવથી કરો. સાધુ જપ કરશે પણ જપનું ફળ નહિ માગે. જપ કર્યા પછી કહેશે, "तत्सत् ब्रह्मार्पणमस्तु" ઈશ્વરને અર્પણ કરશે. તે પરમેશ્વરનું ધ્યાન કરશે પણ ધ્યાનથી મને ઐહિક લાભ થયો. તેમ નહિ કહે. યજ્ઞ કરે, જપ કરે, યોગ કરે, તપ કરે કે દાન કરે. સાધુજીવનમાં જે કાંઈ કરે છે તે બધું જ

આખરે બ્રહ્માર્પણ ભાવથી કરે છે. સાધુતામાં બ્રહ્માર્પણ ભાવ હોય છે તે આસક્તિનો ત્યાગ કરે છે.

મદાશ્રયાઃ કથામૃષ્ટાઃ શૃણ્વન્તિ કથયન્તિ ચ।
તપન્તિ વિવિધાસ્તાપા નૈતાન્મદ્ગતચેતસઃ॥

એ તો પવિત્ર શાસ્ત્રોનું વાચન કરે છે. ભગવાનની અજોડ લીલાઓનું શ્રવણ કરે છે અને વર્ણન કરે છે. શ્રૃણ્વંથતિ ય કથયન્તિ શ્રવણ કરે છે અને તેનું વર્ણન પણ કરે છે.

કથાપદ્ધતિ તો ભક્તિ પ્રેરક છે.

રામાયણ, ભાગવત વગેરેમાં ભગવદ્ લીલાનું વર્ણન છે. એટલે આપણે ત્યાં વાંચવાનો પ્રકાર કહ્યું નથી. તમે ઘરમાં બેસીને એકલા વાંચો એ પ્રકાર કરતાં श्रृणवंन्ति અને कथयन्ति એ બંને પર ભાર મૂક્યો છે. એટલે જ આપણે ત્યાં વ્યાખ્યાન પરંપરા છે. તમે દરેક સંપ્રદાયમાં જુઓ. ગુરુ સાધુ હશે તો શિષ્યને ઉપદેશ આપશે. જૈન પ્રકાર હશે ત્યાં આચાર્ય ઉપદેશ આપશે. હિંદુ વૈષ્ણવપદ્ધતિ હોય કે શૈવપદ્ધતિ હોય, શંકરાચાર્ય હોય અન્ય કોઈ આચાર્ય હોય તે શિષ્યને ઉપદેશ આપશે.

આપણે ત્યાં વ્યાસ પ્રથાની પદ્ધતિ છે. આપણે ત્યાં જે સંકીર્તનની પદ્ધતિ છે. તે ભક્તિનું બહુ અગત્યનું અંગ છે. આજે આપણે ત્યાં નાનાં ગામોમાં પણ 'સત્સંગ મંડળો' ચાલે છે. જે ભાઈને વધારે સારી રીતે વાંચતાં કરતાં આવડતું હોય, સમજાવતાં આવડતું હોય તે શાસ્ત્ર ગ્રંથોને લઈને બેસે છે અને વાંચન કરે છે. મોટા અવાજે બોલે છે અને બધાંને શાંતિથી કલાક બે કલાક જેટલો સમય હોય તેટલો સમય સંભળાવે છે. આ પ્રથા બહુ સારી હતી. કેવળ એકલા બેસી વાંચી જવું એને બદલે શ્રવણ

અને કીર્તનના અર્થમાં ભક્તિ કરવી. એવો કપિલ ભગવાને ભક્તિપર ભાર મૂક્યો છે. જરૂર પડે ત્યાં તપસ્યા કરે. કોઇને કષ્ટ પહોંચાડ્યા વિના ચિત્ત એકાગ્ર કરે. સર્વ દોષ ને દૂર કરે

શાસ્ત્રના ઉત્તમગ્રંથોનું વાચન

શાસ્ત્રના ઉત્તમગ્રંથો જેવા કે ગીતા, ઉપનિષદ, ભાગવત, રામાયણ, સુબોધિનીજી છે. બધાં શાસ્ત્રોને આપણી અંદર ઉતારવાં જોઇએ. શાસ્ત્રોનો પણ સંગ કરો. જે વિષયમાં તમને એવું લાગતું હોય કે આ વિષય ભગવાનની વધારે નજીક લઈ જાય છે તેનો આશ્રય કરો. એ શાસ્ત્રો દ્વારા તમને નિર્દોષતાની પ્રાપ્તિ થશે. એટલે કે આ શાસ્ત્રોનો સંગ પણ આપણને નિર્દોષ બનાવે છે. તેમાં પણ ભગવદ્ ગીતાનું જે વર્ણન છે. તેના ઉપર સવિશેષ ભાર મૂક્યો છે. ક્યા ગ્રંથ વધારે સાંભળવા તે અંગે કપિલ ભગવાનના પચ્ચીસમા શ્લોકમાંથી એવો અર્થ નીકળે છે કે જ્ઞાનવર્ધક અને સિદ્ધાંતસૂચક શાસ્ત્રો કરતાં જેમાં પ્રભુના અવતાર લીલાનું વર્ણન થયું છે તે વિશેષ સૂચક છે.

સંત-સાધુ અને ભક્ત

સાધુ કહો કે સંત કહો મૂળ વાત તો એક જ આવશે. સંત કોને કહેવાય ? જે બે વ્યક્તિઓ વચ્ચે કેવળ પરમાત્માનું જ વર્ણન થતું હોય, તો એ બંનેને સંત કહેવાય અથવા એ બંનેને સાધુ કહેવાય. એટલે કે બે સાધુ મળે છે, બે સંત મળે છે, બે ભક્ત મળે છે ત્યારે લૌકિક વાર્તાલાપ થતો નથી કે તે વખતે તેવી રુચિ પણ થતી નથી. આપણને જે વસ્તુ બહુ પ્રિય હોય તો ફરી ફરીને આપણે ત્યાં આવીને જ ઊભા રહીએ છીએ સાધુ લોકોને શ્રીમદ્ ભાગવત બહુ જ પ્રિય હોય છે. સંતો અને મહાત્માઓને

ભગવાનની અવતાર લીલા કરવામાં અને સાંભળવામાં અતિ આનંદ હોય છે.

ભગવાનનાં સગુણ અને નિર્ગુણ બે સ્વરૂપ છે.

શુકદેવજીના પોતાના ઉદાહરણથી સમજી શકાય છે કે તે નિર્ગુણ-નિરાકારના સ્વરૂપમાં પૂર્ણ રીતે લય થઈ ગયા હતા. ઘણીવાર આ પ્રશ્ન લોકોના મનમાં જાગે છે કે, પરમાત્માનાં તો બે રૂપ છે. નિર્ગુણ અને સગુણ અથવા નિરાકારઅને સાકાર તો. ભગવાનનું સાકાર રૂપ વધારે માનવું કે નિરાકારનું રૂપ વધારે ઉત્તમ માનવું ? નિરાકાર એટલે જેમાં રૂપ કે રંગ નથી તેવું જેમકે આકાશ જેવું.

સાકાર એટલે શ્રીરામચંદ્ર, શ્રીકૃષ્ણ ભગવાન જેવા મૂર્તિ રૂપમાં હોય તે. તમારા જેવા સાધારણ માનવીની વાત છોડો પણ શ્રી શુકદેવજી જેવા મહાનુભાવોને પણ એમનું મન સંપૂર્ણ રીતે નિરાકારમાં ઓતપ્રોત થઈ ગયું હોવા છતાં જ્યારે એમણે ભગવાનનાં સ્વરૂપો અને ભગવાનની લીલાનું વર્ણન સાંભળ્યું ત્યારે એમને સમાધિનો આનંદ પણ ફિક્કો લાગ્યો છે.

શુકદેવજીને સાકાર રૂપ ગમ્યું.

શુકેદવીજીને ભાગવતજીની કથા સાંભળતાં એટલો બધો આનંદ થયો કે એમણે સમાધિ છોડી દીધી. નિર્ગુણનું ધ્યાન કરતા હતા તે છોડી દીધું. તે પોતાના પિતા વ્યાસજી પાસે ગયા અને કહ્યું, "તમે મને કૃષ્ણલીલા સંભળાવો." શુકદેવજીએ પરીક્ષિત રાજાને ઉપદેશ આપતાં કહ્યું, "આટલાં બધાં પુરાણો, વેદ, ઉપનિષદો કરતાં ભાગવતની કથાએ મારા ચિત્તને પણ નિરાકારમાંથી સાકારમાં જોડી દીધું. મેં પણ જ્યારે ભગવાનનાં

સ્વરૂપ અને લીલાનાં વર્ણન કરનારાં આ બધા શ્લોકો સાંભળ્યા તો તે સરખામણીમાં સમાધિનું સુખ ફિક્કું છે, એટલા માટે ભગવદ્વાર્તાનો આનંદ સૌથી મોટો બતાવ્યો અને એટલા જ માટે સિદ્ધાંત વર્ણન આવે તેવાં શાસ્ત્રો વાંચવા એનાં કરતાં ભગવાનનાં લીલાનાં અનેક વર્ણનો હોય તેવા ભાગવતજીને રામાયણ જેવાં ગ્રંથોનું વાચન અથવા શ્રવણ વધારે કરો. તે વધારે ઉચિત છે, તે વધારે પ્રિય છે.

સંતનું સાન્નિધ્ય કેળવો.

આજકાલ મંદિરમાં દર્શનની થોડી વાર હોય અને વૈષ્ણવોને થોડી નવરાશ હોય તો વાર્તા તો થાય છે પણ તે લૌકિક વાર્તા વેદ વાર્તા થતી ન હોય, વેપારધંધાની, રાજકારણની વાર્તા કરે. બહેનોને નવરાશ મળે તો કુટુંબ કથાની વાતો ચાલશે. આ પરિસ્થિતિમાંથી આપણે બચવા માટે સંત સાધુનું સાન્નિધ્ય કેળવો. તમે સાધુપાસે કે સંત પાસે કે વૈષ્ણવની પાસે જઈને બેસશો તો ત્યાં લૌકિક વાતોમાં રસ નહિ હોય, અને જો હોય તો તે સાધુ વૈષ્ણવ નથી. જે આવી ધંધાની કે કુટુંબની વ્યક્તિઓની કે અન્ય સાંસારિક ચર્ચા કરે તો આપણે સમજવાનું છે કે 'આ સાધુ નથી." સાધુને આમાં શું રસ હોય?

સાચો સાધુ સાંસારિક વાતોથી પર હોય છે.

કેટલાક સાધુ પૂછે કે તમો શું ધંધો કરો છો? તમારી આવક કેટલી? પરંતુ સાચા સાધુને તો એ રસ હોય કે કઈ રીતે તમારો આધ્યાત્મિક વિકાસ થાય? તેને એ રસ હોય કે આ વ્યક્તિ આધ્યાત્મિક કઇ કક્ષાએ પહોંચેલો છે? અને એના જીવનમાં કઈ રીતે માર્ગદર્શક બનું? તમે કોઇ મહાપુરુષ પાસે જઈને બેસો

અને ક્રિકેટની વાત કરતા હોય, રાજકારણની વાત કરતા હોય, કે અમારે આશ્રમ બાંધવો છે, તો આટલા ફંડની જરૂર છે.. અમારે આટલું જોઇએ છે. અમારે ગામોગામ સ્થળે સ્થળે અમારી શાળાઓ સ્થાપવી છે તો તમે કહો કે આ સાધુના વેશમાં પણ સંસારી છે.

જ્યાં શાસ્ત્રોની વાતો ચાલતી હોય, ભગવદ્ ગીતાની વાતો ચાલતી હોય, સદ્ગ્રંથોનું વાચન ચાલતું હોય, અને ભગવાનની લીલાનું વર્ણન કર્યા સિવાય બીજામાં રસ ન હોય, તમારી લૌકિક વાતોને પણ વાળી લે અને શાસ્ત્રોનાં જ્ઞાન કે ભક્તિ તરફ આપણને લઈ જાય તો સમજજો કે આ સાચો સંત છે.

ભગવદ્ લીલાનો રસાનંદ

સંતમાં મહત્ત્વની તો વાત એ છે કે, એમનામાં સહનશીલતા હોય, એમનામાં આનંદ હોય, તેમની પાસે બસ ભગવાનની લીલાનું જ વર્ણન હોય.

સતાં પ્રસંગાન્મય વીર્ય સંવિદો
ભવન્તિ હૃદ્ કર્ણરસાયના: કથાઃ।

તજ્જોષણાદાશ્વપવર્ગ વર્ત્મનિ
શ્રદ્ધા રતિર્ભક્તિરનુંક્રમિષ્યતિ॥

ભગવદ્લીલા એ એક એવું અમૃત છે કે જે તમારાં કાનને અને હૃદયને આનંદથી ભરપૂર કરી દે છે. તેને માટે રસાયણ શબ્દ છે. તે એવી વસ્તુ છે કે, જેનાથી આપણી ભૂખ ભાંગે. તે ખાવાથી રોગનો નાશ થાય અને જેનું પાન કરવાથી અમૃતની પ્રાપ્તિ થાય. મનને શાંતિ મળે. તે ખોરાક પણ છે, દવા પણ છે

અને દવાની પણ દવા છે અને સાથે અમૃત જેટલો આનંદ આપે તેટલો આનંદ આપનારી વસ્તુ છે. જેને પીધા પછી કાયાકલ્પ થઈ જાય. જેને પીધા પછી રૂપાંતર થઈ જાય એ ને 'રસાયણ' કહેવાય. કપિલ ભગવાને કથાને માટે રસાયણ શબ્દ વાપર્યો છે. સંતપુરુષોની વચ્ચે જે કથાનું પ્રાગટ્ય થાય છે એ કથાનું પ્રાગટ્ય ક્યાં ક્યાં નથી થતું ? ત્યાં વક્તા અને શ્રોતાગણ માટે એટલે કે સર્વને માટે રસાયણનું પ્રાગટ્ય બની જાય છે. કથા રૂપી રસાયણને વ્રજની ગોપીઓએ અમૃત કહેલ છે.

કથારૂપી રસાયણનું પાન કરો.

અહીં કપિલ-કથા રસાયણ થઈ ગઈ. રસાયણ પીવાથી ભૂખ શાંત થાય, જાનને ઉલ્લાસ મળે, શરીરના રોગોનો નાશ થાય, તેનું પાન કરવાથી શાંતિ પ્રાપ્ત થાય, માનવી ને પોતાને પોતાના શરીરમાં દિવ્યતા જણાય. આવાં અદ્‌ભુત તત્ત્વને માટે રસાયણ શબ્દ વાપર્યો છે. રસાયણનું પાન કરવાથી શરીર અને મન તથા આત્માને લાભ થાય છે. એવી રીતે કથારૂપી રસાયણનું પાન કરવાથી શું ન મળે ?

કથારૂપી રસાયણનું પાન કરવાથી પહેલો લાભ (ફળ)મળે છે **'શ્રદ્ધા'**. ભૌતિક રસાયણ કોઈને મળે તો શારીરિક, માનસિક કે દિવ્યકાંતિ વગેરે મળે છે. એટલે કે દિવ્ય કાંતિ છવાઈ જાય અને શ્રદ્ધા જાગે. આ શ્રદ્ધા કેવી રીતે જાગે તે સમજીએ. જે વસ્તુ પ્રત્યક્ષ નથી હોતી તેમાં સાધારણ રીતે આપણને શ્રદ્ધા હોતી નથી. પણ પ્રત્યક્ષ તુલસીનું કૂંડું હોય અને તેને કોઈ એમ કહેતું નથી તમે આમાં શ્રદ્ધા રાખો. જ્યાં પ્રત્યક્ષ વસ્તુ છે ત્યાં શ્રદ્ધાની શી જરૂર છે ? ભૌતિક પ્રમાણો વડે જેને

સાબિત કરી શકતા નથી તેવો આપણો આત્મા છે. એકસરે પણ આત્માને પકડી શકતો નથી. આ જે વસ્તુ થઈ તે પ્રત્યક્ષ નહિ પરંતુ અપરોક્ષ છે. આત્માવિશે થોડો વિચાર કરીએ.

આત્મા શું છે ? કેવો છે ?

આત્માને કોઈ આકાર નથી કે શરીરમાંથી બહાર નીકળતો ધૂમાડા જેવો પદાર્થ નથી. તે છતાં આપણને બધાંને તેનો અનુભવત તો થાય છે જ. ઈન્દ્રિયજન્ય અનુભવ ભલે થતો ન હોય ! પરંતુ તમને તમારા હોવાપણાંનો અનુભવ તો થાય છે જ. તમે તમારા અસ્તિત્વને અનુભવો છો કે નહિ ? બસ એ આત્મા જ છે. માનવીને એવો અનુભવ થાય કે હું સુખી છું. હું ભગવાન છું પણ માનવીને એવો અનુભવ થાય છે કે હું નથી ! એને એના આત્માનો ભ્રમ છે છતાંય તેને પ્રત્યક્ષ રૂપે બતાવી શકતા નથી. એટલે આત્મા પરોક્ષ છે. એનાં કરતાં વધારે મુસીબત ભગવાનના વિષયમાં થાય છે.

ઈશ્વરને જોયા છે ?

પરમાત્માને હજુ સુધી આપણે આપણી આંખે જોયા નથી. નાના હતા ત્યારે ચિત્ર બતાવીને કહ્યું હશે કે, "જો. આ ભગવાન" રામમંદિરમાં આપણા વડીલ લઈ ગયા હશે અને રામચંદ્રજીની મૂર્તિ બતાવીને આપણને કહ્યું હશે કે, "આ રામચંદ્રજી ભગવાન છે." આપણે તેમને પ્રણામ કરવાના છે માતા પિતાએ કહ્યું હશે એટલે એ વખતે નાનપણમાં આપણે માની લીધું હતું હવે કોઈ આપણી પાસે આવીને કહે, કે "તમે ક્યારેય ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે. ?" આવો જ પ્રશ્ન સ્વામી વિવેકાનંદ પહેલાના નરેન્દ્રદેવે સ્વામી રામકૃષ્ણ પરમહંસ પાસે

કર્યો હતો. રામકૃષ્ણ પરમહંસને પૂછ્યું કે "તમે ક્યારેય ઈશ્વરને જોયા છે?"

જે વસ્તુને આપણે આપણી આંખથી જોઇ નથી શકતા તે વિષયમાં શ્રદ્ધા કરવી ઘણી કઠણ છે. એટલા માટે આ અવતાર લીલાઓનું શ્રવણ કરવું જોઇએ. શ્રદ્ધા તો તમને કથાથી સમજાય છે. આવા ગહન વિષય પર પ્રવચન ચાલતું હોય તો આપણને એ બધું સમજવામાં ન પણ આવે. આપણને સમજાય કે ન સમજાય પણ કથા સાંભળશો. કથાના શબ્દો તમારા કાન પર ઊતરશે તો તે શબ્દોનો એટલો પ્રભાવ છે કે તમારા હ્રદયમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાને વધારશે.

જેને પરમતત્ત્વ તરફ જવું છે તો તમામ માનવીને માટે શ્રદ્ધા તો આવશ્યક છે તમે તપસ્યા કરીને જવા માગો કે ગમે તે માર્ગે જવા માગો પણ શ્રદ્ધા વગર તમે પગલું નહીં ભરી શકો. શ્રદ્ધા તો આપણું પહેલામાં પહેલું પગલું છે. કપિલ ભગવાન એમ કહે છે કે, "તમે આ શાસ્ત્રોનો આશ્રય કરો તો તમને મોટો લાભ થશે અને તે એ કે તમને ભગવાનમાં શ્રદ્ધા થશે. શ્રદ્ધા એક એવું (સ્ટેજ) પગથિયું છે કે બીજું સ્ટેજ આપો આપ આવશે અને તે છે 'રતિ'

શ્રદ્ધા પછીનું બીજું પગથિયું છે રતિ.

"રતિ એટલે પ્રભુ પ્રત્યેનો સ્નેહ." શ્રી મહાપ્રભુજીએ રતિ શબ્દનો અર્થ પણ સ્નેહ જ કર્યો છે, અને તેમણે પણ કહ્યું છે કે, "ભગવાનમાં શ્રદ્ધા જાગે. આ તમારી વિકાસયાત્રાનો પહેલો તબક્કો છે. શ્રદ્ધા મજબૂત થઈ ગઈ એટલે રતિ જાગશે." એટલે કે ગમે તે થાય પણ મારે ભગવાનને પ્રાપ્ત કરવા છે. એના મનમાં એક આસક્તિ જાગે છે, ઈશ્વર પ્રાપ્તિની ઇચ્છા થાય તેનું નામ રતિ.

સત્સંગ નામનું રસાયણ પ્રથમ ભૂમિકામાં છે તેથી આપણામાં શ્રદ્ધા જાગે છે, સત્સંગ કર્યા પછી પણ સત્સંગનું રસાયણ ગ્રહણ કરવાનું છે. અને તે એટલા માટે કે તેથી ભક્તિ જન્મે છે. ભક્તિ તો પ્રભુમાં એવી ઓતપ્રોત થઈ જાય છે કે પછી એના મનમાં વાસનાઓ કે વિકારો રહેતાં નથી. એમ સમજો કે મોક્ષ માર્ગમાં અવરોધ કરનારા જેટલાં પણ તત્ત્વો હતાં તે સમગ્ર નાશ થઈ જાય છે. કેટલુંક કાર્ય શ્રદ્ધાએ કર્યું, કેટલુંક કામ રતિએ કર્યું અને બાકી રહેલાં જે દોષો હતા. તે ભક્તિ દ્વારા જશે.

શ્રદ્ધા પછી રતિ અને પછી ભક્તિ જાગે છે.

મનુષ્ય આ કારણે સંપૂર્ણ રીતે ભક્તિ તરફ નિયુક્ત થઈ જાય છે અને એ રીતે માનવી દ્વારા માનવીના મનમાં સત્સંગ દ્વારા થયેલી સાધનાની કથા યાદ કરી લઈએ

ઉપસંહારાત્મક દૃષ્ટિ

પહેલી વાત કહી સંગ-સત્સંગ જો હોય તો મુક્તિનું દ્વાર ખુલ્લું છે. સારું વાતાવરણ એટલે સત્સંગ જો દુષિત વાતાવરણ હોય તો આત્મા ઉપર કદી ન તૂટે તેવું બંધન આવે. સત્સંગથી ત્રણ ફળ મળે છે. (૧) શ્રદ્ધા (૨) રતિ (૩) ભક્તિ. સત્સંગનાં વાતાવરણથી માનવીનું હિત થાય છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક રીતે આ બધું સત્સંગથી મળે છે. સત્સંગ જેની પાસેથી મળે તેને 'સંત' કહેવાય. આ છે સત્સંગનો પ્રભાવ અને મહિમા. એનાથી મોક્ષ મળે. જ્ઞાનથી મુક્તિ, ભક્તિથી મુક્તિ વગેરે પ્રકારો મળ્યા. બીજી રીતે વાત કરીએ તો સત્સંગથી મુક્તિ છે.

કપિલ ભગવાને આ ભાગ ખાસ જુદો પાડીને નહિ પણ સત્સંગ દ્વાર મુક્તિની પ્રક્રિયા તે બતાવે છે.

પ્ર
ક
ર
ણ
૯મું

ભક્તિની સાધનાની ભૂમિકા

માતા દેવહૂતિએ ભગવાન કપિલને બે પ્રશ્ન કર્યા. "આપ ભક્તિની જે વાત કરો છો, તેમાં જણાવ્યું કે, પ્રથમ શ્રદ્ધા, પછી રતિ અને પછી એ રતિનો વિકાસ થાય છે. તો એના ઉપરથી માતાએ પ્રશ્ન કર્યો, "તમે ભક્તિને મુક્તિ કહો છો તો એ ભક્તિ શું છે?"

ભક્તિ અને મુક્તિનો સંબંધ

ભક્તિના અનેક પ્રકારો છે. તો મારે માટે ક્યો પ્રકાર આવશ્યક છે ? અને સાથે એ પણ કહો કે જે ભક્તિ અંતમાં

નિર્વાણ પદની પ્રાપ્તિ કરાવે. પરંતુ મને એવી ભક્તિની આવશ્યકતા નથી કે જેનાથી વધારે સુખ અને ભૌતિકતાની પ્રાપ્તિ થાય. હું કોઈ એવી ભક્તિની વાત નથી કરતી કે જે ભક્તિથી મને તુચ્છ પદાર્થોની આશાઓ હોય ! મને તો એવી ભક્તિનો ઉપદેશ કરો કે જે ભક્તિનું સ્તર કેવળ મુક્તિ હોય."

"નિર્વાણ સ્વરૂપ પ્રભુ કે જેના દ્વારા તત્ત્વોનું જ્ઞાન થાય. અને ભગવાનની પ્રાપ્તિ થાય. તો એના યોગ અને એનાં અંગે પણ મને કહો."

માતાએ એક સરસ વાત કરી. કુશળ બાણાવળી દ્વારા બાણ છોડવામાં આવે તો તે બાણ તેના લક્ષને વીંધી નાખે છે. તેવી રીતે યોગ પણ જો યોગ્ય વ્યક્તિ દ્વારા સાધવામાં આવે તો તે નિશ્ચિત રીતે મનુષ્યને મોક્ષ મેળવી આપે છે. એક વાત તો અચૂક નક્કી થાય છે કે વર્ષો સુધી આપણે જપ કરીએ કે વર્ષો સુધી પાઠ વગેરે કરીએ અને કદાચ આપણને એનાં પરિણામ દેખાતાં ન હોય તો આપણે એ સાધન પર અશ્રદ્ધા કરવાની જરૂર નથી.

ભક્તિ, તપ ને ઉપાસનામાં શ્રદ્ધા

માણસ એમ માને કે હું સાચો જ છું તે માનવું યોગ્ય નથી. દાખલા તરીકે "કોઇ વ્યક્તિ એમ કહે કે "હું દસ વર્ષથી ગાયત્રી મંત્રના જાપ કરું છું. પછી મને કોઇ સિદ્ધિ મળી નહિ." તો હું કબૂલ નહિ કરું કે મારામાં ખામી છે. આ માણસનો એક સ્વભાવ છે. તે તો એમ જ કહેશે કે "આ મંત્રમાં જ પ્રભાવ નથી હું તો આ મંત્રનો નકામો જાપ કરું છું." સફળતા ન મળે તો પોતાનો દોષ વિચારતો નથી. પરંતુ સાધનામાં, પરિસ્થિતિમાં એનો દોષ જુએ છે. અને આમાં મારો દોષ કે વાંક નથી. પણ આ યોગનો કે ઉપાસનાનો વાંક છે એમ જુએ છે, એમ કહે છે.

માતા દેવહૂતિ જે કહી રહ્યાં છે, તે બરાબર કહી રહ્યાં છે." "મને તમે એવો યોગ કહો, કે "જેમ ધનુષ્યમાં થી બાણ છૂટે અને સીધું એના લક્ષમાં જઈને ભોંકાઈ જાય. એવી રીતે નિશ્ચિત રૂપે ભગવાનની પ્રાપ્તિ થાય. મને એવા યોગની પણ વાત કરો કે દુર્ગુણો કે વિષયો પણ સામે પ્રગટ કરો. કારણ કે હું મંદમતિવાળી સ્ત્રી છું."

આ વિષય અંગે શ્રી મહાપ્રભુજી એમ કહે છે કે, કુલ ચાર મુદ્દાઓનું વર્ણન શ્રી કપિલ ભગવાન કરશે એટલે એમાં જ કપિલગીતા પૂરી થાય. પહેલાં તો મૂળ આ ચાર વિષયો આવવાના છે તેમાં પહેલો વિષય છે **'ભક્તિ'** બીજો વિષય છે **'સાંખ્ય.'** આ સાંખ્ય એ જ્ઞાનનું જ બીજું નામ છે. ત્રીજો વિષય છે. **'યોગ'** અને ચોથો વિષય છે 'જ્ઞાન'

કપિલગીતાના પાંચ પર્વ.

જ્ઞાનની અંતર્ગત વૈરાગ્યનાં મૂળ તત્ત્વો આવી જાય છે. એટલે વૈરાગ્યને અલગ લેતા નથી. વિદ્યાના પાંચ પર્વ થાય છે. સુબોધિનીમાં પણ શ્રી મહાપ્રભુજીએ વિદ્યાના આ પાંચ પર્વની કથા ચર્ચા કરી છે. યોગ, સાંખ્ય, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય

સાંખ્યયોગ એટલે શું ?

આપણા અસ્તિત્વમાં આત્માના સિદ્ધાંત સિવાય બીજાં તત્ત્વો છે એનું વિવેચન જેમાં કરવામાં આવે છે એનું નામ **સાંખ્ય.** શંકરાચાર્યજીએ એના બે ભાગ પાડ્યા. (૧) આત્મા અને (૨) અનાત્મા. આપણી અંદર જે સ્વયં છે તે આપણો **'આત્મા'** અને એ સિવાયનું બાકી બધું તે **'અનાત્મા.'** જરા વધારે જોરદાર ભાષામાં કહીએ તો દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃ

કરણ વગેરે. પછી વધારે ઊંડાણમાં જઈએ તો ચોવીસ પ્રકારનાં તત્ત્વોમાં જવાય છે પરંતુ સાધારણ સ્વરૂપમાં જોઈએ તો આપણી પાસે આત્મા સિવાયનું જે છે તેનું વિવેચન જેમાં કરવામાં આવ્યું છે તેનું નામ છે સાંખ્ય. એટલે તમે સાંખ્યની અંદર પણું અનાત્મ તો જાણ્યું.

કપિલ ભગવાને કહ્યું, આપણું જ આખું અસ્તિત્વ છે એના આમ ચોખ્ખા વિભાગો કરીને આપણી સામે ધરી દીધા છે. એટલા માટે સાંખ્યની સાથે **યોગ** સંકળાયેલો છે એટલા માટે જ સાંખ્યના તત્વને મહત્ત્વ દીધું છે. એટલા માટે જ સાંખ્ય અને જ્ઞાન એક જ માનવામાં આવ્યું છે. આ જગ્યાએ કપિલ ભગવાન ઉપદેશ આપી રહ્યા છે. એટલે અહીં સાંખ્યને અને જ્ઞાનને જુદું પાડ્યું છે. સાંખ્યનું કામ એટલું છે કે "તમારામાં જે અનાત્મ તત્ત્વો છે તેને અલગ રીતે ઓળખી શકાય છે.

આત્મા અને આત્મતત્ત્વ

આત્મા નથી એટલે કે આ હું નથી. આ દેહ છે, પણ આ હું નથી. આ મન, વૃત્તિ, અહંકાર, વગેરે છે પણ એ હું નથી. તમારી પાસે તમારા અસ્તિત્વમાં તમારું જે હું નથી તે બધું જ અનાત્મ છે. અને એ અનાત્મને ઓળખવું એનું નામ સાંખ્ય. પછી તમારી અંદર તમારું જે સ્વરૂપ છે તેનું નામ આત્મા અને આત્મતત્ત્વને ઓળખો તેનું નામ છે 'જ્ઞાન'.

તમે તમારા શરીરને ઓળખી લીધા પછી તમે શું કરશો? અહીં શ્રી મહાપ્રભુજીએ એક સરસ દલીલ કરી છે." જાણવું એટલું પૂરતું નથી. તમે જગતને જાણી લીધું. તમે જગતના પદાર્થોને ઓળખી લીધા. તમે દેહના વિભાગો જાણ્યા. તમે

સાંખ્યને જાણ્યું અને આત્માના સ્વરુપને જાણી લીધું. યોગનું ફળ મુક્તિ છે. અથવા મનની શાંતિ છે. આધ્યાત્મિક યોગને બદલે આધિ દૈવિક યોગ હોય તો તે ભગવાનની પ્રાપ્તિ કરાવે.

યોગ પછી પણ ભક્તિ જરૂરી છે.

મુખ્ય વસ્તુ તો એ છે કે તમે આ બધું જાણ્યા પછી પણ જો પ્રભુની ભક્તિ ન કરો તો તમારો પુરુષાર્થ કે તમારાં સાધનો અધૂરાં છે. જાણવું એ પર્યાપ્ત નથી. પરંતુ જાણ્યા પછી સેવવું, જાણ્યા પછી ભજન કરવું એ પણ આવશ્યક છે. અને એટલા જ માટે આ સાધન ચતુષ્ટય છે.

સાધન ચતુષ્ટય એટલે શું ?

સાંખ્યે જ્ઞાનનું મહત્ત્વ આપ્યું છે. તેમ ભક્તિનું પણ મહત્ત્વ આપ્યું છે. જ્યાં સુધી તમે તમારા સ્વરૂપને જાણશો નહિ ત્યાં સુધી પ્રભુની પ્રસનતાની કોઈ વાત નથી. થોડો વિચાર કરો કે જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થઈ જાય તેમાં ભગવાનની પ્રસન્નતાની વાત ક્યાં આવી ?

ભક્તિશાસ્ત્રો એમ કહે છે કે કેવળ પરમાત્માના સ્વરૂપને ઓળખવું અથવા આત્માને ઓળખવું પર્યાપ્ત નથી. આપણે એમ કહીએ કે મેં જગતને આ સ્વરૂપમાં જાણી લીધું, તમે એમ કહો કે મેં આત્મા પ્રાપ્ત કરી લીધો, કદાચ તમે એમ પણ કહો કે મેં પરમાત્માના સ્વરૂપ વિશે શાસ્ત્રો વાંચી લીધા છે. પણ શ્રી મહાપ્રભુજી એમ કહે છે કે "તો એ વાત અધૂરી છે, કારણ કે તમે જ્યાં સુધી ભગવદ્ ભક્તિ કરી નથી, જ્યાં સુધી તમે ભગવાનને સેવ્યા નથી, જ્યાં સુધી તમે એની ઉપાસના કરી નથી ત્યાં સુધી તમારું એ કાર્ય અધૂરું છે." એટલે અહીં કહ્યું છે, भक्तया

પ્રસન્નેતુ તમારી અંદર રહેલા જ્ઞાનથી પરમાત્મા પ્રસન્ન થતા નથી પરંતુ તમારી અંદર રહેલી ભક્તિથી પરમાત્મા પ્રસન્ન થયા છે અને આ વાત સાચી છે.

પ્રભુની પ્રાપ્તિ માટે ચાર પગથિયાં

કપિલ ભગવાને શરૂઆત જ ભક્તિ વિષયથી કરી છે. અને પછી તે આત્માને યોગ દ્વારા યોજિત કરવો. યોજિત કરવો એનો અર્થ છે પ્રભુની સાથે એને જોડવો.

પ્રભુ પ્રાપ્તિના આ ચાર પગથિયાં આપણે જાણ્યાં **પ્રથમ** પગથિયામાં આપણે શરીર વગેરેનું સ્વરૂપ જાણ્યું. **બીજા** પગથિયામાં આપણે જાણ્યું આપણું સ્વરૂપ. **ત્રીજા** પગથિયામાં આપણે ભગવાને ભજ્યા અને **ચોથા** પગથિયામાં આપણને ઈશ્વરની પ્રાપ્તિ થઈ. આ ચાર પગથિયામાં આખી કપિલ ગીતા સમાઈ જાય છે. આત્માને જાણવો, અને પરમાત્માને જાણવો, જે શબ્દો મૂળ આત્માની સાથે વણાયેલા છે. (૧) અનાત્મા (૨) આત્મા (૩) પરમાત્મા જેનામાં ચૈતન્ય શક્તિ નથી તેનું નામ અનાત્મા, દા.ત., શરીર, ઈન્દ્રિયો વગેરે, જેમાં ચૈતન્ય શક્તિ છે તેનું નામ **આત્મા** પણ જેમાં સત્ ચિત્ અને આનંદ છે તે પરમાત્મા. આ ત્રણેય પગથિયામાં ત્રણેયના સ્વરૂપને સમજવાની વાત કરી સાંખ્યે જાણો એટલે અનાત્માને જાણો, જ્ઞાન એટલે આત્માને જાણો. શક્તિ એટલે પ્રભુની સેવા કરો. અને આ ત્રણ પછી તમને ઈશ્વર પ્રાપ્તિ થાય અને યોગની આગળ 'સમ્' ઉપસર્ગ લગાડી દો તો **'સંયોગ'** થાય સંયોગ એટલે મોક્ષ. એટલે કપિલ ભગવાને આ બધા મુદ્દાની વાત કરી છે. પરંતુ માતા દેવહૂતિએ પહેલો પ્રશ્ન પૂછ્યો છે. ભક્તિ વિશેનો.

ભક્તિની વ્યાખ્યા અને મહિમા.

કપિલ ભગવાને ભક્તિને પ્રાધાન્ય આપીને સર્વ પ્રથમ ભક્તિની વ્યાખ્યા કરી. ભક્તિની એ વ્યાખ્યાને અહીં ભક્તિનું મહત્ત્વ સમજાવ્યું પરંતુ ભાગવતજીમાં ભક્તિની ચર્ચા ક્યાંક ક્યાંક વ્યાખ્યાના રૂપમાં થઈ છે. આ એક બહુ સરસ વાત થઈ છે. મોટે ભાગે શુકદેવજીએ ભક્તિની શાબ્દિક વ્યાખ્યા કરી નથી. ક્યાંક ક્યાંક એવા થોડાક શ્લોકો આવે છે કે જે શ્લોકમાં આપણને ભક્તિનો પરિચય મળે પરંતુ ભક્તિ શબ્દની વ્યાખ્યા 'ભક્તિસૂત્ર'માં કરી નારદજીએ અને શાંડિલ્યઋષિએ કરી છે. તે બહુ સ્પષ્ટ વ્યાખ્યા છે અને લગભગ એવી જ સ્પષ્ટતા કપિલ ભગવાને કરી છે. આપણે પહેલાં કપિલ ભગવાને કરેલી વ્યાખ્યા સમજીએ.

શ્રી ભગવાનુવાચ.

દેવાનાં ગુણલિંગાનામાનુ શ્રવિક કમર્ણામ્ ।
સત્વ એવૈકમનસો વૃત્તિઃ સ્વાભાવિકી તુ યા ॥
અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેર્ગરીયસી ।
જરયત્યાશુ યા કોશં નિગીર્ણમનલો યથા ॥

તેમણે ભક્તિનું તત્ત્વ સમજાવ્યું છે. જરાક અટપટી લાગે એવી આ ભાષા છે. કપિલ ભગવાન કહે છે. "હે માતા, જેનું ચિત્ત પ્રભુમાં લાગેલું છે. એવા માનવી વેદ વિહિત કર્મોમાં લાગેલી અને વિષયોનું જ્ઞાન કરાયેલી ઇન્દ્રિયોની જે સ્વાભાવિક પ્રવૃત્તિ છે તે જ પ્રભુની ભક્તિ છે. તે મુક્તિથી પણ અધિક છે કારણ કે ખાધેલાં અનાજને તો પચાવે છે એ જ રીતે આ ભક્તિ કર્મ જનિત શરીરને તત્કાળ ભસ્મ કરી દે છે.

ભક્તિની સૂક્ષ્મતા.

ભક્તિની સૂક્ષ્મતા સમજવામાં જરા અઘરું લાગશે પણ આપણે એને ટુકડા પાડી જરા સારી રીતે સમજીએ. શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીમાં બહુ સરસ ચિતાર આપ્યો છે કદાચ એવું બને કે મૂળ ભાગવતનો અનુવાદ વાંચી જાવ. અને થોડું સમજો કે આમાં શુ કહેવામાં માગે છે.

દૈવી અને આસુરી જીવ

કપિલ ભગવાન એમ કહેવા માગે છે કે મનુષ્યના સ્વરૂપમાં જે (દસ કે અગિયાર) ઇન્દ્રિયો છે તેના બે પ્રકાર છે તે (૧) દૈવી (૨) આસુરી. જેમકે આપણું દ્રવ્ય ભગવત્ કાર્યમાં વપરાયું તો એ દ્રવ્ય દૈવી કહેવાય અને આપણા ભોગવિલાસમાં વપરાયું તો તે 'આસુરી'. આખી સૃષ્ટિને પણ શ્રીમદ્ વલ્લભચાર્યે બે વિભાગમાં વહેંચી છે તે કહે છે, "આ જગતમાં જેટલા જીવો છે, એ તમામ જીવોમાં બે ગુણ છે; દેવી અને આસુરી. આસુરી; જીવો એટલે કે જેના જીવનમાં ભક્તિ નથી. જ્ઞાન નથી. વેદશાસ્ત્રનું જ્ઞાન નથી. વૈરાગ્ય નથી. તપ નથી. પવિત્રતા નથી. ટૂંકમાં કહીએ તો 'ધર્મ' નથી. બિલકુલ અધર્મી, નાસ્તિક, ભોગવિલાસમાં જીવનારા કેવળ ભૌતિકતાને માનનારાછે. ભૌતિક સુખ માનનારા છે.

દૈવી જીવોના બે ભાગ

દૈવી જીવો પોતાના કલ્યાણ માટે કાંઈકને કાંઈક પ્રયત્ન કરે છે. શ્રી મહાપ્રભુજીએ એ દૈવી જીવોના પણ બે ભાગ પાડ્યા છે. (૧) મર્યાદાજીવ અને પુષ્ટિ જીવ જે જીવોને વેદની મર્યાદા છે જે જીવોને અંતમાં મોક્ષ નામનું ફળ મળવાનું છે. જે જીવોને

ભગવાનના સ્વરૂપ શક્તિનું અને યોગમાર્ગ દ્વારા કે જ્ઞાનમાર્ગ દ્વારા પ્રભુ સુધી પહોંચવાના છે. તે બધાને **'મર્યાદા જીવ'** કહે છે. તેને જ્ઞાનમાર્ગ દ્વારા કે મર્યાદા ભક્તિ દ્વારા જરૂર તેને ભગવાન પ્રાપ્ત થશે. તે મર્યાદાજીવો કહેવાય.

પુષ્ટિ જીવોનો અર્થ પણ શ્રી મહાપ્રભુજીએ બહુ સરસ રીતે કર્યો છે. પુષ્ટિ જીવ એટલે જેને પોતાનાં સાધન ઉપર વિશ્વાસ નથી. પણ પ્રભુની કૃપા દૃષ્ટિ ઉપર વિશ્વાસ છે."મારા પ્રભુ, મને તારશે એવું સમજીને કેવળ પ્રભુના શરણમાં" રહેનારો જીવ તે પુષ્ટિ જીવ કહેવાય છે." આ વ્યાખ્યા બહુ સ્પષ્ટ કરી છે એટલે એવી રીતે જીવોના બે ભાગ પાડ્યા.

ઈન્દ્રિયોના બે પ્રકાર બતાવ્યા.

શ્રી મહાપ્રભુજીએ આપણી ઇન્દ્રિયોના પણ બે ભાગ પાડ્યા છે. દૈવી અને આસુરી. આ વાત તેઓશ્રીએ બહુ સારી રીતે સ્પષ્ટ કરી છે. જે ઇન્દ્રિયો વેદોથી અલંકિત જ્ઞાનને ઉત્તમ કરે છે એ ઇન્દ્રિયો 'દૈવીરૂપ' છે અને જે ઇન્દ્રિયો લૌકિક કર્મોને ઉત્પન્ન કરે છે તે 'આસુરી' ઇન્દ્રિયો છે. આ વાત જરા સ્પષ્ટ કરીએ. જો મારા હાથ કેવળ સાંસારિક કાર્યો માટે જ વપરાતા હોય તો મારા હાથની ઇન્દ્રિયો પણ આસુરી છે. અસુર શબ્દનો ઉપયોગ જો આપણે કરીએ તો કે 'અસુર જેવો છે." તો તેને ગાળ લાગે. અસુર શબ્દનો અર્થ ઘણા શાસ્ત્રકારોએ કર્યો છે. અસુર એટલે રાક્ષસ નહિ, દૈત્ય નહિ. પણ સંસ્કૃતમાં પ્રાણ માટે આસુ શબ્દ છે. જે કેવળ પોતાના પ્રાણમાં જ રચ્યોપચ્યો રહે એને અસુર કહે છે. પોતાના સુખ માટે જ જીવે તે અસુર છે. બધી ઇન્દ્રિયો કેવળ આપણા જીવન નિર્વાહ માટે વપરાતી રહે તો આપણી તમામ

ઇન્દ્રિયો આસુરી છે. જગતના તમામ જીવોની ઇન્દ્રિયોની આ વાત કરી છે. એટલે કે બ્રાહ્મણ, વૈષ્ણવ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, સ્ત્રી, પુરુષ, રાજા, રંક માટે આ નિયમ લાગુ પડે છે.

ઇન્દ્રિયોના પ્રકાર ને કાર્ય

શ્રી મહાપ્રભુજી કહે છે કે, "જે ઇન્દ્રિયો અલૌકિક કર્મો કરે, અલૌકિક જ્ઞાન જેનાથી ઉત્પન્ન થાય એવું કર્મ કરે એને દૈવી ઇન્દ્રિયો કહેવાય". ઇન્દ્રિયો બે જાતની છે (૧) કર્મની ઇન્દ્રિયો, (૨) જ્ઞાનની ઇન્દ્રિયો કર્મેન્દ્રિયો એટલે તેને સાદી ભાષામાં કહીએ તો આપણી કર્મેન્દ્રિયો સારાં કાર્યોમાં વપરાય. આપણી જ્ઞાનેન્દ્રિયો સારું સારું જ્ઞાન પ્રાપ્ત કરે. આપણી આંખ પણ જગતનું સારું સારું જોવા પ્રેરાય, આપણા કાન દ્વારા હંમેશાં સારા શબ્દો, સારી વાત સાંભળીએ, આપણું મન હમેશા સારા વિચારો કરે.

આસુરી અને દૈવી ઈન્દ્રિયો

આપણી બધી જ ઈન્દ્રિયો દોષ તરફ નહિ પરંતુ ગુણ તરફ ગતિ કરે. તો તે ઇન્દ્રિયો દૈવી જાણો. તેનાથી ઊલટું આપણી આ સર્વ જ્ઞાનેન્દ્રિયો જો અન્યનું ખરાબ જોવામાં વપરાય તો તે ઇન્દ્રિયો આસુરી છે. કોઇનું ખરાબ બોલીએ કે સાંભળીએ, કોઇનો દોષ તરફ નહિ જોતાં તેના દોષ ગુણ-સદ્‌ગુણ તરફ જુઓ, સારા ગ્રંથોનું વાચન કરવાનું મન થાય તો આપણી બુદ્ધિ દૈવી છે. ભક્તિથી અને ધર્મથી વિમુખ એવા ગ્રંથો વાંચવાનું મન થાય તો આપણી બુદ્ધિ આસુરી છે. અને જગતને ત્રાસ આપવાની વૃત્તિ જાગે તો આપણી પ્રક્રિયા આસુરી છે.

શ્રી મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે, "તમારી ઇંન્દ્રિયો કઇ તરફ ગતિ કરી રહી છે"? તેમાંથી શું ઉત્પન્ન કરે છે તે જુઓ." આગળ જતાં સમજાવે છે, "તમારી કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોમાંથી શું ઉત્પન્ન થાય છે? તેના ઉપર નજર કરો. તે શું કર્મ કરે છે? તે ક્યું જ્ઞાન ઉત્પન્ન કરે છે? તે અલૌકિક કર્મ અને અલૌકિક કાર્ય કરે છે? અને એ દ્વારા વિદ્વત્તાનું પ્રાગટ્ય થતું હોય, ધર્મની નિષ્પત્તિ થતી હોય તો તે ઇંન્દ્રિયો દૈવી છે. એટલે એક વાત આગળ એ આવી કે ભક્તિ કરે એણે નિર્મળતા રાખવી જોઇએ. નિર્મળતા એ પણ એક ગુણ છે, દૈવી શક્તિ છે. આપણી પાંચે કર્મેન્દ્રિયો, પાંચે જ્ઞાનેન્દ્રિયો અને આપણું અંતઃકરણ આ બધું નિર્મળ હોવું જોઇએ.

આ જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને અંતઃકરણ નિર્મળ હોય તો ભક્તિનું પ્રાગટ્ય થાય છે. કપિલ ભગવાને ભક્તિની જે વ્યાખ્યા કરી છે, તે બહુ સુંદર રીતે કરી છે અને એ જ સ્પષ્ટ વ્યાખ્યા છે. જ્યાં સત્સંગ છે ત્યાં સારું વાતાવરણ છે અને ત્યાં જ નિર્મળતા છે અને ત્યાં જ ભક્તિનું પ્રાગટ્ય થાય છે એટલે જ આ નિર્મળ ઇંન્દ્રિયો દૈવી કહેવાય.

ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો.

અહીં એક વાત એ છે કે, જ્યારે ઇંન્દ્રિયો નિર્મળ બની જાય છે ત્યારે એના અધિષ્ઠાતા દેવતા સાથે તેની એકતા સર્જાય છે. આપણી જેટલી ઇંન્દ્રિયો છે એટલા અધિષ્ઠાતા દેવતાઓ છે. આંખ એનો અધિષ્ઠાતા દેવ સૂર્ય છે, આપણી નાસિકાના આપણી વાણીના મુખના અધિષ્ઠાતા દેવ અગ્નિ છે. આપણી

જિહ્વા (જીભ)ના અધિષ્ઠાતા દેવ વરૂણ છે. કાનના અધિષ્ઠાતા દેવ વાયુ આપણી બે ભુજાના અધિષ્ઠાતા ઇન્દ્રને આપણે પ્રાર્થના કરીએ કે, "હે ઇન્દ્ર, તું મારા પર કૃપા કર". ત્યાં એનો અર્થ એ પણ થાય કે આપણા હાથને દિવ્ય કાર્ય કરવાની વિનંતી કરીએ છીએ. આ તમામ અધિષ્ઠાતા દેવો ક્યાં ક્યાં છે તેની વિગતવાર ચર્ચા શ્રીમદ્ ભાગવતમાં છે. તે વાંચો તો તમને બધો ખ્યાલ આવે. આપણી અગિયાર ઇંન્દ્રિયો છે એના અગિયાર અધિષ્ઠાતા દેવો છે.

આપણી ઈંન્દ્રિયો જ્યારે ભૌતિક કાર્યોમાં રહે છે ત્યારે એના દેવતાઓનો ઇંન્દ્રિયો સાથે સંબંધ હોતો નથી. પરંતુ જ્યારે આપણી ઇંન્દ્રિયો સત્કાર્યોમાં પરોવાય છે, ધર્મનું કાર્ય કરવા પ્રેરાય છે. ત્યારે ઇંન્દ્રિયો નિર્મળ થવાની સાથે તેના પોતાના દેવતા તેની અંદર પ્રવેશે છે. અને દેવતા પ્રવેશવાની સાથે ઇંન્દ્રિયો દૈવી બની જાય છે.

ભગવાન કપિલ આ પ્રકારે કહે છે કે "દૈવી ઇંન્દ્રિયોની રુચિ સતત ભગવાન તરફ જ રહે છે." કપિલ ભગવાનની આ વાણી તો શ્રીમદ્ ભાગવત સિવાય ક્યાંય સાંભળવા નહિ મળે. આ વસ્તુ આપણે ફરીથી ટૂંકમાં સમજીએ.

પ્ર
ક
ર
ણ
૧૦મું

ભક્તિમાં સૂક્ષ્મ દૃષ્ટિ

ઈન્દ્રિયોની નિર્મળતા-મોક્ષનું મૂળ

માનવી સારાં વાતાવરણમાં રહે એટલે એનામાં નિર્મળતા આવે અને એ નિર્મળતા ઈન્દ્રિયોમાં આવે. અને અંતઃકરણમાં પણ આવે. એટલે એનામાં ભગવાનમાં શ્રદ્ધા આવે અને તેથી રતિ (ભાવ) બને છે. રતિનો પ્રવેશ થાય એટલે ભક્તિ બને. કપિલ ભગવાને કહ્યું છે, "આપણી બધી ઈન્દ્રિયો. આપણું મન શુદ્ધ થાય તો આ સૌ દૈવી ઈન્દ્રિયો આપણને ઉપાસના તરફ લઈ જશે.

કારણ કે એ સર્વ અગિયાર-ઈન્દ્રિયો અને મનના અધિષ્ઠાતા-દેવો અંદર બેઠા છે." આપણે દીવો પ્રગટાવીએ તો તેની જ્યોત ઉપર જાય છે. તેમ દેવોની ગતિ પણ ઊર્ધ્વગામી હોય છે.

ઊર્ધ્વગતિ અને અધોગતિની પરીક્ષા

પાણીનો સ્વભાવ હંમેશા નીચે જવાનો છે. અને દીવાની જ્યોત ઉપર તરફ ગતિ કરે છે. આપણું મન કે આપણી ઈન્દ્રિયો છે તેની પરીક્ષા આ રીતે જ થાય. તે ઈન્દ્રિયો ઊર્ધ્વગામી છે કે અધોગામી છે તે જુઓ આપણી આ અગિયાર ઈન્દ્રિયો જોઆ સુરીવૃત્તિવાળી હશે તો તે અધોગામી છે. આપણાં વ્રતો એકાદશી વગેરે એટલા માટે કરવાનાં છે કે આપણી ઈન્દ્રિયો નિર્મળ બને પછી આપણે તે વ્રતમાં વિવિધ વાનગીઓ ખાવ તો શા માટે તમે દશમનો ઉપવાસ નથી કરતાં ? એકાદશીને દિવસે ઉપવાસ કરવાનું કારણ એ છે કે માનવીની જે એક + દશ = અગિયાર ઈન્દ્રિયો છે તે નિર્મળ બને તે માટે આ વ્રતનો ઉપવાસનો મહિમા છે. નિર્મળતા આવે એટલે સત્સંગ આવે

ઈન્દ્રિયોની શુદ્ધિ દ્વારા ભક્તિ પ્રગટે

આપણને શાસ્ત્રો દ્વારા, ગુરુ દ્વારા, વેદ કર્મો બતાવ્યાં છે તે પ્રવૃત્તિ દ્વારા થાય એ કાર્ય કરતાં તેનું મન પણ પ્રભુમાં લાગેલું હોય, પછી તે સગુણ રૂપમાં કે નિર્ગુણરૂપમાં હોય, કપિલ ભગવાને ભક્તિની વ્યાખ્યા કરી છે. પહેલી વ્યાખ્યા એ કરી કે દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન દૈવી અને અહીં ઈન્દ્રિયોની વાત આવી છે. તે દૈવી મનથી પ્રવૃત્ત થાય. દૈવી કર્મો તરફ પ્રવૃત્ત બને અને પ્રભુમાં લાગેલા રહે. મન દૈવી હશે તો સારાં કર્મો થશે. શરીરની વાત અલગ કરતા નથી. શરીરનું મુખ્ય કાર્ય તો

ઇન્દ્રિયોથી થાય છે. એટલે કે એક જીવાત્માની સમસ્ત ઇન્દ્રિયો અને એનું અંતઃકરણ પ્રભુમાં લાગે એનું નામ ભક્તિ. શ્રીનારદજીએ ભક્તિસૂત્રમાં ભક્તિની જે વ્યાખ્યા કરી છે. તે બહુ સરળ છે. માનવીના કણેકણમાં આખા વિશ્વની દશે દિશામાં જે અનુભવાઈ રહ્યું છે. તે આકાશ રૂપે પણ છે. એ વાયુરૂપે છે, અગ્નિરૂપે છે. એ જગત રૂપે છે. એજીવ રૂપે પણ છે. વાસુદેવજીએ ગીતામાં કહ્યું છે, " એક વાર માનવીનું મન એટલી બધી ઉત્સુકતાએ પહોંચી જાય છે. અર્થાત્ આખું વિશ્વ પરમાત્માનું છે. એ રૂપે જેને અનુભૂતિ થાય છે તેવા ભક્તને 'પરમ પ્રેમ સ્વરૂપ' પ્રભુમાં પરમ પ્રીતિ થાય છે. એનું નામ છે ભક્તિ. પરંતુ શ્રી નારદજીએ તો ઈશ્વરમાં અનુરક્તિ, અનુરાગ, એવી વ્યાખ્યા કરી છે.

જગત પરત્વે આપણને રાગ રહે છે. બધો રાગ ભેગો કરીએ તો વિખરાયેલી બધી વૃત્તિઓ પ્રભુ તરફ વહાવો. એનું નામ છે ભક્તિ. પુષ્ટિ સંપ્રદાયમાં ભક્તિની વ્યાખ્યા જરા જુદી રીતે કરવામાં આવી છે. ભક્તિ શબ્દ બે શબ્દથી જ બને છે એક છે ક્રિયાપદ 'ભજીએ 'ભજ' ક્રિયાપદથી સંસ્કૃતમાં ઘણા શબ્દ બન્યા છે. ગણ પ્રમાણે ભજામિ 'ભજનમ્' ભજયતિ પણ આપણે તો બોલીએ છીએ 'ભજ' અને પાછળ પ્રત્યય લાગે છે. 'તિ' ભજન + તિ' ભક્તિ એનો અર્થ છે. સ્નેહથી સેવા કરવી. પુષ્ટિ માર્ગમાં ઠાકોરજીની સેવા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. તમે તમારા ભગવાનના સ્વરૂપને નિહાળો અને એ જ સ્વરૂપની ખૂબ જ ભાવથી સેવા કરો. ભક્તનું આ એક મહત્ત્વનું કાર્ય છે એક અંગ છે. અને એટલા જ માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ એના ઉપર ભાર મૂક્યો છે.

ભક્ત તો સર્વધર્મમાં સર્વ માન્ય છે.

બીજી એક અગત્યની વાત છે. વત્તેઓ છે અંશે તમામ ધર્મો અને સંપ્રદાયોએ આ સેવા પ્રકાર સ્વીકાર્યો છે. અને અપનાવ્યો છે. શ્રીમદ્ શંકરાચાર્યજીએ પણ સ્ફટિકનું ચંદ્રમૌલીશ્વરનું શિવલિંગ પોતાની પાસે રાખી તેની પૂજાનો નિત્ય ક્રમ રાખ્યો હતો. જ્ઞાનમાર્ગના આચાર્યોએ પણ સેવાનો ધર્મ અપનાવ્યો છે. યોગમાર્ગીઓએ પણ ઓછે-વત્તે અંશે સેવાનો ક્રમ અપનાવ્યો છે. એટલું જ નહિ જગતના જેટલા નિરાકારવાદી તત્ત્વચિંતકો થયા એમણે પણ લાંબે ગાળે ઓછાવત્તા અંશે મૂર્તિપૂજાના રૂપમાં પણ આ સેવાના સિદ્ધાંતને અપનાવ્યો છે. મુસલમાન નમાજ પઢશે તો ગમે તે બાજુ મોં રાખીને નહિ પઢે પણ પશ્ચિમ દિશામાં મોં રાખશે કારણ કે તેમને હજ કરવાની મક્કા, મદીના તે સૌ સ્થળ પશ્ચિમ દિશામાં છે. શીખો પણ ઈશ્વરને નિરાકાર સ્વરૂપમાં માને છે. કોઇ આકૃતિને માનતા નથી પણ 'ગ્રંથ સાહેબ'ની પૂજા કરવાનું ફરમાન તો કર્યું છે. તે વિધિ મૂર્તિપૂજાનો પ્રકાર છે

દરેક ધર્મમાં પૂજાની પદ્ધતિઓ છે

તમે ક્રિશ્ચિયનોના ચર્ચમાં જશો એ પણ ક્રોસની આગળ નમશે. ઈશ્વરનો આકાર નથી એવું માનનારા થોડા છે. કારણ કે માણસને આકારનું આલંબન જરૂરી છે. ગીતાજીના બારમાં અધ્યાયમાં ભગવાને સ્પષ્ટતા કરી છે. એટલે દરેક સંપ્રદાયમાં પૂજાની પદ્ધતિ ચાલે છે. બૌદ્ધ ધર્મ નિરાકારવાદી છે. પણ પરંપરાગત બુદ્ધની મૂર્તિ સ્થપાઈ છે પારસીઓ અગ્નિની પૂજા કરે છે. ઉપાસના વગર ધર્મ ચાલતો નથી

પુષ્ટિ સંપ્રદાયમાં ધર્મની જે વ્યાખ્યા કરવામાં આવી તે બહુ મઝાની છે. સેવ્યને સુખ આપવું તે સેવા

સેવા એ જ ભક્તિ છે.

સેવામાં સ્નેહ આવશ્યક છે. એ સ્નેહસૂચક શબ્દ લગાડવાથી ભક્તિનો અર્થ થાય છે. સેવાનો અર્થ છે સ્નેહ અર્થાત્ પ્રભુની એ પ્રકારની સેવા છે કે જેમાં સર્વ પ્રકારની સેવા હોય. આપણે ભગવદ્ સેવાનાં જે કાર્ય કરીએ છીએ એ બધી ભક્તિ છે. પ્રભુ કહે છે "તમે મારી જે સેવા ચર્ચા કરો તેમાં સ્નેહ નહિ હોય તે સ્વીકારાતો નથી" એટલે ભક્તિ શબ્દની જ્યાં જ્યાં ચર્ચા કરવામાં આવી ત્યાં ત્યાં આખરે તો એ વાત આવી કે જીવાત્મા એ પરમતત્ત્વ, પરમાત્માને પોતાના દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ એ બધાંને નિર્મળ બનાવી એમના કાર્યને માટે વાપરવા લાગે, તેનું નામ ભક્તિ. દરેક સંપ્રદાયમાં ભક્તિની જુદી જુદી વ્યાખ્યા કરી છે.

ભક્તિના પ્રકાર તરફ દ્વેષ ન રાખો

કોઈ કહે શંકર ભગવાન ઉપર દૂધ ચડાવીએ તો ભગવાન પ્રસન્ન થાય, કોઈ ફૂલ ચડાવે તો વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય. વાત તો ભગવાનને સમર્પિત કરવાની છે. તેમાં આ સાચું છે. કે આ ખોટું છે ? તેમ કેવી રીતે કહી શકાય ? આપણે ત્યાં એક ઉપાધિ છે કે હું જે કહું છું તે જ સાચું છે આ હઠાગ્રહ નકામો છે. જે માણસને ભગવાનની ભક્તિ કરવાની છે. જે સંપ્રદાય, અનુસાર તેને જે ભક્તિ મળી છે તે બરાબર છે. ભક્તિ વિશે ભગવાન કપિલે જે ભક્તિની વ્યાખ્યા કરી છે તે કોઈ ધર્મ કે સંપ્રદાય સાથેની વાત કરી નથી તમે સારા વાતાવરણમાં રહો. તમારું હૈયું

નિર્મળ બને. અને તેથી દૈવી ભાવ આવે એટલે એના દ્વારા જે કર્મ થાય તે તમામ કર્મઊર્ધ્વગામી હોય. પ્રભુ તરફ લઈ જનારા હોય, એનું નામ છે મોક્ષ.

ભક્તિ સાથે કરવાનું કાર્ય

તમે કહો કે ભક્તિ કર્યા પછી અમારે શું કરવાનું ? ભગવાન કહે છે, "તમારે કાંઈ કરવાનું નથી ભક્તિ પોતે જ કરશે." કપિલ ભગવાન કહે છે. "તમે ભોજન કરો છો તો તેને પચાવવાનું કાર્ય જઠરનું છે તે પચાવે છે. ભોજન કરવાનું જ કામ તમારું છે. પચાવવાનું કામ તમારા હાથમાં નથી, અંદર રહેલો, જઠરાગ્નિ એને પચાવે છે; એવી રીતે ભક્તિ કરવાનું કામ તમારું છે, ભક્તિનું ફળ અનાયાસે જ મોક્ષ પ્રાપ્તિમાં મળશે."

ભક્તિની સાધન અવસ્થાઓ જોઈએ તો સાધન અવસ્થામાં થયેલ ભક્તિ ભક્તોના જીવનની અંદર ઊતરે છે. જે ભક્ત મારા ચરણની સેવામાં આસક્ત થાય, સેવામાં તત્પર રહે, ભક્તો પરસ્પર એકબીજામાં મળીને મારા ગુણોની પરસ્પર ચર્ચા કરે, મારા ગુણગાન કરે, મારી સ્તુતિ કરે છે અને સત્સંગ દ્વારા ભક્તિ કરે છે.

સત્સંગ દ્વારા ભક્તિનું સ્વરૂપ

આગળ આપણે જોયું કે, સત્સંગ સાધન છે. સત્સંગ કર્યો એટલે શું મળ્યું ? તો ફળ છે ભગવાનનો સાક્ષાત્કાર. કપિલ ભગવાન કહે છે, "હે માતા, આવા સાધુ, સંતો અને ભક્તો મારા સ્વરૂપનાં દર્શન કરે છે." તો તે સ્વરૂપ કેવું છે ? સાંખ્ય યોગ કહે છે, "ભગવાને કુંડળ ધારણ કર્યાં છે, લાલ નેત્રો છે. પ્રસન્ન મુખ છે, વરદાયક સ્વરૂપ છે. એનું દિવ્ય રૂપ છે. સત્સંગ કર્યો તે.

થયું સાધન અને પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો તે દર્શન થયું ફળ. બસ આ છે સાંખ્યનો અર્થ.

કોઈ કહે કે, એક મહિનો ઉપવાસ કરો, રાજસૂય યજ્ઞ કરો તો તે અશક્ય છે, એક પગ પર ઊભા રહી તપ કરો તો પણ અઘરું લાગે પણ સત્સંગ કરવો એ અઘરું સાધન નથી. માત્ર પ્રવચન સાંભળવું એવો અર્થ નથી પણ સારા વાતાવરણમાં રહેવું, ભગવાનનાં ગુણગાન ગવતાં હોય ત્યાં જવું એટલે સાંખ્યની શરૂઆત થઈ.

સત્સંગના પ્રકાર

શ્રવણ કરવું, કીર્તન કરવું, સ્મરણ કરવું, સદ્‌ગ્રંથનોનું વાચન કરવું આ બધાં સત્સંગના પ્રકારો છે. એના દ્વારા પ્રભુના સ્વરૂપનું દર્શન થશે. ઘણીવાર મનમાં એવું થાય કે ભગવાનનું વર્ણન શાસ્ત્રકારોએ જુદી જુદી રીતે વર્ણવેલું છે તો ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ કયું ? કેટલીક વખત સ્થૂળ દૃષ્ટિએ વિચારતાં એમ થાય કે, જુદા જુદા ધર્મમાં જુદી જુદી રીતે વર્ણન કરે છે. પરમાત્મા વિશે જુદી જુદી વાતો કરે છે. ખુદ વેદમાં પણ ભગવાનનાં જુદાં જુદાં વર્ણનો અને વિભાગો બતાવ્યાં છે તો આમાંથી સાચું શું ? તો મુંઝાવાની જરૂર નથી. આ બધું જ સાચું છે.

નરસિંહ મહેતાએ એ વાત કરી,

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ. જૂજવે રૂપ અનંત ભાસે."

તો ભગવાનનાં રૂપ કેટલાં ? જગતમાં જેટલાં રૂપ છે એ બધાં એનાં જ રૂપ છે. ગીતાજી પણ એમ જ કહે છે, " હું એવા પંડિતને માનું છું કે જેને એક પવિત્ર બ્રાહ્મણમાં પણ ભગવાન દેખાય અને

કૂતરામાં પણ ભગવાન દેખાય. બાકી કાશી જઈ શાસ્ત્ર ભણી આવ્યો એટલે પંડિત થઈ ગયો એ વાત ખોટી છે. માત્ર પાંડિત્ય આવ્યું એમાં શું થઈ ગયું ?" માનવીના જીવનનું અંતિમ લક્ષ્ય અથવા અંતિમ પુરુષાર્થ કયો? જીવનને અંતિમ પુરુષાર્થ છે મોક્ષ.

પાંચસો વર્ષ પહેલાનો સંતયુગ

વેદ શાસ્ત્રોમાં ચાર પુરુષાર્થ બતાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એટલે કે છેલ્લે મોક્ષની વાત આવી. આજથી પાંચસો વર્ષ પહેલાં આપણા દેશમાં ભક્તિમાર્ગ પરંપરાનો વિકાસ થયો. કે જ્યારે ભક્તિનું એક બહુ જ મોટું મોજું આવ્યું. એવું કહેવાય છે કે સમગ્ર ભારતવર્ષમાં ચારેબાજુ ભક્તિ ફેલાઈ ગઈ. અને તમે જુઓ કે ભક્તિમાર્ગના કેટલા બધા મહાનુભાવો એક જ સમયે થયા.

એક બાજુ શ્રીમદ્ વલ્લભાચાર્યનું પ્રાગટ્ય થયું, બીજી બાજુ ચૈતન્ય, મીરાં, કબીર, સૂરદાસ, દાદુ તુલસીદાસ, વગેરે સૌ સમકાલીનો સોળમી શતાબ્દીમાં. દેશમાં ભક્તિનો સુવર્ણયુગ સ્થાપ્યો, ભક્તિનો વિકાસ ઘણો થયો છે.

અંતિમ લક્ષ્ય મોક્ષ નહિ પણ ભક્તિ

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે, પહેલાં શ્રીમદ્ ભાગવતને આટલું મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું. આ આખી પદ્ધતિમાં એક નવી વાત આપણી પાસે આવી, વાત તો હતી. એ કાંઈ નવી નથી પણ લોકોની નજરમાં આવી ન હતી. લોકો એમ માનતા હતા કે, ધર્મ, અર્થ,કામ એ બધું કરતાં કરતાં છેવટે મોક્ષ મેળવવો જોઇએ.

આપણા મહાનુભાવો એટલે કે ભક્તિમાર્ગના આચાર્યોએ તો એમ કહ્યું છે કે, શ્રીમદ્ ભાગવત, રામાયણમાં ભગવાનના ચરિત્રોના પ્રસંગો વાંચતાં એમ જોવામાં આવે છે કે "માનવીનો અંતિમ પુરુષાર્થ મોક્ષ કે મુક્તિ નથી પરંતુ ભક્તિ છે." આ એક નવી વાત હતી પણ લોકોની સામે ન હતી. ભક્તિમાર્ગના બધાય સંતો, ભક્તો, મહાત્માઓએ કરી. શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં એક અદ્ભુત વાત મૂકી. જેમ અંદરથી વસ્તુ ઉભરાઈને બહાર આવે એવી રીતે આ વાત બહાર આવી. "પ્રભુની ભક્તિ મોક્ષ માટે નથી." શ્રીમદ્ શંકરાચાર્યજી કહે છે કે અંતિમ લક્ષ્ય તો મોક્ષ છે.

આદિ શંકરાચાર્યજીના વિચારો

આદિ શંકરાચાર્યના કેટલાક શ્લોકો વાંચતાં શંકા પેદા થાય છે કે ખરેખર આ શ્લોકો શંકરાચાર્યજીના છે ? શંકરાચાર્યની વાણીમાં આ વિરોધાભાસ કેમ ? એક બાજુ શંકરાચાર્ય બ્રહ્મસૂત્ર કે ઉપનિષદમાં કહે છે, કે 'મોક્ષ એ અંતિમ ફળ છે.' પણ જ્યારે તેઓ દેવ કે દેવીની સ્તુતિ કરતા હોય ત્યારે કહેતા હોય છે કે મને સુખની કામના નથી પરંતુ મને બસ એકજ કામના છે કે હું ભક્તિ કરું." તો કેટલાક અષ્ટકો, સ્તોત્રોમાં કથે છે કે મારે નથી જોતો મોક્ષ, વૈભવ નથી જોતો, મને કોઇ સુખની કામના નથી છતાં એ એમ કેમ કહે છે કે મને ભક્તિ મળે. આ વિરોધાભાસ બાહ્ય દૃષ્ટિએ જણાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇશું તો એ સ્પષ્ટ કહે છે કે મોક્ષ પણ ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. પણ નિષ્કામ ભાવનાની ઉદાત્ત દૃષ્ટિએ તે મોક્ષના ફળની કામના કરતા નથી. આ એક જબ્બરદસ્ત બ્રહ્માર્પણ ભાવના રજૂ કરે છે. એ વ્યક્તિના અધિકાર ભેદને લક્ષમાં લઈને વિવિધ વાતો કરે છે.

ભક્તિની મહત્તાને તુલસીદાસ 'માનસ ચરિત' માં લખે છે. આ વાત ભાગવતમાં પણ છે. પરમતત્ત્વ પામ્યા પછી મોક્ષ મળે તો પણ વૃથા છે અને મોક્ષ ન મળે તો પણ વૃથા છે. ખરી તો પરમતત્ત્વની જ ભક્તિ છે. અને ભક્તિનું જ એ ફળ છે. કપિલ ભગવાનનો કહેવાનો અર્થ એ છે કે "ભક્તિ માણસને આનંદની કક્ષાએ પહોંચાડે છે તેની આગળ મોક્ષનો આનંદ પણ ફિક્કો લાગે છે." શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં અનેક વાર આની ચર્ચા કરી છે. શુકદેવજીને જે સુખ સમાધિમાં નથી મળ્યું તે ભાગવત ભણાવવામાં તેમને ખૂબ મળ્યું છે. આનો અર્થ સ્પષ્ટ છે કે મુક્તિ કરતાં ભક્તિ ઉત્તમ છે. મુક્તિનો અર્થ છે છૂટવું મુક્ત થવું.

મુક્તિ એટલે સંસાર - બંધનમાંથી છૂટવું

મુક્તિનો અર્થ બતાવે છે કે તમે બંધનમાં છો. તો મુક્તિ શામાંથી ? તો કહીએ કે બંધનમાંથી ! કોઇ અનિચ્છનીય વસ્તુમાંથી આપણે બહાર આવીએ એનું નામ મુક્તિ. સંસારનાં દુ:ખોમાંથી આપણે જ્યારે બહાર આવ્યા ત્યારે આપણે મુક્ત થયા. કહેવાય છે કે મુક્તિનો અર્થ છે સંસારનાં બંધનમાંથી છૂટવું. જન્મ-મૃત્યુના બંધનમાંથી છૂટવું, આધિભૌતિક, આધિદૈવિક દુ:ખોમાંથી પર થઈ જવું. દુ:ખોમાંથી બહાર નીકળી ગયા એટલે આપણને મુક્તિ મળી ગઈ એ બરાબર છે.

મુક્તિ આપનાર ઈશ્વર પ્રત્યેની ફરજ

તમે દુ:ખમાંથી મુક્ત થયા એ બરાબર છે પણ તમને જેણે દુ:ખોમાંથી પર થવા સહાય કરી એ પરમતત્ત્વ તરફ તમારું કાંઈ કર્તવ્ય છે કે નહિ ? જંગલમાં થઈને તમે જતા હો. કોઈ લૂટારુએ તમને ઝાડ સાથે બાંધી દીધા. કોઈ સજ્જને તમારા બંધન.

છોડ્યા, તમે મુક્ત થયા; પછી તમારું એ કર્તવ્ય નથી કે જેણે તમને એ બંધનમાંથી મુક્ત કર્યા તેનો તમે આભાર માનશો કે નહિ ? તો આ સંસારના બંધનમાંથી અને સંસારના દુઃખોમાંથી જેણે આપણને ઉગાર્યા તો તેમના પ્રત્ય સ્નેહ પ્રગટ કરવો એનું નામ છે ભક્તિ. એટલા માટે જ મુક્તિ પછી ભક્તિ આવે છે. ગીતાજીમાં આ વાત બહુ સરસ રીતે કરી છે.

તેષામહં સમુદ્ધર્તા મૃત્યુ સંસાર સાગરાત્

"હું મારા શરણે આવેલા જે જીવો સંસાર-સાગરમાં ડૂબેલાં છે એને હું સારી રીતે બહાર કાઢું છું." એટલે કે મુક્તિ આપી દઉં છું.

ભક્તિનું લક્ષણ છે વિરક્તિ

ભક્તિનું લક્ષ્ય એક જ છે ભગવાનના ધામમાં પહોંચવું. ભક્તિનું એક લક્ષ્ય છે 'વિરક્તિ'. તે પુત્ર, પુત્રી, ધન, સંપત્તિ. ઈચ્છતા નથી. અરે તે મોક્ષની સંપત્તિને પણ ઈચ્છતા નથી. માતાને શંકા થઈ કે, "ભક્તિ કરે એને કશુંય મળે નહિ." તો કપિલ ભગવાને કહ્યું," મળે તો બધુંય પણ એ બધું મળવા છતાં એની એને પરવા નથી." પરંતુ ભક્તિ તો 'કલ્પલતા' છે. એની પાસે તમે પુત્ર માગો, ધન માગો, સોનાનું સિંહાસન માગો, તો એ બધું જ મળે પરંતુ ભક્તિનો આનંદ મળ્યા પછી એ બધો આનદ ફિક્કો લાગે છે. એટલે જ અહીં સ્વામી રામદાસની કથા યાદ આવે છે.

ત્યાગી રામદાસ અને શિવાજીનો પ્રસંગ

મહારાજ શિવાજીએ પોતાનું સમગ્ર રાજ્ય તામ્રપત્રમાં લખીને ગુરુ; સ્વામી રામદાસના ચરણમાં અર્પણ કર્યું. "સ્વામી

રામદાસે કહ્યું" મારે આવો જ શિષ્ય જોઈતો હતો." તેમણે કહ્યું," તારું રાજ્ય મારે શું કામનું ? અમને તો ભક્તિનું સામ્રાજ્ય મળ્યું છે." શિવાજીએ કહ્યું, "આ રાજ્ય તો મેં તમને અર્પણ કર્યું છે. હવે તે ગાદી પર મારાથી કેમ બેસાય ?" અર્પણ કરેલી વસ્તુ ભોગવીએ તો પાપ લાગે. છેલ્લે રસ્તા કાઢ્યો કે" તું મારા પ્રતિનિધિ તરીકે રાજ્ય કર."

સ્વામી રામદાસે તો ભક્તિનો રસ આપ્યો છે. ભક્તિની મધુરતા અનુભવી છે. એને તો મોક્ષ કે મુક્તિની પણ પરવા નથી તુચ્છ પદાર્થોની ઈચ્છા ક્યાંથી થાય ? જે વિરક્ત છે. જેનામાં સંસારના તમામ પદાર્થો પ્રત્યે વિરક્તિ પેદા કરી છે તેને ભૌતિક સંપત્તિની શી જરૂર ? ભક્તિ તો સૌથી ઉપરની સંપત્તિ છે. તે પરમ સાધન છે અને પરમ ફળ છે. ભક્તિનો એક બીજો લાભ છે તે એ છે કે કાળચક્રથી એ પર થઈ જાય.'

કાળચક્ર આઠ જગાએ સ્પર્શે

ભગવાનં કહે છે, "મારા ભક્તોને હું જ પ્રિય છું. હું જ આત્મા છું. હું જ એનો દેવ છું. હું જ એનો ઈષ્ટ છું. આવા મારા આશ્રયમાં રહેનારા ભક્તોના ધામમાં કાળનું ચક્ર પણ સ્પર્શી શકતું નથી. કાળચક્ર આઠ જગાએ અડે એવું શ્રી મહાપ્રભુજી કહે છે. કાળ એટલે નાશ કરે તે. સંસ્કૃત ભાષામાં કાળના બે અર્થ થાય છે. કાળ એટલે સમય અને કાળનો બીજો અર્થ છે મૃત્યુ. કાળ સંહારક છે. એનો સ્પર્શ આઠ જગાએ થાય છે. એ આઠ જગાઓ નીચે પ્રમાણે છે.

(૧) વિષય (૨) દેહ (૩) પુત્ર (૪) વિપ્ર (૫) ગુરુ (૬) સંબંધીઓ (૭) ઈષ્ટ અને (૮) કામના આ આઠેય વસ્તુનો કાળ

હમેશા નાશ કરતો હોય છે. આપણા વિષયોનો તથા અન્ય આઠેનો કાળ તો નાશ કરે જ છે. પરંતુ મારા ભક્ત માટે તો આ આઠે વસ્તુ હું પોત જ છું. પછી કાળ તેને કેવી રીતે સ્પર્શી શકે ? આપણી પાસે ભૌતિક વસ્તુ હશે તો તેનો નાશ થશે પણ આપણી પાસે દિવ્ય વસ્તુ હશે, તેનો નાશ કેવી રીતે થશે ?

પુષ્ટિ માર્ગના બે તત્ત્વ; સંબંધ ને સમર્પણ

પુષ્ટિ માર્ગમાં સંબંધ અને સમર્પણ આવી બે પ્રક્રિયા બતાવી છે. આપણા પુત્ર, પત્ની, પરિવાર ભગવાનને અર્પણ કરી દઈએ, કારણ કે એ વસ્તુ ભગવાનની બનાવેલી છે. તો કાળ તેને ક્યાં ખાવાનો છે ? કારણ કે હું જ નિયામક છું. હું જ આત્મા છું. મારા ભયથી વાયુ ચાલે છે, સૂર્ય તપે છે, ઈન્દ્ર વર્ષા કરી રહ્યો છે, અગ્નિ સળગવાનું કામ કરે છે ને મૃત્યુ પણ કાળ બને છે.

કપિલ ભગવાન કહે છે, "અગ્નિનો, વાયુનો, કાળનો અને સ્વયં મૃત્યુનો હું નિયામક છું. મારી ભક્તિ કરવાથી આ બધા ભય રાખવાની જરૂર નથી. મારા ભક્તને અભય પ્રાપ્ત થાય. આવો મારો ભક્ત મારા ચરણમાં પરમ વીરતાને પામે છે. આ રીતે આપણને ભક્તિની પૂર્વ ભૂમિકા સમજાવી. શ્રદ્ધા, રતિ, ભક્તિની વ્યાખ્યા કહી ભક્તિનું સાધન રૂપે ફળ, કલાત્મક રૂપે ફળ, મળે છે. ભક્તિ પામનારો અભયને પામે છે. આખા પ્રસંગમાં ભક્તિનો મહિમા સમજાવ્યો હવે પછી કપિલ ભગવાન સાંખ્યનું જ્ઞાન આપશે.

પ્રકરણ ૧૧મું

પુરુષ અને પ્રકૃતિ
સાંખ્યશાસ્ત્ર

માનવી સામે ત્રણ પ્રશ્નો

મનુષ્યને જન્મ લીધા પછી સંસારમાં જે અનુભવો થાય છે એ અનુભવો ક્યારેક એવા અદ્‌ભુત હોય છે કે એને એની પાસે કોઈ વ્યાખ્યા હોતી નથી. કેટલાક પ્રશ્નો માનવીની સામે આવીને ઊભા રહે છે. તેમાં પહેલો પ્રશ્ન તો એ ઊભો થાય છે કે "હું કોણ છું ?" પછી "આ જગત શું છે ?" હું અને આ જગત શું છે ? ગમે તે દર્શનશાસ્ત્ર હોય કે પછી કોઈ પણ પ્રકારનું ફિલોસૉફીની વ્યાખ્યા હોય ! પછી તે બૌદ્ધદર્શન હોય, ઈસ્લામદર્શન હોય, કે

ભારતીય વિવિધ દર્શનો હોય ! જગતના તમામ દર્શનશાસ્ત્રોએ આ ત્રણે વિષય પર ચિંતન કર્યું છે. ત્રણે વસ્તુનો જવાબ પણ પોતપોતાની રીતે વિચારેલો છે.

પ્રથમ પ્રશ્ન છે, જગત સંબંધી

અનાદિ કાળથી માનવીના મનમાં આ કુતૂહલ રહ્યા જ કર્યું છે કે "આ જગત વાસ્તવમાં છે કે નહિ ? તેને કોણે બનાવ્યું ? આપ મેળે બન્યું ? કે કોઈએ બનાવ્યું ? પરંતુ જેણે બનાવ્યું તેણે બુદ્ધિપૂર્વક બનાવ્યું છે. આ જગત અંગે કોઈ જવાબ છે ખરો ? તેનો જન્મ થયો છે ખરો ? આ જગત પણ ક્યારેય નાશ પામવાનું ખરું ? આ જગત કેવું અલૌકિક છે ? આ આખો પહેલા વિભાગનો પ્રશ્ન છે.

બીજો પ્રશ્ન છે મનુષ્યના અસ્તિત્વનો

મનુષ્યને પોતાના સંબંધનો પ્રશ્ન તો એ છે કે, મારું સ્વરૂપ શું છે ? હું ક્યાંથી આવ્યો ? મારે ક્યાં જવાનું છે ? જન્મ પહેલાં મારી શું સ્થિતિ હતી ! હું કેવો હતો ? આપણે સૌને મરતાં જોઈએ છીએ એટલે આપણને ખબર છે કે આપણું મૃત્યુ નિશ્ચિત છે. એટલે આ પ્રશ્ન આપણા મનમાં વારંવાર ઝબકે છે. મારા મૃત્યુ પછી હું ક્યાં હોઈશ ? કઈ જગ્યાએ હોઈશ ? મારું વ્યક્તિત્વ કેવું હશે ? સુખી થઈશ કે દુઃખી થઈશ ?

ત્રીજો પ્રશ્ન છે, "હું અને જગત"

બધાં કરતાં આ ત્રીજો પ્રશ્ન વધારે મહત્ત્વનો છે. જગત અને હું સિવાય ત્રીજું કોઈ મહાન તત્ત્વ છે ખરું ? કે જેને આપણે ઈશ્વર કહીએ છીએ, પરમાત્મા કહીએ છીએ, આ જગતનો કોઈ

નિયામક છે ખરો ? પરબ્રહ્મ-પરમાત્મા છે ? છે તો પછી ક્યાં છે ? જો છે તો પછી આપણને સૌને કેમ દેખાતો નથી ?

ઈશ્વરનું અસ્તિત્વ છે કે નહિ ?

સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો, વગેરે કેમ દેખાય છે ? તો પછી ઈશ્વર આપણને કેમ દેખાતો નથી ? માઈક્રોસ્કોપમાં આપણે બારીકમાં બારીક વસ્તુઓ જોઈ શકીએ છીએ અને હવે તો ઈલેક્ટ્રોનીક માઈક્રોસ્કોપ થયા છે, રેડિયો માઈક્રોસ્કોપ પણ થયા છે. એકદમ સૂક્ષ્મ વસ્તુઓને જેનાથી જોઈ શકાય છે તો પછી ઈશ્વરને કેમ જોઈ શકતા નથી ?

એક એવો પ્રશ્ન છે કે ઈશ્વરનો કોઈ આકાર છે ? શું નિરાકાર છે ? એનામાં દયા, ઉદારતા, ક્ષમા, કરુણા એવા ગુણ છે કે પછી સંપૂર્ણ રીતે નિર્ગુણ છે ? એટલે પરમાત્મા સંબંધી પણ આપણા મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવી શકે છે. એવા પ્રશ્ન ઉદ્ભવે એ સ્વાભાવિક છે.

સમૃદ્ધ ભારતીય દર્શનશાસ્ત્રો

જગતમાં જેટલાં દર્શનશાસ્ત્રો છે. એ તમામ દર્શન શાસ્ત્રોએ આ તમામ પ્રશ્નોના જવાબનો ઉલ્લેખ કર્યો છે. આ પ્રશ્ન વિશે વિચારવું જ પડે છે. ભારતીય તત્ત્વજ્ઞાને આ પ્રશ્ન ઉપર ખૂબ ખૂબ મનન કર્યું છે. પશ્ચિમના ચિંતકોએ પણ મનન કર્યું છે. જ્યારે તમે આ બે વસ્તુ સામે મૂકી તો તમને દેખાશે કે પશ્ચિમના ચિંતકોએ આપણી ઘણી વાત સ્વીકારી છે. પણ એ ઓ એટલા બધા ઊંડાં જઈ શક્યાં નથી. આપણા ભારતવર્ષમાં જેટલાં મહાનુભાવો થઈ ગયા છે તેમની પાસે ઊંડાણ હતું, આર્ષદર્શન હતું અને તેટલા માટે જ આખા વિશ્વમાં જો અગ્રેસર હોય તો તે

ભારતીય દર્શનશાસ્ત્ર છે.

આપણે આધુનિક વિજ્ઞાનમાં પાછળ છીએ, ટેક્નોલોજીમાં પાછળ છીએ, સ્વચ્છતામાં પણ પાછળ છીએ, પરંતુ ભારતીય સંસ્કૃતિનો દાવો છે કે, "આપણી પાસે ધર્મનો અને તત્ત્વજ્ઞાનનો જે વારસો છે તે પશ્ચિમના કોઇ દેશ પાસે નથી."

આપણી પાસે આવું સમૃદ્ધ દર્શનશાસ્ત્ર છે એટલે કોઇને તત્ત્વજ્ઞાન શીખવું હોય તો ભારતમાં આવવું જ પડે. એક જમાનામાં નાલંદા અને તક્ષશિલા વિદ્યાપીઠમાં ભણવા માટે જગતભરના લોકો આવતા હતા. ભારતીય દર્શનનાં ગ્રંથો વાંચ્યા ન હોય ત્યાં સુધી તેમને દર્શનશાસ્ત્રીની ઉપાધિ મળતી નહિ. આપણે ત્યાં જે દર્શનો થયાં છે એમાં ખાસ કરીને **'વેદાંત'** ઉપર ખૂબ ચર્ચાઓ કરી છે. કદાચ આપણને એમ લાગે કે એ દર્શનશાસ્ત્રીઓ વૈજ્ઞાનિક સાધનોની મદદ વગર કેવી રીતે આ બધું નક્કી કરી શક્યા ?

ઋષિઓ મહાન વૈજ્ઞાનિકો હતા...

ભૌતિક વિજ્ઞાને આપણને સમજાવ્યું છે કે આ જગત કેવું છે? ઋષિઓ પાસે ભૌતિક વિજ્ઞાનની સામગ્રીઓ તો ન હતી. પરંતુ એમની પાસે તો એવાં કોઈ સાધનો ન હતાં કે જેવાં આજે ફિઝીક્સ લેબોરેટરીમાં હોય છે. આ મહાનુભાવોએ ભૌતિક તત્ત્વોને પણ એટલી સુંદર રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે. આપણને ખરેખર લાગે છે કે હજારો વર્ષ પહેલાંના ઋષિ-મુનિઓને આવી વાત કેવી રીતે સૂઝી ? અણુ વિજ્ઞાનનો પાયો તો ભારતીય દર્શનમાંથી જ મળે છે. વેદોમાં એટલી બધી વિદ્યાઓ બતાવવામાં આવી છે કે બધાને આશ્ચર્ય થાય છે.

આપણી સામે જે ભૂમિકા મૂકાય છે તે આ છે. - હવે આપણે મૂળ પ્રશ્ન ઉપર આવીએ.

ત્રણે પ્રશ્નોના ઉત્તરથી મોક્ષ મળી શકે

શું વિજ્ઞાનનો અભ્યાસ કરવાથી મોક્ષ મળી શકે ખરો? આપણાં દર્શનશાસ્ત્રોમાં પણ વિજ્ઞાન મૂકવામાં આવ્યું છે.

જો કોઈ માનવી એનો અભ્યાસ કરે તો એને મોક્ષ મળી શકે છે. આપણા પ્રાચીન વિજ્ઞાનનો એવો આદેશ છે કે, તમે આ બે વિષય પર ઊડું ચિંતન કરો. કે અધ્યયન કરો અને વિચારો કે આપણી પાસે જે વસ્તુ છે, જે જડ અને ચેતન તત્ત્વો છે. તેનો અભ્યાસ કરો. આજના વિજ્ઞાનીઓએ તે સ્વીકાર્યો છે. જડની સાથે ચેતનને સમજવાનું સ્વીકાર્યું છે. જેને આપણે બાયોલોજી કહીએ છીએ.

"મનની ઉપર કોઈ તત્ત્વ છે."

આજના વિજ્ઞાનીઓ એમ કહે છે કે "મનની ઉપર કોઈ તત્ત્વ છે." પણ 'આત્મા' શબ્દ વાપરતાં હજી તેમને ડર લાગે છે. એ લોકો આત્માને સાબિત કરી શક્યા નથી. 'મન ઉપર પણ કાંઈક એવું તત્ત્વ છે.' એનો અભ્યાસ પણ આજે મોટી મોટી યુનિવર્સિટીઓ પણ સ્વીકારે છે. ભારતીયદર્શન એમ કહે છે કે,"આત્મા નામનું એક તત્ત્વ છે." અને એ તત્ત્વમાં ચૈતન્ય છે." એટલે કે વિશ્વના અસ્તિત્વમાં તમે જો વિભાગ પાડવા ઈચ્છતા હો તો તેના બે વિભાગ છે. એક 'જડ' અને બીજું 'ચેતન'. એ બે મુદ્દાને સ્વીકારે છે. આપણા મહાનુભાવોએ તેના ઉપર બહુ મનન કર્યું. અને મનન કરતાં કરતાં છેવટે નક્કી કર્યું કે આ અંગેનો છેલ્લો નિષ્કર્ષ સ્વીકારવો.

કપિલ ભગવાને સાંખ્યશાસ્ત્ર આપ્યું.

સંસારમાંથી જો મોક્ષ મેળવવો હોય તો પદાર્થનું અને ચેતનાનું, એટલે કે પદાર્થનું અને આત્માનું. આ બંનેનું સ્વરુપ સ્પષ્ટ રીતે જોઈ લેવું જોઈએ. કપિલ ભગવાને આખી કપિલ ગીતામાં મોક્ષના બે પ્રકાર સાર રૂપે મૂક્યા છે. પહેલો પ્રકાર છે. **'ભક્તિ વડે મુક્તિ'**. બીજો પ્રકાર છે **'જ્ઞાન વડે મુક્તિ'** ભક્તિ વડે મુક્તિની આખી બાબત જુદી પડી જાય છે. ત્યાં તો ભગવાન પ્રત્યેની ભક્તિનાં કારણે હૃદયની શુદ્ધિની વાત છે.

જ્ઞાનની આખી ભૂમિકામાં સાંખ્યની વાત છે. એનો આખો દષ્ટિકોણ એ છે કે "તમે આખા વિશ્વની અંદર વ્યાપેલા જડ અને ચેતન પદાર્થ અને આત્માના સ્વરૂપને બંને રીતે જાણો. એટલે શાસ્ત્રકારોએ સાંખ્યશબ્દની જુદી જુદી વ્યાખ્યા કરી. સંખ્યા ઉપરથી સાંખ્ય શબ્દ બન્યો. અને સંખ્યાનો અર્થ છે 'કોઈ પણ વાત ટૂંકમાં અને સારી રીતે કહેવી. એટલે કે સ્પષ્ટ રીતે કહેવી એનું નામ સાંખ્ય. અને સંખ્યાનું જ્ઞાન જેના વડે થાય તે "સાંખ્યશાસ્ત્ર" આ અને કપિલનું દર્શનશાસ્ત્ર સાંખ્યશાસ્ત્ર તરીકે ઓળખાયું.

સાંખ્યશાસ્ત્રમાં પચ્ચીસ તત્ત્વો

ભગવાન કપિલે સાંખ્યશાસ્ત્ર અનુસાર પચ્ચીસ તત્ત્વો નક્કી કર્યાં. અહીં સાંખ્યશાસ્ત્રનો સ્વતંત્ર રીતે અભ્યાસ કરતા નથી. પરંતુ આ સાંખ્યદર્શન છે. એટલે કપિલ ગીતામાં જેટલું સાંખ્ય બતાવવામાં આવ્યું છે. તેટલું જ અહીં આપણે જાણીશુ.

આપણે ત્યાં એટલે કે વૈદિક સંસ્કૃતિમાં સર્વ દર્શનોમાં જે સાંખ્યદર્શન છે એના બે ભાગ છે. એકને નિરીશ્વર અને બીજાને

'સેશ્વર' સાંખ્ય કહે છે. આ બે ભાગ વચ્ચે ફેર એ છે કે નિરીશ્વર સાંખ્ય ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતું નથી. દર્શનશાસ્ત્રના પણ બે મોટાં ભેદ છે. એક છે આસ્તિક દર્શન અને બીજાં છે નાસ્તિક દર્શન. આસ્તિક દર્શનમાં પરમેશ્વરની સત્તાને સ્વીકારીને જ બધી વાત ચાલે છે એટલે કે તે કહે છે, "ઈશ્વર છે."

ઈશ્વર અને અનીશ્વર

પ્રથમ તો ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરો. (૧) જગતનો વિચાર કરો. (૨) જીવ તત્ત્વનો વિચાર કરો. અને પછી ઈશ્વર તત્ત્વનો વિચાર કરો. ભારતીય દર્શનમાં પણ કેટલીક એવી શાખાઓ છે જેને નિરીશ્વર એટલે કે નાસ્તિક દર્શન કહેવામાં આવે છે. આપણા એવા કેટલાય ઋષિઓ થયા કે જેમણે ઈશ્વરના તત્ત્વનો સ્વીકાર કર્યાં વગર ફિલોસોફી - (તત્ત્વજ્ઞાન) આપ્યું. એટલે એ દર્શનને નાસ્તિક દર્શન આપ્યું. તે કહે છે કે આ બધું જ પ્રકૃતિ દ્વારા એટલે કે આપોઆપ બનતું હોય છે. સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો, ગ્રહો આ બધાંનો કોઈ નિયામક નથી. આ બધું પોતપોતાની રીતે નિયોજક છે. તે પોતપોતાની રીતે ચાલી રહ્યું છે.

સેશ્વર સાંખ્યયોગ

આ નિરીશ્વરવાદી દાર્શનિકો એમ કહે છે." આ જગતનો કોઇ નિયામક નથી પણ વેદાંત તો સંપૂર્ણ આસ્તિક દર્શન છે. સાંખ્યશાસ્ત્રમાં બે ભાગ છે. (૧) નિરીશ્વર અને (૨) સેશ્વર શ્રીમદ્ ભાગવતમાં તમે જે સાંખ્યશાસ્ત્ર સાંભળશો તે નિરીશ્વર સાંખ્ય નથી.

અહીં તો ભગવાન કપિલના સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે. સાંખ્યશાસ્ત્રમાં જે બે ભેદ છે તે સિવાય અન્ય સિદ્ધાંતોનાં ભેદ સરખા છે. એક કહે છે કે ઈશ્વર નથી તો બીજો કહે છે ઈશ્વર છે, પણ પછીનાં પગથિયામાં બહુ તફાવત નથી. આ તો કપિલે જે ઉપદેશ તેમની માતાને આપ્યો છે તેની પૂર્વ ભૂમિકા આપની સમક્ષ મૂકી છે.

સાંખ્ય શાસ્ત્રમાં પુરુષ અને પ્રકૃતિ

સાંખ્યદર્શનનો મૂળ વિષય છે " આ જગતની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? **'પુરુષ'** અને **'પ્રકૃતિ'** એવાં બે નામ આપ્યાં છે. આ બે નામ સાંખ્યદર્શનના સ્પેશિયલ નામ છે. તેથી પહેલાં એની વ્યાખ્યા સમજી લઈએ. પુરુષનો અર્થ કોઇ પુરુષનો નથી કે પ્રકૃતિનો અર્થ કોઇ નારી નથી. 'પુરુષ એટલે ચેતના,' 'પુરુષ એટલે આત્મા.' 'પુરુષ એટલે જીવ' અચેતના નહિ પણ સચેતન એટલે જ્યાં જ્યાં 'પુરુષ શબ્દ આવે ત્યાં ત્યાં ચૈતન્ય તત્ત્વની વાત થઈ રહી છે. અને જ્યાં 'પ્રકૃતિ' શબ્દ આવે ત્યાં ત્યાં અર્થ થાય છે. 'માયા'. બીજો અર્થ થાય 'સ્વભાવ', ત્રીજો અર્થ થાય છે 'ગુણ' વિવેચકોએ પ્રકૃતિનો અર્થ એવો પણ કર્યો છે, 'કૃતિ' એટલે કર્મ અને 'પ્ર' એટલે ઉત્તમ, એટલે કે 'પરમાત્માની ઉત્તમમાં ઉત્તમ કૃતિને પ્રકૃતિ કહેવાય.'

प्रकृष्टा कृतिरति प्रकृति

જ્યાં જ્યાં સચેતનપણું છે એ પુરુષ તત્ત્વ છે અને જ્યાં જ્યાં અચેતન પડ્યું છે તે પ્રકૃતિ તત્ત્વ છે. આપણી અંદર જે જીવાત્મા છે તે પુરુષ છે અને આપણું શરીર, ઇન્દ્રિયો એ મૂલતઃ અચેતન

છે. માટે એ પ્રકૃતિ છે. વૈશ્વિક દષ્ટિએ જોઇએ તો આ જગત પાંચ મૂળભૂત તત્ત્વનું બનેલું છે. એ પાંચ તત્ત્વનાં નામ છે, આકાશ, અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી. એ બધાં અચેતન છે. એટલા માટે એ પ્રકૃતિ તત્ત્વ છે અને જીવતત્ત્વ છે, તે પુરુષ તત્ત્વ છે.

આત્મા અને અનાત્માને ઓળખો

કપિલ ભગવાનનો મૂળ આશય એ છે કે તમે અનાત્માને પહેલા ઓળખો. તેને સમજો. જગતનાં તમામ જડ તત્ત્વોને સંપૂર્ણ રીતે સમજી લો. અને પછી જે બાકી રહ્યું તે ચેતન છે. એટલે તેને સમજવું સહેલું પડશે. આપણાં દર્શનશાસ્ત્રમાં આવી જુદી જુદી પ્રક્રિયાઓ છે. એક શાસ્ત્ર એવું છે કે આત્માને પહેલા ઓળખો. અને આત્માને ઓળખ્યા પછી બાકીનું બધું ઓળખાઈ જવાય.

કપિલ ભગવાને કહ્યું છે, "તમે અનાત્માને પહેલા ઓળખો'. ગીતાજીમાં આત્મા અને અનાત્માનો માટે બીજા શબ્દ વાપર્યા છે. આત્મા માટે 'ક્ષેત્રજ્ઞ' અને અનાત્માને માટે 'ક્ષેત્ર' શબ્દ વાપર્યા છે.

અચેતન તત્ત્વ વિશે વિશેષ

આપણા શરીરમાં જો જીવાત્મા ન હોય તો એ એવી સ્થિતિમાં જડ છે. કે તે પદાર્થથી બનેલ છે. આ વૃક્ષો કપાઈ ગયા હોય અને નીચે પડ્યા હોય અને પ્રાણ ન હોય તો તે પણ જડ છે. પથ્થર, પાણી, હવા આ બધું જડ છે. આપણે આ અચેતન-તત્ત્વને જરા વિશેષ રીતે સમજીએ.

માતા દેવહૂતિના આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કપિલે કહેવાની શરૂઆત કરી "હે માતા, હું તમને પ્રકૃતિ વગેરેના સર્વ પ્રશ્નોના જવાબ અલગ અલગ લક્ષણોથી સમજાવું છું. એને જાણ્યા પછી મનુષ્ય પ્રકૃતિથી મુક્ત થઈ જાય છે. અને જ્ઞાન કેવી રીતે મુક્તિ અપાવે છે તે સમજાવીશ."

"માનો કે એક વખત સ્વપ્ન આવ્યું કે મને જેલમાં પૂર્યો છે. જેલની ઊંચી ઊંચી દીવાલો, મોટા મોટા પથ્થરો, જાડી જાડી સાંકળો છે, હાથ અને પગમાં બેડી જડી છે. બીક લાગે એવાં મોટાં મોટાં શસ્ત્રો લઈને દ્વારપાળો ચોકી કરી રહ્યા છે, દરવાજે મોટું તાળું લગાડેલું છે, તમને ચિંતા થાય છે કે 'આ જેલમાંથી હું બહાર કેવી રીતે નીકળીશ ?" તો આપણા શાસ્ત્રકારો કહે છે, "આપણી જાતને આપણે પોતે જ બાંધેલી માની લીધી છે, બાકી એવી કોઇ સાંકળ નથી કે જે આપણને બાંધી શકે. આ તો સ્વપ્નવત્ જગત છે. આત્માને કોણ બાંધી શકે છે ? આત્માને કોણ કાપી શકે છે ? આત્માને કોણ સુખી કરી શકે ? આત્માને કોણ દુઃખી કરી શકે ? માત્ર આપણે માની લઈએ છીએ કે હું બંદી છું. એક માણસને જ્યારે સ્વપ્ન આવતું હોય તો એ સ્વપ્નમાંથી મુક્ત કરવા માટે એક જ ઉપાય છે અને તે એકે એને જગાડો. આ (જગાડવું ને) જાગવું તેનું નામ છે **'જ્ઞાન'**

જ્ઞાનની વિવિધ વ્યાખ્યા

જ્ઞાન એટલે શું ? સંસ્કૃત ભાષામાં એક શબ્દ છે, 'પ્રબોધ', એટલે ઊંચી કોટિનું જ્ઞાન. પ્રબોધનો બીજો અર્થ છે

જાણવું. આપણે કાર્તિક સુદ અગિયારશને પ્રબોધિની એકાદશી કહીએ છીએ. ભગવાન પોઢી જાય છે તેને દેવ ઊઠી એકાદશી કહીએ છીએ. પ્રબોધનો અર્થ છે સાચું અને ઊંચી કોટીનું જ્ઞાન.

બધાં શાસ્ત્રો આપણને એક જ વાત કરે છે. 'જાગો'. જગાડવાનું કામ તો શાસ્ત્રો કરે છે. એથી આ બધાં શાસ્ત્રો વાંચો, વિચારો, સમજો. પરંતુ કપિલ ભગવાન આપણને જગાડવાનો કાંઈ જુદો જ પ્રયાસ કરે છે. આપણે આત્મા અને અનાત્માનો ભેદ સમજીએ. તે ભેદ સમજાશે એટલે તમને ખુદ સમજાઈ જશે કે તમે કોણ છો ? તે દિવસે તમારો મોક્ષ થઈ ગયો હશે. તમારા મનમાં જે ભ્રમ હતો તે આ સાંખ્યશાસ્ત્ર માનવીના એ ભ્રમને મિટાવીને જગાડવા માટે આ અદ્ભુત શાસ્ત્ર છે.

પ્ર
ક
ર
ણ
૧૨મું

જીવ અને આત્માનો ભેદ

આત્મસાક્ષાત્કાર એ જ મોક્ષ

આત્માનો સાક્ષાત્કાર એ જ મનુષ્યના મોક્ષનું કારણ છે. આત્માના સાક્ષાત્કારથી મોહ નષ્ટ થઈ જાય છે. "હે માતા, તે જ્ઞાન હું તમારી સમક્ષ, પ્રગટ કરું છું." કપિલ ભગવાન કહે છે, "આપણા હૃદયમાં 'ચિત્ત' અને 'અચિત્ત'ની પરસ્પર ગૂંચ છે. તેને ઊકેલી નાખો." આપણે આપણા સમગ્ર અસ્તિત્વનો વિચાર કરવા જઈએ તો જડ અને ચેતનથી ગૂંથાયેલ છીએ. આપણને આ વાતની ખબર નથી કે શરીરની સીમા ક્યાં સુધીની છે?

આત્માની સીમા ક્યાંથી શરુ થાય છે? તમને ક્યારેય એવો અનુભવ થયો છે કે "આ હું અને આ શરીર" શરીર અને આત્મા પરસ્પર એવી રીતે વિંટળાઈ વળ્યા છે કે જેમ જુદા જુદા દોરા એકબીજાની સાથે વિંટળાઈ ગયા હોય, એવીરીતે જન્મ-જન્માંતરથી અજ્ઞાનને કારણે આ શરીર એટલે કે જડ અને આત્મા-ચેતન એ બંને ગુંચવાઈ ગયાં છે.

જીવ અને આત્મા વચ્ચેની ગૂંચ

ભગવાન કપિલ આપણને શરીર અને આત્માનો સંબંધ સ્પષ્ટ રીતે સમજાવવાનો પ્રયત્ન કરે છે. ત્યારે શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીમાં પણ વર્ણન કર્યું છે. તેઓશ્રી કહે છે, હૃદયમાં 'ચિત્ત' અને 'અચિત્ત'ની પરસ્પર જે ગાંઠ પડેલી છે એ ગાંઠને જ્ઞાન છોડી નાખે છે. શરીર અને આત્મા, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, એ બંનેનું આપણને 'સમ્યક્' દર્શન થતું નથી. દેશ અને વિદેશ વચ્ચની એક હદ નક્કી કરવી સહેલી છે. તે બે વચ્ચેની હદ-રેખા દોરવી સહજ છે. પરંતુ શરીર અને આત્માની વચ્ચે આવી કોઈ રેખા દોરવી એ મુશ્કેલ કામ છે. એટલા માટે મુશ્કેલ છે કે બંને એકબીજા સાથે ગુંચવાયેલાં છે. બંને સાથે જોડાયાં છે.

આત્મતત્ત્વ અંગે પ્રશ્નોત્તરી

શરીર અને આત્મા સંયુક્ત તો છે જ. મહાત્મા પુરુષો તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ જુદાં માનતા નથી. એ બંને સંયુક્ત છે. એ સમ્યક્ જ્ઞાન છે. આપમને ખબર નથી કે મારું આત્મતત્ત્વ કેવું છે? આપણને એ પણ ખબર નથી કે આત્મતત્ત્વનો વિસ્તાર ક્યાં સુધી છે? અને એ પણ ખબર નથી કે આત્મતત્ત્વનો વિસ્તાર શરીર સાથે ક્યાં જોડાય છે? આપણે એવું ક્યાં કહી શકીએ છીએ

કે મારા આત્માની હદ અહીં ક્યાં સુધી છે? અને શરીરનો પ્રદેશ ક્યારે શરુ થાય છે. શરીર અને આત્મા વચ્ચે જો લીટી દોરાતી હોત તો સારું હોત ! આત્મા પ્રત્યક્ષ નથી તે અગોચર છે. શરીર ગોચર છે. આ અગોચર અને ગોચર વચ્ચે રેખા દોરવી સહેલી નથી.

આત્મા અને અનાત્માની સમજણ

ગીતાજીમાં ભગવાને વ્યાખ્યા આપી કે 'શરીર જન્મે છે અને મરે છે.' આત્માની વ્યાખ્યા આપી.' તે જન્મતો નથી કે મરતો નથી.' સાંખ્યમાં અનાત્માને ઓળખી લો. એટલે આત્માનો સાક્ષાત્કાર છે. આટલો ફેર છે. સાંખ્યદર્શન અને વેદાંત વચ્ચેનો ભેદ આ છે. સાંખ્ય કહે છે 'ઊભા રહો, આપણે પ્રકૃતિનાં તત્ત્વોને ઓળખો. જે જડ છે તેને જુદાં કરતાં જઈએ. જેમ ચોખા અને તુવેરની દાળ ભેગી કરીને આપું તો તેમાંથી તુવેરની દાળ વીણીને જુદી થાળીમાં નાખો તો પછી બાકી જે અંદર રહેશે તે ચોખા. તેમ ભગવાન કપિલે આત્મા અને અનાત્માને જુદા પાડ્યા છે. વેદાંતે આત્માને સમજાવ્યો અને આપણને મોક્ષ બતાવ્યો.

આત્માનું દિવ્ય સ્વરુપ કેવું છે.?

આ જગત જેનાથી વ્યાપક થઈ ગયું છે, જેનાથી પ્રકાશિત થયું છે, થઈ રહ્યું છે તે આત્માને જ પુરુષ કહે છે. એ આત્મા અનાદિ છે. એ આત્મા પ્રવૃત્તિથી પર છે. એ આત્મા અંતઃકરણમાં પ્રગટ થનાર છે. અને એ સ્વયં પ્રકાશ છે. શરુઆતમાં જ આત્મા સંબંધી વાત થઈ ગઈ છે કે આત્માને તમે સીધો ન જોઈ શકો.

આત્માનું પ્રતિબિંબ આપણા સ્વચ્છ અંતઃકરણમાં પડે છે. એટલે આત્માને આપણે એ પડેલા પ્રતિબિંબથી સમજી શકીએ છીએ. મૂળ આત્માને આપણે આંખથી કદી જોઈ શકવાના નથી. કેમ નથી જોઈ શકતા? કારણકે એ દૃશ્ય નથી. એ પદાર્થ નથી. પરંતુ જેમ ચોખ્ખા જળમાં તમે તમારું સ્વચ્છ પ્રતિબિંબ જોઈ શકો છો તેમ તમારા શુદ્ધ અંતઃકરણમાં તમે આત્માનું પ્રતિબિંબ જોઈ શકો છો.

વેદાંતમાં બે શબ્દ ઉપર બહુ ભાર મૂક્યો છે. **એક** છે **'મળ'** અને બીજુ છે, **'વિક્ષેપ'** સાદી ભાષામાં સમજી એ. પ્રતિબિંબ જોવું હોય તો એને માટે બે શરત છે. ઉદાહરણાર્થ એક તો પાણી તદ્દન નિર્મળ-સ્વચ્છ હોવું જોઈએ. બીજું પાણી સ્થિર હોવું જોઈએ. તેવી રીતે તમારું અંતઃકરણ વિક્ષેપ રહિત હોવું જોઈએ અને વિકાર રહિત હોવું જોઈએ. અંતઃકરણની શુદ્ધિ એકાગ્રતા ઉપર ભાર મૂકે છે. આ બંને વસ્તુ અત્યંત અગત્યની છે. તમે ગમે તે માર્ગે જાવ ભક્તિ માર્ગે જાવ, યોગમાર્ગે જાવ. પરંતુ ઈશ્વર તરફ જવાના આ માર્ગોમાં ઉપરના બે તત્ત્વો હોવા આવશ્યક છે.

મનની એકાગ્રતા મહાન સિદ્ધિ છે.

આપણે સ્તુતિ પાઠ કરવા બેઠાં હોઈએ, ઠાકોરજીનો શણગાર કરતાં હોઈએ, કથા સાંભળતા હોઈએ, ભજન સાંભળતા હોઈએ કે સંકીર્તન કરતાં હોઈએ ત્યારે મનને એકાગ્ર કરવા પ્રયત્ન કરતા હોઈએ છીએ. પરંતુ અંદરથી અને બહારથી જાતજાતનાં વિક્ષેપો ઊભા થાય છે. એટલે એ વિક્ષેપોને દૂર કરવા

જોઈએ. હવે એને માટે શું કરવું જોઈએ એની ચર્ચા કપિલ ભગવાન આગળ કરશે.

આત્માનું અનાદિ સ્વરૂપ

મૂળ વાત તો એ છે કે આત્મા અને પરમાત્માના સ્વરૂપને લક્ષણો દ્વારા અને કાર્યો દ્વારા ઓળખવા. આત્માનું એક લક્ષણ બતાવ્યું, "એ અનાદિ છે." એટલે એનો જન્મ નથી. જન્મ ન હોય તો એનું મૃત્યુ પણ ન હોય. અનાદિ સાથે અનંત સમજી લેવાનું છે. એ 'નિર્ગુણ' છે એ પ્રકૃતિથી પર છે. એટલે અંતઃકરણમાં સ્ફૂટ થનાર સ્વયં જ્યોતિ એટલે આપણો સ્વયં પ્રકાશ છે. તે વાત નિશ્ચિત રૂપે છે. હવે આપણી પાસે એનો શો પુરાવો! શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં પહેલી ચર્ચા એમણે એ મૂકી છે." ભાઈ, આપણે આત્મા-આત્મા એ શબ્દ વારે ઘડીએ બોલીએ છીએ. જે વિજ્ઞાન દ્વારા એ દેખાતું નથી ને આત્મા તો છે. તો એનો પુરાવો શો? એક વાત બહુ સરસ છે. એ છે કે પરમાત્મા હોવાનો પુરાવો તો આપણે આપી શકતા નથી. પણ આત્મા હોવાનો પુરાવો તો આપી શકીએ છીએ. શ્રી મહાપ્રભુજીનું આ વચનામૃત છે. તે આત્માનું લક્ષણ સમજાવે છે.

માનવીની ત્રણ અવસ્થા

માનવીના જીવનની ત્રણ અવસ્થા છે. (૧) જાગ્રત (૨) સ્વપ્ન અને (૩) સુષુપ્તિ. આમાં જાગ્રત અવસ્થાનો તમે કોઈ દિવસ એવો અનુભવ કરતાં નથી કે 'હું નથી.' સ્વપ્નાવસ્થામાં પણ એવો અનુભવ નથી કરતા કે 'હું નથી' સુષુપ્તિ અવસ્થામાં પણ તમને કદાચ તમારું શરીર ભુલાઈ જવાય છે. પણ તમારું હોવાપણું ભુલાતું નથી. એટલા માટે જ સ્વપ્ન જોઈને જાગ્રત

થયેલો અનુભવ માણસ જાગ્રત થયા પછી વર્ણન કરે છ કે 'મને આવું સ્વપ્ન આવ્યું.' સ્વપ્નમાં તમે ગાઢનિદ્રામાં હો છો. તમે બધું ભૂલી ગયા હો છો છતાં જાગ્રત થયા પછી સ્વપ્નનાં બધાં દૃશ્યોનું વર્ણન કરો છો અને છતાં કહો છો, 'મને બહુ સરસ ઊંઘ આવી.'

એનો અર્થ એ છે કે, એક તત્ત્વ એવું છે કે તે જાગ્રત અવસ્થામાં જાગ્રત છે, સ્વપ્નાવસ્થામાં પણ જાગ્રત છે અને સુષુપ્તિ અવસ્થામાં પણ જાગ્રત છે. એક દીવો અંદર ઝગમગી રહ્યો છે.

વેદાંતની સમાધિ અવસ્થા

વેદાંત એક ચોથી અવસ્થાનું નામ આપે છે. 'સમાધિ', એક એવું તત્ત્વ છે કે જે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને સમાધિ એ ચારેયમાં વ્યાપેલ છે. તમે ગમે ત્યાં જાવ પણ આ તત્ત્વ તમારી અંદર એ જ પ્રકારે પ્રગટ રહેશે, એટલું જ નહિ પણ આ શરીર છૂટી જાય પછી જેવું શરીર ધારણ કરો તો પણ આ તત્ત્વ તો આવવાનું જ.

સમાધિમાં સ્મૃતિ

આ એક એવું તત્ત્વ છે કે જ્યારે તમે માતાના ઉદરમાં હતા ત્યારે પણ હતું. માતાના ગર્ભમાં પણ તમને 'હું છું' એ અનુભવ એ સ્મૃતિ હોય છે. આ વાત વિજ્ઞાનમાં પણ સાબિત થઈ ગઈ છે. તમે જન્મો છો ત્યારે 'હું છું' એ પ્રશ્ન જુદો છે. હું હોવાની પ્રતીતિ, યુવાનને તથા વૃદ્ધને પણ હોય છે. તો ગીતાજી એમ કહે છે કે, "આ શરીર છૂટી જાય અને જીવતત્ત્વો વિદાય થાય અને સ્થૂળ શરીર પડ્યું રહે તથા લિંગ શરીર રહે એમાં પણ 'હું છું' એવી પ્રતીતિ જ રહે છે. ખરી વાત તો જે 'હું' તત્ત્વ છે એટલે કે 'આત્મા તત્ત્વ' છે એ સનાતન સત્ય છે.

મૃત્યુની ભયંકરતા આપણે ઊભી કરી

હું મરણને નામે હું ખોટો ડરતો હતો. હું તો છું અને એવોને એવો જ છું. આ શરીર અલગ થઈ જાય છે. બાકી હું તો છું જ. અત્યારે તો મરણની વાત કરતાં આપણે કંપી ઊઠીએ છીએ. મૃત્યુની પ્રક્રિયા પછી સમજાય છે. મૃત્યુમાં આપણે કાંઈ ગુમાવ્યું નથી. ખાલી આપણું સ્થૂળ શરીર ગયું. પણ 'હું તો છું' એનો એ જ હું છું મારો કોઈ ભાગ કપાઈ ગયો નથી. મારામાં કાંઈ ઓછું થયું નથી. એટલે કે સૂક્ષ્મ શરીરમાં પણ જીવ બધાં કાર્યો કરે છે. આત્મા-તત્ત્વને ઓળખો. આ બધી બાબતો પણ મોક્ષ આપનારી થાય આપણે આપણા સૂક્ષ્મ શરીર સ્વરૂપને ઓળખી લઈએ તો આપણે મુક્ત થઈ જઈએ. આત્માના સ્વરૂપને ઓળખો તેને કોઈ રૂપ, રંગ નથી. પણ તમે જ્યારે તમે છો એવો અનુભવ કરો છો તે આત્મતત્ત્વ છે.

પ્રકૃતિનાં લક્ષણો ક્યાં? સ્વરૂપ કેવું?

એ સર્વવ્યાપી પુરુષે, એ પરમાત્માએ પોતાની પાસે આવેલી પ્રકૃતિનાં લક્ષણ બતાવે છે. તે દુર્ગમ છે, જાણવું ઘણું કઠણ છે. આત્માને માટે 'નિર્ગુણ' શબ્દ વાપર્યો છે એટલે કે સગુણ છે. અને સગુણ એટલે જેની અંદર ત્રણ ગુણ હોય એને સગુણ કહેવાય.

એક ગુણનું નામ **'સત્ત્વગુણ'** બીજા ગુણનું નામ **'રજો ગુણ'** અને ત્રીજા ગુણનું નામ છે **'તમો ગુણ'**. આમ પ્રકૃતિ ત્રણ ગુણવાળી હોવાથી તેને 'ગુણમયી' કહે છે. ગીતાજીમાં પણ ગુણમયી શબ્દ છે. ભગવાન કપિલ પણ અહીં એ જ રીતે પરિચય આપે છે. એક બાજુ સૂક્ષ્મ છે. જે પુરુષ છે તેને કોઈ જોઈ

ન શકે. એમ પ્રકૃતિને પણ જોવી મુશ્કેલ છે. કારણકે એ પણ સૂક્ષ્મ છે. તમે વિચાર કરો કે જેમાંથી આકાશ બન્યું એ કેટલું સૂક્ષ્મ હશે? કારણકે પ્રકૃતિમાંથી આકાશ બને છે. આકાશમાંથી વાયુ બને છે. વાયુમાંથી અગ્નિ બને છે. અગ્નિમાંથી જળ બને છે. જળમાંથી પૃથ્વી બને છે. તો આકાશ જેમાંથી બન્યું તે પ્રકૃતિ સૂક્ષ્મ હશે ને! અને એ પ્રકૃતિ તે પુરુષની પાછળ આવી. અને ચૈતન્ય એની સાથે એકત્ર પામ્યું. એને બીજા શબ્દોમાં કહું તો ચેતન અને અચેતન એ બંને એક થયાં. પુરુષ જ્યાંસુધી પ્રવૃત્તિથી દૂર હશે ત્યાંસુધી તે આત્મા નિર્ગુણ હતો. તે ગુણાતીત હતો. અનાદિ હતો. તે બિલકુલ મુક્ત હતો.

જીવ અને આત્માની ઓળખ

પ્રકૃતિની સાથે સંબંધમાં આવતા એ આત્માને 'જીવ' નામ લાગ્યું. હવે આત્મા અને જીવ વચ્ચેનો તફાવત કેટલો? ચંદ્ર આકાશમાં એકલો દેખાય તે 'આત્મા' છે. ચંદ્ર વાદળાંઓથી ઘેરાયેલો દેખાય તો એ જીવ કહેવાય. સૂર્ય એકલો દેખાય તો તે 'આત્મા' છે પરંતુ ઘનઘોર વાતાવરણમાં દેખાય અથવા ક્યારેક વાદળમાં ઢંકાઈ જાય અને એનું તેજ ધરતી ઉપર ન ઊતરે તો સમજવાનું કે એ જીવ છે. આપણું જે પુરુષ તત્ત્વ આત્મા છે. હવે તો આત્મા કોણ છે? તો મહાપ્રભુજી કહે છે એ પ્રમાણે 'આત્મા એ ભગવાનનો અંશ છે.' આત્મા તો પરમાત્માનો અંશ છે. તે પરમાત્માનો અંશ હતો. ત્યાં સુધી તો બરાબર હતું પરંતુ પરમાત્માનો એ અંશ આત્માએ વિના હેતુથી પ્રકૃતિને સ્વીકારી. અને પ્રકૃતિને સ્વીકારી એની સાથે જીવ થઈ ગયો. હવે એને માટે જીવ શબ્દ વપરાયો. એટલે કે આત્મા અને જીવ વચ્ચે કોઈ મૌલિક તફાવત ન હોવા છતાં એટલો તફાવત છે, પ્રકૃતિથી મુક્ત

છે તે આત્મા અને પ્રકૃતિથી આવૃત છે તે જીવ છે. એટલે અત્યારે આપણાં બધાંની અંદર એક તત્વ છે. બેઠું છે એના માટે 'જીવ' શબ્દ વાપરવો વધારે યોગ્ય છે.

પ્રકૃતિના સર્જન પછીનું પ્રાગટ્ય.

પ્રકૃતિ તેના તત્ત્વ દ્વારા એ ગુણોથી પ્રજાની સૃષ્ટિ કરવા લાગી. આ જોઈને પુરુષ તેની પ્રવૃત્તિથી મોહિત થઈ ગયો. અને પોતાના સ્વરુપને ભૂલી ગયો ને જીવદશા ઊભી થઈ. પ્રબળ આત્મા પર જ્યારે પ્રકૃતિનું આવરણ લાગી જાય છે, તો એ પ્રકૃતિ પોતાના સત્ત્વ આદિ ગુણો દ્વારા આદિ ગુણ અનુરૂપ પ્રજાનું સર્જન કરવા લાગી. એટલે કે પ્રકૃતિ નિત્ય નવી અને વિચિત્ર રૂપ ધારણ કરી અનેક પ્રકારે સર્જન કરવા લાગી. એટલે કે આત્મામાંથી કશું જ બનતું નથી. પ્રકૃતિમાંથી જુદું જુદું બનવા લાગે છે.

પ્રકૃતિનું સર્જન થતું રહ્યું એનાં કારણે પ્રકૃતિનો પ્રભાવ વધ્યો અને પ્રભાવ વધવાથી આત્મા ઉપર એક આવરણ ચડી ગયું. એ આવરણ શક્તિ આવી એટલે પરિણામે આત્માને મોટામાં મોટી હાનિ એ થઈ કે એ પોતાના સ્વરૂપને ભૂલી ગયો. એટલે આજે તમને કોઈ રસ્તામાં મળે અને તમને પૂછે કે તમે કોણ છો? તો તરત જ કહેશો," હું પુરુષ છું" તે પ્રમાણે હું બ્રાહ્મણ છું. અને કોઈ જ્ઞાની હશે તો કહેશે કે 'હું જીવ છું.' પણ 'આત્મા' શબ્દ નીકળશે નહિ.

વ્યવહારમાં આપણે આપણું નામ કે આપણી ઉંમર કે આપણી અવસ્થાની વાતો થઈ છે તે બરાબર છે. પણ ક્યારેક આપણે આપણાં સ્વરૂપને ધ્યાનમાં રાખીને વિચાર કરીએ છીએ

ખરા? આ એક દુર્ભાગ્યની વાત છે. એનો અર્થ એ થયો કે મારા સ્વરૂપની મને વિસ્મૃતિ થઈ ગઈ છે. 'તમે કોણ છો?' આ વાતને વધારે સારી રીતે દ્રઢ કરવી જોઈએ.

આદિ શંકરાચાર્યનું આત્મ-અષ્ટક યાદ કરો.

તેમાં એ ભાવ છે કે, "હું હાથ નથી, આંખ નથી, કાન નથી, હું દેહ નથી, હું ઈન્દ્રિયો નથી, મારો જન્મ નથી, મારું મૃત્યુ નથી, મારો કોઈ મિત્ર નથી, કોઈ શત્રુ નથી, હું રાજા નથી, હું રંક નથી, મને કોઈ કર્મ નથી, મને કોઈ પાપ નથી, મને કોઈ પુણ્ય નથી, મને કોઈ બંધન નથી, કોઈ મોક્ષ નથી." જો આ ભૂમિકા જ જો રટતા રહીએ તો આપણને ખબર પડે કે 'હું કોણ છું?" પરંતુ આપણા ઉપર પ્રકૃતિએ એવું આવરણ લાદી દીધું છે કે એ આવરણ લાગતાંની સાથે જીવ પોતાના સ્વરૂપને ભૂલી ગયો. અને આ અજ્ઞાનતાનાં બે પરિણામ છે.

શરીરના ધર્મો ઊભા કર્યા.

એક 'હું શરીર છું' બીજું એ કે 'હું નથી' એવું માનવા લાગ્યો. હું શરીર નથી છતાં હું માનવા લાગ્યો કે 'હું શરીર છું' હું ઈન્દ્રિયો છું" હું પ્રાણ નથી છતાં 'હું પ્રાણ છું' એટલે કે શરીરના ધર્મોને હું મારા આત્મા તરીકે સ્વીકારી લીધા. એથી બે નુકસાન થાય છે. અને અન્યથા જ્ઞાન થયું 'જે હું છું' એ ભૂલી ગયો અને જે હું નથી એ મારા મગજમાં બેસી ગયું. હું બાળક છું, હું વિદ્વાન છું, હું વૃદ્ધ છું, આવી આવી બાબતો આપણામાં ઘર કરી ગઈ. પરંતુ આપણા આત્માના સ્વરૂપનું વિશુદ્ધરૂપમાં અનુસંધાન કરવું જોઈએ. ચોવીસ કલાકમાં પાંચ, દસ અરે ઓછામાં ઓછું એક મિનિટ પણ કાઢો. અમુક રીતે બેસવું જોઈએ વગેરે પ્રક્રિયાની

જરુર નથી. તમે પથારીમાં સૂઈ ગયા હો, રસ્તામાં હો, તો પાંચ મિનિટ પણ સતત ભાવ અનુભવો. તમારા ઉપર શરીરનું, ઈન્દ્રિયોનું, પ્રાણનું, મન-બુદ્ધિ વગેરેનું કોઈ બંધન નથી. એ બધાં તો આપણી ઉપર લાગેલાં કેવળ આવરણ છે. હુ પુરુષ છું, હું આત્મા છું, હું ભગવદ્ અંશ છું. તેમ રટણ કરો.

હું ભગવદ્ અંશ છું.

આપણે સતત આપણાં સ્વરૂપનું આ પ્રકારે ચિંતન કરતાં રહીશું તો ધીરે ધીરે આપણને શરીર અને આત્માની ભેદ રેખા સ્પષ્ટ તરવા લાગશે. આ જ સાચું જ્ઞાન છે. અને એ જ સાંખ્ય છે. મૂળ તો સાંખ્ય અને વેદાંતનો હેતુ એક જ છે. આત્મા અને અનાત્માનો ભેદ સમજાઈ જાય તો તે મોક્ષ છે. જો આત્મા બંધાઈ ગયો તો તે પોતાના સ્વરૂપને ભૂલી ગયો. પ્રકૃતિથી પોતાના સ્વરૂપની-વિસ્મૃતિ થઈ. અને અન્યથા સ્વરૂપની ભ્રાન્તિ થઈ. પછી તો પ્રકૃતિના ગુણો દ્વારા કરવામાં આવેલાં કર્મોને પોતાનાથી કરાતાં માનવા લાગ્યો. જુઓ હવે આ અજ્ઞાનનું પરિણામ શું આવ્યું? પ્રકૃતિ જે કરી રહી છે એને પણ હું કરી રહ્યો છું. એવું માનવા લાગ્યો. આ વાત નરસિંહ મહેતાએ કેવી સાદી ભાષામાં કહી છે.

"શકટનો ભાર જ્યમ શ્વાન તાણે"

ગાડું માલસામાનથી ભરેલું લઈને બળદ ચાલતાં હોય ત્યારે ગાડા નીચે જ ચાલતું એક કૂતરું એમ જ સમજે કે આ ગાડાનો ભાર બધો હું જ ખેંચું છે. તેમ કર્મ કરી રહ્યું છે. શરીર, કર્મ કરી રહી છે ઈન્દ્રિયો, તે છતાં જીવ માનવા લાગે છે કે આ બધું હું જ કરું છું. શરીરની ક્રિયાને જીવાત્મા પોતાનાથી થતી ક્રિયા માની બેઠો છે. હાથની, પગની, આંખની, કાન વગેરે દ્વારા થતી ક્રિયાઓ શરીર કરી રહલે છે. એને એ માને છે કે 'એ હું છું.'

શ્રીમહાપ્રભુજી પુરુષ અને પ્રકૃતિનાં કાર્યોનું વિભાજન કરે છે.

શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં આ અંગે વધારે સ્પષ્ટતા કરી છે. 'જ્યાં જ્યાં ક્રિયાશક્તિ જોવામાં આવે ત્યાં પ્રકૃતિનું કાર્ય જાણવું અને જ્યાં જ્યાં જ્ઞાનશક્તિ જોવા મળે ત્યાં પુરુષનું કાર્ય જાણવું. પ્રકૃતિનું કાર્ય છે કરવું અને પુરુષનું કાર્ય છે જાણવું" પુરુષ જ્ઞાતા છે. એટલા માટે જ ગીતામાં પુરુષ માટે શબ્દ મૂકાયો છે. 'ક્ષેત્રજ્ઞ'. 'જ્ઞ' એટલે શું? ભણનાર જે ક્ષેત્રને જાણે એટલે કે ક્ષેત્રજ્ઞએ પુરુષનું કામ છે. આ શરીર છે. એને જે જાણે તે પુરુષ કહેવાય. તે પ્રમાણે જ ઈન્દ્રિયોને જે જાણ છે તે પુરુષ કહેવાય. પરંતુ એને બદલે આપણને ભ્રમ થાય છે કે " હું જોઈ રહ્યો છું, હું સાંભળી રહ્યો છું, હું ખાઈ રહ્યો છું. આ કેટલી અજ્ઞાનતા છે ? પ્રકૃતિમાં આવતાંની સાથે જ એની કેવી દુર્દશા થઈ જાય છે!

પ્રકૃતિના મિલનથી આત્માની કરુણ સ્થિતિ

પ્રકૃતિ સાથેના મિલનથી આત્મા રાજા હતો તે ભિખારી થઈ ગયો. કેવી કરુણતા આવી ગઈ ! માત્ર કુતૂહલને માનવાનાં કારણે સ્વાધીન હતું તે પરાધીન બન્યું. જે આનંદરૂપ હતો તેને જન્મ-મરણનું બંધન લાગી ગયું. અને પરાધીન બની ગયો. જે બધાંને આનંદ લૂંટાવતો હતો તે પોતે જે આનંદ હીન ભિખારી થઈ ગયો. જે જન્મ-મરણથી પર હતો તે પોતે જ માનવા લાગ્યો કે મારો જન્મ થશે, મારું મૃત્યુ થશે. સ્વાતંત્ર્ય ગયું ને પરાધીન થયો. પ્રકૃતિને આધીન થવાથી તે (આત્મા) હર્ષ અને શોકની અંદર દોરાઈ ગયો. અને ત્યારથી એ જીવ સંસારમાં પડ્યો કહેવાય. આ છે જીવની સંસાર અવસ્થા! આ સંસારમાંથી મુક્ત થવું હોય તો એના આત્માના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરો.

પ્ર
ક
ર
ણ
૧૩મું

સાંખ્યશાસ્ત્ર
ને
વેદાંતશાસ્ત્ર

ચેતન અને અચેતન તત્ત્વ.

માતા દેવહૂતિએ ભગવાન કપિલના મુખેથી 'સાંખ્યશાસ્ત્રનુ' જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સર્વ પ્રથમ તેમણે પુરુષ અને પ્રકૃતિની ચર્ચા કરી. ચેતન પદાર્થને પુરુષ અને અચેતન તત્ત્વને પ્રકૃતિ કહે છે. ચેતન અને અચેતન વચ્ચે અસ્તિત્વની ભૂમિકામાં કોઈ ગૂંચ નથી. કારણ કે એ વ્યવહારમાં પ્રતીત થઈ રહ્યાં છે. એટલું જ નહિ પરંતુ એની ઉત્પત્તિનો પણ ઉલ્લેખ છે. ઘણીવાર એવું થાય છે કે, જગત મિથ્યા છે અને એ માટે તેને સ્વપ્નની ઉપમા

અપાય છે કે મિથ્યા છે એવી રીતે આ વાસ્તવિક જગતમાં બધું મિથ્યા છે. તો શાસ્ત્રોમાં વિરોધાભાસનો મોટો પ્રશ્ન થાય છે ભગવાને સ્વંય પરિચય આપ્યો છે કે, સર્જક, પોષક અને વિનાશ તરીકે પોતે છે.

વેદાંતની બે વિચાર ધારા.

આપણા વેદાંતમાં બે વિચાર ધારા ચાલે છે. **એક વિચાર** ધારા કહે છે, **'જગત'** મિથ્યા છે, કલ્પના છે એનું કોઈ અસ્તિત્ત્વ જ નથી જે કાંઇ છે તે 'બ્રહ્મ' છે. બીજું કાંઈ નથી. એ બાબતમાં પણ ઘણાં પ્રશ્ન ઊભા થયા. ઘણાં સ્થળોએ ભગવાનને જગતના કર્તા તરીકે, નિયંતા તરીકે અને સંહાર કર્તા તરીકે વર્ણવ્યા છે ગીતાજીને પ્રામાણિક માન્યા સિવાય છૂટકો જ નથી.

એક એવો પ્રશ્ન ઊભો થાય છે કે, જો જગતનું અસ્તિત્વ જ નથી તો ભગવાન સર્જક કેવી રીતે થયા ? કોઇ ચિત્રકાર એવો દાવો શી રીતે કરી શકે કે આ ચિત્ર મેં કર્યું છે ? ગીતાજીમાં શ્રીકૃષ્ણ ભ્રાંતિ ભર્યું બોલતા નથી. "હું આ જગતનો સર્જક છું, આ જગતને ચલાવું છું, મારી અંદર અનેક બ્રહ્માંડ રહેલાં છે." ત્યાં ભગવાન બોલ્યા, "અર્જુન, હું તને મારું વિરાટ સ્વરૂપ દેખાડું છું અને ત્યાં એક જ સ્થળે રહેતા સમસ્ત જગતને તું જો." તો ભગવાન આવું અસત્ય બોલે ખરા ! વેદાંતમાં બીજી 'વિચાર ધારા એ છે કે ના 'જગત તો છે. જ" નથી નથી એમ કહીએ એ કેમ ચાલે ? પરંતુ એ જગતને પૃથક્ માને છે.

જગત અંગે અન્ય આચાર્યોના મત.

શ્રી રામાનુચાર્યજી તથા શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને બીજા ઘણા આચાર્યો તેમજ ઘણા નવા ચિંતકોએ એ વાત ઉપર ભાર

મૂક્યો છે. કે 'જગત તો છે એમાં શંકા નથી. એને માન્યા વગર ચાલતું નથી. કાંતો જગતને તમે માયા માનો, કાંતો તમે જગતને વાસ્તવિક માનો અને કાંતો જગતને તમે નશ્વર માનો. જગતને નશ્વર માનવાથી પણ કામ સરતું નથી. જગતને માયા માનીશું તો પણ મુશ્કેલી થાય છે. કારણકે એના વિરોધમાં ઘણા બધા મુદ્દાઓ ઊભા થાય છે. એટલે જે આચાર્યોનું વલણ કાંઈક ભક્તિ તરફ હતું તેમણે જબ્બરજસ્ત દલીલો કરી. એમણે એવું પ્રતિપાદન કર્યું કે આ જગતને મિથ્યા અને માયા માનવાને બદલે એને પરમાત્માની કૃતિ માનો. આ કૃતિ પણ સાધારણ પ્રકારની નથી.

જગતની ઊત્પતિનું કૌશલ્ય.

તમે જુઓ કે આ જગતમાં કેટલી બધી વિવિધતા છે. એક બગીચામાં જાવ તો ફૂલના રંગ પણ જુદા જુદા, આકાર જુદાં, સુગંધ જુદી, નામ જુદાં, રૂપ જુદાં અત્યંત વૈવિધ્યપૂર્ણ જગતની રચના પ્રભુએ કરી. અને એ જ એનું રચયિતા તરીકેનું કૌશલ્ય છે. જુઓને જીવ પણ કેટલાં બધા આકારમાં રચ્યા છે. કીડીથી માંડીને હાથી સુધીના પ્રાણીઓ બનાવ્યાં. આકાશમાં ઊડી શકે તેવાં પક્ષીઓ બનાવ્યાં, મનુષ્યો બનાવ્યા, ખૂબ કુશળતાપૂર્વક આ જગતની રચના કરી.

તમે માનવ શરીરનો અભ્યાસ કરો તો તમને એવું લાગે કે આ માનવયંત્ર કેવું કુશળતાપૂર્વક બનાવ્યું છે ! એનું ખૂબ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરો તો એ પરમાત્માનો પરમ ભક્ત થઈ જશે. માનવ શરીરમાં જે રચનાઓ છે તે કેવી વ્યવસ્થિત છે ! નાનકડી ગ્રંથિઓ જે નાનામાં નાની છે. તે બધી સહેતુક છે.

માત્ર માનવશરીરમાં જ નહિ પણ એવી રચનાઓ પશું પંખીમાં પણ કરી છે. વધારેમાં વધારે વિકાસ માનવ શરીરમાં છે. આ બધું કાંઈ અનાયાસે થયું નથી. એનો કોઈ કુશળ રચયિતા છે. એટલે આ જગતની રચના કરનારા આ પ્રભુ કે કોઈ પરમતત્ત્વને ઝઘડામાં મૂકવું નથી. એને રામ કહો કે કૃષ્ણ કહો. જેને જેની ઉપાસના વધુ ગમી તે કરી. એણે શિવની ભક્તિ કરી, કોઈને નિરાકાર બ્રહ્મને વધારે ઉત્તમ લાગ્યું, તો નિરાકારની ઉપાસના કરી.

પરમ તત્ત્વની ભક્તિ

કોઈ એવું અજ્ઞાત તત્ત્વ, અલૌકિક દિવ્ય તત્ત્વ, પરમ શક્તિમાન સર્વજ્ઞ તત્ત્વ છે. જે જગતને કલ્પના માનવાને બદલે પ્રભુની કૃતિ માનો. તો તમારો જગત પ્રત્યનો વ્યવહાર વિરોધાત્મક નહિ રહે. એટલા માટે જ સમગ્ર જડતત્ત્વને માટે આપણે ત્યાં આ સાંખ્યમાં 'પ્રકૃતિ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'પ્રકૃષ્ટા કૃતિ પ્રકૃતિ' પરમાત્માની કૃતિઓમાં, પ્રભુની લીલામાં જે સર્વોત્તમ લીલા છે. ભગવાન વાંસળી વગાડે તે બરાબર છે ભગવાન ત્રીજું નેત્ર ખોલે તે બરાબર, ભગવાન સમુદ્ર પર શિલાન્યાસ કરાવે એ બરાબર છે. ગોવર્ધન ઉપાડે એ પણ બરાબર છે. પરંતુ એમની મહાન કૃતિ તો એ છે કે એ અનંત બ્રહ્માંડો ઉત્પન્ન કરે છે. ત્યાં કોઈ ફિઝિક્સ નથી.

ભૌતિક શાસ્ત્ર શું છે ?

વૈજ્ઞાનિકો એવું કહે છે કે તમે હિમાલય જેવા મોટા પર્વતમાંથી એક કાંકરી ઉઠાવો તો એ પર્વત ઓછો થયો ગણાય. જ એનું વજન ઘટ્યું. ભૌતિકશાસ્ત્ર એમ કહે છે કે એક ઘટે નહિ

ત્યાં સુધી બીજી કોઇ વસ્તુ બને નહિ. સંખ્યાની દૃષ્ટિએ જોઇએ તો દસમાંથી બે બાદ કરો તો દસને બદલે આઠ થવાના જ. આ નિયમ છે પરંતુ પ્રભુની પ્રકૃષ્ટ પ્રકૃતિને આ લાગુ પડતું નથી. એટલે કે પોતે જ પરિપૂર્ણ હોવાનાં કારણે એની અંદરથી જે કાંઇ ઓછું થાય છે એ ઓછું થયા છતાં પણ એનું ઓછું થતું નથી. ભગવાનમાંથી અનંત બ્રહ્માંડો ઊભા થાય, તો ભગવાનનું કાંઇ ઘટે નહિ અને પ્રલય કાળમાં અનંત બ્રહ્માંડો પ્રભુની અંદર આવીને સમાઈ જાય તો પણ તેનામાં કશી વૃદ્ધિ થતી નથી. પૂર્ણ એને કહેવાય છે કે જે વૃદ્ધિ અને ક્ષય રહિત રહે.

આ વિશે કપિલ ભગવાનશું કહે છે ?

કપિલ ભગવાન કહે છે, 'ચેતન રૂપ છે એનું નામ અપાયું 'પુરુષ' અને જડ તત્ત્વ છે એનું નામ 'પ્રકૃતિ'. ચેતન તત્ત્વ અને અચેતન તત્ત્વતો વાસ્તવમાં પરમાત્માનું જ પ્રાગટ્ય છે. કારણ કે સાંખ્ય એ નિરીશ્વર નથી પુરુષ અને પ્રકૃતિની ઉત્પત્તિ નથી. બ્રહ્મથી પુરુષ, ઉત્પન્ન થયો અને 'બ્રહ્મવાદ' કહ્યો. બ્રહ્મવાદનો સિદ્ધાંત એ છે કે, 'પરમાત્મા તો સત્, ચિત્ અને આનંદ છે તેમાં પરમાત્માનું પ્રાગટ્ય એક સરખું નથી.

ભગવાન તો જગત રૂપ બન્યા છે.

પરમાત્માનાં પ્રાગટ્યનું પ્રથમ રૂપ તે સદાત્મક છે. જે ચિત્ અને આનંદનું પ્રાગટ્ય છે. એટલે ભગવાને આ જગત બનાવ્યું એવું કહેવું એ પણ અર્ધ સત્ય છે. એમ કહીએ તો ચાલે.

ભગવાને જગત બનાવ્યું નથી પરંતુ ભગવાન જગત રૂપ બન્યા છે. પરમાત્મા ચતુષ્પાદ છે અને એના એક પાદ રૂપે આ જગત છે. આ જગત જ નથી, એનું અસ્તિત્વ જ નથી એ કહેવું

તે અવાસ્તવિક છે. આ જગતતો ભગવાનનું એક ચરણ છે અને ત્રણ ચરણ બહાર છે. ઉપનિષદો કહે છે કે પરબ્રહ્મ પરાત્મામાંથી આ જગતની ઉત્પત્તિ થઈ એ તો આપણે માનવું પડે તો પછી એ સવાલ ઊભો થાય કે "પરમાત્માને એવી શી જરૂર પડી કે આ પ્રપંચ ઊભો કર્યો ?"

જગત એ પ્રપંચ છે

વેદાંતીઓ જગતને માટે એક સરસ શબ્દ વાપરે છે તે એ કે 'પ્રપંચ'. બહુ સારો શબ્દ છે. આપણે જ્યારે સંસારમાંથી કંટાળીએ ત્યારે આ નામ યોગ્ય છે. જગતને માટે 'પ્રથમ' શબ્દ ઘણીવાર વપરાય છે. રૂપ પ્રપંચ, નામ પ્રપંચ વગેરે એ પ્રપંચ ભગવાને શા માટે ઊભો કર્યો ? એ તો આત્મારામ છે. આત્માકાર છે. એને કોઇ અપેક્ષા નથી તો પછી આ બધું ઊભું કરવાની શી જરૂર ? આ બધાંનુ સમાધાન આપણને ઉપનિષદોમાંથી મળે છે. વેદાંત અને સાંખ્ય વગેરેમાં થોડો ભેદ છે. કપિલ ભગવાનના મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ બંને અનાદિ છે અહીં વેદાંતનો થોડો વિરોધાભાસ છે વેદાંત એમ કહે છે કે " જો તમે પ્રકૃતિને અનાદિ અને અનંત માનો અને જો સાબિત થશે તો જીવને કદી મોક્ષ નહિ મળે.'

પ્રકૃતિ અને માયા વચ્ચેની ચર્ચા

પ્રકૃતિનું જ બીજું નામ છે. માયા અને એ માયા - પ્રકૃતિ માટે જુદુ જુદી દિશાઓમાંથી ચિંતન થયું છે. કોઇએ એમ કહ્યું, "માયા એટલે કાંઇ નથી. પરંતુ એક ભ્રાંતિ છે, એક આભાસ છે, અવિદ્યાનું પરિણામ છે. વિશેષ કરીને વૈષ્ણવ આચાર્યોએ કહ્યું, "અમે તો એમ માનીએ છીએ કે અનંત શક્તિ ધરાવતા

પરમાત્માની એક શક્તિનું જ નામ છે. માયા." ભાગવત મહા ગ્રંથોએ આ જ વ્યાખ્યાને સ્વીકારેલ છે "માયા એટલે પરમાત્માની એક દિવ્ય શક્તિ. એક અદ્‌ભુત શક્તિ" એ શક્તિ દ્વારા આખું વિશ્વ એમણે સર્જ્યું છે, તે નિભાવે છે અને નાશ પણ એ કરે છે. આ માયા દ્વારા આગળ જતાં બે ફાંટા પડશે.

માયાનાં બે સ્વરૂપ

માયાનું એક સ્વરૂપ તે "આહ્લાદિકા માયા", અને બીજું, સ્વરૂપ તે 'વ્યામોહિકા માયા' આપણને મોહમાં નાખે પ્રવૃત્તિ વિમુક્તિ કરી દે છે. સંસારના જડ પદાર્થોમાંથી સુખી કરાવવાવાળું છે પરંતુ ક્યાંક ક્યાંક માયાની સ્તુતિ છે, પ્રશંસા છે, એને ઊંચું નામ આપીને 'દિવ્ય શક્તિ' રૂપે માનેલ છે.

ભગવાનની માયા માટે દૈવીશબ્દ વાપર્યો છે. હવે જે માયા લોકોને પરમાત્માથી દૂર લઈ જતી હોય, જે માયા પરમાત્માથી વિમુક્ત કરી નાખતી હોય એને દૈવી કેમ કહેવાય ? જે માયા આપણને બંધનમાં નાખે, જે માયા આપણને દુઃખ આપે તે માયાને 'આસુરી' માયા કહેવાય. શ્રીકૃષ્ણ બોલ્યા છે, "મમ માયા" આ મારી માયા છે. માયાના બે રૂપ છે, એક માયા ભગવાનને આવૃત્ત કરતી હોય, એમ લાગે અને બીજી માયા આપણી બુદ્ધિને આવૃત્ત કરતી હોય. માયા અવિદ્યા એ બધા પ્રકારોથી વર્ણવવાવાળી માયા માટે ભગવાન કપિલ કહે છે, "પુરુષ અને પ્રકૃતિ વિશે તમને જે સમજાવું છું એમાં પ્રકૃતિને આપણે મહત્ત્વ આપીશું કારણ કે આ સાંખ્યશાસ્ત્ર છે. જો વેદાંત હોત તો એણે પુરુષને મહત્ત્વ આપ્યું હોત એટલે કે આત્માને મહત્ત્વ આપ્યું હોત અને આત્મા વિશે જ બધું વિશ્લેષણ કર્યું

હોત! આ સાંખ્ય છે એટલે આત્માનો ખાલી પરિચય આપ્યો. આત્મા નિર્ગુણ છે, પ્રકૃતિથી પર છે. સાંખ્યશાસ્ત્ર આખો વળાંક પ્રકૃતિ તરફ લેશે. અને પ્રકૃતિનાં લક્ષણોનું વર્ણન કરે છે.

સાંખ્યશાસ્ત્રમાં તો સવિશેષ પ્રકૃતિ વર્ણન

સાંખ્યશાસ્ત્રનો મૂળ વિષય છે પ્રકૃતિ. એ પ્રકૃતિ માટે બીજું, નામ આપ્યું 'પ્રધાન'. પ્રધાન એટલે કે જે મુખ્ય હોય તેને પ્રધાન કહેવાય સાંખ્યશાસ્ત્રમાં પ્રકૃતિ મુખ્ય છે.

કપિલ ભગવાને જેને ત્રિગુણાત્મક કહી છે. જે અવ્યક્ત છે, જે મિથ્યા છે અને જે કાર્ય-કારણ રૂપ છે. સ્વંય નિઃવિશેષ હોવા છતાં પણ સંપૂર્ણ ધર્મનો આશય છે તે પ્રધાન તત્ત્વને પ્રકૃતિ કહે છે. એટલે કે પહેલું લક્ષણ આપ્યું તે પ્રકૃતિ દ્રવ્યની દૃષ્ટિએ જોવા જઈએ તો પ્રકૃતિ એ દ્રવ્ય નથી. એટલે કે પદાર્થ નથી છતાંય એનું રૂપ વિચિત્ર છે. સ્વયં નિર્વિશેષ હોવા છતાં પણ પૂર્ણ વિશેષ ધર્મનો આશય છે. અર્થાત્ પ્રકૃતિ એક એવું તત્ત્વ છે કે જેને પદાર્થ પણ કહી શકો અને અપદાર્થ પણ કહી શકો. આત્મા અપદાર્થ છે. તે કોઈ વસ્તુ નથી. પ્રકૃતિ એક એવી વસ્તુ છે કે તે વસ્તુ અને અવસ્તુની વચલી ભૂમિકા છે અને તે નિત્ય છે. સાંખ્ય એને નિત્ય માને છે.

વેદાંતની દૃષ્ટિએ માયા.

વેદાંત એમ કહે છે, "તમને બ્રહ્મજ્ઞાન થઈ જાય તો પ્રકૃતિ માયાનો લય થઈ જાય છે. કારણ કે તે અંધકારમય છે. સૂર્ય ઊગે અને અંધકારનો લય થઈ જાય. એમ જ્ઞાનનો ઉદય થાય એટલે અવિદ્યાનો-માયાનો લય થઈ જાય છે". અહીં સાંખ્યશાસ્ત્ર એમ કહે છે, "એવું નથી. માયાનો નાશ થતો નથી. તે રહે છે. માત્ર

એનાં કાર્યનો પ્રભાવ આપણા ઉપર પડતો નથી.

અજ્ઞાન અને જ્ઞાનની જુદી જુદી ભૂમિકા છે. અજ્ઞાનના આરંભની ખબર નથી પણ એનો અંત છે. જ્ઞાનનો આરંભ તો છે પણ એનો અંત નથી. એટલે આ બંને તત્ત્વોને જો સાંખ્યની ભૂમિકાથી સમજીએ તો પ્રકૃતિ નિત્ય છે, કાયમ રહેનારી છે. એનો નાશ નથી. તમે કહો કે "પ્રકૃતિનો નાશ નથી તો એને મોક્ષ કેવી રીતે મળે ?" તો કપિલ ભગવાન કહે છે. "પ્રકૃતિના તત્ત્વોને, તેનાં કાર્યોને અને તેનાં સ્વરૂપને યથાર્થ રીતે સમજી લો તો તમને મોક્ષ મળી જાય છે." મોક્ષ મેળવવા માટે કોઇ પ્રવૃત્તિ જરૂરી હોય તેવું નથી વિવેકથી પણ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. કોઇ તપ કરીને મોક્ષ પ્રાપ્ત કરે તો તે બરાબર છે. તો યોગ દ્વારા મોક્ષને પામી શકે તે. શક્ય છે. તમે એમ ન માનશો કે મોક્ષ મેળવવા માટે કોઇક ક્રિયા કરવી જ પડે. કેવળ પ્રબોધથી, કેવળ જ્ઞાનના પ્રાગટ્યથી મુક્તિ સંભવ છે. જ્ઞાનનું મહત્ત્વ તો સૌથી વધારે છે.

જ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ

માનવજીવનની આખી પ્રક્રિયા જોવા જાવ અને બહુ ઊંડો વિચાર કરો, એના સ્વરૂપને જોવા જાવ તો એમાં આકર્ષણ થાય એવી કોઇ જ વસ્તુ નથી. તો શું ? આ માનવ શરીરમાં ઉત્તમ વસ્તુ શું છે ? શરીરમાં તો માંસ, મજ્જા, રૂધિર, કફ, વાયુ, પિત્ત વગેરે છે. આપણા શરીર ઉપર પણ સુંદર લાગનારા પદાર્થો જો શરીરથી અલગ હોય તો શરીરનું આકર્ષણ રહેજ નહિ.

દરેક વસ્તુના સ્થાનનું જ મહત્ત્વ છે. મૂળ વાત એ હતી કે સૃષ્ટિની મૂળ પ્રક્રિયાને જાણવા માટે પણ સૃષ્ટિના બંધનમાંથી પણ

મુક્તિ મળી શકે છે. કારણ કે પ્રક્રિયા જાણવાથી તેનું પૃથક્કરણ કરવું જોઇએ. પૃથક્કરણ એટલે એક એક વસ્તુને અલગ કરી દેવી. આ સૃષ્ટિનું પૃથક્કરણ કરતાં પહેલાં ઉદાહરણ રૂપ રથનું પૃથક્કરણ કરીએ. આ પૈડું કહેવાય, આ છત્ર કહેવાય, આ ધૂંસરી, આ પગથિયાં કહેવાય, એવી રીતે સાંખ્યશાસ્ત્રનું પૃથક્કરણ કરીએ તો તેનું જ્ઞાન મળી શકે. તો આ રીતે કરવાથી ફાયદો શો ? ફાયદો એ છે કે તમે જે જગત વચ્ચે રહો છો એ જગતના સ્વરૂપને તમે જાણો તો ખરા ! બીજું આપણી પ્રકૃતિનું જ આ જગત છે એવું ન માનશો.

કાયા પણ પ્રકૃતિનું જ કારણ છે

આપણે જે ધારણા કરી રાખી છે એ કાયા પણ પ્રકૃતિનું જ કારણ છે. તમે તમારી કાયાને ક્યારેય કાયા સ્વરૂપમાં મૌલિક રૂપમાં ઓળખી છે ? હાડકાં, લોહી, મૂત્રમળ એ સૌ ભૌતિક નામો છે. પૃથક્કરણ કરવા જઇએ તો બધું જુદું લાગે. સુખ ન આપી શકે એવી વસ્તુઓનું પૃથક્કરણ કરીને પણ અંતે એ દ્રઢ નિશ્ચય કરી શકાય છે. એનો મોહ રાખવા જેવો નથી. અને એટલા જ માટે જગતની આ આપત્તિ છૂટે તેને માટે ભગવાન કપિલે મુખ્યત્વે પૃથક્કરણની આ પ્રક્રિયા આપણી સામે મૂકી. પછી વૈરાગ્ય અને ભક્તિનાં સાધનો પણ પૃથક્કરણ રીતે કપિલ ભગવાને સમજાવ્યાં. ગીતાનો મૂળ વિષય પણ આ છે. સાંસારિક બંધનમાંથી મુક્તિ મળે તો જ એનો મોક્ષ મળે. સાંખ્ય તો પ્રકૃતિ અને પ્રધાનના નામે ઓળખાય છે.

પ્ર
ક
ર
ણ
૧૪મું

સાંખ્યના પચ્ચીસ તત્ત્વો

પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો શોધ્યાં.

પ્રકૃતિનો વિકાસ થયો એ બતાવે છે કે આ પ્રકૃતિ ચોવીસ તત્ત્વોમાં પ્રગટ થઈ. આ બધા વૈજ્ઞાનિકો હતા. ફરક એટલો કે એને આપણે અત્યારે સાયન્ટીસ્ટીકો કહીએછીએ. પ્રાચીન વખતમાં આપણે એને ઋષિઓ કહેતા હતા. આ ઋષિઓ વિજ્ઞાનીઓ છે. તેમણે કેવળ બ્રહ્મનું જ ચિંતન કર્યું એવું નથી. એમણે પદાર્થોનું પણ ચિંતન કર્યું છે. પદાર્થો ઉપર પણ એમણે પૃથક્કરણની પ્રક્રિયા અજમાવી છે. અને કદાચ એવું પણ કહી

શકાય કે આજનો માનવી જગતને સમજી શક્યો એનાં કરતાં એ વૈજ્ઞાનિકો જગતને વધારે સમજી શક્યા હતા. એનો પૂરાવો એ છે કે આજનું વિજ્ઞાન પણ ધીરે ધીરે એ ઋષિઓએ જે સિદ્ધ કર્યું હતું તેને સિદ્ધ કરવા તરફ જઈ રહ્યું છે. જેમ કે વૃક્ષમાં કોઈ ચેતના ન હોઈ શકે.' એમ વૈજ્ઞાનિકો માનતા. પણ જગદીશચન્દ્ર બોઝ જેવા બીજા વૈજ્ઞાનિકોએ સાબિત કરી આપ્યું છે." વૃક્ષમાં પણ જીવ છે એ રીતે વાયુમાં, જળાદિમાંયે જીવો છે તે પહેલાં કોઈ માનતું ન હતું પણ આજે સૂક્ષ્મદર્શન યંત્રથી જોઈ શકાય છે કે તેમાં પણ જીવ છે. એટલે કે ઋષિઓ તે માત્ર ઋષિઓ ન હતા. તે મહાન વૈજ્ઞાનિકો પણ હતા. અને તેઓએ આ પૃથક્કરણ કર્યું છે.

ચોવીસ તત્ત્વો ક્યાં ક્યાં છે ?

પ્રકૃતિના ચોવીસ તત્ત્વો છે. તેમાંનાં પંચ મહાભૂત છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી તે પછી પાંચ તન્માત્રા એટલે કે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, તે પછી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળીને દશ, તે પછી ચાર તત્ત્વો; મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચતુષ્ટય છે. આ ચોવીસ તત્ત્વોને ઓળખ્યા પછી જે અતિ મહત્ત્વનું પચ્ચીસમું તત્ત્વ છે તે કાળ છે.

કાળતત્ત્વ એટલે શું ?

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ આ કાળતત્ત્વ પરમાત્માની ખૂબ નિકટનું રૂપ છે. આપણે લોકો આ કાળતત્ત્વ શબ્દને હજુ સમજી. શકતા નથી. કાળનો અર્થ છે સમય, કાળ ક્યાંથી શરૂ થયો એની કોઈને ખબર નથી. સૃષ્ટિમાં એક એવી અવસ્થા છે કે કાળ પછી

કાળ રહેતો નથી. અને એ કાલાતીત અવસ્થાની સ્થિતિમાં પહોંચી શકાય છે. આઈન્સ્ટાઈન નામના વૈજ્ઞાનિકે એવું શોધ્યું છે કે, કોઇ પણ પદાર્થ પ્રકાશના જેટલી ગતિથી આગળ વધે છે. એટલે કે પ્રકાશની ગતિ એક સેકન્ડમાં એક લાખ છયાસી હજાર માઈલ જેટલી છે. તો એ પદાર્થ પછી પદાર્થ ન રહે પછી તે બની જાય છે 'ઊર્જા'. ભૌતિક વિજ્ઞાન એમ કહે છે કે અસ્તિત્વના બે પ્રકાર છે. એનર્જી, અને મેટર. એનર્જી એટલે શક્તિ અને મેટર એટલે પદાર્થ. આ સંશોધન પૂર્ણ છે. જો પ્રકાશની ગતિથી ઓછી થઈ જાય તો એ ઊર્જા ઊર્જા નથી રહેતી પણ પદાર્થ બની જાય છે. એટલે કે કઇ વસ્તુ પદાર્થ રહે છે અને કઇ વસ્તુ ઊર્જા રહે છે એ સમય નક્કી કરે છે.

કાળ અંગે વિવિધ માન્યતા

કપિલ ભગવાન એમ કહે છે કે "આ કાળની તો પ્રકૃતિમાંથી ઉત્પત્તિ થઇ છે." કેટલાક લોકો આ કાળને પુરુષથી ભિન્ન માનતા નથી અને ઈશ્વરે સર્જવેલ પ્રકૃતિ માને છે. કેટલાક એવું પણ માને છે કે "આ કાળ એટલે ભગવાનની વિનાશક શક્તિ છે." કેટલાક આ કાળને ચેતના માને છે. ભગવાનની આ ચેષ્ટા છે.

ઉત્પત્તિને લય વચ્ચેની સ્થિતિ તે જીવન છે.

સમગ્ર જગત પણ પ્રક્રિયામાં વહેંચાયેલું છે. જગતના સમગ્ર પદાર્થોને આ પરિસ્થિતિમાં જોવા પડશે (૧) **ઉત્પત્તિ** (૨) **સ્થિતિ** અને (૩) **લય.**

લય થયો છે એ પાછો ઉત્પત્તિ થવા માટે થઈ શકે. એ ઉત્પત્તિ થાય અને પાછી એની સ્થિતિ થાય. અને પાછો એનો

લય થાય. ઉત્પત્તિ અને લયની વચ્ચેની જે ભૂમિકા છે, એને આપણે જીવન કહીએ છીએ. અને એ જીવન તત્ત્વો ભેગાં ન થાય ત્યાં સુધી સંભવિત નથી. અચેતનને ચેતન મળે ત્યાં સુધી જીવન મર્યાદા છે. જો એકલો આત્મા હોત તો આપણને કોઈ 'જીવે છે.' એમ ન કહે. અને આપણું શરીર જો એકલું હોય તો પણ આપણે જીવીએ છીએ, એમ ન કહે.

કાળ તત્ત્વ બે જગાએ વ્યાપે છે.

પરમાત્માની પ્રક્રિયા જ્યારે ચાલુ થાય છે. ત્યારે કાળ તત્ત્વોનો આરંભ થાય છે. એટલે એ કાળતત્ત્વ પોતાની માયા દ્વારા બે જગ્યાએ વ્યાપે છે. એક બહાર છે અને બીજું અંદર છે તે બહાર કાળ રૂપે છે. અંદર પુરુષ રૂપે છે.

આપણી અંદર રહેલા અંધકાર રૂપી અજ્ઞાનને પી ન જઈએ ત્યાં સુધી પ્રકાશ કદી પ્રગટ થતો નથી.

મહત્તત્ત્વે એ અંધકાર લીધો એ અંધકાર ક્યાંથી આવ્યો હતો ? તે અંધકાર પ્રલય હતો. સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ આ ત્રણે તત્ત્વોને પ્રકાશનાં મૂળ પ્રતિનિધિ માન્યા છે. દિવસે સૂર્ય પ્રકાશ આપે છે. રાત્રે ચંદ્ર અને એ બંને ન હોય ત્યારે અગ્નિ (ઈલેક્ટ્રિક) બલ્બ પ્રકાશ આપે છે એ બધાં જ અગ્નિ કહેવાય)

પ્રલય દ્વારા મોક્ષ થાય ખરો !

હા એક અવસ્થા એવી છે કે સૂર્ય ન હોય, ચંદ્ર ન હોય, અગ્નિ ન હોય છતાંય પ્રકાશ હોય તો તેનું નામ મોક્ષ. એટલે આપણી બધાંની ગતિ એક તરફ હોય છે. કાંતો પ્રલય તરફ. કાંતો પ્રકાશ તરફ એટલે કે મોક્ષ તરફ. તમે પ્રકૃતિનો હાથ પકડ્યો તો તે દિશા પ્રલયની છે. જો તમે પરમાત્માનો હાથ

પકડ્યો તો તે મોક્ષની ગતિ છે. અંતે તો જેમાંથી ઉત્પન્ન થયેલા છીએ તેમાં મળી ગયા વગર આરો નથી પેલો શ્લોક વિચારીએ.

आकाशात् पतितं तोयं,
यथा गच्छति सागरम्

सर्व देव नमस्कारः
केशवं प्रति गच्छति

આકાશમાંથી નીચે પડેલું બધું જળ આખરે સાગરને કેમ મળે છે ? એવી રીતે પરમાત્માથી ઉત્પન્ન થયેલા જગતને અને આત્માને આખરે પરમાત્મામાં લીન થયા વગર છૂટકો નથી, કાં તો આપણા અસંખ્ય જન્મ થશે અને વિશ્વનો જ્યારે પ્રલય થશે ત્યારે એની સાથે આપણો પણ લય થશે. કારણ કે બધું જ ભગવાનમાં મળી જવાનું હશે તો આપણે ક્યાંથી અલગ રહી શકવાના ?

પણ આ પ્રક્રિયા તો બહુ લાંબી છે. અને સારી પણ નથી. એનાં કરતાં એક બીજી પ્રક્રિયા છે. અને તે છે મોક્ષની પ્રક્રિયા. એટલે કે મનને મુક્ત કરીને, અવિદ્યાનો નાશ કરીને, સાંસારિક ભાવનાઓથી મુક્ત થઈને, મોહમાંથી મુક્ત થઈને આ શરીરમાં, આ જન્મમાં જ પરમાત્માને પ્રાપ્ત થઈ જવું તેનું નામ છે **'પુરુષાર્થ'**

ઉત્પત્તિ એટલે રૂપાંતર

કપિલ ભગવાને અહીં ઉત્પત્તિના પ્રકારની વાત બતાવી. ઉત્પત્તિને ઉલટાવો એટલે પ્રલયનો પ્રકાર છે. જેમ એકથી દસ બોલીએ અને પછી તેને દસથી નવ આઠ ને એક બોલીએ તેમ ઉલટાવવાની ક્રિયા છે. ઉત્પત્તિનો પ્રકાર સમજશો તો લયનો

પ્રકાર સમજી શકાશે મહત્‌તત્ત્વે અંધકારને પી લીધો પછી એણે ત્રણ કાર્ય કર્યાં. પહેલું કાર્ય કર્યું તે જગતને પ્રકાશિત કર્યું શ્રી મહાપ્રભુજી એમ નથી કહેતાં કે 'જગતને ઉત્પન્ન કર્યું" કારણ કે આ જગતમાં કોઈ વસ્તુ શૂન્યમાંથી સર્જન પામતી નથી. પ્રકાશિત કરવું એટલે રૂપાંતર કરવું. જગતને પ્રકાશિત કર્યા પછી એણે જગતને જગતરૂપે વ્યક્ત કર્યું એટલે કે જગત ઊભું કર્યું અને ત્રીજું કાર્ય એ કર્યું કે અહંકારનો નાશ કર્યો.

પ્રથમ પ્રકાશ ઉત્પન્ન થયો જ્યોતિરૂપે

અંધકારનો નાશ કર્યાની સાથે પ્રકાશ ઉત્પન્ન થયો એટલા જ માટે આપણે ત્યાં પરમાત્માના પ્રતીક રૂપે જ્યોતિનું સ્વરૂપ માન્યું છે. કોઈ પણ ધર્મ એવો નથી કે એ ધર્મમાં અગ્નિનું સ્થાન ન હોય ! સીધી કે આડકતરી રીતે અગ્નિતત્ત્વની પૂજા આખું વિશ્વ કરે છે. હિંદુઓમાં યજ્ઞ પદ્ધતિ ચાલી, યજ્ઞકૂંડમાં આહુતિ આપીને યજ્ઞ કરવો એ પણ પરમાત્માને અર્પણ કરવાની રીત છે. પારસીઓ સીધા જ અગ્નિની ઉપાસના કરનારા છે. અગ્નિની ઉપાસના એ દહનવિદ્યા છે. યોગશાસ્ત્રમાં પણ અગ્નિની ઉપાસના છે. ભોજન કરવું એ પણ અગ્નિની ઉપાસના છે.

ત્રણ પ્રકારના અહમ્ થયા.

મહત્ તત્ત્વમાંથી ત્રણ પ્રકારના અહંમ્ ઉત્પન્ન થયા (૧) સાત્વિક અહંકાર (૨) રાજસ્ અહંકાર (૩) તામસ્ અહંકાર આ અહંકાર એટલે શું ? અહંકારનો અર્થ અભિમાન નથી. અહંકાર માટે આપણે ત્યાં ઘણા શબ્દો મૂકાયા છે. અહંકાર એટલે અસ્મિતા, અહંતા, અભિનિવેશ વગેરે. અહંકારના બે અનુભવો કર્યા છે. એક અનુભવ છે. તમારા હોવાપણાનો, બીજો અનુભવ

છે બીજાના હોવાપણાની સાથે મારા હોવાપણાની તુલનાનો. અહંકારનો પહેલો અનુભવ છે, 'હું છું' અને અહંકારનો બીજો અનુભવ છે 'હું આના કરતાં સારો છું, આનાં કરતાં ચડિયાતો છું, મોટો છું વગેરે જેને હું છું એવો અનુભવ થયો એમાં ખોટું શું છે?

ગર્ભમાં પણ બાળકને જ્યારે પહેલી ચેતના જન્મે છે ત્યારે એને સમજાય છે કે 'હું છું' સ્વપ્નમાં અને સુષુપ્તિમાં અહંકાર તો હોય જ છે. જે ક્ષણે વ્યક્તિને પ્રતીત થયું કે 'આ મારું છે' તો એ અહંકાર છે. તે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલો એથી આપણી અંદર આત્માહોવાની સાબિતી થઈ. આ ઉત્પન્ન થયેલો અહંકાર તત્ત્વ આપણામાં છે અને જરૂરી છે, એ તો મૂળતત્ત્વ માંહેનું એક છે.

અહંકારમાંથી ત્રણ ગુણ પ્રગટ્યો.

અહંકારમાં બીજાં તત્ત્વ આવ્યાં એક સાત્ત્વિક અહંકાર, બીજું રાજસ્ અહંકાર, ત્રીજું તામસ્ અહંકાર થયા. આમાંથી મન, ઈન્દ્રિયો, પંચ મહાભૂતોની તથા તન્માત્રાઓની ઉત્પત્તિ થઈ. તે તત્ત્વોમાંથી આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક તત્ત્વો બનાવ્યાં. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની વૃત્તિનું નિરૂપણ થયું. આ લક્ષણોની સાથે પદાર્થ અને ગુણોનાં લક્ષણો પણ આપણી સામે મૂક્યાં.

અનુભવ એટલે શું ?

આપણી આજુબાજુ જે આ વિશ્વ છે. એમાં એક વસ્તુ છે **'અનુભવ'**. જે અનાદિ વસ્તુ છે. અહીં **દશ્ય, દષ્ટા** અને **દર્શનને** કારણે જે પ્રાપ્ત થાય છે એને આપણે અનુભવ કહીએ છીએ. જીવનધારણ કર્યું તો તે ધારણ કરવાનો અર્થ શું ?

જીવનનો અર્થ છે અનુભવ. જો અનુભૂતિ નથી તો જીવન નથી. તો મારે શું કરવું જોઇએ ? પ્રભુએ ત્રણ પ્રકારનાં સર્જનો કર્યાં. અને અસ્તિત્વ ત્રણ દિશામાં વહેંચાયું પહેલું થયું ભૂત, બીજું થયું તન્માત્રા અને ત્રીજું થયું ઇન્દ્રિયો.

પંચ મહાભૂતનું પ્રાગટ્ય

આ પંચભૂત ક્યાંથી થયું ? ભૂત એટલે મહાભૂત. ભગવાને પ્રથમ આકાશ બનાવ્યું તો તેનો ગુણ આવ્યો શબ્દ. આકાશ ન બનાવ્યું હોય તો ખાલી જગ્યા ન હોત. આપણું અસ્તિત્ત્વ પણ ન હોત, બીજું તત્ત્વ તેમાંથી પેદા થયો વાયુ એ વાયુનું ગુણતત્ત્વ આવ્યું સ્પર્શ, વાયુમાંથી અગ્નિતત્ત્વ આવ્યું એટલે તેજનો ગુણ મળ્યો. અગ્નિમાંથી ઉત્પન્ન થયું જળતત્ત્વ તેનો ગુણ રસ. જે છ પ્રકારના રસ ખાટો, ગળ્યો ખારો, તીખો, કડવો જળમાંથી પૃથ્વી તત્ત્વ પ્રગટ્યું, તેમાંથી ગંધનો ગુણ ઉત્પન્ન થયો, જે નાક વડે અનુભવીએ છીએ. આ આખી જે યાત્રા છે તે સ્થૂળથી સૂક્ષ્મ તરફની છે.

વીશ તત્ત્વોનું નિરૂપણ

આપણા શરીરમાં આ પંચ ભૂતનાં પાંચેય તત્ત્વો છે. શરીરમાં મોટે ભાગે જળ તત્ત્વ જ વધારે છે. પછી પૃથ્વી તત્ત્વ એટલે હાડકાં, દાંત વગેરે એક બાજુ પંચ મહાભૂતનાં પાંચ તત્ત્વો છે અને બીજુ બાજુ સ્પર્શ, રૂપ રસ, ગંધ અને સ્પર્શ જેવા વિષયો થયા. બીજું એ સર્વને અનુભવવા માટે પાંચ ઇન્દ્રિયો થઈ જીવનને ઉપયોગી એવી બે આંખો મૂકી બે ફેફ્સાં મૂક્યાં, નાકનાં બે છિદ્રો મૂક્યાં. બે કિડની મૂકી. બે હાથ, બે પગ મૂક્યાં. આ બધાં અંગોને સાચવીને રાખવાનાં છે તે અણમોલ છે. જો યોગ્ય ઉપયોગ કરી એ

તો બસોથી ત્રણસો વર્ષ જીવતા હોત. વિચારોની આપ લે કરવા વાણી મૂકી, હાથ, પગ, અને વાણી, અને મળસૂત્રનો ત્યાગ કરનારા બે મળીકુલ પાંચ કર્મેન્દ્રિયો મૂકી. આ રીતે પાંચ મહાભૂત પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ તન્માત્રા મળી વીશ તત્ત્વો થયા તેમાં ચાર મૂળ તત્ત્વો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર મૂક્યા, ક્રિયાનું પ્રાધાન્ય હતું એવા ૨૦ અને જ્ઞાન પ્રાધાન્ય એવા ચાર ચાર તત્ત્વ મળી ચોવીશ તત્ત્વો થયા પણ આ તત્ત્વોનો ચાલાક કોણ? તે ઇન્દ્રિયોમાં દેવ પ્રગટ થયો તે દેવ ક્યા? તે વિશે જાણીએ

ચેતનાનું પ્રાગટ્ય

ભગવાને પહેલાં વિરાટ પુરુષ બનાવ્યો. એ વિરાટ પુરુષની અંદર આ બધાં ચોવીશ તત્ત્વો આવ્યાં. એ વિરાટ પુરુષમાંથી આ બધા જીવો બનતા થયા. આ એક વિરાટી કથા છે. પ્રથમ સમષ્ટિ હોય છે. અને પછી વ્યક્તગત બને આ વિરાટ પુરુષ આવ્યો તે આદિ પુરુષ અથવા જીવનની પહેલી ભૂમિકા. સંખ્યાની ભાષામાં એ વિરાટ પુરુષ ઉત્પન્ન થયો.

એટલે જીવ એ પરમાત્માનો ચિહ્ન અંશ છે, જેને ક્ષેત્રજ્ઞ કહે છે. તે હૃદયમાં પ્રવેશ્યો તેને જીવ કહે છે. હૃદય એટલે ચેતનાનું કેન્દ્ર, ભૌતિક હાર્ટ નહિ. પદાર્થ અને ચેતનાનું એટલું બધું સુયોજિત રીતે સંયોજન થયું. તો સૃષ્ટિની ઉત્પત્તિ ધઈ. આપણે જીવ રહ્યા છીએ, એ જગત વિશે આપણા ઋષિ મુનિઓએ કેવી સુંદર પૃથક્કરણની પ્રક્રિયા કરી છે? એ માનવીએ સમજવી જરૂરી છે. અને એ દૃષ્ટિએ આ તત્ત્વદર્શન ભગવાન કપિલના ઉપદેશ દ્વારા આપણને અને વિશ્વને પ્રાપ્ત થયો.

પ્રકરણ ૧૫મું

પુરુષ ચેતન છે
પ્રકૃતિ અચેતન છે

ચૈતન્ય તત્ત્વ

કપિલ ગીતામાં - દેવહૂતિ અને કપિલ સંવાદમાં પ્રકૃતિની વાતો કરી. તેમાં અવ્યક્ત છે, પરંતુ પ્રકૃતિના પરિણામે ઉત્પન્ન થનારું આ જગત વ્યક્ત બને છે અને આપણાં બધાંના અનુભવમાં આવે છે. અહીં પુરુષનો પરિચય મેળવીએ. એ માટે આ બંને તત્ત્વોનો એટલે કે ચેતન અને અચેતનનું જ્ઞાન મેળવીએ.

જળમાં આપણને સૂર્ય દેખાય છે અને સાથે સાથે સૂર્યનાં

પ્રતિબિંબો કાંપતા હોય તેમ દેખાય છે. જળ જો કંપતું હશે તો જળમાં સૂર્ય પણ કાંપતો દેખાશે. પણ સૂર્યનું કંપન શક્ય નથી. છતાં પણ આપણને જળમાં તો સૂર્ય કંપતો લાગે છે. એ આભાસ છે. અને પ્રતિબિંબનાં કરાણે આવું કંપતું સ્વરૂપ દેખાય છે. પાણી જો મેલું હશે તો સૂર્યપણ ઝાંખો દેખાશે. એવી રીતે આપણા જીવનમાં સુખી છીએ, દુ:ખી છીએ એવું જે લાગે છે. એ બધાં પ્રકૃતિનાં ગુણોનો આપણે આત્મમાં આરોપ કરીએ છીએ. એટલે કે જે ગુણો આત્મામાં નથી તે ગુણોને આત્મામાં સ્થાપીએ છીએ.

પ્રકૃતિમાં સગુણ આત્મા નિર્ગુણ રૂપે છે.

આત્મા પ્રકૃતિની અંદર રહેલો હોવા છતાં એ આત્મા હંમેશા નિર્ગુણ સ્થિતિમાં જ રહે છે. પ્રકૃતિમાં એટલું પ્રાબલ્ય નથી કે એ આત્માને સગુણત્વ આપી શકે ! આત્મા સાત્વિક નથી, રાજસ નથી કે તામસ નથી. જડતા, નિદ્રા, આળસ એ બધાં લક્ષણો આત્મામાં નથી પ્રકૃતિમાં ચંચળતા, ક્રિયાશીલતા તમસ્, રજસ્, નિદ્રા, આળસ વગેરે લક્ષણો અચેતન પ્રકૃતિમાં છે. આત્મામાં તો એ આરોપિત થયેલી પ્રક્રિયા છે. માણસ જ્યારે એમ કહે કે મને આ વિષયનું જ્ઞાન થયું." તો એ વિષયનું જ્ઞાન થવાની પ્રક્રિયા પણ માનસિક છે. એ અંતઃકરણની પ્રક્રિયા છે. આત્મા તો પોતે જ્ઞાન સ્વરૂપ છે.

સુખી થવું, દુ:ખી થવું, રાગ દ્વેષ, થવો, બાળક હોવું, વૃદ્ધ થવું આ બધાં લક્ષણો દેહનાં છે. ઇન્દ્રિયોનાં લક્ષણો ઇન્દ્રિયમયમાં છે. પ્રાણનાં લક્ષણો અંતઃકરણમાં છે. આપણું મૂળ સ્વરૂપ તો આકાશના જેવું નિર્મલ અને અવિકારી છે. આત્મામાં સુખ દુ:ખ નથી. રાગ દ્વેષ નથી, જન્મ મૃત્યુ નથી તો એ બધાં કેમ દેખાય છે?

તો ભગવાન કહે છે જે દેખાય છે. એ આભાસ છે આપણે તો પ્રકૃતિનાં લક્ષણોને આત્માની અંદર આરોપિત કરી નાખ્યા છે. માટે આપણને એમ લાગે છે કે હું સુખી છું કે દુ:ખી છું.

આત્મા જીવન સ્વરૂપ બને છે.

આત્મા જ્યારે જીવ બને છે. જીવાત્મા બને છે પણ આત્મા બંધાતો નથી. તે ખાસ સમજી લેજો. આપણને એવું પ્રતીત થાય છે કે, આત્મા બંધનમાં છે. તે દેહનાં બંધનમાં, કાળના બંધનમાં, કર્મનાં બંધનમાં છે એવાં અનેક બંધનમાં આત્મા જકડાયો છે તેવું જણાય છે. પણ એ માત્ર આભાસ છે. જ્યારે પ્રકૃતિના ગુણોથી સંબંધિત થાય છે. ત્યારે અહંકારથી મોહિત થઈને હું કર્તા છું, એવું પોતાને માનવા લાગે છે કે પોતે કર્તા નહિ હોવા છતાં પોતે કર્તા હોવાનું માની લેવાની ભૂલ એનામાં જે થઈ રહી છે એનું કારણ એ છે કે, પ્રાકૃત ગુણોથી સંબંધ થતાં એનામાં અહંકાર જન્મે છે અને અહંકારથી એ મોહિત બને છે. એને (આત્માને) દેહનું આવરણ વધતું જાય છે, અંતઃકરણનું આવરણ, પ્રાણનું આવરણ, ઇન્દ્રિયોનું આવરણ અને એ બધાં આવરણો ઉપર હવે શરીરનું આવરણ આવ્યું, ઇન્દ્રિયો આવી એટલે કર્મો આવવાનાં જ.

જીવન સાથે કર્મો વિવિધ રૂપે આવે.

જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી કર્મો તો છે જ. કર્મો આવ્યાં એટલે પાપ અને પુણ્ય કર્મો આવ્યાં, એનાથી થઈ અશાંતિ એટલે શાંતિ છિનવાઈ ગઈ. એટલે પરિણામે ઉત્તમ, મધ્યમ અને નીચી યોનિઓમાં એ ભટકવા લાગ્યો. જો તે સત્કર્મ પરાયણ થયો તો તે દેવયોનિમાં ગયો. પણ આ દેવયોનિ એ કાંઈ મોક્ષ નથી. મધ્યમ કર્મો કરતો રહ્યો તો આ ભૂતળમાં ભટકતો

રહ્યો અને નીચ કર્મો કરતો થયો તો તેનું પશુયોનિમાં પતન થયું આ થઈ જીવની વૃદ્ધ અવસ્થા.

પ્રકૃતિને આધીન થઈ જવાથઈ પરિણામ કેવું આવે છે ? તે જોઇએ

અહીં વાતતો એવી બને છે કે, જે બંધનોને આપણે આપણાં જીવનમાં સ્વીકારીએ છીએ. તે બંધનો પાછાં આપણને વહાલાં લાગે છે. શરીર પણ પ્રિય લાગે છે. ઘર, પત્ની, પૈસો, વગેરે પ્રિય લાગે છે. એટલે કે પ્રકૃતિએ આત્માનું એટલી હદ સુધી સ્વભાવનું પરિવર્તન કરી નાખ્યું છે કે જે વસ્તુઓ પીડાદાયી હતી એ જ વસ્તુમાં એને આનંદ આવવા લાગ્યો. જે વસ્તુ બંધન કરનારી છે. અને જે વસ્તુ એને સાંસારિક બંધનોને કારણે અશાંત કરનારી છે, એ બધી વસ્તુઓમાં એને પ્રીતિ અને રાગ લાગે છે.

માણસ તો ઈશ્વરનો અંશ છે.

કપિલ ભગવાને વૈરાગ્યની ચર્ચામાં કહ્યું હતું, "શરીરનો મોહ માનવીને છૂટતો નથી." પંચાણું વર્ષ થયાં હોય, શરીર અનેક રોગથી ઘેરાયેલું હોય, પીડા અનુભવી રહ્યો હોય, સગા - સંબંધી પણ તિરસ્કાર કરતા હોય, શરીરનું સુખ ન હોય, આવી દુઃખી અવસ્થામાં પણ એને આ દેહ છોડવો ગમતો નથી. અને તે છતાં દેહ એને પ્રિય લાગે છે. આમ થવામાં પ્રકૃતિનાં જ પરિણામો છે. પ્રકૃતિના પરિણામો આત્માની વિપર્યય અંદર અને બંધ એ બે કાર્યો કરે છે.

આ જીવાત્મા જ્યારે મુક્ત હતો ત્યારે તેનામાં ભગવદ્ અંશ હતો જ્ઞાન, વૈરાગ્ય હતાં, ઐશ્વર્ય હતું કારણ કે એનામાં જ્ઞાન હતું. પરંતુ પ્રકૃતિનાં બંધનથી બંધાઈ ગયો પણ કમનસીબી એ છે કે, સ્વંય આપણે જ આ બંધનો બાંધ્યાં છે.

સંસાર તો અચેતન છે.

આ સમગ્ર સંસાર અચેતન છે. અચેતન કદી ચેતનને પકડી ન રાખે. શરીર કાંઈ આત્માને પકડતો નથી. જીવાત્મા જ શરીરને પકડી રાખે છે. જીવાત્મા સૂક્ષ્મ શરીરને પકડી રાખે છે. એટલું જ નહિ જીવાત્મા સંસ્કારોને પણ પકડી રાખે છે. સારાં અને ખોટાં સંસ્કારોને પણ જકડી રાખે છે. આપણે સૌ પ્રકૃતિની પકડમાં પકડાયાં છીએ

આ ક્ષણે જ આપણે નિર્ણય કરીએ કે, 'મારે મુક્ત થવું છે.' તો એ સમયે માયા અને મોહનું કોઈ પણ બંધન પ્રબળ નથી. એક વાત નક્કી છે કે "પ્રકૃતિ ગમે તેટલી બંધન કરનારી હોય પણ પુરુષ કરતાં તે પ્રબળ નથી." એટલે તો પ્રકૃતિને સ્ત્રીલિંગમાં મૂકી છે. અને પુરુષને પુલ્લિંગમાં મૂકેલ છે. એ રીતે "માયા" પણ સ્ત્રીલિંગ છે. એટલે કે જે દિવસે તમારો આત્મા જાગે તે દિવસે માયાની શક્તિ નથી કે એ તમને દુઃખ આપે. આત્માનું બળ જે દિવસે વધ્યું એ દિવસે પ્રકૃતિની શક્તિ નથી કે એ આત્માને એ સુખ અને દુઃખમાં ભટકતો રાખી શકે.

કપિલ ભગવાનની મોક્ષ વિશે માન્યતા.

સાધારણ રીતે લોકોના મનમાં એવો ખ્યાલ છે કે, મોક્ષ ગતિ એટલે ઉપર જઇએ. કપિલ ભગવાન કહે છે કે 'એ ભ્રમમાં ન રહો. તમે જ્યાં હો ત્યાં તમારા સત્કર્મો દ્વારા તમને મોક્ષ અવસ્થા પ્રાપ્ત થશે." શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમાં એક વાત ઘણી અરસ કહી છે." પુરુષ નિર્બળ હોય તો પ્રકૃતિ પ્રબળ હોય છે. આપણાં ઘરોમાં આપણે શું જોઇએ છીએ. ભાઈ નબળો હોય તો બહેનનું ચાલતું હોય છે. આ લૌકિક દાખલો આપ્યો છે.

જે અહીં પુરુષ બળવાન બને તેની વાત સમજાવી છે.

પુરુષ ક્યારે બળવાન બને ?

આત્મા પ્રબળ બની જાય તો પ્રકૃતિ તો રાંક થઈને કે એની દાસી બનીને રહે. અથવા તો એ વિલીન થઈ જાય છે. સાંખ્ય શાસ્ત્રમાં વિલીન થઈ જાય એ કહેવું બરાબર નથી. એને વિલીન કરવાની શી જરૂર છે ? એ કહ્યાગરી થઈને રહે એ બસ છે. ઉદાહરણ લઈએ કે ઘોડે આપણી લગામમાં રહે, આપણું વાહન આપણા કાબૂમાં રહે તો તે આપણું દુશ્મન નથી. સૂર્યનો પ્રકાશ ગમે તેટલો પ્રબળ હોય, પણ જો મેઘ ઘનઘોર છવાઈ ગયો હોય તો ભર બપોરે પણ આજવાળું કરવું પડે છે. એવી રીતે આત્મા ઉપર પ્રકૃતિનાં આવરણો એટલાં બધાં તીવ્ર બનીને આવે છે કે, જેથી આત્મા નબળો બને છે અહીં આત્મા એટલે જીવાત્માની વાત છે.

શુદ્ધ આત્મા હોય છે એને તો કાંઇ થતું નથી. પણ જીવાત્માને અહીં આત્મા શબ્દ કહેવામાં આવેલ છે. ત્રાજવાનાં જમણા પલ્લામાંથી તમે થોડો માલ ઉઠાવીને ડાબા પલ્લામાં મૂકી દો તો શું થશે ? એક બાજુ ઓછું થશે અને બીજી બાજુ વધશે એટલે વધારાનું તરત પલટાશે આત્મા જેટલો નબળો થતો જશે એટલી પ્રકૃતિ બળવાન થતી જશે.

દેહ સાથે કર્મો વળગેલાં છે.

જીવાત્માંને ભટકવાનું થયું એટલે કર્મો આવ્યાં. કર્મો આવ્યાં એટલે શુભ અને અશુભના ભેદ પડ્યા અને પછી સુખ અને દુઃખ પ્રબળ થયાં. જ્યાં સુધી તમે તમારી અંદર રહેલાં ચેતન તત્ત્વને પ્રબળ નહિ કરો ત્યાં સુધી લાખો જન્મ મર્યંત ભટકવાનું ચાલુ રહેશે. આ કાંઈ એક જન્મની વાત નથી પરંતુ

જન્મ જન્માંતરની કથા છે. જો આપણે આ જન્મમાં જે કક્ષાએ દેહ છોડીશું એ જ કક્ષાએ બીજા જન્મમાં આરંભ કરવાનો છે. આ જન્મમાં આપણે આસુરી અવસ્થામાં રહ્યા તો અન્ય જન્મ પણ એવો થવાનો. એટલે માણસે કમસે કમ એક કામ તો કરવું જ જોઇએ કે આપણું શરીર છૂટી જાય તે પહેલાં તેણે તેટલી ઉચ્ચ અવસ્થા મેળવી લેવી જોઇએ. જો આ જન્મમાં આપણે તામસ રહીશું તો બીજો જન્મ પણ આપણે તામસથી જ શરૂ થશે. રજો ગુણ રહીશું તો બીજા જન્મમાં રજોગુણમાં થઈ શું તો આ વખતે આપણે ક્યાં જવું છે ? કેવાં વાતાવરણ માં જવું છે. તે આ જન્મમાં જ નક્કી કરો

એટલે જે મહાનુભાવોએ કહ્યું છે, "આજનો લહાવો લીજિયે"

આ જન્મને સુધારી લો.

આ જન્મમાં જ્યાં સુધી તમારું શરીર તમારી પાસે છે ત્યાં સુધી તમારો જેટલો આધ્યાત્મિક વિકાસ વધુ થઈ શકે તેટલો કરો. એનાથી મોટો લાભ એ છે કે આ જન્મમાં કવચિત મોક્ષ ન મળે તો બીજા જન્મમાં તમે મોક્ષની ઘણી નજીક હશો. જેથી બીજા જન્મમાં તમને સરળતાથી મોક્ષ મળી જશે. તમે મોટા ભાગનો રસ્તો કાપી નાખ્યો હતો. કોણે જાણ્યું છે કે, કદાચ એટલો બધો વિકાસ થઈ જાય કે આ જન્મમાં જ મોક્ષ મળી જાય. આ જન્મમાં જ આત્મસાધના કરીને જેટલો શક્ય બને તેટલો સત્સંગ કરીને મળેલા સમયનો સદુપયોગ કરો. કપિલ ભગવાન કહે છે, "સ્વપ્નમાં ભય, શોકના કારણો ન હોય છતાં તેવા ભય, શોક વગેરે થાય છે. એવી રીતે સંસારની સત્તા ન હોવા છતાં વિષયોના ચિંતનથી સંસારની નિવૃત્તિ થતી નથી."

મોક્ષ પ્રાપ્તિ માટે તો જ્ઞાન એ જ ઉપાય

શ્રી મહાપ્રભુજીની દલીલ છે કે, સ્વપ્નમાં તમને જે અનુભવ થાય છે. એ જ્યાં સુધી ચાલુ રહે છે. તેમ આ સંસારની નિવૃત્તિ પણ જ્યાં સુધી તમે જાગશો નહિ ત્યાં સુધી ચાલુ રહેશે. તે માટે જ્ઞાન પ્રાપ્તિ માટે એ ક જ ઉપાય છે. તો આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું આવશ્ય છે સ્વપ્નમાં દુઃખ ભોગવી રહેલાને તેમાંથી મુક્ત કરવાં માટે એને નિદ્રામાંથી જગાડ્યા સિવાય ઉપાય નથી. પુરુષને પ્રબળ બનાવીને આત્માને આ સંસારમાંથી મુક્ત બનાવવા જ્ઞાન સિવાય અન્ય ઉપાય નથી. મુક્ત થવું એટલે સંસારના બંધનોમાંથી મુક્ત બનવું. આ જગતમાં આપણે બે રીતે રહી શકીએ. એક તો બંધનમાં રહીને અને બીજું મુક્ત બનીને, એ કાંઇ સંસારમાંથી ભાગી જઈને નહિ સંસારમાં રહીને. આદિ શંકરાચાર્ય વાસ કરીને રહ્યા હતા. જે પરમહંસો થઈ ગયા એ બધા આ સંસારમાં તો રહેતા હતા.

સંસારમાંથી નાસી છૂટવાનું નથી.

સંસારમાંથી ભાગીને કોઇ લોકમાં જવાની વાત ન કરો. કારણ કે માનવી પોતાના મનનું સમાધાન કર્યા વગર જાય તો ત્યાં પણ તેને એ પ્રશ્નનો સામનો થાય. કોઇ કહે, હિંદુસ્તાન છોડી અમેરિકા જતો રહું તો મારે કાંઈ વાંધો ન આવે. જીવનના પ્રશ્નોનો જ્યાં જશો ત્યાં તેનો સામનો કરવો પડશે.

એક જગાએ તમને દેહનું દુઃખ પડતું હશે તો બીજી જગ્યાએ તમન મનનું દુઃખ પડે. ત્રીજી જગાએ તમને પૈસાનું દુઃખ પડે. જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સમસ્યાઓ છે. તો શું કરવું ? ઉપર એવો લોક છે કે જ્યાં આ તમામ સમસ્યાઓમાંથી

મુક્ત થઈ જવાય. ભગવાને કહ્યું, "લોક હોય તો યે શું ? ન હોય તો યે શું ? તમે ધારો તો અહીં શરીરમાં જ અને જ્યાં તમો રહો છો ત્યાં પણ મુક્ત અવસ્થામાં રહી શકો છો." તમને તમારી આસપાસનાં કોઇ વાતાવરણમાં મોહ ન હોય, કોઇ લૌકિક વસ્તુ તરફ આસકિત ન હોય, એક રાજા પણ સિંહાસન ઉપર મુક્ત અવસ્થામાં બેઠો હોય છે. એક ભિખારી કે જેની પાસે બીજે દિવસે ખાવા અન્ન નથી એ પણ મુક્તિમાં જીવી શકે છે.

એક દિવસે જનકરાજા અને શુકદેવજી વચ્ચે સત્સંગ થતો હતો. જનકરાજા તો મિથિલાના રાજા હતા. પુષ્કળ ધન અને વૈભવ હતાં. અને શુકદેવજી તો અત્યંત નિર્મોહી અને લંગોટી પણ પહેરનાર નહિ પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ જોવા જાવ તો એ બંને પરમહંસો છે. અને મોક્ષની ભૂમિકાએ જોવા જાવ તો ભોગ ભોગવનારો સમ્રાટ જનકરાજા અને કૌપીન ધારણ કરનાર દિગંબર એવા શુકદેવજી એક સરખા મુક્ત છે. એમના મુક્ત પણામાં કોઇ ફેર નથી. આ દ્રષ્ટાંત આપણને બતાવે છે કે સંસારમાં રહીને આસક્તિ કે મોહ છોડીને જીવન જીવીએ તો તે જનકરાજાની જેમ જીવનમુક્ત બની પરમહંસપદ પ્રાપ્ત કરી શકે છે. ઘર, રાજપાટ વગેરે છોડીને હિમાલયની ગુફામાં જઈએ તો પણ મોહ તમને છોડશે નહિ.

ભક્તિએ મોક્ષનું સાધન છે.

એક કામ કરો. તમારા ચિત્તને ધીરે ધીરે આસક્તિના માર્ગમાંથી હટાવીને તીવ્ર ભક્તિયોગ અને વૈરાગ્ય માર્ગ દ્વારા પોતાના વશમાં લઈ લો. કપિલ ભગવાને ભક્તિની પરંપરા

સ્વતંત્ર રૂપમાં બતાવી નથી. ભક્તિની સ્વતંત્રતાની વાત જુદી છે. અહીં તો ભક્તિ મુક્તિના સાધન તરીકે છે. એટલે જ બતાવ્યું કે તીવ્ર ભક્તિયોગ વડે અને વૈરાગ્યવડે તમારા મનને વશમાં રાખો. શ્રી મહાપ્રભુજીએ સ્પષ્ટતા કરી "જન્મ જન્માંતર"થી માયાનું બંધન છે. તમારું મન બહુ લાંબા સમયથી સંસારના રંગોથી રંગાયેલું છે. આ કાંઈ એક જન્મનું બંધન નથી. અનેક જન્મોના આસક્તિના પ્રભાવો આપણા અંતઃકરણમાં છે. એટલે અચાનક એક સામટો એક કૂદકો મારીને તમે એનો નાશ કરી શકશો નહિ. કેટલાક ડાઘ એવા હોય છે કે કપડું ધોઈએ તો પણ ન જાય વારંવાર ધોવાથી ફિક્કો પડે. અને છેવટે તે તદ્દન સાફ થઈ જાય. એમ જીવનમાં પડેલાં ડાઘ એક જીવનમાં કદાચ ન જાય પણ જન્મો જન્મ તેને ભક્તિનાં જળથી ધૂઓ તો તે ડાઘ જરૂર જાય.

જન્મજન્માંતરથી આપણામાં ઉતરેલા સાત્ત્વિક સ્વભાવ, રાજસ સ્વભાવ, તામસ સ્વભાવ છે. આ સ્વભાવને ધીરે ધીરે હટાવો તો જગત સાથેનો વિરોધ પણ ન આવે. તમારે જગતથી વિમુખ થવું ન પડે સંઘર્ષ કરવો ન પડે. એટલા માટે ચિત્તને સંસારમાંથી પ્રભુમાં જોડતા જાવ.

પ્રકરણ ૧૬મું

સત્ય અને અસત્ય

તીવ્ર ભક્તિયોગ અને વૈરાગ્ય :

પ્રભુપ્રાપ્તિ માટે તીવ્ર ભક્તિયોગ અને વૈરાગ્યનો અર્થ મહાપ્રભુજીએ સુબોધિનીમાં 'સ્નેહ કરો' એ ભક્તિયોગ છે. સ્નેહ ન હોવો એ વૈરાગ્ય છે. આ બંને ઉપાયો કરવાથી સંસારીમાંથી મુક્તિ થશે. ભક્તિ અને વૈરાગ્ય અમારામાં કેવી રીતે આવે ? ચિત્તની સ્વાધીનતાથી ભક્તિ અને વૈરાગ્ય આવે પણ શું કરવાથી ભક્તિ અને શું કરવાથી વૈરાગ્ય આવે ? એનાં સાધનો કપિલ ભગવાન બતાવે છે.

"શુદ્ધભાવ રાખવાથી, ભગવત્ કથાઓનું શ્રવણ કરવાથી, સર્વ પ્રાણીઓમાં સદ્ભાવ રાખવાથી, કોઇની સાથે પણ વૈરભાવ ન રાખવાથી, આસક્તિનો ત્યાગ કરવાથી, બ્રહ્મચર્યથી, મૌનવ્રતથી, અનાયાસે જે મળે એથી સંતોષ રાખવાથી, પરિમિત ભોજન કરવાથી, શક્ય એટલા એકાંતવાસથી, શાંત રહેવાથી સર્વની મિત્રતા રાખવાથી, દયાળુ બનવાથી, પુરુષ અને સ્ત્રીના વાસ્તવિક સ્વરૂપમાં અનુભવશીલ જ્ઞાનથી પુત્ર આદિ સહિત આ દેહમાં અહંતા અને મમતાના પરિત્યાગથી ભક્તિ અન વૈરાગ્યનું પ્રાગટ્ય થાય છે." આ બધાં સાત્ત્વિક ધર્મનાં લક્ષણો બતાવ્યાં છે આ રીતે માનવી ઉચ્ચ કોટિનું જીવન ગુજારે આ બધી વસ્તુને એક વાક્યમાં કહેવી હોય તો "માનવીએ સર્વથા ઉચ્ચ કોટિનું જીવન જીવવું જોઇએ ધર્મ, પવિત્રતા આ સાથેનાં સદ્ વ્યવહાર કરવો કોઇની સાથે કઠોર વ્યવહાર ન કરીએ અને પવિત્ર જીવન ગાળીએ આ બધું ભેગું કરતાં એક વાક્યતા કે ઉચ્ચ પ્રકારનું જીવન જીવે તેને ભક્તિ અને વૈરાગ્ય બંને પ્રગટે છે અને તે પ્રગટતાં મુક્ત બને છે."

આત્માના સ્વરૂપનું ધ્યાન કરો

ભગવાન કપિલ કહે છે,

"આત્માના સ્વરૂપનું વારંવાર ચિંતન કરો."આ એક સરસ વાક્ય છે. "તમે તમારા અસલ સ્વરૂપનું વારંવાર ચિંતન કરો." કારણ કે આપણે એ સ્વરૂપને વારંવાર ભૂલી જઈએ છીએ. જો કોઇ વસ્તુ વારંવાર ભુલાઈ જતી હોય તો એને વારંવાર યાદ કરવાની જરૂર છે. શ્રી મહાપ્રભુજીએ લખ્યું છે, "ભગવદ્ ભક્તોએ સાથે બેસીને આપણે કરેલા નિવેદનનું આપણે કરેલ બ્રહ્મસંબંધ, આપણે પ્રભુને સમર્પિત થયા તેનું સ્મરણ કરતાં

રહેવું જોઇએ." કપિલ ભગવાન કહે છે કે, "તમે પ્રકૃતિના બંધનોથી મુક્ત થઈ જાવ એને માટે તમે નિરંતર પ્રકૃતિ પર છો." એ વાતનું અનુસંધાન કર્યું છે. તમારા અંતઃકરણમાં તમે આત્મ,l હોવાનાં કારણે તમે જન્મ મૃત્યુથી પર છો. રોગ અને શોકથી નિદ્રા ભયથી સુખ- દુઃખથી આ બધાથી પર છો અલિપ્ત છો. અને બધાં બંધનોથી મુક્ત છે. આ વાતનું સતત નિરંતર ચિંતન કરવામાં આવે તો મોક્ષ દિશામાં જવું ઘણું જ ઝડપી બની જાય છે.

આત્મ-ચિંતન સાથે ભક્તિરસ મેળવો.

કપિલ ભગવાને વિશેષ એ સમજાવ્યું છે કે "આત્મ ચિંતનના રસમાં થોડો ભક્તિ રસ મળે તો અદ્ભુત ઉપાસનાનો પ્રકાર બની જાય છે." આત્મા તો ભગવાનનો અંશ છે. તે પામર ન હોય, કદી જકડાયેલો ન હોય, બદ્ધ ન હોય, માટે હું ભગવદ્ અંશ છું. જન્મ મૃત્યુ પરથી પુરુષ અને પ્રકૃતિ મને કાંઈ કરી શકે એમ નથી. આના અનુસંધાનમાં રોજ થોડો સમય કાઢો. ઊઠતાં, બેસતાં કે પથારીમાં બેસી પલાંઠી વાળીને ઈશ્વરનું અને આત્માનું ચિંતન કરો ચિંતનની આ ક્રિયા નિયમિત થવી જોઇએ. એને ગીતાજીમાં 'અભ્યાસ' કહે છે. અર્જુને પૂછ્યું, "મન સ્થિર કેવી રીતે થાય ?" તો ભગવાન કહે છે, "અભ્યાસ કરો" તમે રોજ ઓછામાં ઓછી પાંચ મિનિટ એવી કાઢો. તે પાંચ મિનિટમાં તમે તમારા મૂળ સ્વરૂપનું ચિંતન કરો. બીજું કાંઇ જ કરવાનુ નથી.

આદિ શંકરાચાર્ય કહે છે;

આદિ શંકરાચાર્ય એક સ્તોત્રમાં કહે છે, "હું દેહ નથી, હું ઇન્દ્રિયો નથી, હું પ્રાણ નથી, હું અંતઃકરણ નથી. મને સુખ નથી, દુઃખ નથી રાગ નથી, દ્વેષ નથી," આ બધું સમજવું હોય

તો આદિ શંકરાચાર્યજીનું 'આત્મષટ્ક' બહુ ઉપયોગી થશે. આ વસ્તુનું સતત સ્મરણ અને રટણ કરવાથી તમને તમારી જાતની જાગૃતિનું સભાનતા રહેશે. સતત ચિંતન કરો એટલે એમાં આનંદ આવશે. અને મૂળ સ્વરૂપનું જ્ઞાન એટલું બધું આનંદદાયી છે. કે જેને લીધે તમારી ભક્તિની સાધના વધતી જશે. અને છેલ્લી કક્ષા તો એ છે કે સંસારનાં ગમે તે કામ કરતાં હોઇએ પણ એ ક્ષણે તેમની બ્રહ્માકારવૃત્તિ કે આત્માકારવૃત્તિ અખંડ રીતે રહ્યા કરે છે એ તો છેલ્લું પગથિયું છે. થોડા જ જન્મોમાં આ કક્ષા આવી જાય પણ શરૂઆત તો કરો.

જનકરાજાની સ્વપ્ન કથા
(યોગ વસિષ્ઠ રામાયણમાંથી)

એક કથા છે. જનકરાજાને એક રાત્રે સ્વપ્ન આવ્યું, "કે પડોશી રાજાએ ચડાઈ કરી. ઘમસાણ યુદ્ધ થયું અને એ યુદ્ધનાં અંતમાં જનકનો પરાજય થયો ને બંદીવાન થયા. વિજેતા રાજાએ જનકને સભાગૃહમાં બોલાવી કહ્યું, "આમ તો મારે તમારા દેહનો છેદ કરી નાખવો જોઇએ. પરંતુ મને તમારા પર દયા આવે છે એટલા માટે હું તમને આજ્ઞા કરું છું કે, તમે તમારા આ પ્રદેશમાંથી ચાલ્યા જાવ.'

અને પછી એવો ઢંઢેરો પિટાવ્યો કે, આ જનકને કોઇ પણ અન્ન-જળ આપશે તો એને પણ દેહાંત દંડની સજા કરવામાં આવશે." જનકને થયું કે ચાલો કાંઇ નહિ. મારી તો નથી નાખ્યોને ! એટલું તો સારું થયું તે રાજ્યમાંથી ચાલતા થયા અને મનમા થયું કે મારું રાજ્ય ક્યારે પૂરું થાય ! મારા રાજ્યની સીમા નાની હોત તો સારું થાત તો હું વહેલો બહાર નીકળી ગયો. હોત

તે. પોતાના પ્રદેશમાંથી બહાર નીકળી ગયો ત્યાં પહેલું એક ગામ દેખાયું, ભૂખ તો ખૂબ જ લાગી હતી. ત્યાં સામે અન્નક્ષેત્રનું બોર્ડ હતું. વાંચ્યુ અને ત્યાં જઈને કહ્યું "હું ત્રણ દિવસથી ભૂખ્યો છું અને કાંઈ ખાવાનું આપો. બળેલી ખીચડી વધી હતી. પેટની ક્ષુધા પૂરી કરવા માગી. ઉખાડી ઉખાડી પડિયામાં ખીચડી ભરીને રાજાના હાથમાં પડિયો મૂક્યો 'હાશ હવે શાંતિ થશે'. ત્યાં તો ઉપરથી સમડી આવીને ઝાપટ મારીને એઠવાડ હતો ત્યાં તેને ફેંકી દીધી. ત્યાં તો જનકરાજાના મોંમાંથી ચીસ નીકળી ગઈ". અરે! અરે ! એમ કહી બેઠો થઈ ગયો.

સ્વપ્ન તૂટી ગયુ. ને રાજાને પ્રતીતિ થઈ કે હું મહેલામાં મારા પલંગ ઉપર સૂતેલો છું. બાજુમાં ભંડારમાં મારા આભૂષણો છે. તે બધું યથાવત્ છે આ બધુ સ્વપ્ન હતું. સ્વપ્નનો સ્વભાવ છે કે, સ્વપ્ન સ્વપ્ન હોય ત્યાં સુધી સ્વપ્ન નથી લાગતું. તમે જાગૃત થયા પછી કહો છો કે મેં સ્વપ્ન જોયું પણ જ્યાં સુધી સ્વપ્ન જુઓ છે ત્યાં સુધી તમને એવું નથી લાગતુ કે આ સ્વપ્ન છે. આ સ્વપ્ન કદાચ વર્ષો સુધી ચાલે અને પછી તૂટી જાય તો પાછી એ અવસ્થામાં મને એ પણ સમજાય કે 'હું રાજા હતો એ પણ સ્વપ્ન હતું." આ સરસ દલીલ છે. પછી તો તે અવાચક બનીને બધાંને પૂછવા લાગ્યો કે, "આ સત્ય છે કે એસત્ય છે." સવારના પહોરમાં આખા ગામમાં હલચલ મચી ગઈ. વૈદ્યોએ દવા કરી પણ કાંઈ ફાયદો થયો નહિ. એવામાં વાલ્મીકિઋષિ આવ્યાં

રાજાએ વંદન કરીને કહ્યું, "આ સત્ય કે તે સત્ય'

અલબત આ કથામાં બ્રહ્મવાદ પર નહિ પરંતુ માયાવાદ પર ભાર મૂક્યો છે સત્ય શું ? અને અસત્ય શું ? વાલ્મીકિએ

હાસ્યથી કહ્યું, "ન આ સત્ય કે ન તે સત્ય' તું એવું માની બેઠો છું કે, હું રાજા છું, પણ એ તારી કલ્પના છે. અને તું એમ માની બેઠો હતો કે હું ભિખારી છું તે પણ તારી કલ્પના છે." રાજાએ કહ્યું" જો આ સત્ય નથી, એ સત્ય નથી તો સત્ય શું છે ?"

વાલ્મીકિ:ઋષિ સરસ જવાબ આપ્યો "રાજા, તું સાંભળ તને સ્વપ્ન ન આવ્યું હોત તો તું તો હતો ને ? તો તું કહે છે 'હું હતો'. તું સ્વપ્નમાં હતો ત્યારે તને લાગ્યું હતું કે તું હારી ગયો હતો. તું ભિખારી થઈ ગયો હતો ત્યારે તું હતો કે નહિ ? હા હું તો હતો જ' જાગૃત થયા પછી પેલું અન્નક્ષેત્ર વિલીન થઈ ગયું. પેલો પડિયો જે હાથમાં હતો તે પણ વિલીન થઈ ગયો. સ્વપ્નમાં જે જે ક્રિયાઓ થઈ અને તે અનુભવી તે બધી જ વિલીન થઈ ગઈ પણ હું તો હતો જ' તો" જે કદી વિલીન ન થાય તે સત્ય છે." અનુભવો ભ્રાંત હોઈ શકે પણ અનુભવ કરનારો ભ્રાંત નથી." જે ભૂત, ભવિષ્ય અને ભૂતકાળમાં વિદ્યમાન હોય તેને સત્ય કહેવાય પરંતુ જે કેવળ વર્તમાનમાં જ હોય કે કેવળ ભૂતકાળમાં જ હોય, કેવળ ભવિષ્યમાં જ રહેનારું હોય તેને સત્ય ન કહેવાય. પરંતુ ત્રણે કાળમાં રહેનારું જ સત્ય છે તેથી જ ભગવાન કપિલ કહે છે કે, પહેલાં તમે તમારા યથાર્થ તત્ત્વને જાણો. તમે એ સમજો કે સ્વપ્નનાં સુખ કે દુ:ખ વાસ્તવિક સુખ દુ:ખ હોઈ ન શકે. આ કથા માત્ર જનકરાજાની જ નથી. આપણી પણ આવી જ હોય છે.

આત્મા તો અમર છે.

કપિલ ભગવાન કહે છે, "જેવી રીતે તમારું ધન નષ્ટ થઈ જાય, તો મનુષ્યને એમ થાય કે 'હું નષ્ટ થઈ ગયો' ઘણી વખત

માણસ એમ બોલે છે કે 'હું પાયમાલ થઈ ગયો'. કાંઈક દુ:ખ આવે છે એટલે માણસ બોલે છે કે "હું તો ખતમ થઈ ગયો," ધન ખતમ થઈ જવાથી કાંઈ આત્મા ખતમ થઈ જતો નથી. કુટુંબમાં, સંપત્તિમાં કે શરીરમાં કોઈ પણ વિકાર આવે એના માટે આત્માને લેવા દેવા નથી. અને જે કાંઈ આપણને થાય છે તે અજ્ઞાન છે. અને એ જ્ઞાન એટલે એણે આત્માની ક્રિયાને પોતાની અંદર પ્રકૃતિનાં લક્ષણો બતાવ્યાં છે. હવે માતા દેવહૂતિ શંકા ઉઠાવે છે તે શકાં સરસ છે.

માતા દેવહૂતિની બે શંકા

માતા દેવહૂતિ કહે છે, "હે ભગવાન કપિલ, તમે એમ કહો છો પ્રકૃતિ નિત્ય છે તો એનો અર્થ એ થયો કે પ્રકૃતિ કદી વિલીન થવાની નથી. જો તે કદાચ વિલીન ન થવાની હોય તો આત્માને મોક્ષ મળશે કઈ રીતે ? કારણકે જેમ આપણને એમ કહો કે આ રોગ મટવાનો નથી તો તમે એમ કેવી રીતે કહી શકો કે તમે નીરોગી થશો ! તો આત્મા ઉપર જ બંધનો લાગ્યાં છે તે પ્રકૃતિને લીધે જ છે"

માતાએ દલીલ સરસ કરી છે. આત્મા ઉપર જે બંધનો લાગ્યા છે અને આત્મા દુ:ખી થઈ ગયો છે તો તેનું કારણ પ્રકૃતિ જ છે. અને તેમ એમ કહો છો કે પ્રકૃતિ નિત્ય છે, પ્રકૃતિ અવિનાશી છે, પ્રકૃતિનો નાશ થતો નથી. તો પછી આત્માને કદી મોક્ષ નહિ મળે. કારણ કે પ્રકૃતિ તો રહેવાની જ છે. તો આત્માને બંધન રહેવાનું જ. કદાચ તમે એમ કહો કે પ્રકૃતિમાંથી તે મુક્ત થઈ જાય છે. તો એ હું માની શકતી નથી કારણ કે એ બંને વાત અલગ છે. માતા દેવહૂતિની આ બંને વાત અલગ છે. માતા દેવહૂતિની આ બંને દલીલ ખૂબ જ અગત્યની છે.

કપિલ ભગવાનનું નિવેદન

ભગવાન કપિલ કહે છે, "હે માતા, જેમ અરણીથી ઉત્પન્ન થનાર અગ્નિ ધીરે ધીરે અગ્નિને સળગાવી દે છે તેમ પુરુષ પણ પ્રકૃતિથી ધીરે ધીરે અલગ થઈ જાય છે. નિષ્કામ કર્મ, વર્ણાશ્રમ ધર્મનું પાલન, નિર્મળ અંતઃકરણ જેવાં સાધનો દ્વારા પુષ્ટ થયેલ બુદ્ધિ સાંખ્યના અનુભવોથી થયેલા જ્ઞાન વડે, ભક્તિથી, વૈરાગ્યથી, તપથી, યોગથી અને સમાધિથી ઉપર બતાવેલ પુરુષ અને પ્રકૃતિ અલગ થઈ જાય છે.

ધર્મ અને ધર્મી કદી અલગ ન થાય

અહીં દ્રષ્ટાંત લઈએ. સોનું અને એનો પીળો રંગ, દૂધ અને તેનો ધોળો રંગ, બંનેનાં રંગને જુદા પાડી શકો ખરા ! સાકર અને તેનું ગળપણ અલગ કરી શકો ? તેમ પુરુષ અને પ્રકૃતિને અલગ કેવી રીતે કરી શકાય ? માતાની આ દલીલને કપિલ ભગવાને વૈરાગ્ય તપ, યોગ, ભક્તિ, સમાધિ વગેરે દ્વારા પ્રકૃતિને પુરુષથી જુદી પાડવાનો જે ઉપાય બતાવ્યો ત્યારે તે કહે છે કે પુરુષમાં પ્રકૃતિનો લય થાય છે.

નિષ્કામ કર્મ ફળની આશા હોતી નથી. પણ સકામ કર્મમાં ફળની આશા હોવાથી તે કર્મ પ્રારબ્ધ કર્મ બને છે. હું એક માળા ફેરવું ને બોલું "શ્રીકૃષ્ણઃ શરણં મમ" પણ મનમાં એમ થાય કે આ માળા ફેરવવાથી મને કાંઈ લાભ થાય. તો મારી એ માળા ફેરવવી ભક્તિ નથી. તે સકામ છે અને સકામ પારબ્ધ કર્મ ઉત્પન્ન કરે છે.

પ્રારબ્ધ તો ભોગવવું જ પડે

જે પ્રારબ્ધ કર્મ ઉત્પન્ન કરતો જાય છે તેને મોક્ષ મળતો નથી. કારણ કે પ્રારબ્ધ ભોગવવા અહીં આવવું જ પડે છે. જન્મ લેવો પડે છે. જો પ્રારબ્ધ સારું હોય તો સુખ ભોગવવા આવવું પડે અને પ્રારબ્ધ ખરાબ હોય તો કષ્ટ ભોગવવા પડે પણ પ્રારબ્ધ કર્મ હશે તો આવવું જ પડશે.

તમે તમારા ધર્મનું આચરણ કરો તમારો જે વર્ણ છે, આશ્રમ છે. તેનું પરિપાલન કરો. બ્રાહ્મણ કે ક્ષત્રિય હોય તો તેનાં ધર્મપાળો. વૈષ્ણવ હોય તો વૈષ્ણવધર્મ, પુરુષ હોય તો પુરુષના ધર્મ, સ્ત્રી હોય તો સ્ત્રીનાં ધર્મ, બ્રહ્મચારી હો તો બ્રહ્મચર્યનો ધર્મ પાળો

શ્રી મહાપ્રભુજીની ભક્તિધારા

શ્રી મહાપ્રભુજી જ્યાં ભક્તિની વાત આવે ત્યાં બહુ સુંદર રીતે સ્પષ્ટતા કરે છે. એક વાત તો એ કે ભક્તિ નિરંતર હોવી જોઇએ. શ્રાવણ કે અધિકમાસ આવે તો ભક્તિ વધી જાય એવું નહિ કરતાં સર્વ ભાવથી પ્રભુમાં સ્નેહપૂર્વક ભક્તિ કરો. સેવા પણ સ્નેહપૂર્વક કરો. આ ભક્તિ વડે તમે પ્રકૃતિને જીતી શકશો. બીજી ભક્તિ બતાવી છે તે છે 'શ્રુત-અમૃતા' એટલે નિરંતર સાધનાપૂર્વક પુષ્ટ કર્તવ્ય દ્વારા ભક્તિ કરો. આ ખૂબ જ કિંમતી વાત છે. દીવાને પ્રકાશિત રાખવા વારંવાર તેમાં ઘી રેડવું પડે છે. છોડમાંથી વિશાળ વૃક્ષ બનાવવા તેને ખૂબ પાણી પાવું પડે તેમાં ખાતર નાખવું પડે એમ. ભક્તિને પણ તમે જો પુષ્ટ નહિ કરો, એટલે કે ભક્તિનું તમે પોષણ નહિ કરો ભક્તિને નિભાવશો નહિ અને પ્રતિપાલન નહિ કરો તો તમારી એ ભક્તિ સુકાઈ જશે. નષ્ટ થઈ જશે. એટલે કાયમ જુદા જુદા ઉપાયો કરીને ભક્તિને પુષ્ટ રાખો. તેને શિથિલ થવા ન દો.

એટલે જ થી મહાપ્રભુજી એ આપણને ભગવત્ સ્મરણ કરવાની અને સત્સંગ કરવાની આજ્ઞા કરી છે. સ્મરણ અને સત્સંગથી ભક્તિ પુષ્ટ થાય છે. દયારામ કવિશ્રીએ 'ભક્તિ પોષણ' નામનો ગ્રંથ રચ્યો છે. તેમાં તેમણે ભક્તિનો આનંદ લેવો હોય તો એના જુદા જુદા સિદ્ધાંતો બતાવ્યા છે. વારંવાર પાઠ કરો, સહવાચન કરો, અને સ્નેહપૂર્વક ભક્તિ કરો. ભક્તિની સાથે સાંખ્યનાં પ્રાપ્ત જ્ઞાનનું સ્મરણ કરો.

સાંખ્યના જ્ઞાનનું ચિંતન

હું દેહ નથી, ઇન્દ્રિયો નથી એવાં અનુભવનું જ્ઞાન અને તીવ્ર વૈરાગ્યનું જ્ઞાન અવશ્ય પ્રકૃતિનો લય કરશે. આ પ્રકૃતિનો લય એટલે પ્રકૃતિનો નાશ તમે નહિ કરી શકો. પણ તમે એને એટલી બધી દુર્બળ બનાવી દેશો કે એ તમને જરાપણ હાનિકારક બનશે નહિ. પ્રકૃતિની ઉપયોગિતા પ્રકૃતિનો નાશ તમે કરી શકશો નહિ. તમારી પ્રકૃતિ તમારી ઉપર સ્વાર થઇ જાય નહિ. પુરુષ તો પ્રકૃતિનો સ્વામી હોવો જોઇએ. નહિ કે પ્રકૃતિ પુરુષની સ્વામી બની જાય. જ્યારે પ્રકૃતિ દાસી બની જાય છે ત્યારે પુરુષને મોક્ષ થઈ જાય છે. આ વાત શ્રી મહાપ્રભુજીએ ઘણી સુંદર રીતે બતાવી છે. તેમણે કહ્યું, "જ્યારે આત્માની અંદર ઐશ્વર્ય સાથે તેનામાં ઈશ્વરીયત્વ આવે ત્યારે તેનામાં આત્મજ્ઞાન થશે. તેથી ભગવદ્ અંશ પ્રગટશે."

આત્મજ્ઞાન થશે તો ભગવદ્ અંશ પ્રગટશે

ભગવત્ કૃપાથી આત્માને એવું જ્ઞાન થશે કે હું પ્રકૃતિનો સ્વામી છું. રોજ એનું અનુસંધાન કરતાં રહો. કે હું પ્રકૃતિનો સ્વામી છું. પ્રકાશમય છું. ચેતન છું. પ્રકૃતિ તો અચેતન છે. અને

એ અચેતનનો પ્રભાવ મારા પર શેનો પડે? ચેતનનો પ્રભાવ અચેતન પર પડવો જોઈએ. આવું સતત ચિંતન કરતાં રહો. બાકી બધું જે છે તે ભગવત્ કૃપા. તમે આ રસ્તે આગળ વધો. પ્રભુની કૃપા તમને સાથ આપશે. તમે સ્મરણના અનુસંધાનના રૂપમાં સાધના કરો. જેથી પ્રભુકૃપા તમારી અંદર ભગવદ્ ધર્મને પ્રગટ કરાવશે અને જે ક્ષણે તમારામાં ભગવાન પ્રગટ થશે તે ક્ષણે તમે પ્રકૃતિના સ્વામી બની ગયા હશો. તેથી પ્રકૃતિ આત્માને કાંઈ કરી શકશે નહિં.

અવિનાશી પદ પ્રાપ્ત કરો.

કપિલ ભગવાન એમ કહે છે, "તમે યોગ માર્ગે આગળ વધો. તો રસ્તામાં ઘણી સિધ્ધિઓ મળે છે. એ સિદ્ધિઓમાં અટકયા વગર તમે આગળ વધો." તો તમે અવિનાશી પદને પ્રાપ્ત કરી શકશો. એ અવિનાશી પદ છે, 'યત્ર ન મૃત્યાવસ્થાઃ', ત્યાં મૃત્યુ કે કાળ પણ અનુભવ કરી શકે નહિ. એવી કાલાતીત અવસ્થા પણ આપણે કરી શકીએ. તે માટે ત્રણ કામ કરવાનાં છે. માનવી સારા વાતાવરણમાં રહે તો એનામાં આત્મજ્ઞાન જન્મે છે. તથા પ્રભુકૃપા જન્મે છે. પરિણામે માનવી પ્રકૃતિનાં બંધનોથી મુક્ત બને છે. પરમ આનંદથી જીવે છે. એટલે ભગવાનની આપણા પર કૃપા થઈ. સારા વાતાવરણમાં રહેવું, સત્સંગ કરવો, નામ-સ્મરણ કરવું. પાઠ કરવા, જાપ કરવા, જે જે સાધનમાં આપણને રુચિ હોય, એવાં ધાર્મિક અને સાત્ત્વિક સાધનો દ્વારા ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યમાં તીવ્રતા કેળવવી જોઈએ. જેથી આત્મા પ્રબળ થાય છે અને પ્રબળ આત્મા ઉપર પ્રકૃતિનું જોર ચાલતું નથી. એનું જ નામ મોક્ષ છે.

પ્ર ક ર ણ ૧૭મું

ધર્મ અને અધર્મ

ભગવાન ક્યારે પ્રસન્ન થાય?

માતા દેવહૂતિને ભગવાન કપિલ કહે છે, "જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય પ્રાપ્ત કરવાથી ભગવાન પ્રાપ્ત થાય છે." ભગવાન તો કોઈ જીવમાં-તેના અંશમાં તેને જુએ છે તો તે પ્રસન્ન થાય છે. માતા પોતાનાં બાળકને નીરોગી, નિર્મળ અને શાંત જુએ છે તો એનાથી તેને હર્ષ થાય છે. જો બાળક બિમાર હોય, અસ્વસ્થ હોય, કજિયાળું કે ગંદુ હોય તો એ માતાને વ્યગ્રતા રહે છે. પરમાત્મા આપણામાં દૈવી ગુણો જુએ છે. તો તેથી તેમને ઘણી પ્રસન્નતા થાય છે.

આપણામાં જ્યારે આસુરી લક્ષણો જોવા મળે છે ત્યારે એમની પ્રસન્નતા કાંઈક અંશે આપણા માટે ઓછી થાય છે કે આ જીવ બરાબર નથી. તેથી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણ દ્વારા ભગવાન પ્રસન્ન થાય છે અને એ જીવના ચિત્તને તે સ્પર્શે છે. એટલે કે ચિત્તમાં આવીને બિરાજે છે.

દ્વૈત અને અદ્વૈત

ભગવાન કપિલ હવે માતા દેવહૂતિને એક બીજું સુંદર સાધન બતાવે છે. અને એ સાધન છે **'યોગ'**. સબીજ યોગ. ભગવાન પતંજલિએ યોગશાસ્ત્રનું વર્ણન કર્યું છે. યોગ શબ્દનો અર્થ છે. 'બે ભિન્ન વસ્તુનું મળવું.' એનું નામ યોગ. તત્ત્વથી જોવા જઈએ તો આપણે પણ ભગવાનથી ભિન્ન નથી. કારણકે આપણે **'અદ્વૈત'** માર્ગને માનીએ છીએ.

ઈશ્વર અને જીવમાં બે અલગ સત્તા ધરાવનારી વસ્તુઓમાં જેવું દ્વૈત હોય છે. એવું દ્વૈત નથી. બે અલગ ફૂલ જેવી એની સ્થિતિ નથી. ઉદાહરણ - એક ફૂલને મસળી નાખું, ટુકડાં કરી નાખું. સળગાવી દઉં એથી બીજા ફૂલ ઉપર એની અસર પડતી નથી. કારણકે એક ફૂલની અલગ સત્તા છે. એને પોતાનું અલગ અસ્તિત્વ છે. અને બીજા ફૂલનું પણ અલગ અસ્તિત્વ છે. આનું નામ 'દ્વૈત' પરંતુ આપણા અને ભગવાન વચ્ચે આવા દ્વૈતનો સંબંધ નથી. આપણને કાંઈ પણ થાય તો ભગવાનને કાઁઈ લેવા-દેવા નહિ, અને ભગવાનને કાંઈ થાય તો આપણને કાંઈ લેવા દેવા નહિ એવું નથી.

આપણા મોટા ભાગના આચાર્યો અદ્વૈતવાદી છે. પછી તેમાં પણ થોડા મતમતાંતર આવ્યાં. આદિ શંકરાચાર્યજીએ 'કેવલા દ્વૈત' નું વર્ણન કર્યું. શ્રીરામાનુજાચાર્યજીએ 'વિશિષ્ટાદ્વૈત'નું વર્ણન

કર્યું. શ્રી વલ્લભાચાર્યના વેદાંત પ્રમાણે 'શુદ્ધાદ્વૈત' નું વર્ણન કર્યું. શ્રી શંકરાચાર્ય અને શ્રી વલ્લભભાચાર્યજીમાં કોઈ દ્વૈતવાદ નથી. છતાં હું પણ પરમાત્માથી ભિન્ન છું એવો આપણને જે ભ્રમ થાય છે. એ ભ્રમને પણ નિવૃત્ત કરવા માટે ઉપાય કરવો જોઈએ.

અદ્વૈત થવા આદિ શંકરાચાર્યનું મંતવ્ય

શ્રીમદ્ શંકરાચાર્યજીએ એમની સ્તુતિમાં એક વાત બહુ સરસ સમજાવી છે. જો સમુદ્ર હોય તો જ સમુદ્રનાં મોજાં હોઈ શકે પરંતુ દરિયો સુકાઈ ગયો હોય તો તમે કહી શકો ખરા કે - આ સમુદ્રનાં મોજાં અહીં બિરાજે છે. ભક્તિની ભૂમિકામાં પણ એમ કહેવાય છે કે, ભગવાન સાથે અદ્વૈત સિદ્ધ થઈ ગયા પછી પણ આપણને એવું કહેતાં સંકોચ થઈ જાય છે કે, 'અહં બ્રહ્માસ્મિ'. એ પૂર્ણ સત્ય છે, પરંતુ ભક્ત જ્યાં સુધી ભક્તિની ભૂમિકામાં છે. ત્યાં સુધી એને એ કહેતાં સંકોચ થાય છે, અને એ સંકોચ એની ભક્તિની મહાનતા છે.

અહીં એક વાત યોગની કરી લઈએ. યોગ દ્વારા પણ અદ્વૈત સિદ્ધ થાય છે. પોતાની પ્રકૃતિથી પૃથક માનનારો જે જીવ છે તે એમ માને કે હું જુદો છું. એ પ્રકારના અજ્ઞાનને છોડે અને એમ સમજે કે હું પણ ભગવાનનો અંશ છું. ભગવાનમાં મળેલો છું. એ પ્રકારનો અનુભવ કરે તો એને આપણે અદ્વૈત કહીશું અથવા એને આપણે મોક્ષ કહીશું.

'અહં બ્રહ્માસ્મિ' કહેતાં ભક્તિમાર્ગી સંકોચ પામે છે

આદિ શંકરાચાર્યજી કહે છે, તે હું જાણું છું કે તમારી અને મારી વચ્ચે ભેદ નથી. અને એ પણ ખબર છે કે આત્મા અને પરમાત્મા એક તત્ત્વ છે. છતાં પણ જ્યાં સંબંધની વાત આવે છે ત્યાં હું એમ નથી કહી શકું કે, તમે મારા છો ત્યાં તો મારે એમ જ કહેવું પડે છે કે, 'પ્રભુ,

હું તમારો છું.' કારણકે ભક્તને આ બે વાત કહેતાં બહુ સંકોચ થાય છે. પહેલી વાત એ છે કે 'હું બ્રહ્મ છું' એવી એને અનુભૂતિ થતી હોય એ છતાં પણ એને ભક્તિની મર્યાદા નડે છે.

ભગવાનશ્રીરામચંદ્રજી હનુમાનજીને હંમેશા પોતાના ભાઈ માને છે, પરંતુ હનુમાનજીએ કદી શ્રીરાજમચંદ્રજીને પોતાના ભાઈ માન્યા નથી.

'તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ' એવું શ્રીરામચંદ્રજી બોલ્યા છે, પરંતુ હનુમાનજીએ કદી શ્રીરામચંદ્રજીને મોટા ભાઈ કહીને સંબોધ્યા નથી. એમની સાથે ભાઈ તરીકેનો વ્યવહાર પણ કર્યો નથી. ઈશ્વર મહાન છે એટલે આપણને સરખા કહે પણ આપણે ઈશ્વર સાથે સરખો વ્યવહાર કરવામાં ઔચિત્ય ભંગ ન થાય, એનું ધ્યાન રાખવું જોઈએ.

ભક્તને ભગવાનની મર્યાદા છે.

વૈષ્ણવોની બસો બાવન વાત સરસ છે. તેમાં વૈષ્ણવોના ઘણી જાતના પ્રસંગો છે. ગોવિંદ સ્વામી અને શ્રીનાથજી એક બીજા સખા છે. અહીં કથા એવી છે કે, ગોવિંદ સ્વામી કીર્તન કરતાં હતા અને કોઈ અટકચાળાં કરે. એક પછી એક કાંકરી ઉડાડે અને ગોવિંદ સ્વામીને મારે. ગોવિંદ સ્વામીએ તરત તો સહન કર્યું. પછી ગુસ્સો આવ્યો. જે કાંકરી મારે છે એને મારું. એવો વિચાર કરીને એક કાંકરી એમણે ઉઠાવી. અને જ્યાં પેલા ઉપર મારવા ગયા ત્યાં શ્રી ગુંસાઈજીની નજર પડી. અને "આ શું કરો છો? આપણાથઈ એને કાંકરી મરાય નહિ." એણે દલીલ કરી કે "મને એમણે સાત વાર કાંકરી મારી ત્યારે તો કાંઈ ન બોલ્યા અને હું એક વાર મારું છું તો તમે મને કેમ રોકો છો?" અહીં ભક્તની મર્યાદા છે.

ગીતામાં અર્જુનને શ્રીકૃષ્ણ ઘણી વખત કહે છે, " ક્યાં આપ અને ક્યાં હું? જ્ઞાન અને ભક્તિનો ભેદ બહુ મધુર છે અને મઝાનો છે. ભગવાન કહે છે, "જગતના બધા જીવ મને સરખાં છે."

સ્વધર્મ - કર્તવ્યનું પાલન કરો.

પ્રત્યેક માનવીએ શક્તિ અનુસાર સ્વધર્મનું આચરણ કરવું જોઈએ. ધર્મ એટલે કર્તવ્ય. કર્તવ્યના ક્ષેત્રમાં પ્રિય અને અપ્રિયનો ભેદ જોવાતો નથી. શ્રીકૃષ્ણે વ્રજ છોડ્યું અને મથુરા પધાર્યા, રામને અયોધ્યાની રાજગાદી પર બેસવાનું હોય અને રાજગાદી છોડી વનમા જવાનું સામાન્ય રીતે કોન ગમે? પરંતુ જ્યારે કર્તવ્યની ભૂમિકા વિચારવામાં આવે છે ત્યારે માનવીના પ્રિય અને અપ્રિયનું વિચારાતું નથી. એટલા જ માટે કર્તવ્યની ભૂમિકાને કઠોર ભૂમિકા કહી છે.

સાધારણ માનવીઓનાં જીવન કરતાં મહાનુભાવોનાં ચરિત્રો જુદાં પડી જાય છે. કર્તવ્યનો ત્યાગ કરીને અધિકારની ભાષામાં બોલવું એ તો એક સાધારણ માનવીની વ્યાખ્યા થઈ. આપણે ત્યાં રામ, કૃષ્ણ આદિ જે કોઈ મહાનુભાવો થયા અથવા મહાન અવતારો થયા તેમણે અધિકારની ભાષા ઉચ્ચારી છે. રામને અયોધ્યાનો ત્યાગ કરવાનો વખત આવ્યો તો તેમણે તરત સ્વાભાવિક્તાથી અયોધ્યાના સિંહાસનનો ત્યાગ કરી દીધો. ભોગના તમામ સાધનનો ત્યાગ કરી દીધો. પરંતુ ધનુષ્યનો ત્યાગ કરતાં નથી. અયોધ્યાવાસી રામના હાથમાં ધનુષ્યબાણ છે. વનવાસી રામના હાથમાં પણ ધનુષ્ય-બાણ છે.

શ્રીકૃષ્ણની વાત લો. જ્યાં સુધી મોરલી વગાડવાના સંયોગ હતા. ત્યાં સુધી એમણે મોરલી વગાડી અને જ્યારે કંસના

અત્યાચારો સંભળાતા હોય, લોકોની ચિચિયારીઓ સંભળાતી હોય, લોકોનો આર્તનાદ સંભળતાતા હોય ત્યારનો સમય વાંસળી વગાડવાનો નથી. એ સંજોગોમાં મોરલી છોડી અને સુદર્શન પણ ઉઠાવ્યું. આપણી શક્તિ હોય એટલો આપણે સ્વધર્મનો માર્ગ નિભાવવો જોઈએ.

"स्वधर्म् शरणं मम सत्यम्"

યજ્ઞ, દાન, જપ વગેરે જે કાંઈ વિશે શાસ્ત્રો આપણને બતાવે છે તે સ્વધર્મ છે.

શ્રેષ્ઠ દાનની કથા - ગૌતમબુદ્ધ

ગૌતમબુદ્ધની એક કથા છે. આશ્રમની સ્થાપના માટે દાન સ્વીકારી રહ્યા હતાં. ગામના લોકોએ પુષ્કળ રકમ દાનમાં આપી. પરંતુ એમાં કાંઈ રુચિ ન થઈ. પરંતુ નગરની બહાર એ નીકળી રહ્યા હતાં ત્યાં એક વૃક્ષની પાછળથી અવાજ સંભળાયો, "પ્રભુ, મારું પણ એક દાન લેતા જાવ." જોયું તો વૃક્ષ પાછળથી એક હાથ લંબાવી અને કોઈ એક જૂનું વસ્ત્ર એને દાનમાં આપી રહેલ છે.

બુધ્ધ ભગવાને કહ્યું, "તમે જે દાન આપનાર વ્યક્તિ છો તે સામે કેમ નથી આવતી ?" પાછળથી એક ઉત્તર આવ્યો, " હું સ્ત્રી છું અને મારી પાસે પહેરેલાં વસ્ત્ર સિવાય કોઈ સંપત્તિ નથી. પરંતુ આપને હું જે દાન કરું છે તે માત્ર મારી પાસે હતું. એટલે આપની સામે આવી શકતી નથી. આપ મારું આ તુચ્છ દાન સ્વીકારો."

શિષ્યોની આગળ ગૌતમબુદ્ધ બેઠાં હતાં ત્યારે એમણે પેલાં ગંદા વસ્ત્રને બતાવીને કહ્યું, "આજે મને મળેલા દાનમાં **સર્વ શ્રેષ્ઠ દાન** એ આ મેલું ને ચીંથરું વસ્ત્ર છે. સોનું, મોતી, હીરા,

વગેરેની માળાઓ કરતાં આ દાન શ્રેષ્ઠ છે. અને આ દાનથી મને ઘણો સંતોષ થયો. કારણકે એણે પોતાની શક્તિ પ્રમાણે તો આપ્યું. આનું નામ જ ખરો ત્યાગ અને સ્વધર્મ કર્તવ્ય છે."

રામાયણમાં ખિસકોલીની કથા

રામાયણમાં ખિસકોલીની કથા છે. જ્યારે સમુદ્ર પર પૂલ બંધાઈ રહ્યો હતો તે વખતે રીંછ, વાનરો વગેરે મોટાં મોટાં પથ્થરો નાખતા હતા અને ભગવાન રામ આ બધું જોઈ રહ્યા હતાં. ત્યાં એમણે એક વિચિત્ર દૃશ્ય જોયું.

એક નાનકડી ખિસકોલી એક કાંકરી લઈ અને દરિયામાં નાખી આવે, પાછી બહાર આવે. કાંકરી લે અને દરિયામાં નાખી આવે. ભગવાનને કુતૂહલ લાગ્યું. ધ્યાનથી જોવા લાગ્યા. ભગવાન તેની પાસે ગયા અને પૂછવા લાગ્યા, "બેટા, આ તું શું કરે છે?"

ખિસકોલી કહે, "પ્રભુ, આપ જાનકીજીને છોડાવવા પધારો છો ત્યારે આ પૂલ બાંધવાનું મહાન કાર્ય થઈ રહ્યું છે. તેમાં સહકાર આપું છું. આ મારી સેવા છે." પ્રભુએ હસીને કહ્યું, "આટલા બધા આ મોટા વાનરો-રીંછો, આ સમુદ્રને પૂરવાનું કામ કરી રહ્યાં છે. તું આ પરિશ્રમ ન કરે તો ચાલશે."

ખિસકોલી જવાબ આપે છે, તે યાદ રાખવા જેવો છે. એણે કહ્યું, "પ્રભુ, હું જાણું છું કે, આ કાંકરીઓ નાખવાથી કોઈ દિવસ પૂલ ન પૂરો થાય. પણ જ્યારે સીતાજીના ઉદ્ધાર માટે આપ પધારી રહ્યા હો, એક ભગીરથ કાર્ય હોય અને હું બેઠી બેઠી જોયા કરું એ બરાબર નથી. પ્રભુ મારી કાંકરીથી સમુદ્ર ભલે પુરાઈ ન જાય, પરંતુ મારા હૃદયમાં એટલો તો સંતોષ થશે કે હું રામના ખપમાં તો આવી !" આ છે સ્વકર્તવ્ય ! શક્તિ પ્રમાણેનો સ્વધર્મ.

એકેએક માનવી પોતાનાથી બને એટલું સત્ કાર્ય કરે તો આ ધરતી સ્વર્ગ થઈ જાય. સમાજમાં સામાજિક, ધાર્મિક, આર્થિક કે આધ્યાત્મિક ઉત્કર્ષ કરવો હોય તો જગતની પ્રત્યેક વ્યક્તિ પોતાનાથી બને તેટલું કર્તવ્ય કરે અને ફરજ તથા ધર્મ અદા કરે.

કપિલ ભગવાને બહુ સરસ વાત કરી છે. "તમારી શક્તિ પ્રમાણે, પ્રામાણિક રહીને સ્વધર્મનું આચરણ કરો. પ્રત્યેકે સ્વધર્મનું આચરણ કરો. પ્રત્યેક માનવીએ શક્તિ પ્રમાણે ભગવાનનાં કાર્યમાં સ્વધર્મનું પાલન કરવું જોઈએ અને આચરણ કરવું જોઈએ."

અધર્મનો ત્યાગ

સ્વધર્મનું પાલન તમારી શક્તિ પ્રમાણે કરો. એને માટે કોઈ મર્યાદા નથી. પરંતુ અધર્મનો ત્યાગ તો પૂરી રીતે કરો. અમૃત પીવાય એટલું પીવો એ બરાબર છે પણ ઝેર માટેની વાત આવે તો તમે સદંતર ત્યાગ કરો. પછી એમ કહે કે "મારી શક્તિ એટલું જ પીશ." તે ઉચિત નથી. અમૃત એટલે સત્કર્મ. સત્કર્મ તો માણસે તેની શક્તિ પ્રમાણે કરવાં જ જોઈએ પણ દુષ્કર્મનો ત્યાગ તો સંપૂર્ણ રીતે કરવો જ જોઈએ.

આરોગ્યની સંપત્તિ મહાન છે.

પ્રારબ્ધ પ્રમાણે પુત્ર, ધન, આરોગ્યની સંપત્તિ મળે. આરોગ્ય પણ સંપત્તિ છે. કદાચ ત્રાજવામાં તોળીએ તો એ બધી સંપત્તિ કરતાં મૂલ્યવાન અને સમૃધ્ધ છે. પ્રારબ્ધ યોગે જે મળે તે ભોગવવામાં કોઈ દોષ નથી. પરંતુ માનવીના મનમાં જો સંતોષ નહિ હોય તો જીવનભર સળગતો રહેશે. કોણ જાણે કેમ? આપણા જીવનને અશાંતિથી ભરપૂર કરી દઈએ છીએ.

ભગવાન કપિલે કિંમતી વાત કરી, " તમને જે મળ્યું તે પ્રેમથી ભોગવો. ભોગવવું એ પાપ નથી. પરંતુ બીજાને જે મળ્યું છે તેનાથી મારું ઓછું છે. એવું જાણીને આપણે દોડવા માંડીએ છીએ ત્યારે આપણું જીવન અશાંતિમાં ભરાઈ જાય છે.

વિકાસ થવો જોઈએ એ સારી વાત છે. પણ એમાં સ્પર્ધાનું તત્ત્વ આવે એટલે એ અનિષ્ટ કરી નાખે માટે સંતોષી થઈને રહેવું. થાય એટલો વિકાસ કરવો તે બરાબર છે. તે ઉત્તમ છે. જે સંતોષ સાધુમાં જોવા મળે.

શાંતિને સંતોષથી જીવો.

જે ક્ષણે માનવીના મનમાં પ્રમાદ આવે છે તે જ ક્ષણે માનવીનું પતન થાય છે. વિશ્વના કલ્યાણ માટે ગૌતમબુદ્ધ, ભગવાન મહાવીર, કન્ફ્યુશિયસ, અને આદિ શંકરાચાર્યે ધર્મ કાર્ય માટે, વિશ્વકલ્યાણ માટે અને માનવ જીવનને ધન્ય બનાવવા વિચરણ કર્યું. રામ અને કૃષ્ણના જીવનમાં જોશો તો તેઓ અંત સુધી ફર્યા છે. આપણા સમાજમાં સંન્યાસીલોક પણ કલ્યાણ માટે ફરે છે. સંન્યાસી એટલે પરિવારના વર્તુળમાંથી બહાર નીકળીને ત્યાગી બને એનું નામ સંન્યાસી. જે વિશ્વને માટે જીવતો થઈ જાય તે સંન્યાસી.

અહીં સંતોષ શબ્દ વિવેકથી સમજવા જેવો છે. સંતોષમાં પ્રમાદ ન આવે એ પ્રકરની પ્રવૃત્તિ. જેમાં અશાંતિ ઊભી ન થાય એ પ્રકારની પ્રવૃત્તિ. પ્રમાદ અને અશાંતિથી બચવું તે સંતોષ.

મોક્ષધર્મનાં સાધનો ક્યાં?

જે આપણને પ્રભુના સાન્નિધ્યમાં લઈ જાય તે મોક્ષધર્મ છે. આપણને શુદ્ધ બનાવે, નિર્મળ બનાવે એ મોક્ષધર્મ છે. જે કોઈ માવી સાધનને ધિક્કારતો હશે તેને સાધ્ય કેવી રીતે મળશે? તમે

તમારા હાથથી જ તમારા પગને ડંડો મારો તો તમે તમારા સાધનનો જ દુરુપયોગ કરી રહ્યાં છો. સાધનને નુકસાન થાય તો સાધ્યને હાનિ થાય જ. એટલે જ શાસ્ત્રકારોએ મન, ઈન્દ્રિયો, વગેરેને મોક્ષધર્મમાં રતિવાળા બને, ધર્મ પ્રત્યે સ્નેહ રાખે એવી આજ્ઞા કરી છે. કોઈ પણ ધર્મમાં કાળે કરીને પરિવર્તન આવે. જગતનો આજ સુધીનો ઈતિહાસ કહે છે. કોઈ પણ ધર્મ સૈકાઓ સુધી આગળ વધે એટલામાં પરિવર્તનો આવે છે. તેમાં નવાઈ શી? સંસારની પ્રવૃત્તિઓ અને સાંસરિક દુઃખોમાંથી જે મુક્ત કરે, ઘોર અંધકારમાંથી મુક્ત કરે એ ધર્મને મોક્ષ ધર્મ કહેવાય. ઈશ્વરનું ધ્યાન કરવા બેસીએ અને પાંચ મિનિટમાં આપણને ગુંગળામણ થાય એ બતાવે છે કે આપણને મોક્ષ ધર્મમાં રતિ નથી. સંસારનાં બધાં કાર્યો બરાબર ચાલે. સાથે સાથે પ્રભુને પણ રાજી રાખવા જોઈએ. ગીતાના અધ્યાય વાંચ્યા, ઉપનિષદોનું જ્ઞાન મેળવ્યું એટલે આત્માનું ક્લયાણ થાય. તો આ મોક્ષ ધર્મની રતિ છે.

કપિલ ભગવાન કહે છે, "પરમાત્માના માર્ગે જવું હોય અને એમાં મનની એકાગ્રતા જોઈતી હોય તો તમારું શરીર બને એટલું શાંત હોવું જોઈએ. અને શરીરને શાંત રાખવા માટે આહાર, વિહાર ઉપર ધ્યાન રાખો.

મિત - આહાર લેવો જોઈએ

ધર્મ તરફ ગતિ આગળ વધારવા ભોજન પર કાબૂ રાખવો જોઈએ. પહેલી શરત એ છે કે જરુર કરતાં ઓછું અન્ન લો. પોતાનું ઉદર અન્નથી અડધું ભરવું જોઈએ. ગૌતમબુદ્ધે મધ્યમ માર્ગ બતાવ્યો છે. આ મધ્યમ માર્ગ આપણા શાસ્ત્રને વધુ મળતો આવે છે. અર્ધું અનાજથી, પા ભાગ જળથી અને પા ભાગ વાયુ

માટે રાખો. શરીરને તંદુરસ્ત રાખવા આ નિયમ અપનાવવો જોઈએ. આપણા તપસ્વીઓનાં ચિત્ર જોશો તો તેમનાં શરીર હૃષ્ટ પુષ્ટ, ગોળમટોળ નહિ હોય, તેમની કૃશ કાયા હશે. એનું કારણ એ છે કે તે મિત આહાર લેતા હતા.

સાત્ત્વિક અન્ન ખાવ.

જે અન્ન શરીરને રોગ ઉત્પન્ન કરતું હોય એ અન્ન સાત્ત્વિક નથી. જે અન્ન આપણામાં રજોગુણ ઉત્પન્ન કરે તે વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. જે અન્ન આપણા શરીરને હળવું બનાવે એવું અન્ન પ્રમાણસર લેવું. લૌકિક વ્યવહારો ઘટાડવા જોઈએ. તેનાથી થોડું નુકસાન થશે પણ લાભ બહુ થશે.

સત્સંગ કેળવવાના નિયમો

તમે જેના સંગમાં જઈને બેસો. એના વિચારો તમારા મનમાં આવશે જ. આપણે કાંઈ જનક જેવા સિદ્ધ પુરુષો નથી કે રાજસ્ અને તામસ્ વાતાવરણમાં પણ સાત્ત્વિક રહી શકીએ. છોડ નાનો હોય ત્યારે તેની આસપાસ વાડ કરીને રક્ષણ કરવું પડે છે. પણ તે વૃક્ષ થશે પછી તેને પાણીની જરૂર રહેતી નથી. તેવી રીતે તમારે લૌકિક વ્યવહારો ઘટાડવા, ધંધો રોજગાર ઘટાડવો, એકાંતમાં રહેવું, આ બધા નિયમો પાળવા. મોક્ષમાં રતિ હશે તો તે પાળવા જોઈએ. મૂળ જો હશે તો બાકી બધું સહેલું છે.

પ્રકરણ ૧૮મું

અષ્ટાંગ યોગ

કપિલ ભગવાને યોગની અહીં વાત કરી. ધ્યાન વડે યોગની વાત છે. એક એવો યોગ છે કે જેમાં નિર્વિચાર થઈ જણાય. તેમાં તમારા મનને કોરા આકાશ જેવું બનાવી દેવાનું. તમારે કોઈનું પણ ધ્યાન કરવાનું નહિ. પરમાત્માનું પણ નહિ, બ્રહ્મનું પણ નહિ. મનને ખાલી બનાવી દેવાનું છે. ચિત્ત આ રીતે ખાલી થઈ જાય એવો એક પ્રકાર છે પરંતુ કપિલ ભગવાને અહીં એ પ્રકાર બતાવ્યો નથી. કપિલ ભગવાને ધ્યાન સહિત યોગનો પ્રકાર બતાવ્યો છે.

સબીજ યોગની કથા

યોગના પણ બે પ્રકાર છે 'સબીજ યોગ' અને બીજો 'નિર્બીજ યોગ' અહીં આપણો સબીજ યોગ છે એટલે કે પરમાત્માના સાકાર સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં ચિત્તને પ્રભુમાં જોડવું. એ પ્રભુને પ્રસન્ન કરવાનો એક વિષય બને છે. ભગવાન કપિલ જે રીતનું વર્ણન કરે છે. તે અદ્દભુત રીતે છે. જે યોગનું નિરૂપણ કર્યું તે સબીજ યોગ. એ સામાન્ય સાધકની દૃષ્ટિએ પણ ઉત્તમ છે. અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ઉત્તમ છે. પહેલી વાત એ છે કે મનને એકાગ્ર કરી તો તે યોગ થયો. પતંજલિ ભગવાને વ્યાખ્યા કરી,

'યોગ શ્ચિત્તવૃત્તિ નિરોધ'.

એટલે કે તમારા મનની વૃત્તિ એકાગ્ર થાય. મનની વૃત્તિઓ દશે દિશામાં વળવાને બદલે કોઇ એક દિશામાં એક ગતિમાં આગળ વધે તેનું નામ **યોગ.**

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે મૌલિક વ્યાખ્યા કરી,

"યોગઃ કર્મસુ કૌશલમ્"

'તમને પરમાત્માએ આપેલું કર્મ અત્યંત કુશળતા પૂર્વક તમારી સીમાપર્યંત કરો. પ્રભુએ અર્પણ કરેલાં કાર્ય પાર પાડો. તો તમે પણ યોગી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય, ગમે તે હોય, પરંતુ પ્રભુએ આપણને જે કાર્ય સોંપ્યું છે એ કાર્યને કૌશલ્યથી પૂર્ણ કરો. પછી તે ચિત્રકાર હોય, સંગીતકાર હોય. પોતાની કલામાં તે આત્મા રેડતો હોય તો તેની એ કલા બીજાના આત્મા સુધી જરૂર પહોંચશે. તેનાં સ્પંદનો અન્યને સ્પર્શ કરશે. બસ 'કર્મષુ કૌશલમ્' થયું. આ વ્યાપક વ્યાખ્યા થઈ જે. વ્યાખ્યા 'ચિત્તવૃત્તિ નિરોધ'ને બહુ મળતી છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યોજી એ સિદ્ધાંત મુક્તાવલિ'માં સેવાની વ્યાખ્યા કરતી વખતે કહે છે,'

ચિત્તને પ્રભુમાં પરોવવું જોઇએ.

પરમાત્માની મહાનમાં મહાન સેવાએ છે કે, "આપણે આપણું મન પરમાત્મામાં પરોવી દેવું "કપિલ ભગવાને આપણને ચિત્તને પ્રભુમાં પરોવવાની વાત કરી. ચિત્તને પ્રભુમાં જોડો' પરોવવું એ પણ એક ક્રિયા છે. સોયમાં દોરો પરોવવો છે. પછી સોય જ્યાં જ્યાં ગતિ કરે છે ત્યાં ત્યાં દોરો પણ પરોવવાનાં કારણે પસાર થાય છે. જેમ દોરો સૌયનો આધીન એમ ચિત્ત પણ પ્રભુમાં આધીન રહે. ક્રોધ આવે નહિ, વિકારોને તાબે થાય નહિ પરંતુ ઈશ્વરને આધીન રહે તો એ યોગ છે. ચિત્ત પ્રભુની આગળ નમે. વિશ્વની આગળ ગૌરવપૂર્વક રહે. અને પરમાત્માની આગળ નમ્ર રહે તો એ પણ સેવા છે.

અભિમાન અને નમ્રતા

સ્વાભિમાન અને નમ્રતા એ ત્રાજવાનાં બે પલ્લાં છે. તમે એક પલ્લામાં પગ મૂકો તો બીજું પલ્લું ઊલટું પડી જાય વૈષ્ણવોનાં જીવનમાં એક પલ્લામાં સ્વાભિમાન અને બીજાં પલ્લામાં નમ્રતા હોય. સ્વાભિમાની હોય પણ અભિમાની ન હોય, તે અર્થમાં વિનમ્ર હોય. તો આ ચિત્ત પ્રભુને નમે. તે પણ સેવા છે.

કપિલ ભગવાને પ્રભુનું ધ્યાન કઈ રીતે કરવું ? ધ્યાનાત્મક સમાધિ કઈ રીતે સિદ્ધ થાય ? યોગ કઈ રીતે સિદ્ધ થાય ? એનું ખૂબ વિસ્તારથી વર્ણન કરે છે. પાતંજલ યોગદર્શન ઉપર સાંખ્યનો અથવા સાંખ્યદર્શનો બહુ પ્રભાવ છે એટલે આ બંને શાસ્ત્રો એકબીજાથી બહુ અલગ નથી. કપિલ ભગવાને જે મૂળ સિદ્ધાંતો સ્વીકાર્યા છે એ પતંજલિ ભગવાને પણ સ્વીકાર્યા છે.

(અષ્ટાંગ યોગનાં સાધન.)

(૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધ્યાન, (૭) ધારણા અને (૮) સમાધિ, તેમાં ચાર અંગો પૂર્વાંગ અને ચાર અંગત ઉત્તરાંગ છે પતંજલિ તેને 'સાર્વભૌમ બ્રહ્મ' કહે છે. યમને પાંચ મહાવ્રત કહે છે (૧) સત્ય (૨) અહિંસા (૩) અસ્તેય (ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ (સંગ્રહ ન કરવો) **આ પાંચ યમ છે.** અને પછી નિયમનું વર્ણન કર્યું (૧) શૌચ (પવિત્રતા અંદરની અને બહારનીબંને) (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય અને (૫) ઈશ્વર પ્રણિધાન એટલે ભગવાનની ભક્તિ નાં **આ પાંચ નિયમ છે.**

યોગનાં ક્રમશઃ સોપાન

સૌથી પ્રથમ વાત કરી **'યમ'** અને પછી વાત કરી **'નિયમ'** કોઇને યોગ દ્વારા પ્રભુને પ્રાપ્ત કરવા હોય તો આ સાધનોમાંથી જેટલાં બને એટલાં એણે જીવનમાં ઉતારવાં જોઇએ પરંતુ પતંજલિ ભગવાને યોગના પ્રકારો મૂક્યા. ચિત્તની તન્મયતા માટે.

(૧) યમ

યોગના આઠ અંગોનું પહેલું અંગ 'યમ' છે તેનું સ્વરૂપ નીચેના સૂત્રમાં બતાવે છે.

"अहिसा सत्यास्तेय ब्रह्मचर्या परिग्रहा यमाः ।"

(૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ 'યમ' કહેવાય છે. મનને કાબૂમાં રાખવું, અથવા વિષયોમાંથી મનને ઉપરામ આપવો તેનું નામ યમ છે.

પ્રકૃતિનાં સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણો પ્રકૃતિમાં લીન થઈ ગયા છે. પુરુષ અને પ્રકૃતિના ભેદનું જ્ઞાન મેળવવું જોઇએ તે માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાં જોઇએ.

યોગ જ્યારે સંપૂર્ણ થાય છે ત્યારે ચિત્ત ઉપરથી બધી જ અશુદ્ધિઓ દૂર થઈ ગઈ હોય છે તે વખતે ચિત્તતત્ત્વ અત્યંત નિર્મલ બની ગયું હોય છે. હવે તમને રજોગુણ કે તમોગુણની વૃત્તિ ચિત્તમાંથી ઊઠતી નથી. સત્ત્વગુણથી જ્ઞાન સ્થિરતાને પામ્યું હોય છે. ભગવાન કપિલે પાતંજલ યોગની વાત સ્વીકારી છે. હવે આપણે અષ્ટાંગ યોગના પ્રથમ 'યમ' વિશે વિચારીએ તો પ્રથમ અહિંસાનું જ્ઞાન મેળવવું આવશ્યક છે.

(૧) અહિંસા કોને કહેવાય ?

શ્રી મહાપ્રભુજીએ સુબોધિનીમા વાત કરી છે, "કોઈ પણ પ્રાણીને તમારે તમારી કાયા વડે, તમારી વાણી વડે, તમારા મન વડે પીડવું નહિ. તેનું નામ અહિંસા છે. તમારા મોંમાંથી કડવા શબ્દો નીકળે, શરીરથી કોઇને મારો. તો તે હિંસા છે. હળાહળ વિષ બોળેલા વાણીનાં બાણ નીકળે તે હિંસા જ છે. તલવારના ઘા રુઝાશે પરંતુ વાણીનો ઘા રુઝાતો નથી. દુર્વાક્ય બોલવા, બીજાના હૃદયને પીડા કરવી, એ હિંસા છે, હત્યા છે, માત્ર મારી નાખવું એ જ હત્યા નથી કોઇની સામે ક્રોધ કરવો, વાણી દ્વારા મન દુભવવું, પીડા આપવી નહિ.

શ્રી મહાપ્રભુજી કહે છે, "જે જગ્યાએ સાધુની બહુ ખ્યાતિ થઈ જાય એ જગ્યાએ સાધુએ રહેવું એ પણ હિંસા છે. કારણ કે સાધુની બહુખ્યાતિ થઈ જશે તો લોકો એમને વધારે દાન આપશે પરિણામે વધારે જરૂરીઆત વાળો માનવી એ દાનથી વંચિત રહી જશે. આટલી સૂક્ષ્મ દૃષ્ટિ આપણને સુબોધિનીમાં જ મળે છે.

(૨) સત્ય : પોતાનો વિચાર બીજામાં ઉતારવા માટે વાણીનું સર્જન થયેલું છે માટે તે પ્રમાણે બોલવું તે સત્ય કહેવાય. પોતાના મનમાં એક અર્થ હોય અને અન્યના મનમાં બીજો અર્થ ઉતારવા વાણીનો ઉપયોગ થાય તો તે વાણી ઠગારી થાય છે. ઈશ્વરદત્ત વાણીને ઠગારી બનાવનાર માણસ પાપી કહેવાય છે. વાણીમાં ખોટો અર્થ પણ ન હોવો જોઈએ. કે જેથી સાંભળનાર કશું સમજી ન શકે. વાણી તો બધાના ઉપકાર માટે ઈશ્વરે સર્જી છે. નહિ કે માણસોને દુઃખ આપવા માટે. એથી ઉપનિષદ કહે છે સત્યંબ્રૂયાત્ સત્ય બોલો, પ્રિય બોલો. કોઇને દુઃખ થાય એવું ન બોલો. મન અને વાણી એક હોય તેવું બોલો.

(૩) અસત્ય : ચોરી ન કરવી તે અસ્તેય કહેવાય. છુપી રીતે બીજાના ધનને લઈ લેવું, જૂઠું બોલીને ધન લઈ લેવું, બળાત્કારથી બીજાનું ધનનું હરણ કરવું, આ બધી ચોરી કહેવાય છે. કોઇના પણ ધનને લઈ લેવાનો વિચાર ન કરવો અને લોભ ન રાખવો એ શુભ મનોવૃત્તિનું નામ અસ્તેય છે. એનું બરાબર પાલન કરવું. જોઇએ.

(૪) બ્રહ્મચર્ય : મન, વચન અને શરીરથી પૂરેપૂરું બ્રહ્મચર્ય પાળવું. મનમાં ખોટા વિચાર ન આવે માટે પ્રથમ તેના ઉપર સંયમ મેળવવો. વાણીમાં પણ સંયમ મેળવવો જેથી અયોગ્ય ઉચ્ચારણ ન થાય. તેમજ સ્ત્રીઓ તરફ માતા, બહેન કે પુત્રી ભાવથી જોવું. આ આઠ પ્રકાર વડે બ્રહ્મચર્યના પાલન માટે ખૂબ પ્રયત્ન કરવો. સ્ત્રીઓનું અયોગ્ય ભાવથી સ્મરણ, કીર્તન, છાનું ભાષણ, સ્ત્રી માટેનો સંકલ્પ, સ્ત્રી સાથે એકાંતે મળવાનો નિશ્ચિય અને કામવૃત્તિ રાખવી એ અયોગ્ય છે. તન,મન, અને આત્માની શુદ્ધિ રાખવી

(૫) અપરિગ્રહ : શરીરનું પોષણ થાય એટલા જ સાધનનો ઉપયોગ કરવો વધારે સાધનો રાખવાં નહિ. વાસણનો ત્યાગ કરવો, વિષયોનો ત્યાગ કરવો, જેમ જેમ ભોગ ભોગવવામાં આવે છે તેમ તેમ રાગ અને આસક્તિ વધે છે. વેપારમાં કે વ્યવહારમાં અપરિગ્રહ રાખવો. પરિગ્રહ એટલે વિષય ભોગવવાનાં સાધનોનો સંગ્રહ કરવો અને એ સાધનોનો ત્યાગ કરવો તે અપરિગ્રહ છે. સંસારી માણસોએ આ અપરિગ્રહ પાળવો આવશ્યક છે. અપરિગ્રહ પાળવામાં કોઇ અપવાદ રાખવો જોઇએ નહિ. અપરિગ્રહ આપણી વાણીમાં પણ હોવો જોઇએ. વાણીમાં સંયમ રાખવો, યથેચ્છ અને સ્વચ્છંદ વાણીનો ઉપયોગ કરવો તે પણ અપરિગ્રહવ્રતનું ખંડન છે માટે ભૌતિક તેમજ માનસિક ક્રિયા પ્રક્રિયાઓમાં અપરિગ્રહ રાખવો જરૂરી છે.

(૫) અપરિગ્રહ ને મૌન વિશેનાં નિમયો

અપરિગ્રહ વિશે મહાત્મા ગાંધીજીના જીવનમાંથી ઘણું જાણવા મળશે. તે સારીરીતે સમજવા જેવી છે. ગાંધીજીએ સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, અને બ્રહ્મચર્ય આ પાંચેયનું પાલન જીવનમાં કરી બતાવ્યું. અપરિગ્રહના સિદ્ધાંતો બતાવ્યા. કપિલ ભગવાન કહે છે, બ્રહ્મચર્ય પછી તપ, શૌચ, સ્વાધ્યાય, અને ભગવાનનું પૂજન અથવા ભક્તિ કરવાં જોઇએ.

શક્ય તેટલું મૌન રાખવું. મૌન માટે પણ મહાપ્રભુજીએ બે અર્થ કર્યા છે, એક તો કોઇની સાથે બોલવું નહિ. એનુ નામ મૌન. કદાચ ઊંચી કક્ષાએ તમે પહોંચી ન શકો અને કારણોસર તમારે કોઇની સાથે વાત કરવી પડે તો હળવી કોટીનું મૌન બતાવ્યું છે. જરૂર જેટલું જ બોલીશ. જો આ જાતની ટેવ પડી જાય તો દુનિયાભરના મોટા ભાગના અનર્થોમાંથી કે

ગેરસમજમાંથી બચી જવાય. તાર કરવા જઈએ તો વધારે શબ્દો લખો એટલે વધારે પૈસા ખર્ચવા પડે તેથી ઓછા શબ્દથી તાર કરીએ છીએ. આપણને ઓછો શ્રમ આવે તે છે મૌન. તમે ગમે તે દેવ-દેવીની આરાધના કરતા હો તેપણ મોક્ષ ધર્મનાં લક્ષણોની જ છે.

(૨) નિયમ

યોગના બીજા અંગ તરીકે ગણાતા 'નિયમ'ના સ્વરૂપનું વર્ણન છે"

शौच संतोष, तपः स्वाध्यायेश्वर प्रणिधानानि नियमाः ॥" અર્થાત્ (૧) **શૌચ**-શુદ્ધિ (૨) **સંતોષ** પ્રામાણિકતાથી મળે તેનો ઉપભોગ કરવો (૩) **તપ**:ભૂખ તરસ, સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોનું સહન કરવું (૪) **સ્વાધ્યાય**: મોક્ષ સાધનનું અધ્યયન કરવું (૫) ઈશ્વર પ્રણિધાનઃ સર્વ કર્મોનાં ફળ પરમાત્માને સમર્પિત કરવાં.

(૧) **શૌચ :** એટલે શુદ્ધિ. તે બે પ્રકારની છે. બ્રાહ્મ શુદ્ધિ અને અંદરની શુદ્ધિ. બાહ્ય શુદ્ધિમાં શરીરને શુદ્ધ માટીથી તથા પાણીથી ચોખ્ખું રાખવું અંદરથી શુદ્ધિ માટે મનના મેલને ધોઇ નાખવો. ગર્વ, માન, અદેખાઈ, રાખવી એ મનના મેલ કહેવાય છે, તેને દૂર કરવાથી આંતર શુદ્ધિ થાય છે એટલે કે મનની શુદ્ધિ થાય છે.

(૩) **સંતોષ :** વધારે દ્રવ્યોનો સંગ્રહ ન કરવો. પ્રામાણિક પ્રયત્નથી જ દ્રવ્ય મેળવવું. ઈશ્વર જે આપે તેમાં સંતોષ માનવો. સંસારી લોકોએ પ્રત્યેક સમયે સંતોષની ભાવના રાખવી. જેથી તે તેમના મનમાં ઉદ્વેગ ઉત્પન્ન થતો નથી. અસંતોષ રાખવાથી મનની સ્થિતિ ડામાડોળ રહ્યા કરે છે. સંતોષમાં તૃપ્તિ છે. અસંતોષમાં અતૃપ્તિ છે.

(૪) **સ્વાધ્યાય :** નિરતંર સદ્ ગ્રંથોનું વાચન કરવું. જો તમે પ્રણવ જાપનો જાપ કરતા હો તો તેના અર્થની, તેના રહસ્યની ભાવના કરવી જોઇએ. ગીતાના પાઠનો નિયમ હોય તો પ્રતિદિન તેનું વાચન, મનન અને નિદિધ્યાસન કરવું, વારંવાર ઈશ્વરના ગુણોનુંરટણ કરવું, વારંવાર શાસ્ત્રોના ગ્રંથોનું આવર્તન કરવું તે સ્વાધ્યાય છે.

(૫) **ઈશ્વર પ્રણિધાન :** ઈશ્વરનું ચિંતન કર્યા કરવું પરમ ગુરુ પરમાત્માને બધા કર્મો સમર્પણ કરવા, માણસ પથારીમાં સૂતો હોય ત્યારે, માર્ગમાં ચાલ્યો જતો હોય ત્યારે પણ ઈશ્વરનાં ધ્યાનમાં તન્મય રહેવું, આત્માના વિચારમાં નિત્ય નિમગ્ન રહેનાર મોક્ષ મેળવવાનો અધિકારી છે. શુદ્ધ વિચાર કરવા અને નિરંતર ઈશ્વરનું ધ્યાન કરવું, જપ કરવા, અનુષ્ઠાન કરવા ને એ બધાં સત્ કર્મ પ્રભુને અર્પણ કરવાં જોઇએ. ઈશ્વરની અવિચલ ભક્તિ કરવી. અહીં ભક્તિનો વિષય આવે છે, ભક્તિ વગર યોગનાં સાધનો નિર્બલ રહે છે. કર્મોનાં ફળ ઈશ્વરને સમર્પિત કરવા. તે ખરી ઈશ્વર ભક્તિ છે. પ્રેમથી પ્રભુનું સ્મરણ કર્યા કરવું. ભક્તિ ખૂબ વધે છે અને યમ આદિના પાલન પુષ્ટ થાય છે. શ્રદ્ધાપૂર્વક નિશ્ચલ ભક્તિ રાખવાથી યોગસિદ્ધિ મેળવે છે. એટલે યોગ અને ભક્તિ પરસ્પર એક જ સ્વરૂપમાં છે.

(૩) आसन :

શરીર એ સાધન છે. તમારા મનને નિશ્ચિત પ્રકારે યોગ તરફ લઈ જવું હોય તો આસન સિદ્ધિ જરૂરી છે. કેટલાક લોકો આજે એવું સમજી બેઠા છે કે આસન સુધી પહોંચ્યા એટલે આપણે યોગી બની ગયા. યોગી તો સમાધિ સુધી પહોંચે ત્યારે યોગી થવાય છે. તો તે આઠમે પગથિયે પહોંચી ગયા ગણાય. શરીરિક વિક્ષપો ન આવે તે માટે આસન જરૂરી છે તે માટે તમે

પ્રમાણસર ભોજન લો. ધ્યાનતે બેધ્યાન થાય નહિ તેની કાળજી રાખો. પવિત્રતા અને સંયમથી જીવતા હશો તો મોટા ભાગના રોગો પણ દૂર થઈ જશે. શરીરને એક આસનમાં રાખવું, કઈ રીતે બેસવું, કઇ સ્થિતિમાં રાખવું એના ઉપર આધાર રહેશે.

આસન પવિત્ર સ્થાનમાં રાખવું જોઇએ. ઘરની કોઇ પવિત્ર જગ્યા, તીર્થસ્થાન જેવા સ્થળે તમારું આસન રાખો અને દર્ભાસન, રેશમી આસન કે, મૃગચર્મ જેવા આસન પર બેસવું પલાંઠી વાળીને બેસો કે પદ્માસન જેવું આસન સિદ્ધ કરીને બેસો આસનનો હેતુ મનને એકાગ્ર કરવાનો છે આસન એ તો યોગનું એક સાધન છે. ગમે તે સ્થિતિમાં બેસો પણ મન કેન્દ્રિત કરો આસન પર પલાંઠી વાળીને સીધા બેસો. કારણ કે કરોડરજ્જુ બિલકુલ સીધી રહે છે.

૪ : प्राणायाम

કપિલ ભગવાન કહે છે; યોગની પ્રક્રિયાઓ સમજતાં સમજતાં અને દ્રઢતાપૂર્વક સાધ્ય કરવી જોઇએ. અને ક્રમશઃ આગળ જવું જોઇએ.

આસન પછી પ્રાણાયામની ક્રિયા સિદ્ધ કરવી જોઇએ. પ્રાણાયામની ક્રિયા ત્રણ છે. (૧) પૂરક (૨) કુંભક (૩) રેચક. એક નસકોરું જમણા અંગૂઠા અને અનામિકા તથા કનિષ્ઠા પહેલી અને જમણી આંગળી વડે દબાવવું અને ધીમે ધીમે હવા લેવી તે ક્રિયાને **'પૂરક'** કહે છે પછી બંને નસકોરાં બંધ કરીને પ્રાણને અંદર રાખી લો. જેમ ઘડામાં હવા રહે એમ ફેફસામાં હવા રહેવી જોઇએ. એ ક્રિયાને **'કુંભક'** કહેવાય છે. પછી પ્રથમ દાબી રાખેલ નસકોરા વાટે અંદરની હવા ધીમે ધીમે બહાર કાઢો તો **'રેચક'** ક્રિયા કહેવાય. પ્રાણાયામથી શારીરિક લાભ તો થાય છે પણ માનસિક લાભો તો ઘણા થાય છે.

પ્રાણાયામની ક્રિયામાત્ર એક વખત નહિ પણ વ્યવસ્થિત રીતે વધારતા જાવ અને એક સમય એવો આવશે કે તમે પ્રાણાયામની સિદ્ધિ દ્વારા યોગની ઉચ્ચ ભૂમિકાએ બેસશો.

૫ : प्रत्याहार

પ્રત્યાહારએ માનસિક પ્રક્રિયા છે. પ્રાણાયામ પછી પ્રત્યાહારની ક્રિયા શરૂ થાય છે. અન્ય વિષયોને મનમાંથી હટાવી દઈને ત્યાં જ મનને સ્થાપવું, એટલે કે મનને મૂલાધારમાં સ્થાપવું, પ્રત્યાહારમાં મનને એક જગ્યાએથી વાળવા માટે બીજી જગાએ હટાવવું પડે છે. અહીં "चित्तवृत्ति निरोध" એ સાકાર થાય છે. તમારે જે દિશામાં જવું છે તે દિશામાં મનને કેન્દ્રિત કરો. આ ખૂબ જ મહત્ત્વનો મુદ્દો છે, ધ્યેયને ધ્યાનમાં રાખીને માર્ગ નક્કી કરવો જોઇએ.

स्वविषयासं प्रयोगे चित्तस्वरूपानुकार इन्द्रियाणां प्रत्याहार (૫૪)

ચિત્ત જ્યારે નિરુદ્ધ થઈ જાય, એટલે કે મોહજનક, રાગ જનક અને કોપનીય વગેરે વિષયો સાથે ચિત્ત જોડાઇ જાય એટલે ચિત્તનો નિરોધ કરવાથી ઇન્દ્રિયોનો પણ નિરોધ થઈ જાય છે. વિષય તરફથી ઇન્દ્રિયોને પાછી વાળી રાખવી તેનું નામ પ્રત્યાહાર છે. પ્રત્યાહારનો અભ્યાસ કરવાથી યોગ સાધનારને ઇન્દ્રિયો એટલી બધી આધીન થઈ જાય છે કે તે પછી વિષયો તરફ ખેંચાતી નથી. જ્યારે વિષયો તરફનાં બધાં પ્રલોભનો નકામા થઈ જાય છે ત્યારે સમજવું કે ઇન્દ્રિયો યોગ સાધનારનાં પૂરેપૂરા કાબૂમાં આવી ગઈ છે. આવી સ્થિતિ થાય ત્યારે સમજવું કે પ્રત્યાહારની સિદ્ધિ મળી ગઈ છે.

(૬) ધારણા

અષ્ટાંગ યોગમાં છઠ્ઠું સ્થાન ધારણાનું છે.

'देश बन्धश्चित्तस्य धारणा ।

ચિત્તનું અમુક સ્થાનમાં બંધાઈ જવું તેનું નામ ધારણા છે. આ સ્થાનો શરીરની અંદર અને બહાર પણ છે. (૧) નાભિચક્ર (૨) હૃદયકમળ (૩) મૂર્ધા - જ્યોતિ (૪) નાસિકાગ્ર (૫) જિહ્વાગ્રે. આ સિવાય બહારનાં સ્થાનોમાં સૂર્ય, ચંદ્ર વગેરે જે સ્થાનમાં ચિત્ત બંધાય અને ત્યાંથી જરાપણ વિચલિત ન થાય ત્યારે 'ધારણા' સિદ્ધ થઈ કહેવાય.

ધારણા સિદ્ધ કરવા માટે આપણે પ્રથમ જે યમ, નિયમ વગેરે મેળવી લીધાં છે તથા મૈત્રી, કરુણા, મુદિતા જેવા સદ્ અંશોની નિરંતર ભાવનાથી જેનું ચિત્ત સ્થિર થયું છે. તેવા સાધકે એકાંત દેશમાં જઈ બેસવું અને આપણને યોગ્ય જ લાગે તેવા આસનમાં સ્થિર થવું. ચિત્તને નાકના અગ્રભાગ પર સ્થિર રાખવા પ્રયત્ન કરવો. આમ કરવાથી ધીમે ધીમે પ્રાણાયમ સાધી શકાશે અને પ્રત્યાહાર પણ સિદ્ધ કરી શકાશે અને તેથી ચિત્ત-પરમાત્મામાં સ્થિર થઈ જશે.

(૭) ध्यान

જ્યાં ધારણા સ્થિર થઈ ગઈ ત્યાં જ ચિત્તની વૃત્તિઓનું એક જ આલંબન હોવું તેનું નામ **ધ્યાન** છે. જો ધ્યાનનો વિષય પ્રણવ હોય કે નામ સ્મરણ હોય તો ચિત્તની વૃત્તિઓ પ્રણવાકાર કે નામ સ્મરણાકાર થયા કરે.

'तत्र प्रत्ययैकतानता ध्यानम्'

ચિત્તની વૃત્તિઓને એક જ પ્રકારનો એક જ વિષય હોવો

તેનું નામ ધ્યાન. તમારું ચિત્ત ભગવાનના સગુણ કે નિર્ગુણ સ્વરૂપમાં એકાકાર બને. ત્યારે ધ્યાન થયું કહેવાય. ચિત્તની વૃત્તિઓનો વિષય બદલાય તો ધ્યાનનો ભંગ થાય છે. એમ ધ્યાતાએ (ધ્યાન કરનારે) સમજવું જોઈએ. સમાન વિષયમાં ચિત્તને લાવવા પ્રયત્ન કરવો જોઈએ. લાંબા અભ્યાસે ધ્યાનની સિદ્ધિ થઈ શકે છે.

(૮) समाधि :

યોગના આઠ અંગોમાંનું છેલ્લું **'સમાધિ'** નામનું અંગ છે. શૂન્યાવસ્થા જેવી સ્થિતિ. તેથી સમાધિની વ્યાખ્યા એ છે કે "तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्य-मिव समाधिः ।"

જ્યારે ધ્યાન અને ધારણા બહુ જ ગૌણ બની જાય. અને કેવળ ધ્યેય અર્થનું સ્ફુરણ થયા કરે ત્યારે યોગીએ સમજવું જોઈએ કે હવે સમાધિ પરિપક્વ દશામાં આવી છે. ધ્યેય અર્થ સિવાય સમાધિમાં કશું જ ભાસતું નથી. 'યોગ સુધાકર'માં જણાવ્યું છે કે ધ્યાન, ધારણા અને સમાધિ આ ત્રણને માટે એક સામાન્ય નામ આપ્યું છે. "त्रयमेकत्रसंयमः" ધ્યાન, ધારણા ને સમાધિ માટે એક જ નામ આપવું હોય તો તે **'સંયમ'** શબ્દ છે. સંયમ પર જય મેળવવાથી પ્રજ્ઞાનો પ્રકાશ થાય છે. આ ત્રણ અંગો યોગ શાસ્ત્રમાં અંતરંગ કહ્યા છે અને પ્રથમના પાંચને બાહ્ય અંગ કહ્યાં છે. તેને અસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. ચિત્તની પાંચ અવસ્થા છે. ક્ષિપ્તતા, મૂઢતા, વિક્ષિપ્તતા, એકાગ્રતા અને નિરોધ. તેમાં પહેલી ત્રણ અવસ્થાને વ્યુત્થાન અને પછીની બે અવસ્થાઓ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત યોગ કહે છે. કપિલ ભગવાન મહર્ષિ પતંજલિના યોગયશાસ્ત્રને જ અનુસરે છે. ચિત્તના સાત ધર્મ છે.

(૧) ચિત્તની અસંપ્રજ્ઞાત અવસ્થાને **નિરોધ** કહે છે. (૨)

પુણ્યનું ને ધર્મનું ફળ સુખ છે. અને પાપનું ફળ દુઃખ છે. (૩) **સંસ્કારને** ધર્મ ચિત્તમાં છે તેનું સ્મૃતિથી અનુમાન થાય છે. (૪) **ચિત્તનું** પરિણામ થાય છે. તે ત્રિગુણાત્મક છે. (૫) **જીવન** એટલે પ્રાણનું ધારણ (૬) **ચેષ્ટા** ચિત્તમાં વિષયો ઇન્દ્રિયો સાથે જોડાય છે. (૭) **શક્તિ** પ્રત્યક્ષ કાર્યોની જે સૂક્ષ્મ અવસ્થા છે તેને શક્તિ કહેવાય છે.

યોગીઓ કઈ કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે ? સમાધિ પર્યંતની યોગસિદ્ધિથી યોગીને સર્વ પ્રાણીઓના શબ્દોના અર્થનું જ્ઞાન થાય છે. પોતાના વીતી ગયેલા જન્મોનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. નવું શરીર ધારણ કરી શકે છે. યોગી પારકાની ચિત્તવૃત્તિને સંયમ દ્વારા જાણી શકે છે તે અંતર્હિત થઈ જાય છે. એટલે લોકો તેને જોઇ શકતા નથી. આ સિદ્ધિઓ જ્યારે જરૂર પડે ત્યારે યોગી કરી શકે છે પરકાયા પ્રવેશ કરી શકે છે. આકાશગમન કરી શકે છે. તે જ્યારે ઇચ્છે ત્યારે પાણી ઉપર ચાલે છે. સૂરજનાં કિરણોને પકડીને આકાશમાં ગમે ત્યાં ઉડ્ડયન કરે છે, યોગી તો અણિમા, લઘિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ, ઈશિતૃત્વ સિદ્ધિ, કામવસાયિત્વ એમ અષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ બધી સિદ્ધિઓ મળે છે પણ ઈશ્વરના સંકલ્પનું ઉલ્લંઘન કરી શક્તા નથી.

યોગી કદાપિ સિદ્ધિઓની જાળમાં ફસાતો નથી. એ તો પરમાત્મા સ્વરૂપમાં લય થઈ જાય છે.

પ્રકરણ ૧૯મું

સાકાર સ્વરૂપનું ધ્યાન અને બાહ્રી સ્થિતિ.

એકાંતમાં બેસી મનને સ્થિર કરો.

તમે એકાંતમાં બેસો અને મનમાં નિશ્ચય કરો કે મારે જગતના કોઇ પણ પદાર્થોની જરૂર નથી. હું પૂર્ણ રીતે સુખી છું. કોઈ પણ વસ્તુ મેળવવાની બાકી નથી. હું ધન્ય છું એવું પ્રતિદિન પાંચ દશ મિનિટ વિચારો, એથી જીવન જીવવા માટેનો ઉત્સાહ પણ આવે છે, એટલું જ નહિ એના પગમાં નવું બળ આવે છે. જે દ્વારા જીવનનો માર્ગ સરળતાથી સ્થાપી શકે છે. આપણું વલણ તો આનાં કરતાં સાવ ઊંધું છે. હંમેશા વિધેયાત્મક વિચારો

રાખો. પણ આપણે નિષેધાત્મક વિચારો તરફ ચાલીએ છીએ. આવા માણસને બળ પણ ક્યાંથી મળે ? એથી મનોબળ - સંકલ્પબળ વ્યર્થ થઈ જાય છે. અપસરણ થઈ જાય છે. તમે ગમે તે દ્વારા તમારી શક્તિઓને વ્યય થતી રોકો

શારીરિક અને માનસિક રીતે શ્રવણ કરીને, મનન કરીને, કે નિદિધ્યાસન પૂર્વક પ્રયત્નશીલ રહેવાથી તો તમારી શક્તિનો સંચય થશે. આ છે યોગમાર્ગ

તમારું હૃદય ભગવાનનું સિંહાસન બનાવો

ભક્તિમાર્ગ કહે છે, તમારે ક્યાં આસન પર બેસવું ? એની સાથે મતલબ નથી પણ તમે સ્વયં ભગવાનનું આસન બનો. તો તમારું હૃદય જ ભગવાનનું સિંહાસન બનશે. પછી તો આ લોકમાં કે પરલોકમાં શું બાકી રહે છે ? તમારા હૃદયનાં સિંહાસન પર ભગવાન આવીને બિરાજશે. આપણી સામે મંતવ્યાંશ અને અનુમંતવ્યાંશની વાતો મૂકી છે દરેક વ્યક્તિને પોતપોતાનું મંતવ્ય ધરાવવાનો અધિકાર છે. તે પછી સાંખ્ય દ્વારા, યોગ દ્વારા, ઉપાસના દ્વારા, કર્મયોગ દ્વારા, જ્ઞાનમાર્ગ દ્વારા કે ભક્તિમાર્ગ દ્વારા ? ક્યા માર્ગ દ્વારા ઊંચે સુધી પહોંચાશે ? એ માર્ગ પસંદ કરવાનો દરેક વ્યક્તિને અધિકાર છે.

રૂચિ યુક્ત અન્યમાર્ગે ઈશ્વર પ્રાપ્તિ.

તમને એમ લાગે કે તમારું વ્યક્તિત્વ તર્ક પ્રધાન છે તો જ્ઞાનમાર્ગ ઉત્તમ છે. જો તમારું વ્યક્તિત્વ ભાવ પ્રધાન હોય તો ભક્તિમાર્ગ ઉત્તમ છે. જો તમારું મન કોઈ પ્રકારે ઉત્તમ ન હોય તો યોગમાર્ગ ઉત્તમ છે. કેટલાક વિચારકો હિંદુધર્મની મોટામાં મોટી ખામી એ બતાવે છે કે, આપણા ધર્મમાં બહુ મોટા મતમતાંતરો છે. પરંતુ એ તો પૂર્વગ્રહથી જોવામાં

આવતી વસ્તુ છે. આપણે ત્યાં અનેક મતમતાંતરો છે એ આપણી સમૃદ્ધિ છે. એ આપણી ખામી નથી. ભારતીયધર્મ એટલો બધો પ્રાચીન છે છતાં એટલો બધો પરિપક્વ છે. કે એની પાસે સમગ્ર માનવીને અનુરૂપ થઈ જવાના માર્ગો છે. અને તેથી રુચિની ભિન્નતા હોવા છતાં બધાં માર્ગો એક જ સ્થળે મળે છે.

શિવમહિમ્નમાં રુચિ યુક્તમાર્ગ બતાવ્યા છે.

ગંધર્વ પુષ્પદંત શિવમહિમ્નમાં મતમતાંતરો યુક્ત માર્ગ બતાવતાં કથે છે;

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति ।
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमितिच ॥

रुचीनां वैचित्र्या दृजुकुटिलना नापथजुषां ।
नृणामेको गम्यस्त्वमसि पयसावर्णव इव ॥ ७ ॥

ત્રણ વેદ; યજુ, ઋક્ કે સામ વેદ, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પાશુપતમત, વૈષ્ણવમત વગેરે સચ્ચિદાનંદ સાગર પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્તિ માટે સાક્ષાત્ અથવા પરંપરાથી અથવા ઉપર્યુક્ત ભિન્ન ભિન્ન પંથો અથવા મતમતાંતરોથી આ અમારો મત અલગ, દૂર, કિલષ્ટ હોવા છતાં પણ સાક્ષાત્ મોક્ષ આપનાર હોવાથી શ્રેષ્ઠ છે. બીજા પંથ ચાલવામાં સરળ હોવા છતાં તે પરંપરાથી મોક્ષ આપનાર ન હોવાથી શ્રેષ્ઠ નથી. આ પ્રમાણે ભિન્ન રુચિ હોવાથી અનુયાયીઓ વાંકા સીધા માર્ગે ચાલનારા જલપ્રવાહની જેમ સાગરમાં જ સમાઈ જવા યોગ્ય છે. કોઈ પણ સંપ્રદાયનો જિજ્ઞાસુ જો ચાલતો જ રહે તો છેવટે પરમાત્મ તત્ત્વને ઉપલબ્ધ થઈ જાય છે.

આમાં ભગવદ્ધર્મ એટલે ભક્તિમાર્ગ એ સરળ માર્ગ છે. ઘણા ભક્તો કહે છે,"

'હરિનો મારગ છે શૂરાનો" એ વાત પણ સાચી છે. શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંધમાં ભક્તિનો માર્ગ સરળ કહ્યો છે. તે માર્ગ કોમળ છે. કારણ કે કોઈ પણ માનવી નેત્ર બંધ કરીને પણ દોડતો હોય તો એ પડતો નથી. ભગવદ્ ગીતામાં પણ આ માર્ગની વિવિધતાનું જ વર્ણન છે. છતાં આપણે એવું વિચારતા નથી કે ભક્તિમાર્ગ ઉત્તમ, જ્ઞાનમાર્ગ ઉત્તમ અથવા યોગમાર્ગ ઉત્તમ છે. એ તો જેને જે માર્ગ પસંદ પડે એ અપનાવે. એક માર્ગ તમે નક્કી કર્યો અને અનુરૂપ થયો તો પછી એ માર્ગનું અનુષ્ઠાનનું આચરણ ફરજિયાત બની જાય છે.

નિરાકાર દ્વારા સમાધિ માર્ગ કઠિન છે.

કપિલ ભગવાન તમારે જે સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ તેનું વર્ણન કરે છે. માનવી ધારે તો તે નિરાકારનું પણ ધ્યાન કરીને સમાધિ સુધી પહોંચી શકે છે. નિરાકારનો નિષેધ નથી પણ નિરાકાર કરતાં સાકારનું ધ્યાન સરળ થશે. આ વાત ઉપર જરા વિચાર કરીએ તો યોગી નિરાકારમાં પોતાનું મન લગાવવાનો પ્રયત્ન કરે છે. ત્યારે મનની સાથે બહુ લડાઈ લડવી પડે છે. કારણ કે મનનો સ્વભાવ સ્થિરતાનો નથી. અર્જુને શ્રી કૃષ્ણ ભગવાનને કહ્યું, "મન તો ચંચળ છે. તેથી તેને ચિત્તવૃત્તિનો નિરોધ કરવો છે. એ તો એના જેવું થયું કે પૂર્વ દિશામાં વહેણ વહી રહ્યું છે એને પશ્ચિમ દિશામાં વાળવાનું છે. અને એ કામ કપરું છે. નિરાકારના ધ્યાનમાં મનને વાળવા માટે ખૂબ પ્રયત્ન જરૂરી છે.

સાકાર સ્વરૂપનું ધ્યાન સરળ છે.

સાકાર સ્વરૂપનું ધ્યાન કરો અને સાથે સાથે એ યાદ રાખજો કે જો તમારા એ યોગમાં થોડી ઘણી ભક્તિ ભળશે તો પ્રભુ તમને સાકાર જ નહિ પણ 'રસાકાર' લાગશે. કેટલાક વૃદ્ધ લોકો વૈષ્ણવીદેવીનાં મંદિરમાં, બાલાજી તિરુપત્તિના પર્વત પર, ગબ્બરના ડુંગર પર ચડી જાય છે. શક્તિ ન હોવા છતાં એ ચઢી જાય છે તો એ શક્તિ ક્યાંથી આવી ? એ શક્તિ ઉત્સાહમાંથી આવે છે. એટલે આપણે પ્રભુના સ્વરૂપનું ચિંતન કરતાં રહીશું તો મનને નિરાકારના અનુભવને માટે જે સંઘર્ષશીલ બનવું પડે છે એ થવું નહિ પડે.

કપિલ ભગવાનને યોગની અંદર ભક્તિનું તત્ત્વ મેળવ્યું છે. એનો અર્થ એ નિરીશ્વર યોગ નથી. અથવા એમનો નિરાકાર યોગ નથી. કોઈ પણ બાબતમાં ભક્તિ ભળે એટલે એમનામાં રસાત્મકતા આવ્યા વગર રહેતી નથી. ભક્તિ તો રસનો માર્ગ છે.

સગુણ સ્વરૂપમાં વિવિધ રહસ્યો છે.

ભગવાને શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલાં છે. પીતાંબર ધારણ કરેલું છે. એવા સ્વરૂપનું ધ્યાન કરો. સ્વરૂપ ભાવનાની સાથે સાથે લીલા ભાવની સંગતિ વિચારવામાં આવે, તેમના સ્વરૂપનું ચિંતન કરવામાં આવે, ત્યારે એમની સાથે સાથે એમના ગુણોનું ચિંતન કરવામાં આવે અને એ સ્વરૂપમાં રહેલા રહસ્યો છે એનું પણ ગુણગાન કરો. એટલે ભગવાન કપિલે કહ્યું, "ભગવાનનું પ્રસન્ન મન વડે ધ્યાન કરો. ભગવાનના પ્રસન્ન મુખવું ધ્યાન કરવાની જરૂર શી ? મુખ એ વરદાન આપવાની ભૂમિકા બતાવે છે. એટલે એ વરદ ભૂમિકા છે. રામ, કૃષ્ણ, વિષ્ણુ આ બધાનાં સ્વરૂપને શ્યામ સ્વરૂપ કહ્યાં છે. સ્વરૂપની જે

શ્યામલતા છે તે ઉગ્રતાનો અભાવ બતાવે છે. પ્રભુએ વૈજંતીમાલા તો કંઠથી ચરણો સુધી ધારણ કરેલી છે. હાર, કંકણ, બાજુબંધ અને નૂપુર શોભાયમાન છે. કમરમાં કંદોસે છે. આવા શાંત અને સૌમ્ય સ્વરૂપનું ધ્યાન કરો.

શિવજીના શાંત સ્વરૂપનું ધ્યાન કરો

મહાદેવજીનું ધ્યાન કરવું હોય તો તેમના રૌદ્ર રૂપનું નહિ પણ તેમના શાંત સ્વરૂપનું ધ્યાન કરો. શિવ મહિમ્નમાં શિવના વિવિધ સ્વરૂપનું દર્શન કરાવે છે.

"ब्रह्लरजसे, विश्वोत्पत्तौ भवाय नमो नमः ।
प्रबल तमसे तत्संहारे हराय नमो नमः ॥

जनसुखकृते सत्त्वोद्रिक्तो मृडायनमो नमः ।
प्रमहसिपदे निस्त्रैगुण्यै शिवाय नमो नमः ॥ ३० ॥

વિશ્વની ઉત્પત્તિ માટે પૂર્ણ રજોગુણી બનેલા બ્રહ્મરૂપ આપને વારંવાર નમન હો. અનંત જીવોને સુખ આપવા સત્ત્વ ગુણને વધારનાર વિશ્વપાલક બનેલા વિષ્ણુરૂપધારી મૂડ આપને વારંવાર વંદન હો. પ્રલય વખતે વિશ્વનો સંહાર કરવાનું રૂપ ધારણ કરીને પૂર્ણ તમોગુણ પ્રચંડ મૂર્તિ રુદ્રને નમન હો જેમાં લેશમાત્ર પણ અવિદ્યા નથી અને પૂર્ણ પ્રકાશ રૂપ ત્રિગુણાતીત સર્વ પ્રપંચ રહિત શિવતત્ત્વને કોટિ કોટિ પ્રણામ. આમાં શિવના સ્વરૂપને મૃડ કહેલ છે. મૃડ એટલે આનંદ આપનાર. ભાગવતમાં કૃષ્ણ ભગવાન માટે પણ મૃડ શબ્દ વાપર્યો છે. જગતમાં અસુરોનો ત્રાસ વધી જાય છે ત્યારે જગતને સુખ આપવા પધારે છે તે મૃડ. તે સત્ત્વ, રજ અને તમની ભૂમિકા બતાવે છે. એક સ્વરૂપ એવું છે કે જે કલ્યાણ રૂપે છે. પ્રભુના આ સ્વરૂપને શિવ કહે છે. એટલે મહાદેવજીના ભક્તે આત્મકલ્યાણ માર્ગ જવું હોય તો તેણે શિવજીના સૌમ્ય સ્વરૂપનું ધ્યાન અને ચિંતન કરવું જોઈએ.

વૈષ્ણવધર્મી કિશોર સ્વરૂપનું ધ્યાન કરો.

વૈષ્ણવ પરંપરા પ્રમાણે ચાલતા હો તો પ્રભુના કિશોર સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. તે અતિ સુંદર છે. પરમ શાંત છે કપિલ ભગવાને બહુ ઊંડાણપૂર્વક આપણી સામે ચિત્ર મૂક્યું છે. તમે જ્યારે પ્રભુના સ્વરૂપનું ધાયન કરો તો ભગવાનના કિશોર સ્વરૂપનું એટલે કે દશ અગિયાર વર્ષના નારાયણનું ધ્યાન કરો. તેમાં બાલ ભાવ છે તમારા બધાનાં ઘરમાં બાલકૃષ્ણ હોય, મદનમોહન બિરાજતા હોય, ગોવર્ધનજી તથા મથુરાધીશ અને દ્વારકાધીશ પણ બિરાજતા હોય. આપણે ત્યાં બાળ ભાવ હોય છે. શ્રી મહાપ્રભુજીનું આ વાક્ય યાદ રાખવા જેવું છે "તમે સેવકે બસો વાર માળા ફેરવીને જપ કર્યા હોય, તમે પગે ચાલીને પરિક્રમા કરી હોય પણ તમારા હૃદયમાં આનંદનો અનુભવ નથી થયો તો તમારી ક્રિયા કેવળ ક્રિયા જ રહી છે." પ્રભુ સાથે આપણો સંબંધ થયો. અથવા આપણે કરેલી સેવા ક્રિયા પ્રભુ પાસે પહોંચી એની પ્રતીતિએ છે કે આપણને આનંદનો અનુભવ થાય શ્રી નાથજીના દર્શન કર્યા પછી એવો અનુભવ થવો જોઈએ કે મારા બધાં દુઃખો દૂર થઈ ગયાં. તેમના દર્શન કરવાથી ખૂબ ધન્ય બન્યો, કૃતાર્થ થયો છું. એ ભાવ જાગવો જોઈએ અને કર્મકાંડમાં પણ બોલાય છે.

गतं पापं गतं दुःखं, गतं दारिद्रयमेवच ।

મારા પાપ ધોવાઈ ગયા. દુઃખ ચાલ્યુ ગયું, મારુ દારિદ્રય ટળી ગયું એટલું જ નહિ પરંતુ મારા હૃદયમાં સારુ સારું થઈ ગયું. તો તમને ભક્તિનો ખરો અનુભવ થઈ ગયો છે.

સત્-ચિત્ અને આનંદ સ્વરૂપનું ધ્યાન

ભગવાન તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. જો આનંદનો

અનુભવ ન થાય તો તમારા સાધનોમાં ત્રૂટી છે. ભગવાનની કિશોર અવસ્થાનું વર્ણન કર્યું છે. દસથી સોળ વર્ષથી અવસ્થાને કિશોરા વસ્થા કહે છે તે અવસ્થામાં લાવણ્ય છે તેનું ધ્યાન કરવું જોઈએ. મહાપ્રભુજી કહે છે," કોઈ પણ માનવીની ઉંમર ૧૬ વર્ષ પછી ની થાય તો એનું સૌંદર્ય છિન્ન ભિન્ન થઈ જાય છે. યુવાવસ્થા પચ્ચીસ વર્ષ માનીએ છીએ પ્રભુની શક્તિ સર્વ પાપો અને સર્વ આપદાને નાશ કરનાર છે. એવા પ્રભુના યશનું શ્રવણ કરવું, તમારું મન જ્યાં સુધી હટે નહિ ત્યાં સુધી તમારે એમનું ધ્યાન કરવું. પ્રભુના સ્થિર સ્વરૂપનું યમુનાજીનાં ચાલતો હોય તે સ્વરૂપમાં તમારું મન જોડો. કપિલ ભગવાને કહ્યું; 'શુદ્ધ ભાવેન ચેતસા' પોતાની રુચિ અનુસાર ધ્યાન કરો. પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાની પણ એક મર્યાદા છે.

ધ્યાન શુદ્ધ ભાવ અને નિર્ભયતાથી કરો

શ્રીમદ્ ભાગવતમાં એવી કથા છે કે, શ્રી કૃષ્ણના સ્વરૂપનું ધ્યાન કરતાં કરતાં કંસનો પણ નિરોધ થઇ ગયો હતો. કારણ કે કંસને પણ ઊઠતાં બેસતાં, સૂતાં જાગતાં, પ્રત્યેક સ્થિતિમાં શ્રીકૃષ્ણ યાદ આવતા હતા. ક્યાંકથી કૃષ્ણ આવશે અને મને મારશે. પણ આ ધ્યાન ઉત્તમ ધ્યાન નથી. કારણ કે એ ધ્યાનમાં ભય છે. પરમાત્માનું પ્રીતિપૂર્વક ધ્યાન ધરવાનું હોય. ભયથી નહિ. પરમાત્મા તો અભયનું દાન આપનારા છે. શુદ્ધ ભાવથી પરમાત્માનું ધ્યાન કરો. શુદ્ધ ભાવનો અર્થ શ્રી મહાપ્રભુજી એ કરે છે, પોતપોતાની રુચિ પ્રમાણે જે રીતે ફાવે એ રીતે ધ્યાન કરો. એવુ નથી કહેતા કે અસુરોને વેર ભાવે ભગવાન મળ્યા. વેરભાવ એમના માટે ઉચિત એટલા માટે હતો કે એ વેરભાવી અસુરો હતા.

ભગવાનના સ્વરૂપનું ધ્યાન એ પ્રકારે કરો કે જે ધ્યાનમાં ઔચિત્ય પણ જળવાય. એટલે કે શાસ્ત્ર સમંત ઉત્તમ પ્રકારે કરવું જોઈએ. પ્રભુનું ધ્યાન સેવક રૂપે કરવું વધારે ઉત્તમ છે. અંશ અંશી ભાવ ન સમજાય પણ સ્વામી સેવક ભાવ રાખો. પ્રભુ સ્વામી છે. ભક્ત સેવક છે દાસ છે. પ્રભુનું ધ્યાન ચરણથી શરૂ કરીને મસ્તક સુધીનું સાકાર સ્વરૂપે કરવું.

(૧) ભગવાનના સાકાર સ્વરૂપનું ધ્યાન ચરણથી મસ્તક સુધીનું કરવું. અષ્ટાંગ યોગમાં ધ્યાનનું મહત્ત્વ શ્રેષ્ઠ છે. ધ્યાનની પ્રક્રિયાઓ અને દૃષ્ટિ બિંદુથી જોવામાં આવી છે. તેથી ધ્યાનનું વિસ્તૃત સ્વરૂપ નિહાળીએ.

ધ્યાનનો સામાન્ય અર્થ એ છે કે મન સાકાર કે નિરાકાર સ્વરૂપમાં સ્થિર રહે. તેની પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલુ રાખવી જોઈએ. (૨) આદરપૂર્વક કરવી જોઈએ અને (૩) નિરંતર કરવી જોઈએ.

પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરો ત્યારે માહાત્મ્યનું જ્ઞાન પણ રહેવું જોઈએ. ચરણથી શરૂ થતું ધ્યાન સંપૂર્ણ સ્વરૂપ સુધી કરવું જોઈએ. આને ચરણભક્તિ કહે છે જ્યાં જ્યાં ભક્તિની વાત આવે ત્યાં ત્યાં ચરણભક્તિ સમજવી. ધ્યાન ભક્તિમય હોવું જોઈએ. ભગવાનના ચરણને કમળ કહેવાયું કારણ કે તે પાપનો નાશ કરે છે.

પાપ રૂપી પર્વતની પાંખો કાપો

પ્રભુના ચરણમાં **વજ્ર ચિહ્ન** છે. તે ચિહ્નનું ધ્યાન કરીને પાપ રૂપી પર્વતની પાંખો કાપી નાખીએ. એ કાર્ય વજ્રનું છે. એટલા માટે વજ્રનું ધ્યાન કરો. મન તો હાથી જેવું છે તેને રોકવા માટે જેમ મહાવત અંકુશ લઈને બેસે છે. તેમ પ્રભુના ચરણમાં રહેલાં **અંકુશ**

ચિહ્નનું ધ્યાન કરીને મનને કાબૂમાં રાખો. ભગવાન કહે છે, "મારા ચરણમાં જે આવીને રહે છે એનાં બધાં પાપ હું નાશ કરું છું. "ભગવાનનાં ચરણમાં **ધ્વજચિહ્ન** રાખ્યું છે. ભગવાનનાં ચરણમાં **કમળચિહ્ન** છે. બંને ચરણમાં થઈને સોળ ચિહ્ન છે. ચાર ચિહ્નોમાં ધર્મ, અર્થ કામ અને મોક્ષનાં છે. ભગવાન તમારા હૃદયમાં આવીને સ્થાપિત થયા પછી તે ચારે પુરુષાર્થ પૂર્ણ થાય છે. પછી મેળવવાનું કાંઇ બાકી રહેતું નથી. તેમના નખમાં ચંદ્રમાં છે. તે ભક્તના હૃદયમાં પ્રકાશ આપી રહ્યા છે. અંધકાર દૂર કરે છે "શ્રી વલ્લભ નખચંદ્ર છટા બિનસબ જગમાં જ અંધેરો" આ આધ્યાત્મિક પ્રકાશ છે તે આધિ દૈવિક પ્રકાશ છે.

પ્રભુના ચરણમાંથી ગંગાજી પ્રગટ થયા

ભગવાનના ચરણમાંથી **ગંગાજીનું** પ્રાગટ્ય થયું. શિવજી તેમને ગંગાજીને મસ્તક પર ધારણ કરીને મંગલરૂપ બન્યા. શ્રીના આ ચરણને મસ્તક પર આધાર કરનારના પાપ નષ્ટ થઈ જાય છે. શિવજીએ માથા પર ગંગાજીને ધારણ કર્યાં માટે શિવજીનું નામ છે 'ગંગાધર'. શ્રી પ્રભુ પાસે લક્ષ્મીજી બિરાજમાન છે. તેથી તે બંનેનું ધ્યાન કરો. પ્રભુના સાથળ તો ગરુડજીની પીઠ ઉપર બિરાજમાન છે. ગરુડજી તો કાળનું સ્વરૂપ છે, જે આધિ દૈવિક સ્વરૂપ છે, ગરુડના વાહન પરના પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવાથી જીવ પણ કાળનું અતિક્રમણ કરી જાય છે. પછી પીતાંબરનું ધ્યાન કરો.

પીતાંબરનો અર્થ અને રહસ્ય.

પ્રભુએ પીતાંબર ધારણ કર્યું છે. તે ધર્મનું સ્વરૂપ છે. તે દ્વારા વેદ અને અગ્નિ સિદ્ધ થઈ શકે છે. એ સૂચવવા પ્રભુએ પીતાંબર ધારણ કર્યું છે. તેમાં સૌંદર્ય છે. શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે. પ્રભુએ

નીચેના ભાગમાં **પીતાંબર** અને ઉપરના ભાગમાં વરમાળા ધારણ કરેલ છે. જેથી એ સ્વરૂપ મોહક, સુંદર અને શ્રેષ્ઠતા સૂચવે છે.

પ્રભુના નાભિ સરોવરનું ધ્યાન કરો. જેમાંથી કમળ ઉત્પન્ન થયું છે. એ કમળમાંથી બ્રહ્માજીની ઉત્પત્તિ થઈ છે. શ્રી મહાપ્રભુજીનો એવો મત છે કે, "કપિલ ભગવાન જે સ્વરૂપનું ધ્યાન કરવાનું કહે છે એ સ્વરૂપ ઊભું રહેલું છે." તે બેઠેલું સ્વરૂપ નથી. પણ સૂતેલું સ્વરૂપ છે. ભગવાન જળમાં પોઢે છે. અને નાભિકમળમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા છે. એ કમળની ગંભીરતા છે. એ છે સમસ્ત જીવોની 'ભૂમા'એનું ધ્યાન કરવાથી ભૌતિક ભાવ નષ્ટ થઈ જાય છે. પ્રભુના તેજનું ધ્યાન કરો. પછી પ્રભુના સ્પંદનનું ધ્યાન કરો. પ્રભુના વક્ષઃસ્થળનું ધ્યાન કરો. ત્યાં લક્ષ્મીજીનું સ્થાન છે ઐહિક અને પારલૌકિક એવા સર્વ પુરુષાર્થ રૂપ છે.

પ્રભુની વાણી રૂપી કંઠનું ધ્યાન કરો.

પ્રભુના **કંઠનું** ધ્યાન કરો. પ્રભુના કંઠમાં કૌસ્તુભમણિ છે. એનું પણ અનુસંધાન કરો. તે આધિદૈવિક સ્વરૂપ છે. કંઠનો અંતર્ગત ભાગ એટલે વાણી. તો ભગવાનની **વાણીનું** ધ્યાન કરો. તેમના કંઠમાંથી વેદનું પ્રાગટ્ય થયું છે. અને એ જગદ્‌ગુરુ છે. એટલા માટે એ સ્વરૂપનું પણ ધ્યાન કરો. પ્રભુને પોતાના મુક્ત ભક્તિ સિવાય કોઇ પ્રિય નથી. એ સૂચવવા કૌસ્તમણિ ધારણ કર્યું છે.

બંને **ખભાઓનું** ધ્યાન કરો. તે સમસ્ત લોકપાલક આશ્રયો છે. પ્રભનું ચાર ભુજાઓનું ધ્યાન કરો. તે ચાર ભુજાઓ અર્થ, કામ, ધર્મ અને મોક્ષના સ્વરૂપને વર્ણવનારી છે. ચાર

ભુજામાં પહેરલાં કંકણોનું ધ્યાન કરો. એ કંકણો તો સમુદ્ર મંથન વખતે ઘસાવાથી વધારે ઊજળા દેખાઈ રહ્યા છે. પ્રભુનું **સુદર્શનચક્ર** જેમાં સહસ્ર આરા છે. વિરોધીઓનાં રૂધિરથી ખરડાયેલી એવી કૌમુદ-ગદાનું ધ્યાન કરો. ભમરાના ગુંજનથી વિભૂષિત વનમાળાનું ધ્યાન કરો.

શ્રી હરિના દિવ્ય મુખારવિંદનું ધ્યાન

પોતાના ભક્ત ઉપર કૃપા કરવા માટે ભગવાને પૃથ્વી ઉપર અવતાર લીધો છે. એવા શ્રી હરિના **મુખારવિંદનું** ધ્યાન કરો. એમની સુંદર નાસિકનું ધ્યાન કરો. પ્રકાશમાન સ્વચ્છ **ગાલનું** ધ્યાન કરો. અને તેમનાં તેજસ્વી કુંડળોનું ધ્યાન કરો. કાળી કાળી વાંકલડી કેશાવલિનું ધ્યાન કરો. મુખારવિંદનાં નવ વિશેષણો આપ્યાં તે નવધા ભક્તિ પ્રગટ કરનારાં છે. ભગવાનનાં કાનમાં જે કુંડળો ડોલી રહ્યાં છે. તેમાંનું એક કુંડળ છે. **સાંખ્ય** અને બીજું કુંડળ છે **યોગ.** કપિલ ભગવાનની આ સાંખ્યગીતા આપણે જાણી રહ્યા છીએ. ભગવાનના બે કાન છે તે **ક્રિયાશક્તિ** અને **જ્ઞાનશક્તિ** છે. **યોગ** એટલે ક્રિયા શક્તિ અને **સાંખ્ય** એટલે જ્ઞાન શક્તિ. નાસિકા તો કીર્તન રૂપ છે.

પ્રભુના નેત્ર તો ત્રિવિધ તાપ હરનાર છે.

હૃદયની ગુફામાં ચિરકાળ સુધી ભક્તિભાવ રાખનાર **નેત્રોનું** ધ્યાન કરો. પ્રભુની દૃષ્ટિનું ધ્યાન કરો. તે દૃષ્ટિમાં કૃપા અને પ્રેમ ભરેલાં છે. પ્રભુના હાસ્યનું સ્મરણ કરો. પ્રભુના હાસ્ય વખતે જે ઉચ્છ્વાસ બહાર આવે છે. એ તો ભક્તોના અશ્રુને સૂકવી નાખે છે. આપણે દુઃખના દરિયામાં ડૂબેલા રહીએ પણ પ્રભુ એક વાર આપણી સામે જોઇ ખડ ખડ હસે તો દુઃખનો દરિયો સુકાઈ જાય. મીરાંબાઈ કહે છે, "મોરે લાગી લગન હરિ

ચરણ નકી" પ્રભુએ પોતાની માયા વડે ભૂમંડળ બનાવેલું છે. તેનું ધ્યાન કરો. તેમનાં દાંત જો મોગરાની કળી જેવા છે. આ પ્રકારે ભગવાનના ધ્યાનના અભ્યાસથી સાધકને શ્રી હરિમાં પ્રેમ થાય છે. ભક્તનું હૃદય ભક્તિથી દ્રવીભૂત થઈ જાય છે અને આનંદના અતિરેકથી રોમાંચ પણ થાય છે.

સમાધિ પ્રાપ્તિની બ્રહ્માકર વૃત્તિ

સમુદ્રમાં રહેતી માછલીને કાંટા વીંધીને પોતાના તરફ ખેંચી લે છે તેમ ભક્તનું ચિત્ત પ્રભુની તરફ આકૃષ્ટ થઈ જાય છે, એમ કરતાં કરતાં ચિત્તને ધીરે ધીરે ત્યાંથી હટાવી લે છે અને એનું મન શાંત બ્રહ્માકાર થવા લાગે છે. દેહાદિ ઉપાધિ પણ તૂટી જાય છે. પરમાત્માનો અખંડ અનુબંધ રહે છે. આ સ્થિતિ તે **સમાધિ.** તમે ધ્યાની અવસ્થામાં હતા ત્યાં સુધી તમને ખબર હતી કે હું પ્રભુનું ધ્યાન કરું છું તેવી પ્રતીતિ રહેતી હતી. તે **ધ્યાતા** છે. ધ્યાતા અને તે **ધ્યેય** છે. ધ્યાતા અને ધ્યેય પછી યોગી જ્યારે સમાધિ અવસ્થામાં આવે છે ત્યારે ધ્યાતા અને ધ્યેય એ બંને એક છે એવું અનુભવવા લાગે છે. અર્થાત્ એને એવું સમજાય છે કે હું જેનું ધ્યાન કરી રહ્યો છું એ મારાથી કોઈ પૃથક્ તત્ત્વ નથી પણ એક જ છીએ. જે. 'अयमात्मा' તત્ત્વ બને છે.

સમાધિમાં સોડહં સ્થિતિ સર્જાય.

ભગવાનના યોગની ભૂમિકામાં શરૂઆતમાં ભલે આપણે 'દાસોડહં'થી કરી પણ સમાધિની અવસ્થામાં પહોંચ્યા પછી **'દાસોડહં'**માંથી 'દા' નીકળી જાય છે. અને બાકી રહે છે **'સોડહં'** 'દાસોડહંમાં હું દાસ છું એ ભૂમિકા છે. જ્યારે સમાધિમાં પહોંચી જાય ત્યારે 'સોડહં' એટલે જે તે છે તે હું જ છું.' જે હું છું તે તું છે "સૂફીવાદમાં એને 'અનલહક' કહે છે.

તેનો અર્થ પણ 'જે હું છું તે તે છે.' એ વચ્ચે કોઇ ભેદ નથી.

આપણે જે વાત 'तत्त्वमसि'ની કહી છે તે અને આ 'સોહં' એ છેલ્લી ભૂમિકા છે.

સમાધિમાં થતી બ્રાહ્મી સ્થિતિ.

સમાધિની છેલ્લી અવસ્થા મૂર્છા અવસ્થામાં સ્વયં ભૂલી જાય છે. એમ નહિ પરંતુ એનો અહંકાર ઓગળી જવાનાં કારણે, બ્રહ્મ બની ગયા હોવાના કારણે એને પોતાના અલગપણાનું ભાન નથી રહેતું. તેને તો એમ લાગે છે કે હું પરમતત્ત્વથી સંયુક્ત છું ચરમસીમાને પ્રાપ્ત થયેલ પુરુષ પોતાના શરીરને બેસતાં, ઊઠતાં કે છેલ્લે શરીરનો લય થઈ જતાં એને કોઇ જાતે શરીરનો ભેદ રહેતો નથી. કારણ કે પરમ આનંદના સ્વરૂપમાં સ્થિર રહે છે. કપિલ ભગવાને વાત બતાવી છે. આનંદમાં ડૂબેલા જીવને કે આનંદદાયક મનને દેહની કોઈ સૂઝ હોતી નથી. કે દેહીની કોઈ પરવા રહેતી નથી. દેહનું કોઈ બંધન રહેતું નથી. આવો બ્રહ્મત્વ જીવાત્મા તદાત્મક સ્થિતિના કારણે તે ઉપાસક બની રહે છે.

અદ્વૈતરૂપ આત્માનું દર્શન

આ સ્વરૂપનું વર્ણન નીચેના શ્લોકમાં છે.

आत्मात्वं गिरिजामति सहचरा; प्राणाः शरीरम् गृहम् ।
पूजा ते विषयोप भोग रचना, निद्रा समाधि स्थिति ॥

संचारः पदयोः प्रदक्षिण विधि; स्तोत्राणि सर्वा गिरो,
यद्यत् कर्म करोमि तत्तदखिलं । शम्भोतवाराधनम् ॥ ९ ॥

આપણા મહાનુભાવો આપણાં અસ્તિત્વને કેવી અદ્દ્ભુત અવસ્થામાં જુએ છે!

"તમારી અંદર આત્મારૂપે પ્રભુ પોતે બેઠો છે. તેમાં તમારી જે મતિ છે એ જગત જનની માતા છે. તેમને તમે પાર્વતી કહો, રાધિકા કહો, કે સીતા કહો કે લક્ષ્મી કહો. એ બુદ્ધિનું તત્ત્વ પણ છે. વૈકુંઠમાં ભગવાનના પ્રાસાદ (મહેલ) હોય છે. એમ તમારા શરીરમાં પ્રાણ રૂપે છે. દસ જાતના પ્રાણ છે. એ અંતર્યામીના પ્રાસાદો છે. તમારું આ શરીર તો ભગવાનનું ઘર છે. આપણે ખાઈએ છીએ તે ભોજન પણ મારા શરીરમાં બિરાજેલા પ્રભુને હું ભોગ સમર્પિત કરું છું. મારી આ નિદ્રા છે તે સમાધિ અવસ્થા છે. પ્રભુ અંદર પોઢી રહ્યા છે. તમે જે ચાલો છો તેમાં એવી ભાવના કરો કે હું પ્રભુની પરિક્રમા કરું છું અને તમે જે ઉત્તમ વાણી બોલો છો. તે પ્રભુના સ્તોત્રો ગાઉં છું. એ વાણી નથી પણ પ્રભુનાં ગુણગાન છે. તે પ્રભુની વેદ વાણી છે અને હું જે શુભ કર્મો કરું છું તે તમામ કર્મ હે શંભો ! તારી આરાધના છે. કૃષ્ણ, રામની એ ઉપાસના છે.

સમાધિનું ભક્તિમયસ્વરૂપ

સમાધિની ઉચ્ચ ભૂમિકામાં પહોંચ્યા બાદ અથવા તાદાત્મ્યને અનુભવ્યા બાદ ભક્તના જીવનની નાની-મોટી બધી ઘટનાઓ પણ ભક્તિમય બની જાય છે. ભક્તિમાર્ગ કહે છે, "તમારે દેહની આસક્તિ પણ નહિ, તમારે દેહનું દમન પણ નહિ. તમારે તો દેહની પૂજા કરવાની. કારણકે તમારો દેહ તે તમારું શરીર છે. એવું માનશો નહિ તમારો દેહ પ્રભુનું દેવાલય છે. તેને શુદ્ધ રાખો. એમ કરતાં કરતાં એમના સ્વરૂપની પ્રતીતિ થાય છે.

જીવ અને શિવનું ઐક્ય

શ્રી મહાપ્રભુજીના મતે જ્યાં સુધી જીવની અંદર અહંતા,

મમતા છે. ત્યાં સુધી ભેદ રહેવાનો છે. અને એ અહંતા-મમતા નિવૃત્ત થઈ જાય તો કોઈ પણ પ્રકારનો ભેદ રહેતો નથી. જીવ પણ દૈવી પ્રકૃતિ છે. એ પણ આત્મસ્વરૂપમાં-બ્રહ્મસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. આત્મા સ્વસ્થ બને છે. એટલે ગમે તેટલી પ્રબળ લાગતી માયાને પણ હટાવી દે છે. માયા પર પોતાનો અધિકાર સ્થાપિત કરે છે. એ સ્વતંત્રતાનું નામ 'મોક્ષ' છે. મોક્ષ એટલે બંધનોનું તૂટવું. એ બંધનો કોણે બાંધ્યા? પ્રકૃતિ એ. તો પ્રકૃતિનાં બંધનો જ્યારે મુક્ત થઈ જાય ત્યારે જ એ મુક્ત થયો ગણાય.

ભગવાન કપિલ વિશેષ વાત કરે છે. એટલે હવે પછીના પ્રસંગો વૈરાગ્ય વિશેનાં આવે છે. વૈરાગ્યનો ભાવ હૃદયમાં આવે તો જ મનને એકાગ્ર કરી શકાય. અત્યાર સુધી ભક્તિ, જ્ઞાન અને યોગ વિશે જ્ઞાન મેળવ્યું. હવે પછી વૈરાગ્યના પ્રસંગો જોઈએ.

પ્રકરણ ૨૦મું

ભક્તિમાર્ગ-એટલે આત્મસમર્પણ

આત્મસમર્પણયુક્ત ભક્તિમાર્ગ

માતા દેવહૂતિ ભક્તિમાર્ગ વિશે પૂછે છે,

માતા દેવહૂતિએ પ્રશ્ન કર્યો, "હે કપિલ ભગવાન, આપે પ્રકૃતિ અને પુરુષના મહત્ત્વનું વર્ણન કર્યું. એવી રીતે મને ભક્તિયોગનો માર્ગ વિસ્તારથી સમજાવો. જીવમાત્રના જીવન-મરણની ગતિનું વર્ણન કરો તથા કાળનું સ્વરૂપ સમજજો કે જેનાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય." ત્યારે ભગવાન કપિલ કહે છે,

" હે માતા, સાધકના હૃદયમાં પ્રકૃતિ પણ અનુકૂળ બનીને

તેના જીવનના ઉત્કર્ષમાં ઉપયોગી બને છે. સાધકના મનોભાવ અનુસાર ભક્તિયોગના પણ અનેક પ્રકાર છે. જેમકે સ્વભાવ અને ગુણોના ભેદથી મનુષ્યના ભાવમાં પણ વિવિધતા આવે છે. આમ, જોવા જાવ તો ભગવાન સુધી પહોંચવાના માર્ગ કેટલા? તો કહે છે, જેમ પર્વતારોહણ કરનારા જુદા જુદા માર્ગ પસંદ કરે છે પણ વહેલાં મોડા પર્વતાના શિખર સુધી પહોંચે છે. એવી રીતે જુદા જુદા ભાવ દ્વારા પણ ભગવાન સુધી પહોંચે છે. એટલે સ્વભાવ અને ગુણોના ભેદથી મનુષ્યના ભાવમાં પણ વિવિધતા આવી જાય છે. ટૂંકમાં એમ કહી શકાય કે ભક્તિમાર્ગ માટે કોઈ ચોક્કસ પ્રકારની વ્યાખ્યા આપીને આપણને આગળ લઈ જતા નથી.

ભક્તિના ચાર ભેદ છે

કપિલ ભગવાને ભક્તિના ચાર માર્ગ બતાવ્યા છે. આ માર્ગ દરેક વ્યક્તિ માટે આવશ્યક છે. ભક્તિમાર્ગ દ્વારા ભક્તનું કલ્યાણ થાય છે. ભક્તની કક્ષા પ્રમાણેના ભેદ છે. તેમજ તેના ભાવ અનુસાર પણ અસંખ્ય ભેદ છે. જેટલા ભક્ત એટલા માર્ગ છે. ભલે હોય પણ ભક્તિ કરનારની કક્ષા કેટલી છે? તે પ્રમાણે જે ચાર માર્ગ છે. તેમાં (૧) હીન માર્ગ (૨) મધ્યમ માર્ગ (૩) ઉત્તમ માર્ગ (૪) સર્વોત્તમ કક્ષાનો માર્ગ છે.

તામસ ભક્તિનો નિકૃષ્ટ માર્ગ

કપિલ ભગવાન અહીં તામસ ભક્તિની વાત કરે છે. તામસ ભક્તિમાં કરતાં ચઢિયાતી રાજસ્-ભક્તિ છે. પછી એનાં કરતાં ચઢિયાતી સાત્ત્વિક ભક્તિ છે અને નિકૃષ્ટ ભક્તિતો નિર્ગુણ ભક્તિ છે.

તમે જાણો છો કે રાવણ જેવો શિવભક્ત આ જગતમાં થયો નથી. તમે જ્યારે શિવ ભક્તોની વિવિધ દૃષ્ટિએ ગણતરી કરો

ત્યારે રાવણનું નામ ટોચ પર મૂકવું પડે. તેવી રીતે બાણાસુર પણ મહાનભક્ત હતો. તેનામાં ભક્તિની કક્ષા હતી ? તેનામાં ભક્તિ માટનો કયો હેતુ હતો ? તેનું પરીક્ષણ કર્યા પછી જ કહી શકાય છે એ ભક્તને આપણે કઇ કોટિનો માનવો ?

ભક્તિ પાછળની વિવિધ નિનિકૃષ્ટ ઇચ્છીએ

ભક્તિ કરનારની એવી ઇચ્છા હોય કે ભગવાન, આને મારી નાખે, ભગવાનની આને ખરાબ કરે, એવી ભક્તિ લોકો કરતા હોય છે. પછી ભગવાનની જુદી જુદી જાતની માનતા રાખે કે આનો નાશ થાય કે શારીરિક નુકસાન થાય. તંત્ર વિદ્યામાં મોટા ભાગનો ઉપયોગ શત્રુનો નાશ કરવો આમાં જ થાય છે. અને પોતાનાં પૂતળાં બાળે છે એવા વિવિધ પ્રયોગો કરે છે. આ સૌ નિકૃષ્ટ ભક્તિનું રૂપ છે. હિંસામાં ધ્યાન રાખીને, દંભ કરીને, ક્રોધપૂર્વક, જે ભક્તિ કરતા હોય અથવા તો જેનામાં ભેદ દૃષ્ટિ છે એવા મનુષ્યને હું **'તામસ્ ભક્ત'** કહું છું

રાજસ્ ભક્તિમાં સ્વરૂપ-ભેદ

પ્રભુની ભક્તિ કરનાર આ રાજસ્ ભક્ત બીજાનું ખરાબ ઇચ્છતો નથી. પણ પોતાનું જ સારું ઇચ્છે છે. મને વિષયોના ઉત્તમ ભોગ પ્રાપ્ત થાય. એવો હેતુ મનમાં લાવીને ભક્તિ કરે છે. તેનામાં એવો પણ ભાવ હોય છે કે, જગતમાં મારો ઘણો યશ પ્રવર્તે, ઐશ્વર્યની કામનાથી ભક્તિ કરે, એને **'રાજસ્ ભક્તિ'** કહે છે. આ બધામાં ભેદ શબ્દ આવશે. તામસ્, રાજસ્ ને સાત્ત્વિક ભક્ત એમાં ખામી છે. કારણ કે એનામાં ભેદ દૃષ્ટિ છે. રાજસ ભક્ત મૂર્તિઓની પૂજામાં લાગેલો રહે છે. એનામાં પૃથક્ ભાવ છે. તેથી ભેદ દૃષ્ટિ હંમેશા રહે છે. જગત, જીવો અને પરમાત્માને જે જુદાં માને એને ભેદદર્શી કહેવાય.

તમે એમ માનતા હો કે જગત નશ્વર છે, કે જીવોમાં ઈશ્વરનો અંશ નથી કે જીવોની એક જુદી જ સત્તા છે. તો એને ભેદ દૃષ્ટિ કહેવાય છે. રાજસ્ ભક્તમાં પૃથક્ ભાવ હોવાથી એની ભક્તિ સગુણ છે.

સાત્ત્વિક ભક્તિનું સ્વરૂપ

જે વ્યક્તિ પોતાનાં કર્મબંધનોનો ક્ષય કરવા માટેની ભક્તિ કરતો હોય, "મારા પર આટલાં બધાં પ્રારબ્ધનાં આવરણો છે. આટલાં બધાં કર્મનાં અને ઋણોનાં બંધન છે. એ બધાં બંધનોથી હું બંધાયેલો છું. પ્રારબ્ધ કર્મ, સંચિત કર્મ અને ક્રિયમાણ કર્મનાં આટલાં બધાં કર્મોની સાંકળ મને લાગેલી છે. હવે આ બેડીઓ છૂટી જાય તો સારું ! હવે આ સાંકળો ખૂલી જાય તો સારું ! એવી ભાવનાથી જે ભક્તિ કરે છે તે સાત્ત્વિક ભક્તિ છે. એટલે પોતે જે કર્મ કરે તે સઘળાં ઈશ્વર પ્રણિત કરે, એટલી જે સાત્ત્વિક ભક્તિ પોતાના સદ્કર્મ પ્રભુને સમર્પણ કરવાની ભાવનાથી કરે કે પૂજા કરે, ઉપાસના કરે, પાઠ કરે, જાપ કરે એ પોતાનું કર્તવ્ય સમજીને કરે. તે કોઈ ફળની અપેક્ષાથી નહિ. પણ કર્તવ્યની ભાવનાથી કરે, ધર્મ સમજીને કરે. આટલો સમય ઈશ્વરનું ભજન કરવું, સ્મરણ કરવું, આટલી માળા કરવી. આ બધું કરવું એ મારો ધર્મ છે. મારું કર્મ છે અને તે મારે કરવું જોઈએ. તેમ સમજીને ભક્તિ કરે તો એને સાત્ત્વિક ભક્તિ કહે છે. આમાં પણ ભેદ બદ્ધિ તો છે જે તેથી એને પણ સગુણ ભક્તિ કહે છે.

સર્વોત્તમ ભક્તિ તે નિર્ગુણ ભક્તિ.

કપિલ ભગવાન કહે છે, "જે રીતે ગંગાજીનું જળ નિરંતર સમુદ્ર તરફ વહ્યાં કરે છે. તેવી રીતે જેમના હૃદયમાં સદા નિવાસ કરનારા પ્રભુના ગુણોથી પ્રભુ તરફ સદા વહેતાં રહે અને કોઈ

પ્રકારના અનન્ય ભાવથી શ્રી પુરુષોત્તમની ભક્તિ કરે તેને સર્વોત્તમ નિર્ગુણ ભક્તિ કહે છે; કારણ કે નિર્ગુણભક્તિ અખંડિત ભક્તિ છે. અખંડિત ભક્તિનો અર્થ એ છે કે, જે ભક્તિ ખંડિત થયા વગર સતત ચાલ્યા કરે.

કપિલ ભગવાને એટલા માટે મૂળ ભક્તિના બે ભાગ પાડ્યા છે. (૧) સગુણભક્તિ કે જેમાં તામસ્ રાજસ અને સાત્ત્વિક ભક્તિ આવે છે પણ (૨) નિર્ગુણભક્તિ છે તેમાં ભેદ દૃષ્ટિ નથી તે નિર્ગુણ ભક્તિ જ આગળ આપશે. નિર્ગુણ ભક્તિ જ આગળ આવશે. ભેદ દૃષ્ટિ હોય તેને સગુણ ભક્તિ કહે છે.

નિર્ગુણ ભક્તિનું પ્રથમ લક્ષણ છે. અખંડ ભક્તિ. નિર્ગુણ ભક્તિ કરનાર ભક્તને કોઈ પૂછે કે 'તમે ભક્તિ કેમ કરો છો ?" તો એ કહેશે કે, "મને એનાં કારણની ખબર નથી હું એનું કારણ જાણતો નથી, સમજતો પણ નથી. તેની ભક્તિ અખંડ વહેતા ગંગાના જળની જેમ પ્રભુ તરફ વહ્યા કરે છે. યોગનો વિચાર આગળ કર્યો છે. તો યોગમાં સ્થિરતા છે જ્યારે ભક્તિમાં પ્રવાહ છે.

અખંડ વહેતી ચિત્તધારા એ શું છે ?

સાંસરિક કામોમાં ડૂબેલા રહીએ તો પણ કોઈ સ્થિતિમાં ચિત્તની ધારા વહ્યા કરે છે. વ્રજની ગોપી દહીં, માખણ વેચવા ગયેલી પણ તેના ચિત્તમાં મુરારિની ચિત્તવૃત્તિ વહી રહી હતી. તો અનાયાસે તેના મુખે 'ગોવિંદ, દામોદર, બોલતી હતી તો એ બતાવે છે કે એના મનની ધારા કેવી અખંડ રીતે વહેતી હશે ? આવી ભાવનાને અખંડ વહેતી ચિત્તધારા કહેવાય છે, તે અહેતુ ભાવના છે.

અહીં શ્રી મહાપ્રભુજી કહે છે, "ભોજન કરે નહિ તો શક્તિ કામ ન આપે, નિદ્રા ન લો તો અસ્વસ્થ થઈ જવાય, અને અસ્વસ્થ થઈ જાય તો ભક્તિ કરવામાં મુસીબત ઊભી થાય માટે ભક્તે તો પોતાના શરીરની ખૂબ જ સંભાળ રાખે". એથી જ ભોજનને પ્રભુ સેવા કહી છે. 'તનુજા' સેવા એટલે તન શરીર વડે થવાની સેવા, તન સ્વસ્થ હોય તો પ્રભુસેવા સારી રીતે થઈ શકે અને વિત્ત ધન પૈસો હશે તો વિત્તજા સેવા કરી શકશે અને મન સ્વસ્થ હશે તો માનસિક સેવા થઈ શકશે.

નિર્ગુણ ભક્તિનું લક્ષણ

નિર્ગુણ ભક્તિ પ્રાપ્ત કરવાને માટે મનુષ્યે નિષ્કામ ભાવે, શ્રદ્ધાપૂર્વક પોતાના. કર્મોમાં હિંસા કે ક્રોધ ન આવે તે માટે સાવધાન રહેવું જોઇએ. ભગવત્ સ્વરૂપનાં દર્શન, સ્પર્શ, સ્તુતિ, અને વંદન કરતાં રહેવું જોઇએ. સર્વ પ્રાણીમાં ભગવદ્ભાવ કરવો જોઇએ. "ભૂતેષુ મદ્ ભાવના" આ બધાં નિર્ગુણ ભક્તિને પ્રગટ કરનારાં લક્ષણો છે.

સર્વ પ્રાણીઓમાં પ્રભુ વસે છે. તુલસીદાસજી કહે છે,

"સિયારામ મય સબ જગ જાની,

કરહું પ્રણામ જોરી જુગ પાની"

આખા વિશ્વને સિયારામમય માનું છું. ગીતાજીમાં પણ ભગવાને ભક્તિનું વર્ણન કરતાં કહ્યું છે. "બધું જ જગત વાસુદેવ રૂપ છે". આ બધું ઊંચી કોટી છે તે માટે કહે છે, " (૧) તમારાથી જે ઉપર છે એ બધા લોકોનું સન્માન કરો. (૨) તમારી જે સમાન છે તેની સાથે મિત્રતા રાખો (૩) તમારાથી નીચી કોટીના છે તેના ઉપર વર્તમાન સ્થિતિમાં દયા રાખો.

નિર્ગુણ ભક્તિમાં ચાર ભાવ રહેલા છે. આધ્યાત્મિક શાસ્ત્રોનું શ્રવણ કરવું, ભગવાનના નામનું સ્મરણ કરવું, સંકીર્તન કરવું, મન અતિ સરળ રાખવું, સજ્જનોનો સંગ કરવો. અહંકારનો ત્યાગ કરવો. અનુષ્ઠાન કરવાં. ચિત્તને શુદ્ધ કરવું. ભગવાનના ગુણોનું ગાન કરવું, શ્રવણ કરવાથી ચિત્ત પ્રભુમાં લાગી જાય છે. આ બધાં ભક્તિનાં સાધનો બતાવ્યાં છે.

સગુણ ભક્તિની ખામીઓ

કપિલ ભગવાન અહીં જડમૂર્તિ પૂજાનો વિરોધ કરે છે. અર્થાત્ મૂર્તિપૂજાઓની જડ ભાવનાઓનો વિરોધ કરે છે. સગુણમાં તામસ્ રાજસ્ અને સાત્ત્વિકમાં ખામીઓ છે કે આમાં પૃથક્ભાવ છે. ત્યારે માતાને કહે છે કે "હે માતા, સર્વ પ્રાણીઓની અંદર ઈશ્વર બિરાજમાન છે માટે જે લોકો સર્વ વ્યાપી એવા પરમાત્માનો અનાદર કરી અને કેવળ મૂર્તિમાં જ મારી પૂજા કરે છે. એની પૂજા તે પૂજા નથી પરંતુ કે કેવળ દંભ છે. ઢોંગ અને પાખંડ છે. કેવળ નાટક છે બીજું કાંઇ નથી. પરંતુ માનવી અન્ય માનવીનો આદર કરે.

માત્ર મૂર્તિપૂજામાં અતિરેક ન કરો.

જો તમે એક મૂર્તિમાં પરમાત્મા અનુભવાતા હો અને એની આગળ ઝૂકી ઝૂકીને પ્રણામ કરતા હો તો તમને જીવતા માણસમાં ભગવાન કેમ દેખાતો નથી ? અચેતનમાં ઈશ્વર દેખાતો હોય તો જ્યાં ચૈતન્ય પણ છે તેમાં ઈશ્વર કેમ દેખાતો નથી ? મૂર્તિપૂજામાં એટલી હદ સુધી અતિરેક ન કરીએ. તે અંગે ધ્યાન રાખવું જરૂરી છે.

શ્રી મહાપ્રભુજીને કૃષ્ણદાસે પૂછ્યું, "ઠાકોરજી આપને ત્યાં પ્રસન્નતાપૂર્વક આરોગ્યા તેનું પ્રમાણ શું ?" તો શ્રી મહાપ્રભુજી કહે

છે, "આપણે ત્યાં કોઇ વૈષ્ણવ અચાનક આવી ચઢે અતિથિરૂપે આવે અને જો તે આપણે ત્યાં પ્રસાદ લે તો માનવું કે આપણે ત્યાં ઠાકરજી ખૂબ પ્રીતિથી આરોગી રહ્યા છે." કેવળ મંદિરમાં જ પ્રસાદ ધરાવો એ જ સેવા નથી. વૈષ્ણવોમાં પ્રસાદ બાંટવો, ભગવદ્ ભાવપૂર્વક પ્રસાદ લેવડાવવો ત્યારે જ તમારી સેવા પૂર્ણ ગણાશે. આપણે ત્યાં એ પણ પ્રથા હતી કે વૈષ્ણવો ભગવાનને રાજભોગ ધરે, પછી એ પ્રસાદ બહાર મૂકી રાખે, ઘરનાં બારણાં બહાર બેસી રહેને રાહ જુએ કોઇ વૈષ્ણવ આવે છે ? પાંચસો વર્ષ પહેલાં જે પદ્ધતિ હતી તે આ હતી. એ જમાનામાં નાના નાનાં ગામોમાં રહેતા વૈષ્ણવો પોતાના બારણા બહાર ઊભા રહે અને રાહ જુએ કે કોઇ વૈષ્ણવ આવે છે ? કોઇ સાધુ સંત આવે છે ? કોઇ અભ્યાગત કે અતિથિ આવે છે ? તો પહેલાં એમને પ્રસાદ લેવડાવવો અને એ પ્રસાદ લેવડાવ્યા પછી. એ પ્રસાદ લે જ આ પ્રથા હતી. પ્રભુનાં દર્શન કેવળ મૂર્તિમાં જ નહિ પરંતુ માનવ માત્રમાં છે તેમ સમજો.

સર્વાત્મભાવ એ મહાન પૂજા છે.

કેવળ મૂર્તિ પૂજામાં લાગ્યો રહે અને હું પરમેશ્વરનો અંશ છું. એ વાત મોહવશ ભૂલી જાય તો તેની ઉપાસના તો માત્ર અગ્નિવગરના યજ્ઞની ભસ્મ ઉપર હવન કરી રહ્યા છે. એવા યજ્ઞકૂંડમાં ઘૃતધારા કરો, જવતલ નાંખો તો કોઇ ફાયદો ખરો ? એવી રીતે જે લોકો આ જગતમાં રહેલા જીવો, પરમાત્માનો નિષેધ કરીને કેવળ જડ મૂર્તિમાં જ ઈશ્વર છે. એમાં રચ્યા પચ્યા રહેલા માનવીઓની ક્રિયા અને પૂજા પણ પણ નિરર્થક છે. આપણે લોકો ઘણીવાર આવી ભૂલો કરી એ છીએ અને કેટલીક વાર લોકોને મૂર્તિપૂજાની ઘેલછા રાખે છે. કપિલ ભગવાન કહે છે, વિદ્યા અને વિનયયુક્ત પવિત્ર બ્રાહ્મણમાં તમે જેમ પ્રભુ

જુઓ છો તેમ સૃષ્ટિના તમામ જીવોમાં જુઓ. તેથી કપિલ ભગવાન અહીં 'કેવલમ્' શબ્દ વાપર્યો છે તેથી કહે છે, " જે માનવી કેવળ મૂર્તિપૂજામાં લાગેલો રહે અને એને જગતમાં ક્યાંય પ્રભુના દર્શન થતાં ન હોય તો એ જડતા છે."

અન્યને સુખ આપો તો શાંતિ મળે.

જે માનવી બીજાનો દ્રોહ કરે તેના મનને ક્યાંય શાંતિ મળતી નથી કે સુખ મળતું નથી, કારણ કે તે દુઃખ તમે પ્રભુને જ આપો છો. પ્રભુ સૌની અંદર વ્યાપેલો છે. તો પ્રશ્ન એ થાય કે આપણા મનને શાંતિ કેવી રીતે મળે ? શાંતિ મેળવવી હોય તો બીજાને શાંતિ આપો. સુખ આપો. સ્નેહ આપો તો તમને પણ શાંતિ, સુખ અને સ્નેહ પ્રાપ્ત થશે. તમે જે આપો છો તે જ તમને મળે છે. આ અંગ કર્ણ દાનેશ્વરીની કથા યાદ કરીએ.

કર્ણનું મૃત્યુ થયું. સ્વર્ગમાં ગયો અને ત્યાં એને સોનાનો મહેલ, સોનાનો પાટલો, સોનાનો હીંચકો સોનાનાં ઉત્તમ, આભૂષણો મળ્યાં. ભૂખ લાગી તો સોનાની થાળી આવી, થાળીમાં મોહનથાળ, પૂરી, ચણા, ભોજનમાં એ સઘળી ભોજન સામગ્રી પણ સોનાની હતી. ત્યારે કર્ણને કહેવામાં આવ્યું છે કે "તમે બધાંને માત્ર સોનાનું જ દાન કર્યું છે માટે તમને બધી વસ્તુ સોનાની જ મળે છે. કર્ણ રાજાને દુઃખ થયું. ધર્મરાજાને કહ્યું, "તમે તમારી આંગળી મોંમાં રાખીને ચૂસો." તો તેને મિષ્ટાન્નનો સ્વાદ મળ્યો. પૂર્ણ ભોજન ખાધાંનો સંતોષ થયો. પછી કર્ણે ધર્મરાજાને પૂછ્યું," આ શું ચમત્કાર છે?" ત્યારે ધર્મરાજા કહે," કોઇ સ્થળે અન્નક્ષેત્ર ચાલતું હતું ત્યાં તમે આંગળી ચીંધીને એક ગરીબ માણસને ત્યાં જવાનું કહેલું અને એણે અન્ન ખાધું તેથી તમને આંગળી ચીંધ્યાનું પુણ્ય મળ્યું છે. આવાં આંગળી ચીંધ્યાનાં પણ ફળ મળે છે. એટલે કે **'જેવું આપો તેવું મળે.'**

બ્રહ્મજ્ઞાન પછી મૂર્તિપૂજાની જરૂર નથી.

સર્વત્ર બ્રહ્મ હોવાનો અનુભવન થાય ત્યાં સુધી પૂજા કરો પરંતુ જેને સર્વત્ર બ્રહ્મ હોવાનો અનુભવ થાય તેને પૂજા પાઠ વગેરેની જરૂર રહેતી નથી. પછી તો એ જે કાંઈ થાય છે. તે પૂજા જ બની જાય છે. તે એક ઉપરની કક્ષા છે. જ્યાં સુધી તે કક્ષાએ ન પહોંચે ત્યાં સુધી મૂર્તિપૂજા અને બધાં સાધનો જીવનમાં સ્વીકારવા જોઈએ.

સર્વ પ્રાણીઓમાં માનવીની શ્રેષ્ઠતા બતાવી છે. દરેકની અંદર પરમાત્માનો તો રહેલા જ છે. અચેતન વસ્તુઓ કરતાં શ્વાસ લેનારાં જ ઉત્તમ માન્યા છે. તેમાં પણ મનવાળાં પ્રાણીઓને ઉત્તમ માન્યા. તેનાં કરતાં ઇન્દ્રિયોની વૃત્તિવાળા પ્રાણીઓને ઉત્તમ માન્યાં છે. સ્પર્શનો અનુભવ કરે તેનાં કરતાં રસનો અનુભવ કરે, એનાં કરતાં રૂપનો અનુભવ કરે છે, તેને શ્રેષ્ઠ માન્યા છે. આ બધી અચેતનમાં ચેતનતત્ત્વની ઉત્ક્રાંતિ છે.

જીવોનો ઉત્તરોત્તર શ્રેષ્ઠ ક્રમ તે ભક્તિ છે.

જીવ સૃષ્ટિમાં પશુ કરતાં માનવીને શ્રેષ્ઠ માન્યા. તેમાં ચારવર્ણમાંથી બ્રાહ્મણને ઉત્તમ તેના કરતાં વેદને જાણનાર બ્રાહ્મણ ઉત્તમ, એના કરતાં વેદના તાત્પર્યને જાણનાર ઉત્તમ, તાત્પર્યને જાણનાર કરતાં સંદેહનું નિવારણ કરનાર ઉત્તમ, તેનાં કરતાંય જે સ્વધર્મનું પાલન કરે છે તે ઉત્તમ, એથી વધારે ઉત્તમ દેહાભિમાન રહિત છે, જે સંપૂર્ણ નિષ્કામ છે.

ભગવાન કપિલ કહે છે, "આ બધાં કરતાં જે પોતાનાં સંપૂર્ણ કર્મ અને એનું ફળ સર્વસ્વ પ્રભુને અર્પણ કરી દે છે, જેનામાં ભેદ દૃષ્ટિ નથી અને તે પ્રભુની ઉપાસના કરે છે તો એ આ જગતમાં બધાં કરતાં ઉત્તમ છે. એમ હું માનું છું એટલે બધાં કરતાં **ભક્તિ ઉત્તમ** છે.

એ ભક્તિમાં પણ જેણે પોતાનું જીવન ભગવાનને આત્મ સમર્પણ કરી દીધું છે. એના જેવો ભક્ત કોઇ નથી"

ભક્તિના મહિમામાં ભગવાન કપિલની દૃષ્ટિ

એક ઉપાય કરવાથી તમારું બધું જ સિદ્ધ થઈ જતું હોય તો તે માત્ર ભક્તિ જ છે. ભક્તિ આવશે તો જ્ઞાન આવશે. ભક્તિ આવશે તો વિરક્તિ આવશે. શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં ભક્તિની ઘણી સરસ વાત કરી છે. ભક્તિ માતા છે. અને જ્ઞાન તથા વૈરાગ્ય એનાં સંતાનો છે. મા આવે તો જ પોતાની આંગળીએ એનાં સંતાનોને વળગાડતી લેતી આવે. મા હશે તો એનાં બાળકો હશે. મા ન હોય તો બાળકો ક્યાંથી હોય ? એટલે ભગવાન કપિલે છેલ્લે ભક્તિ ઉપર વાત મૂકી છે.

"હે માતા, જો ભગવાનનાં સ્વરૂપમાં ભક્તિ રહેશે, પ્રભુનાં ચરણમાં ભજન કરવાની વૃત્તિ રહેશે તો મનુષ્યનું સર્વથા કલ્યાણ રહેશે. આ વર્ણન કર્યા પછી ભગવાનને ભક્તિયોગની વાત કરી. ચતુર્વિધ ભક્તિ બતાવી. ત્રણ પ્રકારનો સગુણ યોગ અને એક નિર્ગુણયોગની માતાને યાદ અપાવી.

સાલોક્ય સાર્ષ્ટિ સામીપ્ય સારૂપ્યૈકત્વમપ્યુત ।
દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ ॥

નિષ્કામ ભક્ત મારી સેવાને છોડીને, મેં આપેલી

પાંચ પ્રકારની જે મુક્તિ હું આપું છું છતાં સ્વીકારતા નથી.

સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય. આ

પાંચે મુક્તિનો સ્વીકાર કરી તે તેઓ કેવળ મારી સેવાની જ કામના રાખે છે.

સ એવ ભક્તિયોગાખ્ય આત્મન્તિક ઉદાહતઃ ।

આવો આ ભક્તિયોગ પરમપુરુષાર્થી છે.

મુક્તિની વ્યાખ્યા કઈ કઈ ?

આપણે ત્યાં મુક્તિનાં પાંચ પ્રકાર રહ્યા છે. તેના પણ ભેદ છે. મુક્તિની સ્થૂળ વ્યાખ્યા એ છે કે જન્મ-મૃત્યુ રૂપી ચક્રનું અટકવું. સામાન્ય રીતે પૂછો કે મૃત્યુ એટલે શું ? તો તેનો અર્થ કહેશે મોક્ષ. આવાગમનમાંથી ઊગરી ગયો. હવે એને જન્મ લેવો નહિ પડે, હવેથી એને આ ભૂતળ ઉપર આવવું નહિ પડે.

'पुनरपि जननं पुनरपि मरणं' એ બંનેમાંથી એ મુક્ત થઈ ગયો તેને કર્મ ભોગવવાના ન રહ્યા.

પરંતુ મુક્તિની વધારે સુંદર વ્યાખ્યાએ છે કે "બ્રહ્માનંદની પ્રાપ્તિ" કેવળ જન્મ મૃત્યુની નિવૃત્તિ નહિ પણ મોહ અને અવિદ્યાની મુક્તિ. નિવૃત્તિ કેવળ મોહ અને અવિદ્યાની, નિવૃત્તિ તો આપણને જીવનમાં પણ થઈ શકે છે. તેને જીવનમુક્તિ કરી શકાય. આ જ દેહમાં રહીને મુક્ત થઈ જવું તે વધારે સારો પ્રકાર છે પરંતુ મુક્તિનો ત્રીજો પ્રકાર ભક્તિમાં થઈ ગયો તે પ્રકાર છે.

મુક્તિના પાંચ પ્રકાર

મુક્તિના પાછા પાંચ પ્રકાર છે. (૧) **સાલોક્ય:** એટલે તમારા ઈષ્ટદેવ જે લોકમાં રહેતા હોય એ લોક તમને મળે. શિવ ભક્ત શિવલોકમાં રહે, વિષ્ણુ ભક્ત વૈકુંઠલોકમાં રહે. અગ્નિભક્ત હોય તે અગ્નિલોકમાં રહે. સૂર્યભક્ત હોય તે સૂર્યલોકમાં રહે. આરાધ્યદેવતા જે લોકમાં રહેતા હોય તે લોકમાં રહેવાનું મળે તેને સાલોક્ય મુક્તિ કહે છે.

(૨) સાર્ષ્ટિમુક્તિ: આ મુક્તિએવા પ્રકારની છે કે તમારા ઈષ્ટદેવના જેવો વૈભવ તમને મળે પુષ્કળ વૈભવ પ્રાપ્તિ એને સાષ્ટિ મુક્તિ કહે છે.

(૩) **સામીપ્ય મુક્તિ :** આપણને આપણા ઈષ્ટદેવની સમિપ પાસે રહેવાનું મળે તે મુક્તિ

(૪) **સારૂપ્ય મુક્તિ :** મહિમ્નસ્તોત્રમા કહ્યું છે,
सभवति शिवलोके रुद्र तुल्यस्तथापि"

તેમાં રુદ્ર તુલ્ય કહેવાયું છે. એટલે કે પોતાના ઈષ્ટદેવ જેવી જેને આકૃતિ મળે. શિવભક્ત શિવલોકમાં જાય અને મહાદેવજી જેવો દેહ મળે, એવી આકૃતિ મળે, એવો રંગ મળે એને **સારૂપ્યમુક્તિ** કહે છે.

(૫) **સાયુજ્ય મુક્તિ :** સાયુજ્ય મુક્તિ એટલે એકત્વ. ભક્ત પૂર્ણ થઈ ગયા પછી પોતાના ઈષ્ટદેવની અંદર મળી જાય. દ્વારિકામાં મીરાંબાઈ સદેહે ભગવાનમાં સમાઈ ગયાં હતાં. જીવાત્મા પૂર્ણ રીતે પ્રભુમાં મળી જાય તો એને સાયુજ્ય મુક્તિ કહે છે. આ રીતે આ પાંચ પ્રકારની મુક્તિ છે.

ભક્તો તો મુક્તિ નહિ, આત્યંતિક ભક્તિ માગે છે

કપિલ ભગવાન કહે છે, "મારા આવા નિર્ગુણ ભક્તોને હું પાંચે પ્રકારની મુક્તિ આપું છતાં પણ એને એ સ્વીકારતા નથી. એ તો કેવળ ભક્તિને જ સ્વીકારે છે. "ભક્તિ ના માગે, જન્મોજન્મ અવતાર", હરિના ભક્તો મુક્તિ માગતા નથી કેવળ મારી પાસે એટલું જ માગે છે 'અમને' તમારી સેવા આપો. અમારી સેવા અંગીકાર કરો." એ સિવાય કાંઈ સ્વીકારતા નથી. આવી ભક્તિને 'આત્યંતિક' ભકિત કહે છે. નિર્ગુણ ભક્તિમાર્ગ તો ધર્મ, અર્થ, કામ અનો મોક્ષ કરતાં પણ પાંચમો પુરુષાર્થ છે. જેને આત્યાંતિક પુરુષાર્થ કહ્યો છે. સાયુજ્ય મુક્તિમાં જીવ મટીને બ્રહ્મ થઈ જાય છે. બ્રહ્મ એટલે સત્, ચિત્ત અને આનંદ થઈ જવું પણ ભક્તો ના કહે છે. ભક્તો કહે છે. અમારે એ બનવું નથી. અમારે મુક્તિની કામના નથી. પણ 'મત્સેવા' અમને પ્રભુની સેવાની કામના છે. તેમને મુક્તિતો ભક્તિમાં ખલેલ પાડનારી લાગે છે.

પ્ર
ક
ર
ણ
૨૧મું

માનવજીવનની સમસ્યા

સુખ અને દુઃખ કોને કહેવાય ?

ભગવાન કપિલને માતા દેવહૂતિએ કહ્યું, "સુખ અને દુઃખ એ તો સંસારનો ક્રમ જ છે. સુખી થવા માટે બધાએ દુઃખ તો ભોગવવું જ પડે છે."

ખેડૂત એનું ખેતર ખાલી રાખે. તે ખેતરને ખેડે નહિ, ચોમાસાંમાં ખેતી ન કરે તો તો પોતાના ખેતરમાંથી કોઇ પાક લઈ શકતો નથી. તેમ જીવનમાં તો પહેલાં દુઃખ તો ભોગવવું પડે જ છે. એટલે સુખના પૂર્વ ભાગમાં દુઃખ છે. સામાન્ય લૌકિક

જીવનમાં એવું જોવામાં આવે છે તે વગર તેને આધિદૈવિક કે આધ્યાત્મિક સુખ મળતું નથી. સુખના ઉત્તર ભાગમાં પણ દુઃખ છે એટલે કે જેના આરંભ પહેલાં દુઃખ છે અને સુખનો અંત આવતાંની સાથે પણ દુઃખ છે. ગૌતમબુદ્ધ કહે છે કે સંસારમાં માત્ર સુખનો આભાસ થાય છે, જીવ એવું માની બેસે છે કે "હું સુખી છું." આ પ્રકારનું ચિંતન વૈરાગ્ય માટે ઉપયોગી થતું નથી.

ચાર્વાકવાદીઓની સુખની વ્યાખ્યા.

ચાર્વાકવાદીઓ કહે છે, "ખૂબ ભોગ ભોગવો, દુઃખોને ભૂલી જાવ. આ બધી દૃષ્ટિ એમ કહે છે કે આ પણ એક અતિરેક છે. આ જગતમાં સુખ છે, સુખ જ ભોગવો, હાથમાં આવેલું શરીર ફરીથી હાથમાં આવવાનું છે કે નહિ તે ખબર નથી. આ શરીર નાશ થાય તે પહેલાં જગતનો જે આનંદ ભોગવાય તે ભોગવી લો. આ વિચાર ધારા ચાર્વાકથી શરૂ થઈ.

વૈરાગ્યની વિચારધારા

ચાર્વાકની વિચારધારા સામે એક બીજી વિચારધારા ચાલી." એ કહે છે આ બધું નાશવંત છે, તમે રાજા થયા તો શું આખરે તો પંચભૂત શરીર માટીમાં મળી જવાનું છે. પૃથ્વીના ચક્રવર્તિ થયા તો શું થયું ? કેટલીવાર એ રહેશે ! અરે સ્વયં પૃથ્વી પણ એક વાર નાશ પામવાની છે તો પૃથ્વીપતિ કેટલો સમય રહેશે ?

આ જગતમાં કાંઇ સાર નથી. સૌ એ મરવાનું છે અને જઈશું ત્યારે સાથે કંઇ લઈ જવાનું નથી. તો પછી આટલું બધું દુઃખ વેઠીને ક્ષણિક પદાર્થો પાછળ શા માટે આપણું જીવન વ્યર્થ કરી એ ? આ આખી વૈરાગ્યની ધારા ચાલી.

આ વૈરાગ્યધારામાં પણ અતિરેક થયો. "આ બધું નાશવંત છે, બધું વિકૃત છે." અને એનાં પરિણામે માનવી સમજ વગર ત્યાગ કરતો થઈ ગયો. બાળવયે સંન્યાસે લેનાર બધા જ આદિ શંકરાચાર્ય થતા નથી. ગૌતમબુદ્ધે તો સમગ્ર સંસારને પાર કરી અને એમને ત્યાં સંતાનનો જનમ થયા પછી સંન્યાસ લીધો હતો. કહેવાનો અર્થ એ છે કે ત્યાગ અને સંન્યાસ તરફ આપણા લોકો એ આંધળી દોટ મૂકી છે.

કપિલ ભગવાને મૂકેલું સુખદુ:ખનું ચિત્ર

કપિલ ભગવાને સંસારનું સમગ્ર ચિત્ર મૂક્યું છે. અને તેમાં એક મઝાની વાત કરી છે." આ સંસાર કેવળ દુ:ખ રૂપ છે એવું જેણે કહ્યું એણે પૂર્ણ સત્ય જાણ્યું નથી. અને આ સંસાર પૂર્ણ સુખ, આનંદ અને પ્રમોદથી જ ભરેલો છે તેવું જેમણે વર્ણવ્યું એમણે પૂર્ણ સત્ય જાણ્યું નથી. સંસારનું સ્વરૂપ અદ્દ્ભુત છે."

સમાજમાં આ નવી વિચારધારા ચાલી અને આ બંને ઉપર ખૂબ સંતુલન રાખ્યું; જેથી આપણી સમક્ષ એક તંદુરસ્ત, સ્વસ્થ અને લગભગ પરિપૂર્ણ કહી શકાય એવું સ્વરૂપ આવ્યું. આ બધાનું દર્શન આપણને શ્રીમદ્ ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત વગેરેમાંથી પ્રાપ્ત થાય છે. ગીતાજીનો આગ્રહ ભોગ તરફ નથી અને ત્યાગ તરફ પણ નથી. અર્જુન ત્યાગ માટે તૈયાર જ હતો પરંતુ શ્રીકૃષ્ણ ભગવાન એના ત્યાગની ભાષામાં સંમત થતા નથી. શાસ્ત્રોએ આપણને આ બે દૃષ્ટિ અલગ અલગ આપી અને એમાંથી એક બીજી દૃષ્ટિ નીકળી કે જેમાં બિલકુલ સંતુલન હતું. તેમાં ન હતો ભોગનો અતિરેક કે ન હતો ત્યાગનો અતિરેક.

વૈરાગ્ય વિશેનું આદિ શંકરાચાર્યનું મંતવ્ય

આદિ શંકારાચાર્યે એમના ઉપદેશમાં કહ્યું, " જ્યાં સુધી તમારામાં વિશુદ્ધ એવો પરમ વૈરાગ્ય ન જાગ્યો હોય ત્યાં સુધી તમારે સંસારનો ત્યાગ કરવાનો વિચાર ન કરવો. એનો અર્થ એવો પણ નથી કે સંસારમાં ખોવાઈ જાવ. એક તરફ સંસાર એવું કળણ છે કે જેની અંદર ખૂંપી ગયેલો માનવી બહાર આવી શકતો નથી. અને બહાર આવવાનો જેટલો પ્રયાસ કરે એટલો જ એ વધારે ને વધારે ઊંડો ઉતરતો જાય છે. એટલે એક સ્વસ્થ ચિંતન દ્વારા ત્યાગી જીવન પ્રગટ કરવું જોઇએ. એટલા માટે શાસ્ત્રોનો અભ્યાસ જરૂરી છે.

ગીતા અને શ્રીમદ્ ભાગવતનો સંસાર પ્રત્યેનો સમન્વયવાદ

શ્રીમદ્ ભાગવતમાં વૈષ્ણવસિદ્ધાંતને સમજાવવામાં આવ્યા છે. ત્યાં સમન્વયનો અદ્દ્ભુત મર્મ છે. અને આવા સમન્વયવાદી જેટલાં શાસ્ત્રો થયાં એટલાં શાસ્ત્રોએ માનવને ઘણું આપ્યું છે.

માનવ જીવનની બે અવસ્થા લઈએ, (૧) બાલ્યાવસ્થા ને યુવાવસ્થા. તેમાં એને સુખની અનુભૂતિ થાય છે. પણ તે ભ્રામક છે, છતાં સુખની અનુભૂતિ તો છે જ પરંતુ જ્યારે શરીર ગળવા લાગ્યું. સૂર્ય મધ્યાહ્ન પછી ધીરે ધીરે પશ્ચિમ તરફ વળે એમ જીવનની વૃદ્ધાવસ્થા આવી. અને નવી ઘટનાઓ થવા લાગે એટલે કપિલ ભગવાનના માનવા પ્રમાણે એ ઘટનાઓમાંથી વૈરાગ્ય થવો જોઈએ અને ન થાય તો એ જીવ દુર્ભાગી છે. તમે સંન્યાસ કઈ ઉંમરે લો છો તે અગત્યનું નથી પણ સંન્યાસધર્મનું પરિપૂર્ણ પાલન કરવું એ જરૂરી છે. સંન્યાસ એટલે વિરક્ત થવું નિવૃત્ત થવું. આધ્યાત્મિક રીતે આપણી પરિપક્વતા છે કે નહિ ?

એનો વિચાર કરીને પછી જ માનવીએ આધ્યાત્મિક તરફ આગળ વધવું જોઇએ. જેનામાં જીવનની અંતિમ સ્થિતિ સુધી આસક્તિ છૂટી નથી એની ગતિ શું થશે ? હરણનું સ્મરણ કરતાં કરતાં ભરતજી જેવાને પણ બીજા જન્મમાં હરણ થવું પડ્યું હતું.

આપણે નક્કી કરી લેવું જોઇએ કે તમારા આયુષ્ય દરમિયાન તમારા જીવનની ઘટનાઓ દ્વારા અને આસપાસ બનેલી ઘટનાઓ દ્વારા પણ સંસારને સમજવાનો પ્રયત્ન ન કરો તો તે જીવનની અંતિમ અવસ્થામાં પણ ઈશ્વરની વિમુખ છે, એમ ભગવાન કપિલનું મંતવ્ય છે.

સ્વર્ગ અને નર્કનો વિકટ પ્રશ્ન

કપિલ ભગવાન માટે મુંઝવતો પ્રશ્ન છે અને તે સ્વર્ગ અને નર્કની સ્થિતિનો. તેમણે એક વાત બહુ સરસ કરી છે. કે સ્વર્ગ અને નર્કએ શું કાલ્પનિક વસ્તુ છે ? કારણ કે સ્વર્ગ અને નરક ગયાના કોઇ સંકેત કે દર્શન શું નથી થતાં ?

મુંબઈ જેવા મોટા શહેરમાં જાવ. એક ગગનચુંબિત ઈમારતમાં રહેતા માનવી પાસે જ અડીને સડક ઉપર ગટરનાં પાઈપોમાં રહેનારા માણસોને જુઓ. એક તરફ માનવીની સમૃદ્ધિ અને સૌંદર્ય, તંદુરસ્તી છે તો બીજી તરફ પેલો માનવીનાં જીવનની લાચારી ભોગવે છે. અહીં ધનવાન કે નિર્ધનની વાત નથી. સ્વર્ગ એટલે સુખ અને નર્ક એટલે દુ:ખ છે.

સુખ કોને કહો છે ? દુ:ખ કોને કહો છો ?

શરીરનું સુખ હોય પણ માનસિક દુ:ખ હોય, આર્થિક સુખ હોય પણ સામાજિક દુ:ખ હોય, કોઇ બંગલામાં રહેતું હોય તો કોઇ ઝૂંપડામાં રહેતું હોય કોઈ વૈભવમાં જીવતા હોય, કોઈ નારકીય જીવન જીવતા હોય, આમ જીવનમાં વિરોધાભાસ

દેખાય છે. યુવાન સ્ત્રીનુ અતિ સુંદર રૂપ જોશો તો એમ લાગશે કે સ્વર્ગ છે પણ ચાલીશ વર્ષ જવા દો. એ જ સ્ત્રીનું શરીર નર્ક લાગશે. ભગવાને આ વિરોધાભાસ ખૂબ સુંદર શબ્દોમાં સમજાવ્યો છે. ભર્તૃહરિ મહારાજાએ સુખ અને દુ:ખ જોવા નક્કી કર્યું તો એક મકાનમાં લગ્નનો સમારંભ જોયો અને બીજી શેરીમાં ગયા તો ત્યાં એક પુત્ર મરણપથારીએ પડ્યો છે અને સ્વજનો દીવાલે માથું પટકીને અત્યંત રુદન કરી રહ્યા છે. મહારાજા મુંઝાઈ ગયા. એ વિચારવા લાગ્યા કે આ સંસારને મારે સ્વર્ગ કહેવો કે નર્ક કહેવો ? એક મકાનમાં મને સ્વર્ગનું દૃશ્ય જોવા પામ્યું તો બીજા ઘરમાં મને નર્ક દેખાયું. એક બાજુ ઉત્તમ બ્રાહ્મણો પુરુષ-પ્રકૃતિની, ગીતા ઉપનિષદોની, ચર્ચા કરી રહ્યા છે તેને નર્ક કેમ કહેવાય ? તો બીજા દૃશ્યમાં દારૂડિયાનું પીઠું જોયું, શરીબ પી અસ્તવ્યસ્ત થઈ ગયેલા નાટકીય પીડા ભોગવતા જોયા, તો મહારાજાએ ફરીને વિચાર્યું કે, મારે આ સંસારને શું કહેવું ?

અત્રૈવ નરક: સ્વર્ગ ઈતિ માત: પ્રચક્ષતે ।
યા યાતના વૈ નારકયસ્તાં ઈહાપ્યુપ લક્ષિકા : ।।

કપિલ ભગવાન કહે છે, "આ સંસારમાં સ્વર્ગ અને નર્ક એ બંને છે. સ્વર્ગ અને નર્કની આધ્યાત્મિક વ્યાખ્યા ભાગતજીમાં કરી છે. " સ્વર્ગ એટલે પ્રકાશ" તમારા જીવનમાં હૃદયમાં પ્રકાશ છે તો તમે સ્વર્ગીય જીવન જીવી રહ્યા છે. અકિંચન દશામાં જીવતાં હો પણ તમારા હૃદયમાં પ્રકાશ છે તો તમારું જીવન સ્વર્ગીય છે.

મોહનો અંધકાર, અજ્ઞાનનો અંધકાર, અવિદ્યાતો અંધકાર તમોગુણનો અંધકાર એ નર્ક છે. આપણી ઇન્દ્રિયોમાં અંધકાર, આપણા મનમાં અંધકાર, આપણી બુદ્ધિમાં અંધકાર હોય તો આપણે નર્કમાં બેઠા છીએ . ઋષિઓ કહે છે,

એનો અર્થ એ છે કે, "ઈશ્વર તું મને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જા." કપિલ ભગવાન કહે છે," આ સંસારમાં દુઃખ તો છે પણ કેટલાંક દુઃખ તો તમે પોતે પેદાં કરેલાં છે. કેટલાંક દુઃખ તો બહારથી સ્વજનો દ્વારા મળે છે. આંતર દુઃખો છે, બાહ્ય દુઃખો છે. અલ્પ દુઃખો છે. અહીં દુઃખો છે. આ બધાં દુઃખોની તીવ્રતા સંસારમાં આવી જાય છે. આ બધાં દુઃખો જીવનની વિદાય ટાણે તો તે ભગવાનની કરુણા છે. ઉત્તરાર્ધમાં દુઃખ પડે તો પ્રભુ દ્વારા વૈરાગ્ય પ્રગટાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વૃદ્ધત્વનો અર્થ એ છે કે હવે સંસાર છોડવાનો વખત આવ્યો છે. છતાં જો એમાં વિરક્તિ ન આવે તો એનો આખો જન્મારો પાણીમાં ગયો.

વૈરાગ્ય વાનનું મૃત્યુ તો ઉત્સવ છે.

પરીક્ષિત રાજાને ખબર પડી કે સાત દિવસમાં મારું મૃત્યુ થવાનું છે. તે રાજ્ય છોડીને સત્સંગમાં જઈને બેઠાં વિરક્તિ મૃત્યુને સુધારે છે. એમાંય વિરક્તિમાં ભક્તિનો રંગ મળે તો તો મૃત્યુ મૃત્યુ ન રહે પણ ઉત્સવ બની જાય. કપિલ ભગવાન માતાના મૃત્યુને મહોત્સવ બનાવે છે. પરીક્ષિત રાજાનું મૃત્યુ સત્સંગથી સુધરી ગયું. ખરાં સ્વજન તો એ જ છે કે જે મૃત્યુથી પર કરે.

અહીં ઋષભદેવની વાણી યાદ કરો. જે મૃત્યુથી સુધારે તે સ્વજન, મૃત્યુથી બચાવે તે સ્વજન છે. જો મૃત્યુ સુધારે નહિ તે ગુરુ નથી. ભક્તિ તમને પ્રભુની સન્મુખ કરે છે. સારું વાતાવરણ કરે, સત્સંગ ઊભો કરે રોકકળ મૃત્યુના સમયે શા માટે ? માંદગીમાં, રોકકળ ઓછી કરી છે ?

મૃત્યુ એ વૈરાગ્ય માટેની મોટામાં મોટી ભૂમિકા છે. માવીનું મૃત્યુ થયું છે. તેનું શબ ઘરમાં છે. ત્યારે ઘરનું ઉદાસપૂર્ણ વાતાવરણ કેવું કરુણ હશે ! વ્યક્તિઓ ખળભળી ગઈ હશે ! ત્યારે સૌ જાણે છે કે એક દિવસ આપણી પણ આ સ્થિતિ છે. થોડા વખતમાં અગ્નિમાં ભડ ભડ બળતી જવાળાઓ તેને બાળી નાખશે ને રાખ પણ હાથમાં આવશે નહિ. હાડકાં તો લાકડાની જેમ બળે છે. લાશ તો ઘાસની જેમ બળે છે. જેનું દહન થાય છે તેને દેહ કહે છે ઘેલો દેહ માટીમાં મળી જશે.

કપિલ ભગવાન કહે છે. માટીમાં મળી જાય એટલે એમ ન માનશો કે એ મળી ગયો. એ જીવાત્મા પાછો કોઈ માતાના ગર્ભમાં નાસિકા દ્વારા, મુખ દ્વારા, પિતાના શરીરમાં ને પછી માતાના શરીરમાં જાય છે. અને ત્યાં એને જ્ઞાન જાગે છે. તો ચાર ભૂમિકા યાદ રાખો.

(૧) ગર્ભની સ્થિતિ (૨) વ્યાધિ (૩) મૃત્ય અને (૪) ફરી જન્મ.

નિજાનંદ માટે સત્કાર્ય કરો

સત્કાર્ય તો નિજાનંદને માટે કરવાં જોઇએ. એ માટે આપણા મોટામાં મોટા ગુરુ તો પરમાત્મા છે. કારણ કે એ જે કરી રહ્યો છે, એ નિજાનંદ માટે કરી રહ્યો છે. બાળક હસે છે કેવળ એના આનંદ માટે, તેનું હસવું એનો વિલાસ છે. એમ પ્રભુ નિજાનંદ માટે જગતનો નિર્વાહ કરે છે, તે આખી સૃષ્ટિને ચલાવે છે. પ્રભુ માટે આપણે દાગીના, સિંહાસન કે સુંદર કપડાં કરાવીએ તો તે ભગવાનનું જ હતું. એ તો આપણા આત્મામાં રમણ

કરનારો છે. આ જીવ વધુમાં વધુ કાંઈ ન કરી શકે તો બે હાથ જોડી શકે. આ વાત મહાપ્રભુજીએ યમુનાષ્ટકમાં કરી છે. તમે કોઇ દાન મંદિરમાં, આશ્રમમાં, કોઇ ક્ષેત્રમાં, કોઇ અન્નક્ષેત્રમાં કોઇ અનાથાશ્રમમાં દાન કર્યું તો પ્રભુનું દાન પ્રભુ માટે વાપરી રહ્યા છીએ. પછી એ શરીર હોય, સંપત્તિ હોય, ઘર હોય, કે પ્રતિષ્ઠા હોય. આપણી પાસે જે હોય તે એનું આપેલું છે. તો એ આપણે એના કામમાં વાપરીએ છીએ એ ન ભૂલીએ. ભ્રમથી આપણે કહીએ છીએ કે 'આ મારું છે' આપણું એ છે ખરું ? સઘળું પ્રભુનું છે. અને પ્રભુને સમર્પિત થવું જોઇએ.

જીવ જન્મતાં જ માયામાં જકડાય છે.

ગર્ભમાં રહેલો જીવ એમ જ કહે છે કે, "મારે બહાર નથી જવું". કારણ કે જેવો જન્મ લઈશ તેવી હે પ્રભુ, તમારી માયા મને વિંટળાઈ જશે. મને ગર્ભમાં જે જ્ઞાન પ્રગટ થયું છે, આ સંસાર પ્રત્યે વૈરાગ્ય જન્મ્યો છે. તે મને એમ કહે છે કે મને ગર્ભમાં જ રાખો".

પરંતુ એમ બનતું નથી અધોવાયુ દ્વારા એ બાળકને જન્મ લેવો પડે છે. જન્મતાંની સાથે જ એ રુદન કરે છે. કપિલ ભગવાન માતાને કહે છે બાળક જન્મ લે છે ત્યારે મોટે ભાગે એ રડે છે તે કહે છે, "હે ઈશ્વર, તે મને જ્ઞાન અને વૈરાગ્યની ભૂમિકામાંથી પાછો આ સંસારના દુઃખમય કુંડમાં ક્યાં નાખ્યો ? તેથી એ રડે છે. રડતાંની સાથે જ જીવનનો આરંભ થાય છે. જીવનની શરૂઆત રડવાથી થાય છે. અને એને જો જીવતાં ન આવડયું તો જિંદગી ભર રડવાનું કાર્ય રહે છે. એટલું જ નહિ અંતિમ ટાણે એ રોતો રોતો મરે છે. તો એણે જિંદગીમાં કર્યું શું ? એ તો પેલા ઘાણીના બળદ જેવું થયું. તે હતો ત્યાંને ત્યાં ફર્યા કરે છે. જે દુઃખને કેન્દ્રમાં રાખીને જ જીવે એનાં જીવનની ઉન્નતિ

ક્યાં થઈ ? આ માટે જીવનને એવી વિધેયાત્મિક સ્થિતિમાં લઈ જવું જોઇએ કે જીવન ઉજ્જવળ અને પ્રેરક બને.

મૃત્યુ કેવી રીતે સુધારવું ?

ભગવાન કપિલ માતા દેવહૂતિને સમજાવે છે કે, "જીવનમાં કાયમને માટે પ્રકાશ રહેવો જોઇએ". એટલા જ માટે એવો માનવી જ્યારે મરતો હશે ત્યારે એ પ્રસન્નતાપૂર્વક પથારીમાં સૂતો હશે. એટલા માટે શ્રીમદ્ ભાગવતના અંત ભાગમાં પરીક્ષિત રાજાને શુકદેવજીએ આખું ભાગવત સંભળાવ્યા પછી તે કહે છે, "હે શુકદેવજી મને આથી મોટામાં મોટું ફળ તો એ મળ્યું કે આજે મને મૃત્યુનો જરામણ ભય નથી". એવું બોલીને પરીક્ષિત રાજા હસતા હસતા દેહ છોડે છે અને એ જ આ ઉપદેશનો સાર છે. મૃત્યુતો દરેકને આવશે. કોઇ અમર છે ? વિવેકપૂર્વક મરતાં તો કોઇને જ આવડે છે અને એ જ આ શાસ્ત્રોનો સાર છે. એટલે જ કપિલ ભગવાને માતા દેવહૂતિને મૃત્યુ સુધારવાની વાત કરી.

માનવીને જન્મ્યા પછી દુઃખની પરંપરા

કપિલ ભગવાન કહે છે "બાળક જન્મ લે છે. બાલ્યાવસ્થામાં વિવિધ શારીરિક દુઃખો ભોગવે છે. યુવાન થયો એટલે અજ્ઞાન અને મોહનું દુઃખ પૂરું થયું અને કામનાનું દુઃખ પેદા થાય. કામનાનાં દુઃખમાં અવરોધ આવે એટલે ક્રોધ પેદા થાય છે. ગીતા કહે છે, "ક્રોધ કદી આપ મેળે જન્મતો નથી. તમારામાં કામ એટલે ઈચ્છાઓ જાગે છે. જેટલો પ્રબળ તેટલો ક્રોધ વધારે. ઇચ્છાઓ જેટલી શાંત એટલો જીવનમાં ક્રોધ ઓછો. ક્રોધનું મૂળ કામ છે. એને શાંત કરો. તેને ઉત્પન્ન થવા ન દો. અથવા તેને પ્રભુ તરફ વાળો. એથી ક્રોધ પેદા થશે નહિ.

એમાંથી વિકારો પેદા થશે નહિ. ક્રોધ આવે એટલો કલહ આવે, એટલે અનેક દોષો આવે. તો એ બધાંથી સાવધાન રહીને મનુષ્યે પોતાનું જીવન ગાળવું જોઈએ.

યોગમાર્ગે જનારનું જીવન

માનવી યોગમાર્ગે આગળ જવા ઈચ્છતો હોય તો એણે સ્ત્રીસંગનો ત્યાગ કરવો. સ્ત્રી હોય તો એણે પુરુષના અંગનો ત્યાગ કરવો.

"કોઈ પણ યોગ સાધવો હોય, પછી તે કર્મયોગ, જ્ઞાનયોગ કે ભક્તિયોગ હોય કોઈ એકનો મોહ રાખવો" એવું કપિલ ભગવાને કહ્યું છે. અરે પશુ, પક્ષીનો મોહ પણ માનવીના મૃત્યુને બગાડે છે. મૃત્યુને મલિન કરી નાખે. આસકિત કોના તરફ છે એ મહત્ત્વની વાત નથી.

આસકક્તિ છોડો અને અસંગ બનો

મૂળ વાત એ છે કે આસક્તિ જ ખરાબ છે. પછી તે આસકિત સ્ત્રી તરફ હોય, પુત્ર-પુત્રી કે હરણ જેવા પશુ પ્રત્યે, હોય ભોગ્ય પદાર્થ પ્રત્યે હોય, એ સર્વ આસકિત ખરાબ છે. એટલા માટે મનુષ્ય પોતાના જીવનના સમગ્ર પાસાને ધ્યાનમાં રાખીને ધીરે ધીરે અસંગ દશામાં પહોંચે. ભગવાન ગૌતમબુદ્ધે ક્ષણમાં સંન્યાસનો સંકલ્પ કર્યો. એમ તમે પણ એક ક્ષણમાં સંસારનો ત્યાગ કરી શકો છો. એ ન બને તો ધીરે ધીરે મનમાંથી વિવિધ પ્રકારની આસક્તિનો ત્યાગ કરો. ધીરે ધીરે એટલે પદ્ધતિપૂર્વક વ્યવસ્થિત રીતે ત્યાગ કરો.

કવિ દયારામની બાહ્યાચાર પરની ટીકા

અહીં કવિ દયારામ બાહ્યાચાર ઉપર ટીકા કરે છે. અગિયારશ કરી અને શ્રાવણ માસ આખો નદીએ નહાવાનો ક્રમ લીધો એ કહે છે, ,"એમાં શુ નવાઈ કરી ? કાચબો આખી જિંદગી પાણીમાં નહાય છે. આપણે નાની નાની બાબતોને ધર્મના આચરણને મોટું રૂપ આથી દઈએ છીએ તો બરાબર નથી. ધર્મતો મહદ્ આચારતા માનવીની આંતરિક પવિત્રતા છે. ધર્મનો પાયો તો સત્સંગ છે. સારું વાતાવરણ છે આ બધી વસ્તુઓ ઉપર વિશેષ ધ્યાન આપો નદીએ નહાય તો ઋષિ થાય અને ઘેર નાહનાર ગૃહસ્થ થઈ જાય એવું. કાંઈ નથી. બાહ્ય વસ્તુઓ ઉપર ધ્યાન આપવા કરતાં માનવીએ પોતાના અંદરના સ્વભાવના પરિવર્તનની જરૂર છે. અંદર રહેતા વિકારોને હટાવવા વધારે ધ્યાન આપવું જોઈએ.

માનવીની બે ગતિ વિશેની વાત

ભગવાન કપિલે માનવીની બે ગતિ બતાવી (૧) ચંદ્ર દ્વારા (૨) સૂર્યદ્વારા થતી ગતિ જે લોકો સકામ કર્મો કરનારા છે. તે લોકો ચંદ્રલોકમાં જાય છે પરંતુ એમની ગતિ પુનરાવર્તન પામે છે. પણ સૂર્યદ્વારા જે લોકોની ગતિ થાય છે એ લોકો બ્રહ્માજીનો મોક્ષ થાય. એની સાથે પોતે પણ મોક્ષગતિને પામે છે. પરંતુ "હે માતા, મારે તમને એટલું જ કહેવાનું કે મેં આ બધાં જે રસ્તાઓ તમને બતાવ્યા એ તમામ રસ્તાઓમાંથી સૌથી ઉત્તમ માર્ગ છે. **"ભક્તિમાર્ગ"** આ તો ભગવદ્ ગીતામાં કહેલી કપિલ ગીતા છે. એટલે છેલ્લે છેલ્લે વાત કરી ભક્તિ ઉપરની

પ્ર
ક
ર
ણ
૨૨મું

પુત્ર દ્વારા માતાને મોક્ષ

કાળતત્ત્વ તો વૈરાગ્યનું કારણ છે.

ભગવાન કપિલે માતા દેવહૂતિના પ્રશ્નોના ઉત્તર આપવા વૈરાગ્યની વાતો કરે છે અને ભક્તિ તથા વૈરાગ્ય વિશેની ચર્ચા કરતાં પહેલાં માતાને આ બંનેની ભૂમિકા પણ રજૂ કરે છે.

શ્રી મહાપ્રભુજી કહે છે;

આ સૃષ્ટિમાં જો કાળ નામનું તત્ત્વ ન હોય તો કોઈને પણ વૈરાગ્ય ન સૂઝે. કાળ આપણને ક્ષીણ કરે છે. જગતના બધા આધિ

ભૌતિક પદાર્થોને તથા આપણાં શરીર સુદ્ધાંને પણ કાળ નાશ કરનારું છે.

કાળનું ચક્ર કેવી રીતે ફરી રહ્યું છે ?

જેવી રીતે પવન પોતાની તરફ દરેક વસ્તુને ખેંચી જાય છે. એવી રીતે આ બળવાન કાળ જીવોને અનેક અવસ્થામાં શરીરમાં ભ્રમણ કરાવ્યા કરે છે. જેમ વાદળાંઓ આપણને ગતિ કરતાં દેખાય છે. પરંતુ તે વાદળાંઓને લઈ જનારો પવન આપણને દેખાતો નથી. એમ જીવોની ગતિ આપણને દેખાય છે. માણસ ભેગું કરતો જાય છે અને કાળ એના ઉપર પોતું ફેરવતો જાય છે. અમદાવાદનો કિલ્લો બાંધતી વખતે અહમદશાહ બાદશાહ કોટ ચણે અને પેલા માણેકબાવા સાદડી છૂટી કરી નાખે તો આખો કોટ પડી જાય. તેમ આપણે માંડ માંડ ભેગું કરીએ અને કાળ આવીને ધોઈ નાખે, ખતમ કરી નાખે છે. કાળનું કામ નષ્ટ કરવાનું છે. પુત્ર, પુત્રી, સ્ત્રી સહિત જમીન, ઘર, ખેતર, ધન એ બધાંને માનવી શાશ્વત માને છે. તે પણ કાળના ચક્રમાં નાશ પામે છે આ મારું છે અને એ કાયમનું છે, એવું માનવું એ અજ્ઞાન છે.

માનવીના કાળની ભયંકર કથા

એક ભૂલો પડેલા માનવીની પાછળ સાત સૂંઢવાળો હાથી પીછો કરી રહ્યો હતો. હાથી તેને મારી નાખશે એમ માની તે ભાગવા લાગ્યો. તેથી બચવા માટે વચ્ચે આવતા કૂવામાં પડવા વિચાર્યું કે ત્યાં શાંતિ છે અને હાથીથી બચી શકાશે. જ્યાં એણે નીચે નજર કરી તો ત્યાં કૂવાના પાણીમાં હળાહળ ઝેરી કાળોતરો નાગ જોયો. કૂવામાં ઝાડ હતું તેથી તે ડાળી ઝાલીને લટક્યો હતો નાગને થયું કે એ નીચે પડે અને ડંખ મારું. પકડેલી ડાળી ઉપર એક ધોળો અને એક કાળો ઉંદર તે ડાળને કાતરી રહ્યા હતા આવી ભયંકર સ્થિતિમાં તે માનવી કૂવાની વચ્ચે લટકી રહ્યો છે.

આ વાતનું રહસ્ય સમજીએ

સાત સૂંઢવાળો હાથી એટલે સાત વાર.

એ કાળતે નીચે ઝેરી સાપ છે. તે મૃત્ય છે. હાથમાં ઝાલેલી ડાળી તે આપણું આયુષ્ય છે. એ આયુષ્યને પણ કાળો અને સફેદ ઉંદર એટલે રાત્રિ અને દિવસ કોતરી રહ્યા છે. આ છે માનવ જીવનની સંસારમાં રહેલી કથા. કૂવા રૂપી સંસારમાં રહે તો માનવી હંમેશાં ભય અને દુઃખમાં રહેલો છે.

આ કથા આગળ ચાલે છે. ડાળીને હાથમાં ઝાલીને લટકતા માનવીએ મુંઝાઈ ઉપર જોયું તો મધમાખીઓએ બાંધેલા મધપૂડામાંથી તેનાં મોમાં મધનું ટીપું પડ્યું તેના સ્વાદમાં તે પોતાનાં દુઃખ ભુલાઈ ગયો. હાથી, પેલા ઉંદર, કૂવામાં પડેલો સાપ એ સૌ ભૂલી ગયો એણે મોં ખુલ્લું રાખ્યું અને વિચાર્યું કે પાછું બીજું ટીપું ક્યારે પડે ? આવી આપણી દશા છે. યાતના, લૂખું સુક્કુ, અન્ન, સગા-સંબંધીઓનો તિરસ્કાર, આવાં વિવિધ દુઃખો આવે. આ સંસારમાં કાંઇ સાર નથી એવું તેને ધીરે ધીરે લાગે છે. છતાં એ વાતમાં દ્રઢતા રહેતી નથી. એને વૈરાગ્ય થતો નથી. ભગવાન કપિલ કહે છે, " માણસમાં એ વખતે કમ સે કમ વિરક્તિ આવી જવી જોઇએ."

આભાગી જીવ મૃત્યુ વખતે પણ પ્રભુને યાદ કરતો નથી.

કપિલ ભગવાન કહે છે, "માનવીને દુઃખ અને પરાધીનતામાં તો વૈરાગ્ય આવવો જોઇએ. કદી ભગવાનને યાદ નહિ કરનારા માનવીને વૈરાગ્ય તો આવવો જોઇએ. તે બિમાર પડ્યો ત્યારે કહે છે કે હે ભગવાન હવે તું મને લઈ લે તો સારું ! પણ એવા અભાગી જીવ હોય છે કે એવી સ્થિતિમાં પણ ભગવાન

યાદ આવતા નથી. એને અભાગિયા જ કહેવા જોઇએ કે જેને દુઃખમાં પણ વૈરાગ્ય ન જન્મે અથવા અંત કાળે પણ પ્રભુ યાદ ન આવે. રક્તપિત્ત થયેલ માણસની ખરાબ પરિસ્થિતિ હોય, ડૉક્ટરોએ કહી દીધું હોય, "આ માણસને સારું થવાનું નથી." પણ આપણે એને પૂછીએ કે તારે આ શરીર છોડવું છે ? તો એ કહેશે 'ના' તેને પણ શરીરમાં આટલી બધી આસક્તિ છે વાસનાઓથી એનું હૃદય દુષિત છે.

વૈરાગ્ય કેવી રીતે ઉત્પન્ન થાય ?

લૌકિક પરિસ્થિતિ એવી ઉત્પન્ન થાય, અથવા જન્મ મરણને જાણવાથી જગતના પદાર્થો પ્રત્યે દોષ ભાવ રાખો અને દુઃખ ભાવ રાખો. આ જગતમાં દરેક વસ્તુ દોષથી ભરેલી છે. એનો વિચાર કરશો એટલે વિરક્તિ થશે. તેમ જ એ બધી વસ્તુ દુઃખથી ભરેલી છે. તેવો વિચાર કરશો તો પણ વિરક્તિ થશે. આ વૈરાગ્ય ઉત્પન્ન થવાની પદ્ધતિ છે, પરંતુ જો તમે વસ્તુઓમાં ગુણ જોશો તો આસક્તિ થશે, દોષ જોશો તો વિરક્તિ થશે, એ સીધી વાત છે. માનવીના શરીર રંગ રૂપ, જોશો તો ચાહ થશે પરંતુ તેનાં શરીરમાં તો માત્ર મળ,મૂત્ર ગંદકી ભરેલી છે તો મોહ નષ્ટ થશે.

જીવ પોતાના અજ્ઞાનથી માને છે કે મને આનંદ છે. દુઃખ આપનારાં તત્ત્વો શરીરમાં રહેલાં છે છતાં પણ તેને વૈરાગ્ય થતો નથી. તેને શરીરનો મોહ જતો નથી.

નર્કમાં પણ શરીરનો મોહ જતો નથી.

નરકમાં આપણે તપાસ કરીએ તો નાનાં જીવો નરક અવસ્થા ભોગવે છે તેને કહીએ 'આ શરીર તું છોડી દે' તેમાં દુઃખ જ ભોગવવાનું છે પણ તેને એ મોહ જતો નથી. મોહમાં

નર્કમાં છે. આવા માનવીના મૃત્યુ વખતે યમદૂતો આવે અને એને નર્કમાં લઈ જાય છે. ત્યારે એને જાતજાતનાં કષ્ટો સહન કરવાં પડે છે. ભગવાન કપિલ કહે છે, કે "માનવીના જીવનમાં ધર્મ નથી એને અહીં સુખ નથી. પરલોકમાં સુખ નથી ધર્મહીન માનવીને ક્યાંય સુખ નથી. એને ફરીથી જન્મ લેવો પડશે હવે પછી કપિલ ભગવાન જન્મ મૃત્યુની કથા કહે છે.

પ્રભુ શરણથી મુક્તિ મળે.

ભગવાન કપિલે સૌથી છેલ્લે શરણની વાત કરી છે. હે માતા ! આ જીવ મારા શરણમાં રહે છે તો હું એને મોક્ષ આપું છું. શ્રી મહાપ્રભુજીએ પણ મુક્તિની જે ચર્ચા બતાવી છે તેના પણ બે ભાગ બતાવ્યા છે. મુક્તિ સ્વતઃ પુરુષાર્થ અને પરતઃ પુરુષાર્થ. વૈષ્ણવ પરંપરા એમ માને છે કે મુક્તિ મેળવી પણ શકાય અને આપી પણ શકાય. શિવ અને વિષ્ણુ એવા બે દેવ છે. જેમણે સ્વયં બળથી મુક્તિનો અનધિકારી કહેવાય એવાને પણ એમણે મુક્તિ આપી છે. તો ઈશ્વરકૃપાથી જે માનવી અનધિકારી હોય તે છતાંય એને મુક્તિ મળી શકે છે. એ થઈ કૃપા દ્વારા પ્રાપ્ત થનારી મુક્તિ. અહીં ભગવાને મુક્તિની વાત મુખ્યત્વે નથી કરી. અહીં છે સાધન દ્વારા પ્રાપ્ત થનારી મુક્તિ. આ મુક્તિમાં પણ બે સાધન બતાવ્યાં છે સાંખ્ય અને યોગ. એ બંનેની વાતો ભગવાન કપિલે કહી, એમાં મૂળ વાત સાંખ્યની છે. યોગને એ પૂરક સાધન તરીકે સ્વીકારે છે.

અંતિમ ઉપદેશ પછી માતાઓ વંદન કર્યા

જેના મોહનો પડદો હટી ગયો છે એવા માતા દેવહૂતિએ ભગવાન કપિલને વંદન કરી સ્તુતિ કરવા લાગ્યાં. ખૂબ સુંદર સ્તુતિ કરી છે.

યન્નામધેયશ્રવણાનુ
કીર્તિનાદ્યત્પ્રહ્વણાદ્યત્સ્મરણાદપિ કવચિત્।
શ્વાદોપિસદ્યઃસવનાયકલ્પતેકુતઃપુનસ્તેભગવન્નુદર્શનાત્॥

"હે પ્રભુ, આપનું નામ લેવાની સાથે, આપના નામનું શ્રવણ કરવાની સાથે કે કીર્તન કરવાની સાથે આપના નામનું કે આપના સ્વરૂપ દર્શનની સ્તુતિ કરવાની સાથે અધમ જીવ પણ ઉત્તમ કોટીનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. તો મને તો આપના સાક્ષાત્ દર્શન થયાં છે જેની જીભ ઉપર પ્રભુનું નામ છે. એ ચાંડાળ પણ શ્રેષ્ઠ છે ને વંદનીય છે.

માતા દેવહૂતિની અંતિમ શંકા-સમાધાન

માતા દેવહૂતિ કહે છે, "પ્રભુ, મને તો એ નથી સમજાતું કે, બ્રહ્માંડ આખું જેની અંદર વહી રહ્યું છે તેવા આપ મારા ઉદરમાં સંતાન બનીને કેવી રીતે રહ્યા હશો ?

'હે કપિલ, હે વિષ્ણુ, હે વેદધર્મ પ્રભુ, આપને હું વારંવાર પ્રણામ કરું છું. આપના ઉપદેશથી મારો મોહ સંપૂર્ણ પણે નષ્ટ થઈ ગયો છે" કપિલ ભગવાને ઉત્તર આપ્યો.

"હે માતાજી, તમે આ બધાંથી પર થઈ તમને ઉત્તમ ગતિ પ્રાપ્ત થશે. મારા ઉપદેશ તમે શ્રદ્ધાપૂર્વક હૃદયમાં ધારણ કરી રાખજો. સર્વને નષ્ટ કરનારું મૃત્યુ નાશ થઈ જશે. આ જ્ઞાન-ઉપદેશ એવો છે કે જે મૃત્યુનો નાશ કરે છે. મૃત્યુનો નાશ થશે એટલે અમરત્વ પ્રાપ્ત થશે. અમરત્વ એટલે અમૃતનો ઘડો નથી કે આને પી જઈએ ને અમર થઈ જઈએ. અમરત્વ એટલે આપણને આપણાં સ્વરૂપનો બોધ થવો. તે રસાયણ નથી કે રસાયણ પીવાથી અમૃત આવી જાય. આપણે તો અમર જ છીએ પણ આપણને આપણાં અમર હોવાની પ્રતીતિ નથી. તો કપિલ

ભગવાન કહે છે, " હે માતા, આ એક ઉપદેશ છે કે જેને કોઇ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો તે માણસ મૃત્યુથી પણ પર બની જાય છે. તે સદ્ગતિને પ્રાપ્ત કરે છે." આટલું કહીને કપિલ ભગવાને માતાને આ ઉત્તમ ઉપદેશ આપ્યો. માતાનને પણ સ્વરૂપ જ્ઞાન થઈ ગયું હતું.

ભક્તિ અને જ્ઞાનનું ગાંભીર્ય

ભગવાન કપિલે માતા દેવહૂતિને કહ્યું, "હે માતા, મેં તમને જે જે ઉપદેશ આપ્યો છે તે અનધિકારી જીવને કહેશો નહિ. આ બધો મૂલ્યવાન ઉપદેશ છે. અધિકારીને જ આ બહુ મૂલ્યવાન ઉપદેશ સંભળાવવો જોઇએ. એ જીવ લોલુપ હોય, જડ હોય, હીન બુદ્ધિવાળો હોય, ધર્મનું આચરણ પાખંડપૂર્વક કરતો હોય, ભક્તિહીન હોય, ભક્તિની સાથે દ્વેષ કરનારો હોય, શ્રદ્ધા હીન હોય, એવી વ્યક્તિને આ ઉપદેશ ન કરશો, પરંતુ જે શ્રદ્ધાવાન હોય, ભક્ત હોય, ઈર્ષ્યા રહિત હોય, સર્વ પ્રાણીઓની સાથે મૈત્રી રાખનારો હોય, અને જેને શ્રવણ કરવાની ખૂબ ઇચ્છા હોય એને જ આ ઉપદેશ આપજો. જેનું ચિત્ત શાંત હોય. એવો જીવ મળે એ અતિપ્રિય છે એને આ ઉપદેશ આપવો. હવે માતા દેવહૂતિએ ભગવાન કપિલનાં ચરણમાં વંદન કર્યાં.

કપિલગીતા મુક્તિદાતા છે

કપિલ ભગવાન કહે છે, " હે માતા, આ એ ઉપદેશ છે કે જેણે કોઇ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો તે માણસ મૃત્યુથી પર બની જાય છે. મૃત્યુ એટલે સદ્ગતિને પામે છે". કપિલ ભગવાને માતાને જે ઉપદેશ આપ્યો હતો તેથી માતાને પણ સ્વરૂપજ્ઞાન થઈ ગયું હતું.

સુંદર મઝાના સરસ્વતી નદીના તટ પર કપિલ આશ્રમમાં માતા દેવહૂતિ યોગ અનુસાર પ્રભુનું સ્મરણ કરવાં, ધ્યાન કરવાં બેઠાં, ઘણો સમય વીતી ગયો વસ્ત્રો મલીન થઈ ગયાં. શરીર કૃશ થઈ ગયું. કેશ હતાં તેની જટા થઈ ગઈ હતી. માતા દેવહૂતિનો આ તત્ત્વયોગ અંતમાં માતાની મુક્તિનું કારણ બન્યું. સુંદર મઝાના આસન પર બેઠેલાં માતા દેવહૂતિને શ્રવણ કરતાં કરતાં ઘણો સમય વિત્યો, એટલામાં કપિલ ભગવાને વિદાય લેવાનું કહ્યું. એમણે જાણ્યું કે હવે માતા સિદ્ધ ભૂમિકામાં બેસી ગયાં છે એટલે હવે મારું કોઈ પ્રયોજન નથી.

કપિલ ભગવાનની વિદાય વખતનું ચિત્ર

કપિલ ભગવાને કહ્યું, " હે માતા, હું હવે જગતને જ્ઞાન આપવા જાઉં છું. તમારું કાર્ય હવે પૂર્ણ થયું છે." કપિલ તો પોતાનો પુત્ર હતો અને ભગવાન પણ હતા." આટલું કહી જેને જ્ઞાન થયું છે એવા બ્રહ્મજ્ઞાની આ ભગવાન છે. આ પરબ્રહ્મ પરમાત્મા છે એવું જાણતાં હોવાં છતાં તે જ્યારે વિદાય લઈ રહ્યા હતા ત્યારે એમનો કંઠ ભરાઈ આવ્યો. પુત્રના વિયોગમાં માતા વ્યાકુલ બની ગયાં.

ભગવાન કપિલે વિદાય લીધી અને આ તરફ માતા તરત સમાધિમાં બેઠાં છે અને એ સમાધિમાં બેઠાં બેઠાં જ ભગવાનના ધામમાં પહોંચી ગયાં છે, માતા દેવહૂતિને મોક્ષ ગતિ પ્રાપ્ત થઈ છે.

ભગવાને કપિલ માતાની રજા લઈ પોતાના આશ્રમમાંથી નીકળીને ઈશાન બાજુ ચાલ્યા અને આ તરફ માતા દેવહૂતિને ભગવદ્ ધામની સિદ્ધિ પ્રાપ્ત થઈ. સિદ્ધિ એટલે મોક્ષ મળ્યો.

માતા દેવહૂતિનું મુક્ત સ્થાન સિદ્ધપુર

માતા દેવહૂતિને જે સ્થાને મુક્તિ મળી, તે સ્થાનને વરદાન મળ્યું કે "જગતનો કોઇ જીવ ત્યાં જઈને માતાના કલ્યાણનો પ્રયાસ કરશે તો એની માતાનો મોક્ષ થશે."

એટલે જ માતૃશ્રાદ્ધ કરવા માટે લોકો સિદ્ધપુર જાય છે. ભાગવતમાં સિદ્ધપદ શબ્દ છે. જે સરસ્વતીના કિનારે છે. સરસ્વતી એટલે જ્ઞાન, આ સિદ્ધપદ એ જ સિદ્ધપુર નામનું શહેર બન્યું છે. મોટામાં મોટા લાભ એ છે કે, સ્વંય શ્રી મહાપ્રભુજી ત્યાં બિરાજે છે. તે સ્થળે **બિંદુ** સરોવર છે. **કપિલ આશ્રમ** છે. અહીં જ લોકો પોતાની માતાનું શ્રાદ્ધ આ સિદ્ધપુરમાં કરે છે.

કપિલગીતાનો અંતિમ બોધ

આ કપિલગીતાનો ઉપસંહાર સમજીએ. કપિલગીતાતો શ્રીમદ્ ભાગવતનો બહુ જ મહત્ત્વનો ભાગ છે. કપિલે આપણી સમક્ષ એક નવું પાસું મૂક્યું છે. એ પાસું આપણે ઘણી જુદી જુદી રીતે ચર્ચાના રૂપમાં જોઇ ગયા. અંતમા ઉપસંહારની રીતે તમારી સામે એજ વાત મૂક છે. કે પુરુષ જો પ્રબળ હોય તો પ્રકૃતિ એને પ્રભાવિત કરી શકતી નથી. (૨) તમારો જીવાત્મા સત્સંગ અને સત્કાર્ય સદ્ વિચાર, અને સત્ ચિંતન દ્વારા જો પ્રબળ થયેલો હશે તો સંસારની પ્રબળમાં પ્રબળ માયા પણ એને વિચલિત કરી શકશે નહિ. એવાં અસંખ્ય ઉદાહરણ છે. જેની તુલનામાં સંસારની માયા, સંસારનો મોહ અનેક રીતે પ્રભાવિત કરવા છતાં નષ્ટ થઈ જાય છે. (૩) આપણે બળવાન થવું, આપણી પાસે જ્ઞાનનું. બળ આવે, આપણી પાસે તપોબળ આવે, કેવળ આપણા સત્કર્મોનું તો બળ આવે.

પ્રબળ આત્મા પાસે પ્રકૃતિ રાંક છે

નર નારાયણને તપમાંથી ચલિત કરવા કામદેવે નૃત્યુ શરૂ કર્યું પણ નરનારાયણના તપથી થર થર ધ્રૂજવા લાગ્યો, અને વિચાર્યું કે તે ક્રોધમાં આવીને મને શાપ આપશે તેવી ભગવાને કહ્યું, "હું ક્રોધ કરુંને શાપ આપું તો હું ક્રોધ આગળ હાર્યો કહેવાઉં એટલે મારે તને શાપ આપવો નથી. તું મને શું મોહિત કરવાનો હતો ?" નરનારાયણે પોતાના સાથળમાંથી સ્ત્રી ઉત્પન્ન કરી નામ પડ્યું ઉર્વશી. ભગવાન નરનારાયણ પાસે કામદેવ હાર્યો. આત્મા પ્રબળ હોય તો પ્રકૃતિ કાંઇ કરી શકતી નથી. આત્મબળ કાંઈ બહારની મેળવવાનું થોડું જ છે આત્માબળ એટલે પોતાનું બળ, પોતાની શક્તિ પ્રકૃતિના ઈસારે પુરુષ નથી નાચતો પરંતુ પુરુષના ઈસારે પ્રકૃતિ કાર્ય કરતી થઈ જાય છે.

તમે કોઇના આશ્રિત નથી. તમે સ્વાશ્રયી થાવ. તમને મન થાય તો જ કામ જાગે તમને મન થાય તો જ ક્રોધ જાગે, તમને પરાણે અને અનિચ્છાએ બીજી દિશામાં લઈ જાય તો એ જીવન શું કામનું ? માનવી સ્વાધીન બને અને પ્રકૃતિ એની દાસી બને હશે તો જીવને કદી બાંધી શકશે નહિ. પ્રકૃતિથી પુરુષનું પ્રાબલ્ય એ જ મોક્ષ છે.

અંતિમ સાધનાને ભક્તિપૂર્વક વંદન

મોક્ષગતિની પ્રાપ્તિ કરવા માટે વારંવાર આવાં શાસ્ત્રો સાંભળવાં જોઈએ. માત્ર સાંભળવું જ એટલું બસ નથી. તેનું મનન કરવું. એનાં ઉપર રોજ મનન કરતાં રેહેશે તો તમને તે લાભદાયી થશે. અને છેલ્લે નિદિધ્યાસન જ્ઞાનમય બનવું એ મહામાર્ગ છે. આ કપિલગીતાનો વિષય જાણવાથી વૈષ્ણવોને કાંઇક નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જીવન જીવવાની પદ્ધતિમાં આ

બધી વસ્તુઓ ઘણી જ અગત્યની છે. વિવેકપૂર્ણ સાંખ્યને જાણીએ અને ભગવાન કપિલનાં ચરણમાં વંદન કરીએ. જે આપણાં સર્વનાં જીવનમાં વિવેકની ઉત્પત્તિ કરે. એ વિવેક દ્વારા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યનો ઉત્કર્ષ થાય. એ ત્રણે દ્વારા થયેલા ઉત્કર્ષથી પુરુષનું પ્રાબલ્ય થાય અને પ્રકૃતિ એને આધીન રહે. છેલ્લે મોક્ષની ગતિ પ્રાપ્ત થાય.

શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારે;
હે નાથ નારાયણ વાસુદેવ.

• • •



સાંખ્ય અને યોગ આ બે શાસ્ત્રો ભગવાનના કાનના કુંડલો છે, ભગવાનના અપ્રાકૃત અલંકારો છે. આ બંને શાસ્ત્રોનો અભ્યાસ માનવજીવનને પૂર્ણતા અર્પે છે.

શ્રીમદ્ ભાગવતજી તો ભક્તિ સંહિતા છે ભગવદ્ ભક્તિના સર્વાંગી વિકાસ માટે જે જે સિદ્ધાંત અને સાધના ઉપયોગી લાગ્યા છે, તે બધાનો શ્રીમદ્ ભાગવતજીએ સ્વીકાર કર્યો છે. માનવજીવનના કેટલાક મૂળભૂત પ્રશ્નો અને સમસ્યાઓના સમાધાન તથા આત્મ કલ્યાણ માટે ઉપયોગી એવા માર્ગદર્શનનો કપિલ ગીતાએ સુંદર પ્રકારે પ્રકાશ કર્યો છે.

આશા છે કે દરેક જીજ્ઞાસુનો આ કપિલ ગીતા ઉપયોગી નીવડશે.

કપિલ ગીતા

પ્રવક્તા · રાજેશ શાસ્ત્રી